॥ ૐ અનાદિ શ્રીકૃષ્ણનારાયણાય નમો નમઃ ॥

'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' અંતર્ગત
સર્વકષ્ટ દુઃખોને દુર કરનાર અને સંકલ્પ પૂર્તિ કરનાર

અધિક માસ મહાત્મ્ય કથા

અધિક માસની પૂજન વિધી- મહિમા અને કથા



: લેખક :
પ્રગટ ભગવાન શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ
M.A.,Ph.D., D.Phil., D.Litt.

: પ્રાપ્તિ સ્થાન :
પરમધામ સ્મૃતિ મંદિર-ગાદી સ્થાન, જુનાગઢધામ

: પ્રકાશક :
શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી (મો. ૯૯૭૪૩ ૬૨૧૦૮)

© આ ગ્રંથના સર્વહક પ્રકાશકને આધિન છે. - પ્રકાશન : ઈ.સ.૨૦૨૪

❖ પ્રસ્તાવના ❖

અનંત જીવોનું આંત્યતિક કલ્યાણ કરવા માટે વિદ્વત્સાર્વભૌમ શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજે અનેક સંસ્કૃત શાસ્ત્રોની રચના કરી, જેમાં સૌથી મહત્વપૂર્ણ 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા' નામક કલ્યાણકારી મહાધર્મ ગ્રંથની રચના ૧,૨૬,૦૦૦ શ્લોકોમાં કરી તેમાં સર્વ શાસ્ત્રના સારનો ગાગરમાં સાગરના ન્યાયે સમાવેશ કરી દીધો છે. તેથી વિશ્વના અનેક વિદ્વાન પંડીતોએ ''શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા''ને વેદની ઉપમા આપી ખૂબ જ પ્રશંસા કરીને આ સંહિતાના લેખકને સાક્ષાત્ ''વિદ્યામૂર્તિ શ્રીશ્વેતાયન વ્યાસ હરિ''ની ઉપમા આપીને અભિનંદન આપ્યા છે.

શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા શાસ્ત્રમાં રહેલા કલ્યાણકારી દિવ્ય અદ્‌ભુત જ્ઞાનને માત્ર વિદ્વાનો જ નહીં પરંતુ આમ જનતા પણ સમજી શકે તે માટે આ સંહિતામાં રહેલા અનેક મહત્વના વિષયોનો ક્રમશઃ ગુજરાતી અનુવાદ કરાવી તેને શાસ્ત્રરૂપે પ્રકાશન કરવાનો શુભ સંકલ્પ થયો. જેના ફળરૂપ સૌ પ્રથમ આ 'અધિકમાસ માહાત્મ્ય કથા' નામક ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં પણ ઈશ્વરકૃપાથી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત દ્વારિકા માહાત્મ્ય, નર્મદા માહાત્મ્ય, વૃંદાવન મહાત્મ્ય, જગન્નાથપુરી મહાત્મ્ય, જૂનાગઢ માહાત્મ્ય આદિક અનેક વિષયોના અધ્યાયોનું ગુજરાતી અનુવાદ કરી અલગ અલગ શાસ્ત્રોનું પ્રકાશન થાય એવી પ્રગટ ભગવાન અનાદિશ્રીકૃષ્ણનારાયણના દિવ્ય ચરણોમાં પ્રાર્થના છે.

શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજની કુળપરંપરા તેમજ શિષ્યપરંપરામાં સ્થાન પ્રાપ્ત કરી મને એમના શાસ્ત્રોના કાર્યની જે સેવા મળી છે તે બદલ હું ખૂબ જ ધન્યતાનો અનુભવ કરું છું તેમજ શાસ્ત્રોના કાર્યોમાં સહાયરૂપ થનાર સર્વ ભક્તોની આ લોક પરલોકમાં મહાસુખિયા થાય તે માટે પ્રાર્થના...

- લી. શ્રીકૃષ્ણપ્રકાશ સ્વામી

❖ અનુવાદકનું અભિવાદન ❖

અકારણકરૂણાવરૂણાલય પુરૂષોત્તમનારાયણનાં તમામ ચરિત્રો જીવો પર અહૈતુકી કૃપા કરનારા હોય છે. જીવોને પોતાના જ કર્મોથી અત્યંત દુઃખી અને ત્રિવિધતાપથી પીડાયેલા જોઈ પરમેશ્વરનું હૃદય દ્રવિત થાય છે. કળીયુગમાં અધિકાંશ જીવોમાં સત્કર્મો કરવાની ક્ષમતા હોતી નથી, વળી રાજસ અને તામસ ભાવનું પ્રાધાન્ય હોય અલ્પકાળમાં જ જીવ ભગવદ્‌ભક્તિ કે વ્રત-તપ-જપ ઈત્યાદિથી વિરામ પામી જાય છે. તેવામાં પરમાત્મતત્વ, પરમાત્માનું ધામ કે શાશ્વત પુણ્ય પામવું એ ઘણું દુર્લભ થઈ પડે છે. છતાં પુરૂષોત્તમનારાયણે કૃપા કરી અધિકમાસને પોતાના જેવું જ ઐશ્વર્ય પ્રદાન કર્યુ છે. આ માસમાં કરેલા વ્રત-જપ-તપ-પૂજન ઈત્યાદિ સત્કર્મો સકામ ભક્તને શાશ્વત પુણ્યો પ્રદાન કરી ચીરકાળ સુધી ઈચ્છિત ભોગ, લોક ઈત્યાદિ પ્રાપ્ત કરાવનારા થાય છે અને નિષ્કામ ભક્તને અપુર્નભવયુક્ત પરમાત્માનું સાનિધ્ય અને નિત્ય સુખ પ્રાપ્ત કરાવનારા થાય છે. જે મનુષ્યો એક દિવસ, બે દિવસ, સપ્તાહ, પક્ષ કે સંપૂર્ણ માસ સુધી આ અધિકમાસનું વ્રત કરે છે તે પુરૂષોત્તમનારાયણની કૃપાથી ઈચ્છિત મનોકામના પૂર્ણ કરે છે.

શ્રીશ્વેતાયનવ્યાસ વિરચિત શ્રીલક્ષ્મિનારાયણ સંહિતાનાં કૃતયુગસંતાનનાં અધ્યાય ૨૯૩ થી અધ્યાય ૩૨૨ સુધી અધિકમાસનું માહાત્મ્ય વર્ણવવામાં આવ્યું છે. આ અધ્યાયોમાં અધિકમાસનાં એક-એક દિવસનાં વ્રત-પૂજન તથા તેના ફળનું નિરૂપણ છે. જ્યાં સુધી યથાર્થ મહિમા સમજાતો નથી ત્યાં સુધી સચોટપણે કોઈપણ કાર્ય કરી શકાતું નથી. આ વાતને ધ્યાનમાં લઈ લક્ષ્મિનારાયણસંહિતાન્તર્ગત આ અધ્યાયોનો અનુવાદ કરવો અતિ આવશ્યક જણાયો. આ અધ્યાયોનું વાંચન કરતા મને એવું લાગ્યું કે જાણે પુરૂષોત્તમનારાયણે દરેકનાં હાથમાં આ અધિકમાસરૂપ ચિંતામણી પ્રદાન કર્યો છે. પરંતુ અજ્ઞાનવશ મનુષ્ય આ ચિંતામણીનો લાભ લઈ શકતો નથી. લક્ષ્મિનારાયણસંહિતામાં યથાર્થ રીતે અધિકમાસનાં એક-એક દિવસની એક-એક કથાનાં વર્ણન સાથે વ્રતવિધિ અને ફળનું નિરૂપણ કરી પુરૂષોત્તમનારાયણે ક્યારેય ના ભૂલી શકાય એવો

જીવસૃષ્ટિ પર મહા ઉપકાર કર્યો છે. આ સંહિતાનાં માધ્યમથી અલ્પ આયુષ્ય, અલ્પ બુદ્ધિ અને અલ્પ બળવાળા દરેક મનુષ્યો સરળતાથી આ વ્રતનું પાલન કરી અનાયાસ ઈચ્છિત સુખ અને શાશ્વત મુક્તિને મેળવશે. મોટા મોટા યજ્ઞો, મોટા મોટા વ્રતો, મોટા મોટા અનુષ્ઠાનો અને મહાન તપ ઈત્યાદિકથી પણ જે ફળ પ્રાપ્ત થતું નથી તે ફળ અધિકમાસનાં એક દિવસનું વ્રત કરવામાત્રથી પ્રાપ્ત થાય છે. આટલું સરળ ક્યારેય કાંઈ પણ ન હતું અને થશે પણ નહિ.

અનાદિશ્રીકૃષ્ણનારાયણ મહાપ્રભુની પરાવાણીરૂપ શ્રીલક્ષ્મિનારાયણસંહિતાનો અનુવાદ કરવો તે મારા જેવા સામાન્ય જ્ઞાનવાનનું કામ નથી. આ સંહિતા ભલભલા વિદ્વાનોનાં અભિમાનને ચૂરચૂર કરી નાંખે છે. આ કાર્ય પૂર્ણ થવા પામ્યું તેમાં સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણની જ કૃપા કારણભૂત છે. મેં આ અનુવાદ કરવાનો યથામતિ પ્રયાસ કર્યો છે તેમાં જો કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો પુરૂષોત્તમનારાયણ ક્ષમા કરે.

આ સત્કાર્યમાં યેનકેન પ્રકારે જેઓ જોડાયા છે તે સર્વેનો હું હૃદયપૂર્વક આભાર માનું છું અને લક્ષ્મિનારાયણસંહિતાનાં મત પ્રમાણે તેઓએ પોતાની મુક્તિ સિદ્ધ કરી જ લીધી છે તેમાં કોઈ સંશય નથી.

વિશેષ નોંધ :- સનાતન ધર્મનાં દરેક સંપ્રદાયમાં અધિકમાસ અદ્વિતિય સ્થાન ધરાવે છે અને માત્ર આ અધિકમાસનાં માહાત્મ્યનાં પ્રચાર-પ્રસાર માત્રથી પણ શાશ્વત પુણ્ય પ્રાપ્ત કરી શકાય છે. તો તમામ સજ્જનોને નમ્ર નિવેદન છે કે આ લક્ષ્મિનારાયણસંહિતાન્તર્ગત અધિકમાસ મહાત્મ્યનો જેમ વધુ પ્રચાર-પ્રસાર થવા પામે અને સર્વ માનવ જાતી આ અમૂલ્ય તકનો લાભ લઈ ઈચ્છિત સુખ પ્રાપ્ત કરનારી થાય, તેવો પ્રયત્ન કરીએ. આધુનિક સમયમાં સોશ્યલ મિડિયા દ્વારા કોઈપણ વ્યક્તિ અનેક વ્યક્તિઓ સુધી કોઈપણ સાહિત્ય પહોચાડી શકે છે. એ સાધનોનો ઉપયોગ કરી આપણે સહજતામાં મોક્ષભાગી બનીએ.

લિ. ડૉ. હર્ષદ સતાસીયા 'સહજ'
વેદાંતાચાર્ય (Ph.D)

અધિકમાસની કથાનું શ્રવણ, વાંચન તેમજ પૂજનવિધિ વ્રતનું માહાત્મય

મ અર્થાત્ મુક્તિને, લ અર્થાત્ લાવે છે - ગ્રહણ કરે છે. તેથી આ માસને મલમાસ કહેવાય છે. અથવા મા અર્થાત્ માયા અને લ અર્થાત્ લીન થાય છે. એટલે કે જે માસ વડે માયા લીન થાય તે માસને મલમાસ કહ્યો છે. અધિ=મલમાસમાં કરેલા દાન-પુણ્યથી થતું, ક=સુખ વધારે થાય છે તેથી તેને અધિકમાસ કહેવાય છે. આ માસમાં પોતાના અનેક ધામોમાંથી પોતાની અનેક શક્તિઓ સાથે આ લોકમા પધારી શ્રીહરિ આકાશમાર્ગમાં રહી જુએ છે કે મારા આ મહિનામાં કોણ-કોણ સત્કર્મો, અર્ચન-પૂજન, વ્રતો, દાન ઈત્યાદિ કરે છે ? પોતાની દિવ્ય દ્રષ્ટિ વડે તેઓને જોઈને પ્રસન્ન થયેલા તેમના ઘરે જવા માટે અને ચિરકાળ માટે સ્થિર થવા માટે લક્ષ્મીને આદેશ આપે છે કે,

હે લક્ષ્મી ! તમો મારા આગ્રહથી પુરુષોત્તમ માસનું વ્રત કરનારાઓના ઘર સર્વ સમૃદ્ધિઓથી પરિપૂર્ણ કરો. અધિકમાસની જે અવગણના કરે છે તેના ઘરે તમારો વાસ ન થાઓ. જ્યાં મારો વાસ નથી ત્યાં તમારો પણ ન થાઓ. આમ આદેશ કરી ભક્તોએ કરેલી પૂજાનો સ્વીકાર કરી શ્રીહરિ પોતાના ધામમાં પધારે છે. આમ અધિકમાસમાં નિત્ય શ્રીહરિ પોતાની પત્નીઓ સાથે ધૂપ, દીપ, નૈવેદ્ય, આરતી, પુષ્પ, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ ઈત્યાદિ પૂજાનો અંગીકાર કરવા માટે પધારે છે અને તે સર્વે પૂજાને ગ્રહણ કરી વિસર્જિત થયેલા ફરી પોતાના ધામમાં પધારે છે. તેથી અધિકમાસમાં નિત્ય શ્રીહરિની પૂજા કરવી.

અધિકમાસના માહાત્મયનો પૂર્ણ અધ્યાય કે શ્લોક સાંભળવાથી ધર્મનું જ્ઞાન થાય છે, પાપનો નાશ થાય છે, મોહની નિવૃત્તિ થાય છે, જ્ઞાનરૂપી

અમૃત મળે છે તેમજ ગંગાદીક સર્વ તીર્થોનું ફળ, પૃથ્વીની પ્રદક્ષિણા કર્યાનું પૂણ્ય, બ્રહ્માંડના ઉદ્ધાર કર્યાનું પૂણ્ય, માસોપવાસનું ફળ તથા શ્રીહરિના પૂજન ઈત્યાદિનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે તેમાં સંશય નથી.

અધિકમાસની કથાના વક્તા, શ્રોતા, કથા કરાવનાર, વર્ણન કરનાર, પ્રશંસા કરનાર, રક્ષા કરનાર તથા અધિકમાસનું વર્ણન કરનાર અને વ્રત નિમિત્તે દાન કરનાર તેઓ સર્વે પુરુષોત્તમરૂપ છે. જે અધિકમાસની કથાને વંચાવે છે તે પુરુષોત્તમ નારાયણની કૃપાથી ધન, ધાન્ય અને સમૃદ્ધિમાન થઈ અંતે અવશ્ય બ્રહ્મલોકને પામે છે.

અધિકમાસની કથાના દુર્ભલ ચરિત્રો જે કોઈ વાંચશે કે સાંભળશે તેઓને દુર્લભ સુલભ થશે, અપ્રાપ્ય પ્રાપ્ય થશે, અનિષ્ટ ઈષ્ટ થશે, આનાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણ પ્રાપ્ત થાય તો બીજી વસ્તુની તો શું વાત ? ભગવાન નારાયણ પોતાની કૃપા વડે અધિકમાસમાં અલ્પ સરખું સત્કર્મ કરનારને પણ અસંખ્ય ફળ આપે છે.

અધિકમાસમાં કરેલા દાન, જપ, હોમ, વ્રત, ધ્યાન, માળા, તપ કે કથા શ્રવણ વગેરે સત્કર્મો કોટિગણું પૂણ્ય આપનારા થાય છે. તેથી આ માસમાં ભગવાનની નવધા ભક્તિ અવશ્ય કરવી.

અધિકમાસના વ્રતના સંકલ્પ માત્રથી પૂર્ણ વ્રતનું ફળ પ્રાપ્ત થાય છે તો મહિમાએ સહિત વિધિ પ્રમાણે વ્રત કરનારને તેમાં શું બાકી રહે ? તેથી શાશ્વત અને અક્ષયપૂણ્ય પ્રદાન કરનાર તથા મોક્ષ પ્રદાન કરનાર અધિકમાસના વ્રત અવશ્ય કરવા જેથી અનાયસ જ મુક્તિ થાય અને ફરી પુર્નજન્મ શેષ ન રહે.

અધિકમાસમાં કલ્યાણકારી શ્રીલક્ષ્મીનારાયણ સંહિતાના ઉપદેષ્ટા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું વિશેષપણે પૂજન કરવું. અધિકમાસનું વ્રત

કરનાર શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા નામના વેદનું પઠન કે શ્રવણ કરે તો તે સંહિતા પણ પુરુષોત્તમ માસમાં અવશ્ય મોક્ષ દેનારી થાય છે.

આ અધિકમાસના માહાત્મ્યની કથાના શાસ્ત્રને બનાવી દાન કરનારને ફળસ્વરૂપે તેની ત્રણ પેઢી ગોલોકમાં નિવાસ પામે છે તેમજ અધિકમાસના માહાત્મયના શાસ્ત્રને ઘરમાં વસાવવાથી સર્વ તીર્થો, દેવતાઓ તથા શ્રીપુરુષોત્તમ નારાયણ પણ શાસ્ત્રરૂપે પ્રગટપણે ઘરમાં નિવાસ કરીને રહે છે.

ત્રિલોકમાં અધિકમાસ તુલ્ય કોઈ વ્રત નથી. આ લોકમાં હજારો જન્મ તપ કરવાથી પણ જે ફળ પ્રાપ્ત થતું નથી તે ફળ અધિકમાસનું સેવન કરવાથી થાય છે. જેણે અધિકમાસનું વ્રત કર્યું છે તેમણે સર્વ વ્રત કર્યા છે. તે વ્રતના પ્રભાવે સર્વે વ્રતનું ફળ પ્રાપ્ત થાય છે. સ્વયં શ્રીપુરુષોત્તમ નારાયણ પણ પ્રાપ્ત થાય છે. જેણે આ અધિકમાસ વ્રત વિના જ વ્યંધ્ય જવા દીધો તેની સંપત્તિ વ્યંધ્યા થાય છે. વળી કરેલું સંપૂર્ણ પૂણ્ય વ્યંધ્ય થાય છે તેમાં કોઈ સંશય નથી. દેવતાઓ, દાનવો કે માનવો જે કોઈ સુખી તે અધિકમાસનું જ ફળ છે બીજું નથી.

અસત્યવાદી, દોષ દેનાર, નાસ્તિક, નીંદા કરનાર અને પ્રભુમાં અશ્રદ્ધાવાન તે શ્રીહરિની કૃપા તેમજ અધિકમાસના ફળને પ્રાપ્ત કરતો નથી.

❖❖❖❖❖

❖ અનુક્રમણિકા ❖

ક્રમ	અધ્યાય	પેજ નં.
૧.	અધિક સુદ એકમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧
૨.	અધિક સુદ બીજનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૬
૩.	અધિક સુદ ત્રીજનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૧
૪.	અધિક સુદ ચોથનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૬
૫.	અધિક સુદ પાંચમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૨૧
૬.	અધિક સુદ છઠ્ઠનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૨૬
૭.	અધિક સુદ સાતમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૩૧
૮.	અધિક સુદ આઠમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૩૬
૯.	અધિક સુદ નોમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૪૨
૧૦.	અધિક સુદ દશમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૦
૧૧.	અધિક સુદ અગિયારસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૫૨
૧૨.	અધિક સુદ બારસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૫૯
૧૩.	અધિક સુદ તેરસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૬૪
૧૪.	અધિક સુદ ચૌદસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૬૯
૧૫.	અધિક સુદ પૂનમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૭૨

૧૬.	અધિક વદ એકમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૭૬
૧૭.	અધિક વદ બીજનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૮૦
૧૮.	અધિક વદ ત્રીજનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૮૫
૧૯.	અધિક વદ ચોથનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૯૧
૨૦.	અધિક વદ પાંચમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૯૭
૨૧.	અધિક વદ છઠ્ઠનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૦૨
૨૨.	અધિક વદ સાતમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૦૭
૨૩.	અધિક વદ આઠમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૧૨
૨૪.	અધિક વદ નોમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૧૯
૨૫.	અધિક વદ દશમનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૨૩
૨૬.	અધિક વદ અગિયારસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૨૮
૨૭.	અધિક વદ બારસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૩૩
૨૮.	અધિક વદ તેરસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૩૯
૨૯.	અધિક વદ ચૌદસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૪૬
૩૦.	અધિક વદ અમાસનું વ્રત-પૂજન-કથા અને ફળકથન	૧૫૪

આ ગ્રંથમાં વિદ્વત્સાર્વભૌમ પ્રકાંડપંડિત શ્રીકૃષ્ણવલ્લભાચાર્યજી મહારાજ - શ્રીશ્વેતાયન વ્યાસ વિરચીત 'શ્રીલક્ષ્મીનારાયણ સંહિતા અંતર્ગત કૃતયુગ સંતાનમાં અધ્યાય નંબર ૨૯૩ થી ૩૨૨ સુધી' અધિકમાસનું માહાત્મય વ્રત-કથા તેમજ પૂજનવિધિનું વર્ણન કરવામાં આવ્યું છે.

❖ અધ્યાય-૧ ❖

શ્રીલક્ષ્મિ બોલ્યા : હે દેવ ! તમે બાર મહિનાઓ અને તેમાં આવતા વ્રતના દિવસો વિષે કહ્યું હવે તેરમો જે અધિકમાસ તેની સર્વ વિધિ હું સાંભળવા ઉત્સુક છું.

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, જે ચાંદ્રમાસમાં સૂર્યસંક્રાંતિ થતી નથી અર્થાત્ સૂર્ય જે મહિનામાં એક જ રાશિનો ઉપભોગ કરે છે પરંતુ બીજી રાશિ પર સંક્રમણ કરતા નથી તે સૂર્યસંક્રાંતિ રહિતનો જે માસ તેને અધિક માસ કહેવાય છે. બે અમાસની વચ્ચે જે મહિનો પૂર્ણ થાય તે ચાંદ્રમાસ કહેવાય છે અને બે સંક્રાંતિની મધ્યે જે માસ પૂર્ણ થાય તેને સૌરમાસ કહેવાય છે. ચાંદ્રમાસમાં ૨૯ દિવસ, ૨૬ ઘટિકા અને ૫૦ પળનો ઉપભોગ થાય છે.જ્યારે સૌરમાસમાં ૩૦ દિવસ, ૨૬ ઘટિકા, ૧૯ પળ, ૩૧ વિપળ અને ૫૨(બાવન) ક્ષણનો ઉપભોગ થાય છે. આ બંને માસમાં ચાંદ્રમાસમાં જે કળાઓ અવશિષ્ટ રહે તેનો સમવાય થાય છે. ત્યારે આ તેરમો ચાંદ્રમાસ અધિકમાસ થાય છે. અર્થાત્ ૩૨ સૌરમાસ પર ૧૬ દિવસ જતાં અને ૩૩ ચાંદ્રમાસ પર ૧૬ દિવસ જતાં આ અધિકમાસ થાય છે. તમામ મહિનાનાં શેષ અર્થાત મળ રૂપ હોઈ આ માસને મળ માસ પણ કહેવાય છે. પરંતુ પુરૂષોત્તમનાં સંયોગથી, પુરૂષોત્તમનાં આશ્રયથી અને આ માસના દેવ પુરૂષોત્તમ હોવાથી આને પુરૂષોત્તમમાસ કહેવામાં આવે છે. સ્વયં અક્ષરાધિપતિ અવતારી શ્રીહરિએ અનાથ એવા મળમાસને જોઈ કૃપાવશ થઈ શરણે આવેલા તેનો સ્વીકાર કર્યો તેથી તે અક્ષરની સમાનતાને પામ્યો. પહેલા ૧૨ મહિનાઓ વારંવાર ગર્જના કરતા હતા કે અમારા જેવો તારક ત્રણ ભુવનમાં કોઈ નથી પરંતુ જ્યાં શ્રીહરિ મળમાસનાં અધિષ્ઠાતા દેવ થયા ત્યાં બારેય મહિનાનો ગર્વ ભાંગી ગયો.

अन्यमासकृतात्पुण्याज्जपाद्धोमात्प्रदानकात् ।
अनन्तगुणकं त्वत्र कृतं भवति सर्वथा ।।२४।।

અન્ય માસમાં કરેલા પુણ્ય-જપ-હોમ-દાન ઈત્યાદિકથી અધિક માસમાં કરેલા તે કર્મો સર્વથા અનંતગણા ફળને આપનારા થાય છે. કુરૂક્ષેત્રમાં ગ્રહણ સમયે સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, ગયામાં પિંડદાનથી પિતૃઓને જે તૃપ્તિ થાય છે, જગન્નાથપુરીમાં રથયાત્રાનું જે મહાન ફળ પ્રાપ્ત થાય છે, અયોધ્યામાં દર્શન અને સરયૂસ્નાનથી જે ફળ પ્રાપ્ત થાય છે, દ્વારિકામાં ગોમતી સાગર સંગમે સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, બદ્રીક્ષેત્રમાં સ્વર્ગંગામાં સ્નાનથી જે ફળ પ્રાપ્ત થાય છે, રામેશ્વરમાં સમુદ્ર સ્નાનથી જે ફળ પ્રાપ્ત થાય છે, ગિરનારમાં સોનરખીમાં સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, પ્રભાસમાં સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, કુંકુમવાપીમાં અશ્વપટ્ટ સરોવરે સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, નર્મદામાં ૐકારેશ્વર તીર્થે સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, પુષ્કરમાં સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, ગંડકીમાં સ્નાનથી જે ફળ પ્રાપ્ત થાય છે, કપિલાશ્રમમાં ગંગાસાગર સંગમે સ્નાનથી જે ફળ પ્રાપ્ત થાય છે, કુંભલગ્નમાં કૃષ્ણાનાં જળમાં સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, ગોદાવરી, સિંધુ, કાવેરી ઈત્યાદિક નદીઓમાં તથા સોમવતી અમાસ ઈત્યાદિ પર્વોમાં સ્નાન કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે તે સર્વેથી અધિક ફળ અધિકમાસમાં પડવાએ સ્નાન કરવા માત્રથી થાય છે.

બ્રાહ્મમુહૂર્તમાં પુરૂષોત્તમનારાયણનું ધ્યાન કરી નદીમાં, તળાવમાં, સરોવરમાં, ઝરણામાં, કૂવામાં, વાવમાં, પ્રવાહમાં કે ઘરમાં સ્નાન કરવું તેનું શાશ્વત ફળ થાય છે. અધિકમાસમાં પડવો, પૂનમ, અમાસ અને એકાદશીના દિવસે સ્નાન કરવાથી જે અખંડ પુણ્ય થાય છે તેવું અન્ય કોઈમાં થતું નથી. આ તિથિઓમાં સ્નાન કરવા માત્રથી પાપનાં સમૂહોનો નાશ કરી, પારાવાર પુણ્યપુંજને એકત્રિત કરી મનુષ્યો કોટિ કલ્પો સુધી સ્વર્ગ મેળવે છે. વળી તે દિવસોમાં શ્રીહરિની પૂજા કરવાથી અને પુરૂષોત્તમનારાયણને નૈવેદ્ય કરવાથી ચાર પ્રકારની મુક્તિ અને શાશ્વત વૈકુંઠલોકને પમાય છે તેમાં કોઈ સંદેહ નથી.આમ સ્વયં શ્રીકૃષ્ણ કહે છે.

કુરૂક્ષેત્રમાં એક લાખ ગાય, દસ હજાર ભેંસ અને સો હાથીના દાનથી તથા કૌરવસ્થળમાં એક લાખ અશ્વોનાં દાનથી જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ અધિકમાસમાં પ્રતિપદા(પડવા)એ સ્નાન કરવા માત્રથી થાય છે. અધિકમાસનું વ્રત કરનાર સ્નાન કરી સુવર્ણની કે અન્ય પ્રતિમામાં પુરૂષોત્તમનારાયણનું આહ્વાન કરી, ધીરે ધીરે પંચામૃતથી સ્નાન કરાવે, ત્યાર પછી શુદ્ધોદકથી સ્નાન કરાવી તેલમર્દન કરાવી ફરી સ્નાન કરાવે પછી વસ્ત્ર, આભૂષણો, અર્પણ કરી, ધૂપ, દીપ, નૈવેદ્ય, છત્ર, ચામર ઇત્યાદિ અર્પણ કરી, આરતી કરી, ક્ષમા યાચના કરે, પ્રદક્ષિણા, નમસ્કાર, દંડવત્, સ્તુતિ કરી, પુષ્પાંજલિ આપી શ્રીહરિ પુરૂષોત્તમનારાયણને અધિકમાસનાં વ્રતની પૂર્તિ માટે વારંવાર પ્રાર્થના કરે કે આ અધિકમાસમાં હું એક ટાણું, સાંજે સંધ્યા પછી જમવું તે નક્ત ભોજન, ઉપવાસ કે ફળાહાર કરીશ. હે પ્રભુ ! તે મારૂં વ્રત તમારી કૃપા વડે નિર્વિઘ્ન રીતે પૂર્ણતાને પામો. હે પુરૂષોત્તમ ! આ માસમાં હું રોજ વહેલી સવારે તીર્થમાં, નદીમાં, કૂવામાં કે ઘરમાં સ્નાન કરીશ અને યથાશક્તિ પૂજા અને દાન કરીશ. તે સર્વે તથા તમારૂં ભજન મારે નિર્વિઘ્ન રીતે થાય તેવી કૃપા કરો. હે મહારાજ ! મારા દેહમાંથી આળસનો નાશ કરો. તમારા પ્રભાવથી મારા માનસિક મળનું પ્રક્ષાલન કરો. હે પરમેશ્વર ! મારા પાપોને બાળી નાખો અને મને આત્મમુક્તિ આપો. હે સ્વામિન્ ! હે કૃષ્ણનારાયણ ! હે લક્ષ્મિનાથ ! હે પ્રભાપતે ! હે પાર્વતિ અને માણિકીનાં સ્વામિ ! મારા ઘરમાં સંપત્તિ કરનારા થાઓ. આમ પ્રાર્થના કરી ભગવાનને શયન કરાવવું કે વિસર્જન કરવું. વળી મધ્યાન્હે તથા સાયં સમયે ભોજન કરાવવું તથા પૂજા કરવી અને આરતી કરી ભગવાનને ઝુલે ઝુલાવવા, રમણીય જળમાં રમાડવા, ઉદ્યાનમાં બિરાજમાન કરવા અને તેમની સામે ગીત વાજીંત્રે સહિત કીર્તન ભક્તિ કરતાં નૃત્ય કરવું. વળી બાળકોને, સાધુઓને, બ્રાહ્મણોને જમાડવા અને વસ્ત્રાદિક અર્પણ કરવા, ગાયોને ગ્રાસ આપવું અને ભગવાનની કથા વાર્તા કરવી કે લક્ષ્મીનારાયણ સંહિતાની કથા વાંચવી, કૃષ્ણ, હરિકૃષ્ણ, કૃષ્ણનારાયણ ઇત્યાદિ ભગવાનનાં નામનાં જપ

કરવા તથા સ્મરણ, કીર્તન, વંદન, દાસતા કરવી, ગુરૂની સેવા કરવી, સાધ્વીઓ, સતીઓ, બાળાઓ, સધવાઓ, વિધવાઓ, અનાથ અને અનાશ્રિત સ્ત્રીઓને જમાડવી અને દાન આપવા. તેનાથી પુરૂષોત્તમમાસ ફળે છે. ભગવાનનાં મંદિરમાં નિત્ય કાચું અન્ન, શાક-ભાજી, મીઠું, સાકર, ફળ, ઘી, તેલ, મરીમસાલા, સૂકામેવાં ઈત્યાદિનું દાન કરવું. ગાયોને માટે ઘાસચારો, કબૂતર ઈત્યાદિ માટે ચણ, કીડીઓ માટે લોટ, કૂતરાઓ માટે રોટલીઓ, જળચરને આહાર આપવા તથા પીપળો, વડલો, બીલી, તુલસી ઈત્યાદિ વૃક્ષોને જળ સીંચવું. અધિકમાસનું વ્રત કરનારે પૃથ્વી પર સૂવું, બ્રહ્મચારી રહેવું તથા સાધુ કે સાધ્વીની જેમ વ્રતવાળા રહી પરલોક માટે પુણ્યકર્મ કરવું તથા મોક્ષ મેળવવો.

ઘરમાં જેટલા સભ્યો કે કુટુંબીઓ રહેતા હોય તે સર્વેએ પણ એકટાણું કરીને, સાંય સંધ્યા પછી જમીને, ફળાહાર કરીને, દૂધ પર રહીને, દહીં પર રહીને, શાક માત્રનું ભક્ષણ કરીને, એક અન્ન ખાઈને, ભિક્ષા કરીને કે સાંજે ભગવાનની પૂજા કર્યા પછી અન્ન જમીને વિગેરે રીતે પુરૂષોત્તમમાસનું વ્રત કરવું. આ વ્રતમાં નર નારીએ શ્રીહરિનું ચરણામૃતનું સદા પાન કરવું. પલંગ પર સૂવુ નહિ, કામક્રોધાદિકનો ત્યાગ કરવો, શરીર પરના વાળ ઉતારવા નહિ, મૈથુન કરવું નહિ, જિહ્વા ઈન્દ્રિયનું તપ કરવું. સ્ત્રીઓએ પુરૂષોનો અને પુરૂષોએ સ્ત્રીઓનો સર્વથા સ્પર્શ ન કરવો. ઘરથી બહાર ન જવું અથવા તીર્થયાત્રાએ જવું. બગીચામાં, ખેતરમાં, વનમાં, દેવમંદિરમાં, સાધુઓ કે સાધ્વીઓની મધ્યે, તીર્થતટે અથવા પર્ણશાળામાં અધિકમાસમાં વાસ કરવો ઉત્તમ મનાયેલો છે. આ માસમાં ભગવાનની નવધા ભક્તિ કરવી.

मं मुक्तिं लाति गृह्णाति मलोऽयं मास उच्यते ।
मा माया लीयते येन मलोऽयं मास ईरितः ।।१०६।।

મ અર્થાત્ મુક્તિને, લ અર્થાત્ લાવે છે = ગ્રહણ કરે છે તેથી આ માસને મલમાસ કહેવાય છે. અથવા મા અર્થાત્ માયા અને લ અર્થાત્ લીન

થાય છે એટલે કે જે માસ વડે માયા લીન થાય તે માસને મલમાસ કહ્યો છે. અધિ = મળમાસમાં કરેલા દાન-પુણ્યથી થતું ક = સુખ વધારે થાય છે તેથી તેને અધિકમાસ કહેવાય છે. આ માસમાં પોતાના અનેક ધામોમાંથી પોતાની અનેક શક્તિઓ સાથે આ લોકમાં પધારી શ્રીહરિ આકાશ માર્ગમાં રહી જુએ છે કે મારા આ મહિનામાં કોણ કોણ સત્કર્મો, અર્ચન-પૂજન, વ્રતો, દાન ઇત્યાદિ કરે છે ? પોતાની દિવ્ય દ્રષ્ટિ વડે તેઓને જોઈને પ્રસન્ન થયેલા શ્રીહરિ તેમના ઘરે જવા માટે અને ચિરકાળ માટે સ્થિર થવા માટે લક્ષ્મીને આદેશ આપે છે કે

પુરુષોત્તમમાસસ્ય વ્રતિનાં ભવનાનિ વૈ ।
સર્વસમૃદ્ધિપ્રપૂર્ણાનિ કુરુ લક્ષ્મિ ! મમાઽઽગ્રહાત્ ॥૧૧૭॥
મલમાસાઽવમન્તૃણાં ગૃહે વાસો ચ મા તવ ।
યત્ર નાસ્તિ મમાઽઽવાસસ્તત્ર તેઽપિ ચ માઽસ્તુ સઃ ॥૧૧૮॥

હે લક્ષ્મિ ! તમો મારા આગ્રહથી પુરૂષોત્તમમાસનું વ્રત કરનારાઓના ઘર સર્વ સમૃદ્ધિઓથી પરિપૂર્ણ કરો. અધિકમાસની જે અવગણના કરે છે તેના ઘરે તમારો વાસ ન થાઓ. જ્યાં મારો વાસ નથી ત્યાં તમારો વાસ પણ ન થાઓ. આમ આદેશ કરી ભક્તોએ કરેલી પૂજાનો સ્વીકાર કરી શ્રીહરિ પોતાના ધામમાં પધારે છે. આમ અધિકમાસમાં નિત્ય શ્રીહરિ પોતાની પત્નીઓ સાથે ધૂપ, દીપ, નૈવેદ્ય, આરતી, પુષ્પ, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ ઇત્યાદિ પૂજાનો અંગીકાર કરવા માટે પધારે છે અને તે સર્વે પૂજાને ગ્રહણ કરી વિસર્જિત થયેલા ફરી પોતાના ધામમાં પધારે છે. તેથી અધિકમાસમાં નિત્ય શ્રીહરિની પૂજા કરવી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! અધિકમાસની પુરૂષોત્તમ સંજ્ઞા કઇ રીતે થઇ? તે કહું છું. એક વખત પૂનમે બદ્રિકાશ્રમમાં ભગવાન શ્રીનરનારાયણનાં દર્શન કરવા વેદ-વેદાંગમાં પારંગત અને દિવ્ય વિજ્ઞાનવાળા એવા પત્નીવ્રત, લોમશ, માર્કંડેય, નારદ, વ્યાસ, પૈલ, જાબાલિ, યાજ્ઞવલ્ક્ય, પિપ્પલાયન, વામદેવ, ભૃગુ, અંગીરા, કપિલ, આરૂણિ, કાત્યાયન, કૌશિક, બોધાયન, જમદગ્નિ, કણાદ, ભાર્ગવ, ભરદ્વાજ, શતાનંદ, શૌનક, જૈમિની, ચ્યવન, વશિષ્ઠ, મરીચિ, પુલહ અને પુલસ્ત્ય આદિ હજારો ઋષિઓ પોતાના શિષ્યો સાથે પધાર્યા. તેઓ ભગવાન નારાયણને દંડવત્ કરી સત્કાર પામી ભગવાન શ્રીહરિની સામે બેઠા. તેઓ શાંત, સૌમ્ય, પ્રસન્ન મુખવાળા તપોમૂર્તિ, અશેષકલ્યાણગુણગણ અને આનંદના સાગર એવા પરબ્રહ્મ શ્રીનારાયણનાં દર્શન સમાધિ અવસ્થામાં હોય તેમ કરતા હતા.

તે સમયમાં દેવતાઓ, પિતૃઓ, તીર્થો, ક્ષેત્રો, વનો, સાગરો, સિદ્ધો અને યોગીઓ પણ શ્રીહરિના દર્શનની ઇચ્છાથી ત્યાં આવ્યા અને શ્રીહરિને પ્રણામ કરી પરમશાંતિ પામી શ્રીહરિની સામે બેઠા. વળી તે સમયે યુગો, સંધિઓ, સંવત્સરો, ઋતુઓ, માસો, પક્ષો, દિવસો, રાત્રિઓ, કલાઓ, મુહૂર્તો, ઘટિકાઓ, પ્રહરો વગેરે પોતપોતાના કુટુંબ તથા સ્વામીઓ સાથે આવ્યા. તેમાં કોઇપણ સ્વામી વિનાનું ન હતું. પોતપોતાના સ્વામીના મહાત્મ્યથી સર્વે સૌભાગ્યશાળી અને પોતપોતાના અધિકાર પ્રમાણે ફળ દેનારા હતા. ત્યારપછી સ્વામી વિનાનો, કૃષ્ણ વર્ણવાળો, મલિન, અસ્પૃશ્ય સર્વે દ્વારા તિરસ્કૃત અને સર્વેને અણગમતો એવો મળમાસ આવ્યો. તે મળમાસને તેઓ કહેવા લાગ્યા કે સૂર્યનાં સંક્રમણ વિનાનો આ મળમાસ તમામ કાર્યોમાં અયોગ્ય, શુભકર્મોમાં નિંદિત, ભાગ્ય વિનાનો અને નષ્ટ લાભવાળો છે. આ અહીં ક્યાંથી આવ્યો ? આને દૂર કરો. દક્ષ પ્રજાપતિએ ચંદ્રમાને ૨૭ કન્યાઓ આપી. ત્યારપછી તેઓના મળરૂપે આ ઉત્પન્ન થયો

તેથી ઉચ્છિષ્ઠ રૂપવાળો આ મળમાસ છે તેને દૂર કરો. તેઓના આવા વચન સાંભળી ચિંતાગ્રસ્ત મનવાળો તે મારા દર્શન કરતો અસ્પૃશ્યની જેમ દૂર જઈ ઉભો રહ્યો. ત્યાં આવેલા સર્વે મારા દર્શન કરી સમાધિનિષ્ઠ થયા. તે સમયે મારા હાથના ઈશારાને પામીને આશ્વસ્થ થયેલો મળમાસ વૈકુંઠને પામ્યો. ત્યાં આવી ભગ્ન હૃદયવાળો તે રૂદન કરતાં કરતાં પૃથ્વી પર પડી દંતવત્ કરી બે હાથ જોડી મને કહેવા લાગ્યો કે હે નાથ ! હે કૃપાસિંધો ! હે દીનજનોને શરણ આપનારા ! મારૂં રક્ષણ કરો. આમ કહી અશ્રુપૂર્ણ નેત્રવાળો તે નીચું જોઈ ઉભો રહ્યો. તેને જોઈ શ્રીહરિએ કહ્યું કે હે વત્સ ! તું શોક ન કર, હું તારો ઉદ્ધાર કરીશ. મારા શરણે આવેલો કોઈ દુઃખને પામતો નથી. તું તારૂં દુઃખ કહે. આમ આશ્વાસન પામેલો મળમાસ બોલ્યો કે હે પ્રભો ! તમો સર્વજ્ઞ છો છતાં પણ હું મારૂં મૃત્યુ સમાન દુઃખ કહું છું. કલા, કાષ્ઠ, મુહૂર્તો, ઘટીકાઓ, પક્ષો, માસો વગેરે સર્વે પોતપોતાના અધિષ્ઠાતૃ સ્વામીઓ સાથે આનંદ કરે છે. મારૂં કોઈ સ્વામી નથી તેથી હું સદા અશુભ છું. ઋષિઓ, દેવતાઓ વગેરે સર્વે મારો સર્વથા અનાદર કરે છે તેથી વિનાશ પામવાની ઈચ્છા રાખું છું. કુજીવનથી મૃત્યુ શ્રેષ્ઠ છે. પરદુઃખ અસહિષ્ણુ તમે મારૂં શ્રેય કરો અન્યથા હું મરીશ, મરીશ અને મરીશ એમાં કોઈ સંશય નથી ત્યારે આ સાંભળી નારાયણે કહ્યું કે તું શોક ન કર, તારૂં કલ્યાણ થાઓ. મારી સાથે તું ગોલોકના અધિપતિ કૃષ્ણનારાયણ પાસે ચાલ. ગોપીઓના વૃંદમાં સ્થિત શ્યામસુંદર તે કૃષ્ણ તારૂં દુઃખ દૂર કરશે. આમ કહી નારાયણ તેનો હાથ પકડી પૂજા સામગ્રીઓ સાથે લઈ ગોલોકમાં ગયા. વિરજામાં સ્નાન કરી શતશૃંગ ગયા. વિરજામાં સ્નાન કરવાથી મળમાસનાં તમામ મળ નાશ પામ્યા.

मलमासद्वितीयायां तिथौ स्नातुर्मलानि वै ।
बहुजन्मोपार्जितानि नाशमेष्यन्ति मूलतः ।।७२।।

विरजास्नानपुण्यं च प्राप्स्यन्ते व्रतिनो जनाः ।
स्नानमात्रेण गोलोकप्राप्तिः स्यान्नात्र संशयः ।।७३।।

મળમાસની (અધિક માસની) દ્વિતીયા તિથિમાં સ્નાન કરનારનાં અનેક જન્મોનાં મળ (પાપો) મૂળથી નાશ પામે છે અને અધિકમાસનું વ્રત કરનારા મનુષ્યો તે તિથિમાં સ્નાન કરવા માત્રથી વિરજા સ્નાનનું પુણ્ય (ગોલોક)ને પ્રાપ્ત કરે છે એમાં સંશય નથી. રાધાકૃષ્ણની સમીપે જઈ તે બંનેએ દંડવત્ પ્રણામ કર્યા. તેમનો સત્કાર કરી નારાયણને પ્રેમથી ભેટી પોતાના સિંહાસન પર બેસાડી વારંવાર મંદહાસ્ય કરતાં શ્રીકૃષ્ણનારાયણ આવવાનું કારણ પૂછવા લાગ્યા. ત્યારે નારાયણે પ્રથમ રાધિકાજી સહિત ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરી. તેમાં પંચામૃત વડે સ્નાન કરાવી ત્યાર પછી દૂધથી સ્નાન કરાવી શુદ્ધ જળથી સ્નાન કરાવ્યું. પછી વસ્ત્ર અર્પણ કરી અલંકારો-પુષ્પો વિગેરેથી શ્રૃંગારિત કરી ધૂપ-દીપ-આરતી-દંડવત્-પ્રદક્ષિણા-સ્તુતી કરી વિવિધ પ્રકારના નૈવેદ્ય અને ફળ વડે રાધાકૃષ્ણને તૃપ્ત કર્યા. મળમાસે પણ રાધાકૃષ્ણની પૂજા કરી ત્યારે પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે અનુગ્રહ કરતા કહ્યું કે –

यथाऽहं पूजितश्चात्र द्वितीयादिवसे त्वया ।
तथा तव तिथौ लोके द्वितीयायां प्रगे निशि ।।८७।।
राधाकृष्णं यथाशक्ति पूजयिष्यन्ति ये जनाः ।
तत्सर्वं संग्रहीष्यामि राधया सहितस्तदा ।।८८।।

દ્વિતીયાના દિવસે જેવી રીતે તે અહિં મારૂં પૂજન કર્યુ છે તેવી રીતે તારી દ્વિતીયા તિથિમાં જે લોકો સવારે અને સાંજે યથાશક્તિ રાધાકૃષ્ણની પૂજા કરશે ત્યારે તે સર્વે પૂજાને હું રાધિકાએ સહિત ગ્રહણ કરીશ.

આ દ્વિતીયા તિથિમાં વિશેષ કરીને રાધાકૃષ્ણ ભગવાનની સુવર્ણની મૂર્તિ કરી તે મૂર્તિનો ગાયના દૂધ વડે, પંચામૃત વડે અને શુદ્ધ જળ વડે

અભિષેક કરવો. ત્યારપછી ભગવાનને વસ્ત્ર-આભૂષણ અર્પણ કરી શ્રૃંગાર કરી ધૂપ-દીપ-આરતી ઈત્યાદિ અર્પણ કરી મિષ્ટાન્ન વડે તૃપ્ત કરવા.આવી રીતે જે જનો મારી પૂજા કરશે તેમને

दास्ये प्रत्युपदां तेभ्यो विविधाऽसंख्यसम्पदः ।।९२।।
यथा सन्ति मम लोके तथा दास्ये न संशयः ।
अन्तेदास्ये च गोलोकं स्मृद्धं सुखं च शाश्वतम् ।।९३।।

હું સામે ભેટરૂપે વિવિધ પ્રકારની અસંખ્ય સંપદાઓ જેવી મારા લોકમાં છે તેવી તેઓને આપીશ અને વળી અંતે સમૃદ્ધ શાશ્વત સુખ અને ગોલોક આપીશ તેમાં સંશય નથી. આમ આર્શીવાદ પ્રાપ્ત થવાથી મળમાસ અધિક ભાગ્યવાન થયો. ત્યારપછી તેણે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી અને કહ્યું કે હે નાથ ! હું સ્વામીવાળો થાઉં એવી કૃપા કરો. ત્યારે ભગવાન બોલ્યા કે

पूजायां यानि वस्तूनि त्वर्पितानि च तानि तु ।
लक्षगुणानि भक्ताय प्रदास्ये प्रवदाम्यहम् ।।१०४।।
अधिमासद्वितीयायां पूज्यश्चाऽहमनन्तकैः ।
दास्येत्वनन्तकं तस्मै यद्यदिष्टं व्रतार्थिनः ।।१०५।।

અધિકમાસની દ્વિતીયામાં હું અનંત ઉપચારો વડે પૂજાવા યોગ્ય છું. તે દિવસે વ્રત કરનારને જે જે ઈષ્ટ હશે તે તે વસ્તુ અનંતગણી કરી હું તેને આપીશ. વળી પૂજામાં મને જે વસ્તુઓ અર્પણ કરશે તે ભક્તને તે વસ્તુઓ લાખગણી કરી હું પાછી આપીશ. આમ હું શ્રીકૃષ્ણ કહું છું. આ દિવસે વડને જળ આપવું, સાધુ-બ્રાહ્મણને જમાડવા, કન્યાઓને સાડી આપવી, વિષ્ણુભક્તને કાચા સીધા અને સુવર્ણનું દાન કરવું તેથી પૂર્ણફળની પ્રાપ્તિ થાય છે.

द्वितीयायां प्रदातव्यं सर्वे वै द्विगुणं शुभम् ।
कोटिगुणं प्रपद्येत फलं चात्र परत्र च ।।१०८।।

અધિકમાસની દ્વિતીયાને દિવસે બધી શુભ વસ્તુનું બે ગણું દાન કરવું. તેનું ફળ આલોક અને પરલોકમાં કોટિગણું મળે છે. વળી શ્રીકૃષ્ણનારાયણે કહ્યું કે આ મળમાસના સકળ વૃત્તાંતને હું જાણું છું. તેમાં પણ તમોએ વિશેષપણે મને વાત કરી. સૂર્યસંક્રાંતિ રહિતનો આ મળમાસ શુભ કર્મોમાં અયોગ્ય છે એમ માની સર્વ સૃષ્ટિએ તેનો તિરસ્કાર કર્યો છે પરંતુ તે મારા ઘરે આવ્યો છે તેથી આજથી તે મલિન નથી. આજથી તે દિવ્ય છે પરિશુદ્ધ છે અને પૂજનીય છે. પરંતુ તેનો સ્વામી કોણ થશે ? તે વિચારો. હું અને તમે અન્ય માસોનાં સ્વામી છીએ તેથી આ માસમાં આપણું સ્વામીત્વ બરાબર નથી. આ વાત માટે આપણે જ્યાં પુરૂષોત્તમનારાયણ બિરાજે છે એવા અક્ષરધામમાં જઈએ.

अवतारा असंख्याता यस्माद्भवन्ति माद्दशाः ।।११६।।
गोलोकादिकधामानि यद्धामांशा भवन्ति वै।
स विचार्यैव चैतस्य स्वामिनं कल्पयिष्यति ।।११७।।
अवतारीत्वनादिश्रीकृष्णः श्रीपुरुषोत्तमः ।
योजयिष्यति यं त्वस्मिन् सोऽस्य स्वामी भविष्यति ।।११८।।

જેમાંથી મારા જેવા અસંખ્યાત અવતારો પ્રગટ થાય છે, ગોલોકાદિ ધામો જેના ધામના અંશો છે તે અવતારી શ્રીપુરૂષત્તમ અનાદિશ્રીકૃષ્ણ વિચારીને આ મળમાસના સ્વામીને કલ્પશે. તે શ્રીહરિ જેને નિયોજિત કરશે તે જ આનો સ્વામી થશે. આમ વિચાર કરી તે ત્રણેય જ્યાં પુરૂષોત્તમનારાયણ બિરાજે છે તે અક્ષરધામમાં ગયા.

❖❖❖❖❖

❖ અધ્યાય-૩ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, શ્રીકૃષ્ણ, નારાયણ અને મળમાસ આ ત્રણેય ગોલોકથી ઉપર રહેલા અક્ષરધામમાં દિવ્ય વ્યોમમાર્ગે ગયા. ત્યાં બ્રહ્મધરામાં સ્નાન કરી ત્રણેય પુરૂષોત્તમરૂપ થયા. ત્યાં આઠ વર્ષના દ્વિભુજ અને કોટિ નારાયણતુલ્ય રૂપ અને તેજવાળા મુક્તોના મંડળો જોઈ તેઓ આશ્ચર્યચકિત થયા. વળી ઉદ્યાનો, મુક્તોનાં મહેલો તથા વિમાન આદિ ઉપકરણો જોઈ પોતાના ધામની વસ્તુઓમાં વૈરાગ્યવાન થયા. અક્ષરધામની વસ્તુઓની તુલનામાં તેઓને ગોલોક અને વૈકુંઠની તમામ વસ્તુઓ નિરાનંદ ભાસતી હતી. વૈકુંઠ અને ગોલોકથી તેઓએ પુરૂષોત્તમનાં પૂજન માટે જે વસ્તુઓ સાથે લીધી હતી તે સર્વે નિરાનંદ અને નિસ્તેજ લાગવાથી તેઓ ભગ્ન મનવાળા થયા. તેવામાં ત્યાં અનંત યોજન વિસ્તારવાળું અને દિવ્ય જળવાન રસાત્મક બ્રહ્મસરોવર જોયું. તેમાં તે ત્રણેયે સ્નાન કર્યું અને તે બ્રહ્મસરોવરનું જળ ભેટ સામગ્રી પર છાંટયું તેથી તે સર્વે વસ્તુ શ્રીપુરૂષોત્તમનારાયણને ભોગ્ય થઈ. ત્યારપછી લાખ યોજન વિસ્તારવાળો વિશાળ મહેલ જોયો ત્યાં દ્વારપાળોને પૂછીને તેઓ અંદર આવ્યા કે જ્યાં અસંખ્યાત્ મુક્ત દિવ્યાત્માઓ વડે સેવાયેલા રાજાધિરાજ પુરૂષોત્તમનારાયણ બિરાજે છે.

શ્રીકૃષ્ણ અને નારાયણને આવેલા જોઈ પુરૂષોત્તમનારાયણ અત્યંત આનંદ પામ્યા. તે બંનેએ વારંવાર નમસ્કાર કરાયેલા શ્રીહરિએ તેઓને પોતપોતાના ધામનાં કુશળ સમાચાર પૂછયા. આપની કૃપા વડે સર્વ કુશળ છે એમ કહેનાર તે બંનેને શ્રીહરિએ આસન પર બેસાડયા. અધિકમાસ પણ પુરૂષોત્તમનારાયણને પાંચ દંડવત્ કરી દાસની જેમ તેઓની સમીપે ઉભો રહ્યો. ત્યારે અક્ષરાધિપતિ શ્રીહરિએ પૂછયુ કે આ કોણ છે ? અને તમારી સાથે મારા ધામમાં કેમ આવ્યો છે ? ત્યારે પ્રથમ શ્રીકૃષ્ણ અને નારાયણ સાથે લાવેલા દિવ્ય ઉપચારો વડે શ્રીહરિનું મહાપૂજન કરી સ્તુતિ કરી સુખપૂર્વક બેઠા અને આતિથ્ય સત્કાર ગ્રહણ કરી કહ્યું કે આ

અધિકમાસ ઋષિઓ વડે સર્વે કર્મોમાં નિષિદ્ધ મનાયેલો છે. મેં શ્રીકૃષ્ણે એને સૌભાગ્ય પ્રદાન કર્યુ પરંતુ અધિદેવ વિના શુભમાસમાં તેની ગણના થાય નહિ. મળમાસનું આ મહાદુઃખ આપના સિવાય કોઈ નિવારી શકે તેમ નથી તેથી કૃપા કરી અમારા માટે આનું દુઃખ નિવારણ કરો. આ સાંભળી પુરૂષોત્તમનારાયણે કહ્યું કે તમો બંને અહીં આવ્યા તે સારૂં કર્યુ. મળમાસનો હાથ જાલી તમો લોકમાં કીર્તિ પ્રાપ્ત કરશો. તમોએ જેનો હાથ જાલ્યો તેનો હાથ મેં જ જાલેલો છે.

अत एनं करिष्यामि सर्वोपरि मया समम् ।
यथाऽहं स्वगुणैर्युक्तस्तथैनं विदधामि वै ।।३४।।
सामर्थ्यैश्चाऽर्च्यभावेन तथा वरपराक्रमैः ।
मम तुल्यं विदधामि नतोऽन्यत् किमपेक्ष्यते ।।३५।।

આથી એને હું મારી જેમ સર્વોપરી કરીશ. જેવો હું પોતાના ગુણોએ યુક્ત છું તેવો હું તેને કરીશ. સામર્થ્યથી, પૂજ્યભાવથી તથા શ્રેષ્ઠ પરાક્રમો વડે તેને હું મારા તુલ્ય કરૂં છું. તેનાથી વધારે શું અપેક્ષા છે ?

मम सर्वे गुणाश्चान्येऽधिमासाय समर्पिताः ।
पुरुषोत्तमसंज्ञा मे वस्तुष्ट्यै चार्पिता तथा ।।३८।।
अस्य स्वामी भवाम्येव ब्रह्मेशः पुरुषोत्तमः ।
मम नाम्ना जगत्सर्वे तन्नामाऽपिग्रहीष्यति ।।३९।।

મારા તમામ અન્ય ગુણો મેં અધિકમાસને સમર્પિત કર્યા તથા તમારા સંતોષ માટે મારી પુરૂષોત્તમ સંજ્ઞા પણ આપી હું પરબ્રહ્મ પુરૂષોત્તમ આ માસનો સ્વામી થાઉં છું. સર્વે જગત મારા નામથી તેનું નામ લેશે. આ માસ મારા સ્વરૂપવાળો થઈ જગતપૂજ્ય, સર્વવંદ્ય તથા સર્વે માસોમાં ઉત્તમ થશે. આ માસમાં વ્રત, જપ, પૂજા, દાન, સ્નાન કે ભોજન કરાવવું ઈત્યાદિ કિંચિત પુણ્ય કરનારાઓની પણ મારા પ્રભાવથી દુઃખ-દારિદ્રય-તાપ-આધિ-વ્યાધિ તથા તમામ પીડાઓ દૂર થશે અને તેઓને તમામ પ્રકારનાં સુખ પ્રાપ્ત થશે.

पुरुषोत्तममासस्य व्रतिनो मद्व्रता हि ते ।
मत्तः प्राप्स्यन्ति सर्वे ते यथा चिन्तामणेर्जनः ॥४८॥

પુરૂષોત્તમમાસનું વ્રત કરનારાઓ મારૂં જ વ્રત કરનારાઓ છે. જેમ ચિંતામણી પાસેથી મનુષ્યો ઈચ્છિત સુખ મેળવે છે તેમ તેઓ મારી પાસેથી સર્વ ઈચ્છિત સુખને પ્રાપ્ત કરશે. આ માસનું વ્રત કરનારાઓ સ્વર્ગ, સત્યલોક, વૈરાજલોક, વૈકુંઠ, કૈલાસ, શ્વેતદ્વિપ અથવા જે પોતાને માન્ય ધામ હશે તેને પામશે.

तथाऽयं वै जनेष्टस्य पूरको मोक्षदः कृतः ।
यथाऽहं परिपूर्णोऽस्मि तथाऽयं चाऽव्ययः कृतः ॥५२॥

જેમ હું પુરૂષોત્તમનારાયણ સકામ અને નિષ્કામ જનોની ઈચ્છાપૂર્તિ કરનારો છું તેમ આ અધિકમાસને પણ મેં સર્વેની ઈચ્છા પૂરી કરનારો તથા મોક્ષદેનારો કર્યો છે. જેમ હું પરિપૂર્ણ છું તેમ આને પણ મેં અવ્યય (ખામી રહિત) કર્યો છે. મને પામવા માટે યતિઓ, બ્રહ્મચારીઓ, સાધુઓ, યોગીઓ, તપસ્વિઓ વગેરે હજારો વર્ષો સુધી મહાપ્રયત્નો કરે છે છતાં પણ સૌથી પર એવા મારા ધામને પામતા નથી પરંતુ પુરૂષોત્તમમાસનું વ્રત કરીને મનુષ્યો એક માસમાં જ મારા ધામને પામનાર થશે. વળી અનેક પ્રકારનાં ભીષણ તપ કરનારાઓ પણ મારી ભક્તિ વિના મારા ધામને નથી પામતા પરંતુ અધિકમાસનું વ્રત કરનારા માસ માત્રના વ્રતથી મારી કૃપા વડે શાશ્વત એવા અક્ષરધામને પામશે.

ये जनाः सेवयिष्यन्ति मासं श्रीपुरुषोत्तमम् ।
धर्मार्थकाममोक्षणां सिद्धिमाप्स्यन्ति ते जनाः ॥६५॥

જે જનો પુરૂષોત્તમમાસનું સેવન કરશે તે જનો ધર્મ-અર્થ-કામ અને મોક્ષની સિદ્ધિને પ્રાપ્ત કરશે. ચાતુર્માસનું વ્રત કરનારાઓ સ્વર્ગને ભોગવીને ફરી જન્મ મરણને પામે છે જ્યારે પુરૂષોત્તમ માસનું વ્રત કરનારા શાશ્વત અક્ષરધામને પામે છે. આ માસ વ્રત કરનારનાં એકસો આઠ કુળનો ઉધ્ધાર કરશે. આ માસનું વ્રત કરનારનાં અપરાધોને હું ગણીશ નહિ કારાણકે

મારી ભક્તિની અપેક્ષાએ મારા જનોની ભક્તિ મને પ્રિય છે. મારા માસમાં વ્રત કરનારનાં મનોરથો પૂર્ણ કરવામાં હું વિલંબ નહિ કરું. મારા આ માસને પામીને પણ જેઓ સ્નાન, પૂજા અને સત્કર્મોથી રહિત રહેશે તેઓ કાગડા-શિયાળ ઇત્યાદિ નીચ યોનિને પામશે.

मम मासे व्रतिनां ये दुःखं कुर्वन्ति चाऽधमाः ।
परताडनपाशास्ते भविष्यति प्रगर्दभाः ।।७८।।

મારા માસનું વ્રત કરનારાઓને જેઓ દુઃખ આપશે તે અધમો અન્યથી તાડન પામનારા ગધેડાઓ થશે. વળી મારા માસનો તિરસ્કાર કરનારાઓ અને આ માસમાં ભક્તિમાં વિઘ્ન કરનારાઓ વૃક્ષ પર ઉંધા ટીંગાઈને પોતાનું જ મળ ખાનાર વગોળો થશે. ત્રીજા વર્ષે પ્રાપ્ત થતાં આ પુરૂષોત્તમ માસમાં જેઓ આત્મશ્રેય કરતા નથી તેઓ યમાલયને પામે છે. તેથી આ પુરૂષોત્તમ માસને વ્યર્થ જવા દેવો નહિ. કન્યાઓ, યુવતિઓ, સધવાઓ, વિધવાઓ, વૃદ્ધાઓ જે કોઇ સ્ત્રીઓ પોતાને ઇષ્ટ સુખની પ્રાપ્તિ માટે આ માસમાં સ્નાન-વ્રત-મારી પૂજા-માળા વિગેરે પુણ્ય કાર્યો કરશે તેઓને હું પુરૂષોત્તમ સર્વપ્રદાન કરનાર થઈશ. જેઓ આ માસને કોઇ પુણ્યકર્મ વિના જ શૂન્ય વ્યતીત કરે છે તેના સદ્‌ભાગ્ય પણ શૂન્ય થાય છે. જે ધનાઢય ગૃહસ્થો આ માસમાં દાનાદિ સત્કર્મો કરતા નથી તેઓના કોશ શૂન્યતાને પામે છે. બ્રહ્મચારીઓ, વાનપ્રસ્થો, યતિઓ અને ત્યાગિઓ પણ જો ભક્તિ વિના આ માસ વ્યતીત કરે છે તો તેઓ તપસ્વિ હોવા છતાં પણ ભક્તિરહિત થાય છે. તેથી સર્વેએ આ માસનું સેવન કરી આત્મશ્રેય સાધી લેવો. હે કૃષ્ણ ! હે નારાયણ ! મારૂં આ અચળ વચન સાંભળો. મારી આજ્ઞાથી બ્રહ્માંડોમાં રહેનારા જે લોકો જ્યાં જ્યાં આ માસ હોય ત્યાં ત્યાં તે માસના અધિષ્ઠાતા દેવ એવા મારી સર્વથા પૂજા કરશે તે મારા ભક્તો મારા શાશ્વત અક્ષરધામને પામશે. વળી તે તે અવતારોના તે તે ભક્તો મારા આ માસના પ્રભાવે ગોલોક-વૈકુંઠ-અમૃત ઇત્યાદિ પોતાને ઇષ્ટ ભગવાનના ધામને પામશે.

तृतीयायां मम मासे युवाभ्यां पूजितोऽस्म्यहम् ।
तथा ये पूजयिष्यन्ति तेषां पूर्णमनोरथाः ।।१००।।
सर्वथैव भविष्यन्ति स्नानदानजपादिभिः ।
युवां चिन्तां कुरुतं मा लक्ष्मीश राधिकेश्वर ।।१०१।।

હે રાધિકેશ્વરકૃષ્ણ ! હે લક્ષ્મીશ નારાયણ ! તમોએ અધિકમાસની તૃતીયા તિથિમાં મારૂં પૂજન કર્યુ છે.તેવી રીતે જે જનો આ ત્રીજની તિથિએ મારૂં પૂજન કરશે તેઓના સર્વે મનોરથો એ પૂજન વડે તથા સ્નાન દાન જપાદિક વડે સર્વથા પૂર્ણ થશે. તમો ચિંતા કરશો નહિ. આમ પુરૂષોત્તમનારાયણનો આદેશ પામી પ્રણામ કરી તે ત્રણેય પોતપોતાના લોકમાં ગયા. હે લક્ષ્મિ ! સાંભળો, અધિકમાસની તૃતીયા તિથિએ જે સ્નાન કરશે તેઓને બ્રહ્મધરો તથા બ્રહ્મસરોવરમાં સ્નાન કરવાથી જે પુણ્ય મળે છે તે પુણ્ય પ્રાપ્ત થશે. જેમ કૃષ્ણ અને નારાયણે મારી પૂજા કરી તેમ મારી જે જનો આ દિવસે પૂજા કરશે અને દાનાદિક આપશે તેઓને શાશ્વત ફળની પ્રાપ્તિ થશે. અધિકમાસની તૃતીયાએ નારાયણ અને કૃષ્ણે મારી પૂજા કરી છે તેથી માનવોએ પણ તૃતીયાને દિવસે મારી શ્રીકૃષ્ણની અને નારાયણની મહાપૂજા કરવી. તે પૂજા સુખ અને મોક્ષ દેનારી થશે. જેવો હું અક્ષરધામમાં છું તેવો જ હું આ અધિકમાસાત્મક થઈ સર્વથા બ્રહ્માંડમાં સ્થિત છું તથા સર્વેના અંતરાત્મામાં સ્થિત, રાધાલક્ષ્મી આદિ વડે સેવાયેલો હું કૃષ્ણનારાયણ બધું જ જાણું છું. બીજા મને જાણી શકતા નથી. હે લક્ષ્મિ ! પાર્વતી, પ્રભા, માણિકિ ઈત્યાદિ સાથે વિહાર કરનાર હું અનેક રૂપે હોવા છતાં પણ એક જ છું એમ તમે જાણો.

❖❖❖❖❖

❖ અધ્યાય-૪ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, તે પછી તે ત્રણેય ગોલોકમાં ગયા. ત્યાં ક્ષણવાર વિશ્રામ કરી પછી નારાયણ અને અધિકમાસે શ્રીકૃષ્ણની પૂજા કરી. ગોલોકમાં પુરૂષોત્તમમાસનો મહિમા બહુધા વધ્યો. શ્રીકૃષ્ણને નમસ્કાર કરી પછી તેઓ વૈકુંઠમાં આવ્યા. ત્યાં પણ અધિકમાસ ઘણું મહત્વ પામ્યો અને વિષ્ણુએ તેને વૈકુંઠમાં વાસ આપ્યો તેથી તે મહિનાઓનો રાજા થઈ ગૌરવ વડે વૈકુંઠમાં સ્થિત થયો. મહાલક્ષ્મીએ પણ તેની પૂજા કરી તથા નારાયણે પણ તૃતીયાના દિવસે બપોર પછી તરત જ પોતાના પાર્ષદોને મોકલીને પ્રતિ બ્રહ્માંડમાં ઘોષણા કરાવી કે આ અધિકમાસ પુરૂષોત્તમનારાયણનાં પ્રભાવથી મહાન, ઉત્તમ, પુરૂષોત્તમ સમાન દૈવતવાળો, પુરૂષોત્તમ નામવાળો, સ્વર્ગ દેનાર તથા મોક્ષ દેનાર થયો છે. પુરૂષોત્તમે પોતાના ગુણો આને અર્પિત કર્યા હોવાથી તે પુરૂષોત્તમથી ન્યૂન નથી. નર-નારીઓ, દેવી-દેવતાઓ કે જે કોઇ સ્થાવર-જંગમ છે તે આ માસના એક કાળમાં પણ ભાવથી વ્રત કે પૂજન કરશે તેઓ મારી ઇચ્છાથી સંપૂર્ણ અધિકમાસનું ફળ પામશે તથા પોતાને ઇચ્છિત સર્વસ્વ પ્રાપ્ત કરશે એમ હું નારાયણ કહું છું. તો ત્રિકાલ પૂજન અને સંપૂર્ણ માસનું વ્રત કરનારનું શું કહેવું ? આ માસમાં જે જે ભક્તો જે જે રૂપે મારી પૂજા કરશે તે તે ધામમાં મારા તે તે રૂપોને પામશે.

હે લક્ષ્મિ ! આમ દિવ્ય શરીરધારી પાર્ષદો દ્વારા મહાદુંદુભિ (મોટા નગારા)ના નાદ સાથે બ્રહ્માંડોમાં વારંવાર ઘોષણા કરાઇ. અધિકમાસ પણ તૃતીયાની સાંજે અનેક કોટિઓ દ્વારા સત્કાર પૂજા અને સારી રીતે ભોજન પામેલો શ્રમને પામ્યો. ચોથને દિવસે સવારે સ્થાવર અને ચેતનો એવા ઘણાંક વ્રત કરનારાઓ વૈકુંઠમાં આવ્યા. તેમાં ક્ષીરસાગરથી કોટિ દાસીઓએ યુક્ત રમાદેવી વૈકુંઠમાં આવ્યા. વરમાળાથી યુક્ત અને વધૂનાં

રૂપને પામેલા તે સર્વાંગે લક્ષ્મી સમાન હતા. તેમાં કોઈ ન્યૂનતા ન હતી. નારાયણની આજ્ઞાથી લક્ષ્મી આદિ વડે સારો સત્કાર પમાયેલી રમાને નારાયણે પોતાના ખોળામાં બેસાડયા. તે જોઈ લક્ષ્મી ઈત્યાદિ અતિ આશ્ચર્ય પામ્યા. પછી લક્ષ્મીએ રમાને પૂછયું કે તમે કોના પુત્રી છો ? કેવી રીતે ક્યાંથી આવ્યા છો ? અને શું કરીને નારાયણને પતિ તરીકે પ્રાપ્ત કર્યા છે ? તે સર્વે વૃત્તાંત કહો. ત્યારે હાથમાં રહેલી વરમાળાને શ્રીહરિના કંઠે સમર્પી નારાયણનાં ચરણના અંગુઠાને ધોઈ તે જળપાન કરી, પ્રદક્ષિણા કરી, કંકુથી શ્રીહરિનાં ભાલમાં સુશોભિત ચાંદલો કરી, ચોખા ચોડી, અડધી વરમાળા પોતાના કંઠમાં ધારણ કરી, શ્રીહરિને પાયસનું ભોજન કરાવી, તાંબૂલ આપી, તે તાંબૂલની પ્રસાદી ગ્રહણ કરી, અક્ષત અને લાજા સહિત પુષ્પાંજલિ અર્પણ કરી શ્રીહરિની પત્ની થઈ લક્ષ્મીને કહેવા લાગ્યા કે હે મને પૂજનીય મહાલક્ષ્મિ ! તૃતીયાની રાત્રિમાં સર્વેએ નારાયણનાં નામથી નગારૂં સાંભળ્યું કે અધિકમાસે જે પૂજા કરશે તેના મનોરથો હું પૂર્ણ કરીશ.

મેં ક્ષીર સાગરમાં મારા ઘરે તે નગારૂં સાંભળ્યું અને નારાયણને પતિ પણે પામવાથની ઈચ્છા કરી પછી અધિકમાસની તૃતીયામાં સાંયકાળે ભોજન અને જળપાન કર્યા વિના વ્રત રાખી સ્નાન કરી શ્રીહરિની પૂજા કરી. વળી મારા પિતા એવા ક્ષીરસાગરને પૂછી તેમની આજ્ઞાથી તોરણ પતાકાંઓ અને કેળનાં સ્તંભોથી શોભતો મંડપ કરાવી તેના મધ્યે ઉત્તમ રમણીય હિંડોળામાં સુવર્ણની લક્ષ્મીનારાયણની મૂર્તિ પધરાવી તેને સ્નાન કરાવી ભાવપૂર્વક દિવ્ય વસ્ત્રો, આભૂષણો અને સમુદ્રનાં રત્ન અર્પણ કરી ધૂપ - દીપ - નૈવેદ્ય - જલપાન - આરતી - સ્તુતિ - પ્રદક્ષિણા - અભિવાદન અને પુષ્પાંજલિ અર્પણ કરી સંકલ્પ કર્યો કે હે નારાયણ ! હે વિશ્વાત્મન ! તમે મારા પતિ થાઓ. ત્યારપછી ચરણામૃતનું પાન કરીને સુકોમળ પલંગ પર શ્રીહરિને મેં પ્રેમપૂર્વક મારી સાથે સુવાડયા. નિદ્રામાં પણ મેં એવું જ

જોયું કે હું શ્રીહરિની ચરણચંપી કરું છું. વળી સ્વપ્નમાં શ્રીહરિ પોતાના કૃપાકટાક્ષ વડે મને ભાવથી અકર્ષિત કરતા, "હે પ્રિયે ! આ વ્રતથી હું તારો સ્વીકાર કરું છું. તને સવારે મારા લોકમાં લઈ જવા માટે હું આવીશ" એમ કહી અદ્રશ્ય થઈ ગયા. મેં અધિકમાસની ચોથના બ્રાહ્મમુહૂર્તમાં પુરૂષોત્તમનારાયણનું ધ્યાન કરી, સ્નાન કરી શય્યામાં પોઢાડેલા શ્રીહરિને અતિભાવપૂર્વક દૂધ આદિ વડે સ્નાન કરાવી, શ્રૃંગાર કરી, વિવાહ કરનાર વરની જેમ સુશોભિત કર્યા. પછી અગ્નિમંડળમાં ૧૦૮ આહૂતિઓ આપી, પાંચ વાટવાળી આરતી ઉતારી, ચાર પ્રદક્ષિણા કરી, "હે પુરૂષોત્તમમાસમાં વરદાન દેનારા નારાયણ ! તમે જ મારા વર થાઓ" એમ કહી પુષ્પાંજલિ - અર્ઘ્ય - નમસ્કાર - ક્ષમાયાચના અર્પણ કરી વિસર્જન - ચરણામૃતપાન તથા પ્રસાદભક્ષણ કરી કૃષ્ણનારાયણ નામનું ભજન કરતાં બાલિકાઓ અને કન્યાઓને ભોજન અને દાન આપ્યા. ત્યારપછી પિતાને પ્રણામ કરી પારણા કરી જ્યાં મારા ભવનમાં સ્થિત થાઉં ત્યાં આ નારાયણ મારી સામે પ્રગટ થયા. અતિ પ્રસન્ન અને તેજસ્વિ તે નારાયણ પોતાના કરકમળ વડે મને પોતાના તરફ આકર્ષી કહેવા લાગ્યા કે

मलमासे ह्येककाले तृतीयायां त्वयाऽर्चितः ।।६७।।
निशि संवाहितश्चापि चतुर्थ्यां चातिपूजितः ।
प्रातरेव त्वया मान्ये ! चार्जितोऽस्मि व्रतेन वै ।।६८।।

અધિકમાસની તૃતીયામાં એક કાળે તે મારી પૂજા કરી, રાત્રે ચરણચંપી કરી અને ચોથના દિવસે સવારે તે મારી મહાપૂજા કરી. હે રમા ! આટલા વ્રતમાત્રથી તે મને પ્રાપ્ત કરી લીધો છે. આજથી તું મારી શાશ્વતી પત્ની થઈ. તેથી હવે મારી સાથે ચાલો. વળી તમારા આ વ્રતના પ્રભાવે તમારી જે દાસીઓ છે તે પણ મારા વૈકુંઠલોકને પામી સર્વથા મારી દાસીઓ થાઓ. આમ કહી મને ગરૂડ અને હજારો વિમાનો બતાવ્યા. પછી મેં મારા પિતા પાસે જઈ આ સર્વ વૃત્તાંત કહ્યું. તેમણે પણ ત્યાં આવી

મારો હાથ શ્રીહરિના હાથમાં આપ્યો. પછી પિતાની આજ્ઞા લઈ તેમણે આપેલી દાસીઓ તથા ભેટને સાથે લઈ ગરૂડ પર બેસી આ વૈકુંઠલોકમાં આવી. અધિકમાસમાં રાત્રે અને સવારે આ નારાયણના પૂજનના કારણે હું તેમને પતિરૂપે પામી અને અહિં આવી. આમ, મને અધિકમાસનું ફળ પ્રાપ્ત થયું.

मया नारायणपूजा कृता तद्वत् करिष्यति ।
कन्यका युवती वापि प्राप्स्यत्येनं नरायणम् ॥७९॥

મેં નારાયણની પૂજા કરી તે રીતે જે કન્યા કે યુવતી પૂજા કરશે તે આ નારાયણને પ્રાપ્ત કરશે. અધિકમાસની ચોથના દિવસે સવારે બપોરે કે સાંજે જે ઇચ્છાથી જે જનો શ્રીહરિનું પૂજન કરશે તે જનો શ્રીહરિની ઇચ્છાથી તે તે પોતાને ઇચ્છિત સર્વ ભોગ્ય પદાર્થો, ઇશ્વરલોક કે મોક્ષને પ્રાપ્ત કરશે. હે લક્ષ્મિ ! જેમ હું અલ્પ સરખું વ્રત કરવાથી સદા સૌભાગ્યવતી થઈ છું. તેમ અન્ય કન્યાઓ કે યુવતીઓ પણ આ વ્રત કરી સદા સૌભાગ્યવતી થશે. વિધવા પણ જો આ રીતે અધિકમાસની ચતુર્થીએ શ્રીહરિનું પૂજન કરશે તો તે પણ નક્કિ વૈકુંઠને પામશે. વૃદ્ધા, રોગિણી, તિરસ્કાર કરાયેલી, કર્મથી ભ્રષ્ટ થયેલી, અનાથ, રાંડ, પુંશ્ચલી, સ્વૈરિણી, કામિની, જ્ઞાતિહીન, મૈથુનમાં સદા આસક્ત, માંસ - મદિરા ખાનારી, રજસ્વલાના દોષમાં સ્થિત કે સંસ્કાર વિનાની જે કોઇ પણ નારી આ કથા સાંભળીને અધિકમાસમાં ચોથના દિવસે શ્રીહરિને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી એકટાણું, સાયં સંધ્યા પછી જમવું તે નક્તભોજન, ફળાહાર, માત્ર દૂધપાન કે માત્ર જળપાન કરવા રૂપ વ્રતને કરશે તે પોતાના સર્વે પાપો કે અતિ પાપોનો પણ નાશ કરી અતિપાવની, દિવ્યા, શુદ્ધા થઈ ભગવાનના સનાતન વૈકુંઠધામને પ્રાપ્ત કરશે.

रमाऽहं संस्थिता नारायणांऽके लक्ष्मि ! सर्वथा ।
कथयामि पुनः सत्यं सा प्राप्स्यति हरेः पदम् ।।१००।।

હે લક્ષ્મિ ! નારાયણના અંક (ખોળા)માં બેસેલી હું રમા ફરી સર્વથા સત્ય કહું છું કે અધિકમાસની ચોથનું વ્રત કરનારી તે સ્ત્રી શ્રીહરિના ધામને પામશે. અધિક શું કહેવું ? જેના યોગથી માયા પણ અમાયિકી થાય તો નારીની મુક્તિ થાય તેમાં શું મોટી વાત છે ? તેથી આ અધિકમાસનું વ્રત સર્વથા કરવું જેના બળે ભુક્તિ તથા મુક્તિ સર્વ પ્રાપ્ત થાય છે. આમ કહી રમાએ વાત્સલ્યવર્ધિની લક્ષ્મીને પ્રણામ કર્યા. નારાયણ પણ તેને તેના ભવનમાં લઈ જઈ તેની ભાવનાઓને પૂર્ણ કરનાર થયા. હે પ્રિયે ! આમ ક્ષીરસાગરની પુત્રી રમા કઈ રીતે નારાયણપ્રિયા થઈ તે કથા મેં તમને કહી. આ કથાના વાંચન - પૂજન કે શ્રવણ માત્રથી માનવને અધિકમાસના વ્રતનું ફળ પ્રાપ્ત થાય છે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૫ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! અધિકમાસની પંચમીનું વ્રત અને પૂજન કરીને શારદા અતુલ ઐશ્વર્ય, શાશ્વત કૌમાર્ય, રજસ્વલાવિહિનત્વ, પ્રતિમુખમાં નિવાસ, લોકમાં પૂજ્યતા તથા વૈકુંઠનાથનું પત્નીત્વ જેવી રીતે પામ્યા તે સાંભળો. પત્નીત્વ હોવા છતાં કૌમાર્ય અને કૌમાર્ય હોવા છતાં પત્નીત્વ આ વિરૂદ્ધ ધર્મોની એક જ વ્યક્તિમાં સ્થિતિ શ્રીહરિની પ્રસન્નતાથી શારદાને મળી. બ્રહ્મધામમાં સ્થિત અનાદિ શ્રીકૃષ્ણનારાયણનાં અંગથી બ્રહ્મવિદ્યા શારદા નામે સુંદરી પ્રગટ થઈ, નારાયણની આજ્ઞાથી વૈરાજલોકમાં આવી, વૈરાજમાં લીન થઈ. તે કન્યા બ્રહ્મા - વિષ્ણુ - મહેશ્વર સાથે વૈરાજનાં પુત્રી તરીકે પ્રગટ થયા. બહુકાલ પર્યંત પિતાના ઘરમાં નિવાસ કરી તે વિચારતી હતી કે બ્રહ્માની સૃષ્ટિમાં પ્રત્યેક મુખમાં સ્થિત થવા માટે મારો આવિષ્કાર થયો છે. તો જો હું સૃષ્ટિમાં કુમારી રહી નિવાસ કરૂં તો અસંસ્કૃતા, અસ્પૃશ્યા, અશુદ્ધા અને સર્વે દ્વારા બહિષ્કૃતા જ રહીશ. સંસ્કાર વિનાનું કુમારિકાનું શરીર કોઈ કર્મને યોગ્ય ગણાતું નથી.

कुमारिकास्थितौ नारीदेहः कथं शुभो भवेत् ।
विवाहकरणे शुद्धिर्नान्यथा तु कदाचन ।।१६।।

કુમારિકા અવસ્થામાં સ્થિત નારીનો દેહ કેવી રીતે શુભ થાય ? વિવાહ સંસ્કાર થયા પછી જ તેની શુદ્ધિ થાય છે અન્યથા ક્યારેય થતી નથી. પરંતુ પુરૂષની પરાધીનતાત્મક વિવાહ પણ મહાદુઃખપ્રદ છે. મૂત્રેન્દ્રિયની પરાધીનતાની મલિન કર્મકારિતા - રજસ્વલાપણુ - ગર્ભધારણતા - મૈથુનકર્મ વગેરે પત્નીભાવના કર્મો સર્વથા પરાશ્રિત અને મહાદુઃખ દેનારા છે. શું કરૂં ? ક્યાં જાઉં ? મારે કોઈને આધીન થવું નથી. તેમજ રજસ્વલાધર્મ પણ મલિનતા છે તેને પણ હું ઈચ્છતી નથી. તેથી અમલિનત્વ, પવિત્રત્વ, અરજસ્વલાત્વ, પત્નીધર્મવિહિનત્વ અને કૌમાર્ય જેવી રીતે થાય તેવો મારે પ્રયત્ન કરવો જોઈએ. જો મારા આ ઈષ્ટ સંકલ્પ પૂરા નહિ થાય

તો હું મરી જઈશ એમાં કોઈ સંશય નથી. આમ નિત્ય ચિંતવન કરતી અને તેના માટેના સાધનને શોધતી તે શારદાએ

शुश्राव दुन्दुभिः विष्णोरधिमासव्रताय वै ।
पुरुषोत्तममासस्य व्रतिनां वै मनोरथाः ।।२६।।
परिपूर्णा भविष्यन्तीत्याह श्रीपुरुषोत्तमः ।
एककालं द्विकालं वा पूजयिष्यन्ति मां जनाः ।।२७।।
नरो नारी च षष्ढो वा मत्कृपालेशतो हि सः ।
अलभ्यलाभवान् स्याच्च दास्ये सर्वे तदिप्सितम् ।।२८।।

અધિકમાસમાં વ્રત વિષયક વિષ્ણુનારાયણનું નગારૂં સાંભળ્યું કે પુરૂષોત્તમે કહ્યું છે કે પુરૂષોત્તમમાસના વ્રત કરનારાનાં મનોરથો પરિપૂર્ણ થશે જે જનો એક કાળ કે બે કાળ (સવાર કે સાંજે) મારી પૂજા કરશે તે નર-નારી કે નપુંસક મારી કૃપાના લેશથી અલભ્ય લાભોને પામશે અને હું તેને ઈચ્છિત સર્વસ્વ પ્રદાન કરીશ. આ ઉદ્‌ઘોષ સાંભળીને અતિ હર્ષ પામેલી વૈરાજની પુત્રી કુમારી શારદાએ તે વ્રત અને પૂજન કરવાનો નિર્ણય કર્યો. અધિકમાસની પંચમીએ વહેલી સવારે શીઘ્ર જાગ્રત થઈ સ્નાન કરી શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરી પોતાના ભવનમાં દિવ્ય પૂજાદ્રવ્યોનો સંગ્રહ કરી વિષ્ણુનારાયણને ભાવપૂર્વક પૂજ્યા. સુવર્ણની ભગવાન લક્ષ્મીનારાયણની મૂર્તિને આવાહન - આસન - પાદ્ય - અર્ઘ્ય - આચમન આપી, પંચામૃત અને શુદ્ધ જળ વડે સ્નાન કરાવી, શુદ્ધ વસ્ત્રો ધારણ કરાવી શ્રૃંગાર કર્યો. વળી ચંદન - અક્ષત - કુંકુમ - તુલસીદળ - પુષ્પ - ધૂપ - દીપ - નૈવેદ્ય - ફળ - તાંબુલ - આરતી - દંડવત્ - પ્રદક્ષિણા - સ્તુતિ - પ્રણામ કરી તે કુમારીએ ક્ષમાયાચના કરી પુષ્પાંજલિ હાથમાં લઈ કહ્યું કે "દુંદુભિનો નાદ કરાવનારા હે લક્ષ્મીનારાયણ ! હે અક્ષર - ગોલોક અને વૈકુંઠવાસી પુરૂષોત્તમનારાયણ જો વ્રતકરનાર ભક્તને તમે સાચે જ જે ઈચ્છિત હોય તે આપતા હોવ તો હું જે માંગુ તે મને આપો. મારૂં કુમારીત્વ શાશ્વત રહે, હું ક્યારેય રજસ્વલા ન થાઉં. તેમ છતાં પણ મારૂં અશુદ્ધત્વ ન

થાઓ. મારૂં પત્નીત્વ સૌભાગ્ય સર્વદા રહો. પત્નીત્વ હોવા છતાં મને ક્યારેય સગર્ભાપણું પ્રાપ્ત ન થાઓ. શરીરમાં આ સર્વથા વિરૂદ્ધ ધર્મો છે તે અતિ દુર્લભ છે છતાં હું તેની જ યાચના કરૂં છું. જો તમે સત્યવક્તા છો અને અધિકમાસમાં એક કાળમાત્ર વ્રત પૂજન કરવાથી પણ ઈચ્છિત વસ્તુ દેનારા છો તો મારો આ મનોરથ પૂર્ણ કરો અન્યથા હે દેવ ! આવું ખોટું નગારૂં ના વગાડો. હું તમને છત્ર - ચામર - પાદુકા - કોમળ શય્યા અને ચરણચંપી માટે મને સમર્પિત કરૂં છું. હે શરણાગત પાલક ! હે ભક્તોની ઈચ્છા પૂરી કરનારા ! આ પુષ્પાંજલિનો સ્વીકાર કરી મને ઈચ્છિત વર આપો કે - કુમારી હોય તે પત્ની ન હોય અને પત્ની હોય તે કુમારિકા ન હોય છતાં કુમારીપણાનાં અને પત્નીપણાનાં કોઈપણ દોષો મને ક્યારેય સ્પર્શે નહિ. હે પ્રભો ! કર્તુમ, અકર્તુમ, અન્યથાકર્તુમ સમર્થ એવા તમારે કંઈપણ અશક્ય નથી. જો આવું ન આપો તો તમારૂં નગારૂં વ્યર્થ છે.

આમ કહી પુષ્પાંજલી અને ફળ યુક્ત અર્ઘ્ય વિષ્ણુને સમર્પિત કરી ચોખાથી વધાવી આત્મ સમર્પણ રૂપી દક્ષિણા અર્પણ કરી હૃદયમાં નારાયણને વિસર્જિત કર્યા. તેટલામાં જ લક્ષ્મીપતિ પુરૂષોત્તમનારાયણ મંદહાસ્ય કરતા થકા તેની સામે પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે હે શારદે ! વિશ્વાસપૂર્વક વ્રત કરનાર તારી પૂજાથી હું પ્રસન્ન થયો છું, તારા વિશ્વાસપાશથી બંધાયેલો હું તને સર્વસ્વ આપવા સમર્થ છું. છતાં મારૂં વચન સાંભળ. કુમારીત્વ અને પત્નીત્વ ક્યારેય એક જગ્યાએ દેખાતા નથી તેથી તું બીજું કશુંક માંગ. આજીવન કુમારીત્વ લોકમાં કલંકિત છે તેથી તું પત્નીત્વનું વરણ કર. તે સિવાય સ્ત્રીરાજય, મહદરાજય, માયારાજય કે અન્ય કોઈપણ કામના હોય તે તું માંગી લે, પરંતુ વિરૂદ્ધ માંગીશ નહિ. હવે વિચારીને જલ્દી મને કહે. શ્રીહરિનું આ વાક્ય સાંભળી શારદાએ કહ્યું કે હે સ્વામિન્ ! મેં તો તમારો ઉદ્‌ઘોષ સાંભળી અભ્યર્થના કરી હતી. પોતાના સત્યના રક્ષણ માટે તમે જેમ ઈચ્છો તેમ કરો. ભક્તમાં આગ્રહ હોતો નથી અને આગ્રહી ભક્તિમાન હોતો નથી. હું તમારી શરણાગત છું.

તમારી ભક્ત છું. મને નારીના દુઃખો ના થાઓ. આમ કહી આદરપૂર્વક પૂજા અને ભોજન કરાવાયેલા શ્રીહરિ વિચારવા લાગ્યા કે કઈ રીતે આનો મનોરથ પૂર્ણ કરૂં ? ત્યાર પછી "આ શારદાને વ્યાપ્ય - વ્યાપક રૂપિણી અને અનેક રૂપે થવાની દિવ્ય મહાસિદ્ધિ હું આપું". આમ, સંકલ્પ કરી પોતાના શંખમાંનું જળ શારદાના મુખમાં આપ્યું. તેટલામાં જ તે સર્વસામર્થ્યનિધિરૂપા થઈ. ત્યાર પછી ભગવાને કહ્યું કે હે શારદે ! સદા દિવ્યરૂપા, ગર્ભાદિ દોષશૂન્યા અને વૈકુંઠવાસિની તમો મારી પત્ની થાઓ. યોનિની મલિનતાએ રહિત મારૂં પત્નીત્વ હું તમને આપું છું. મળમૂત્રાદિકથી અસ્પૃષ્ટ એવું દિવ્યરૂપ તમારૂં સદા થાઓ. હે પ્રિયે ! તમે બીજું રૂપ ધારણ કરી કુમારી ભાવે સંપન્ન સરસ્વતી રૂપે થાઓ. તે રૂપ વડે તમે બ્રહ્મા દ્વારા પ્રજાઓમાં જાઓ. વાણીરૂપ એ તમારૂં સ્વરૂપ મુખ મુખમાં વ્યાપક થશે. તમારા તે સરસ્વતીરૂપમાં સદા સાત્વિકપણું અને કુમારીપણું રહેશે. વળી કોઈ પણ મિષે ત્રીજુંરૂપ ધારણ કરી તમો અન્તર્જળપ્રવાહવાળી સરસ્વતી નદી રૂપે થાઓ. તમારા તે સ્વરૂપમાં ચાંચલ્ય અને બહિર્ભાવ ના થાઓ. વળી તે રૂપમાં ઋતુધર્મએ રહિત સદા પવિત્રપણું રહો. હે શારદે ! તમારામાં ક્યારેય કોઈ અશુદ્ધિ ના રહો. વાણી ઈત્યાદિનું અશુદ્ધિપણું વક્તાને થાઓ. તમો સદા શુદ્ધ રહો. આમ તમને ઈચ્છિત પત્નીત્વ અને કુમારીત્વ બંને આપ્યું. હવે શું ઈચ્છે છે ? તે કહે. ત્યારે શારદાએ કહ્યું કે હે સ્વામિન્ ! સરસ્વતી - શારદા - સરસ્વતી નદી તથા વાણી રૂપ મારા જે ઉપાસકો હોય તે તમારા પ્રતાપે વૈકુંઠને પામો.

अधिमासस्य पञ्चम्यां प्रातः सम्पूज्य वै क्रमात् ।
नारायणं यथा प्राप्ताऽस्म्यहं पूर्णमनोरथा ।।८३।।
तथा ते पूजकाश्चाधिमासस्य पूजकास्तथा ।
नरा नार्यः समायान्तु वैकुण्ठं तव पादयोः ।।८४।।

અધિકમાસની પંચમીમાં પ્રાતઃકાળે ક્રમપૂર્વક પૂજન કરી નારાયણ એવા તમને પામી જેમ હું પૂર્ણ મનોરથવાળી થઈ તેમ તમારા તથા

અધિકમાસના પૂજક નરનારીઓ તમારા ચરણકમળે વૈકુંઠમાં આવો. ત્યારે શ્રીહરિએ પણ અધિકમાસની પુષ્ટિને દેનાર, સત્ય ફળને દેનાર તથા દુંદુભિનાદની સાર્થકતાને સિદ્ધ કરનાર "તથાસ્તુ" એમ કહ્યું. વળી અધિકમાસે પણ શારદાને કહ્યું કે જે કોઈ નરનારીઓ તારામાં અને મારામાં ભક્તિવાળા થશે તેનો હું પુરૂષોત્તમ ઉદ્ધાર કરનાર, દોષ હરનાર, સુખ દેનાર તથા અભિષ્ટ પ્રદાન કરનાર થઈશ. શારદાનું આ દુર્લભ ચરિત્ર જે કોઈ વાંચશે કે સાંભળશે તેઓને દુર્લભ સુલભ થશે. અતકર્ય સુતકર્ય થશે. અપ્રાપ્ય પ્રાપ્ય થશે. અનિષ્ટ ઈષ્ટ થશે. અસંભવ સંભવ થશે. પૃથ્વી પર, સ્વર્ગમાં કે અન્યત્ર પણ દુર્લભ હશે તે સુલભ થશે. આનાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણ પણ પ્રાપ્ત થાય તો બીજી વસ્તુની તો શું વાત ? ભગવાન નારાયણ પોતાની કૃપા વડે અધિકમાસમાં અલ્પ સરખું સત્કર્મ કરનારને પણ અસંખ્ય ફળ આપે છે.

लब्धं लक्ष्मि ! यथा देव्या शारदाया विचित्रकम् ।
तथा विचित्रां भुक्तिं च मुक्तिं च लभतेऽर्चकः ।।९३।।
जपो होम्रो व्रतं दानं ध्यानं माला तपः श्रुतम् ।
पञ्चम्यां तत्कृतं सहस्त्रादिगुणं भविष्यति ।।९४।।

હે લક્ષ્મિ !જેમ શારદાને અધિકમાસની પંચમીનું વ્રત કરવાથી આશ્ચર્યકારી સિદ્ધિ પ્રાપ્ત થઈ તેમ આ તિથિમાં પૂજન કરનાર આશ્ચર્યકારી ભુક્તિ અને મુક્તિને મેળવે છે. વળી અધિકમાસની પંચમી તિથિમાં કરેલા જપ - હોમ - વ્રત - દાન - ધ્યાન - માળા - તપ કે કથા શ્રવણ વિગેરે સત્કર્મો હજારગણું ફળ આપનારા થાય છે. આમ કહી શારદાને સાથે લઈ શ્રીહરિ વૈકુંઠમાં પધાર્યા અને સરસ્વતીરૂપા તેને બ્રહ્માની સર્જેલી પ્રજામાં વાણીરૂપે સ્થાપિત કરી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૬ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સુખ અને સમ્પત્તિ દેનારી, કામના પૂરી કરનારી અને પુરૂષોત્તમના યોગવાળી દિવ્ય કથા સાંભળો. સૃષ્ટિના આરંભમાં પિતૃઓ અને સ્વધાની સદ્‌ગુણોએ યુક્ત મેના, ધન્યા અને કલાવતી નામની ત્રણ કન્યાઓ હતી. તે ત્રણેય યોગિનીઓએ પિતાના ઘરમાં વિહાર કરતા શ્રીહરિનું નગારૂં સાંભળ્યું કે - આ અધિકમાસ પુરૂષોત્તમ એવા મારા નામથી મેં આદર્યો છે. આ માસમાં એક કાળ કે બે કાળ (સવારે કે સાંજે) વ્રત કરનારના મનોરથો પૂર્ણ કરીશ, એમ હું સ્વયં નારાયણ કહું છું. છઠના દિવસે સવારે આ ઘોષણા સાંભળી ત્રણેય કન્યાઓએ વિચાર્યુ કે આજે શ્રીહરિનું વ્રત કરવું તેનાથી પ્રસન્ન થઈ સ્વયં નારાયણ આપણને જે અભિષ્ટ હશે તે આપશે. પિતૃઓને નિત્ય સંતોષ અને શાશ્વતી તૃપ્તિ થાય તેવું કાંઈક શોધીને પુરૂષોત્તમ પાસેથી માંગીએ. તેમાં પતિરૂપે વિષ્ણુની યાચના ક્યારેય ના કરાય કારાણકે તેમને ઘણી બધી પત્નીઓ છે તેથી સપત્નીક દુઃખ સર્વદા રહે અને તે સર્વ સુખનું નિકંદન કાઢનાર છે. પિતાના રૂપમાં કે ભાઈના રૂપમાં પણ વિષ્ણુની યાચના ના કરાય કારાણકે વિવાહ પર્યંત જ તેમના ઘરમાં રહેવા મળે પછી તે ભાઈ કે પિતાનો વિયોગ દુઃખ જ દે. પુત્ર રૂપે પણ તે વિષ્ણુની યાચના ક્યારેય ના કરાય કારાણકે તાડન - શિક્ષણ ઈત્યાદિ કરવામાં અપરાધ થાય. સસરા સ્વરૂપે તેમની મર્યાદા રાખવી પડે જે દુઃખ દેનાર થાય. આમ અતિ નિકટનાં સંબંધોમાં અપરાધ અને અતિદૂર હોય તો અસેવન થાય તેથી વિષ્ણુની કયા સ્વરૂપે યાચના કરવી ? આમ પરસ્પર વિમર્શ કરી ક્ષણવાર માટે તે ત્રણેય કન્યાઓ ચિંતવન કરતી મૌન રહી તેટલામાં આકાશવાણી થઈ કે - હે કન્યાઓ ! કૃષ્ણનારાયણની જમાઈ રૂપે યાચના કરો. તેને પુત્રીનું દાન કરવાથી શાશ્વત સર્વ સુખ પ્રાપ્ત થશે. પુત્રી માતા સમાન કહેવાયેલી છે. તે પુત્રીના સુખે પોતાને સુખી માને છે. જમાઈ પણ પુત્ર જેવો જ હોય છે. વળી તે દાનનું શ્રેષ્ઠ પાત્ર છે તેથી તે પૂજનીય અને

સંતોષણીય છે. જેની પુત્રી વૈકુંઠનાથના ધામમાં સદા નિવાસ કરે તેના માતાપિતા પુણ્ય રૂપ છે અને તે પોતાના ૧૦૮ કુળનો ઉદ્ધાર કરનારા છે. તેથી તમો અધિકમાસનું વ્રત - પૂજન કરી, શ્રીહરિને જમાઈ રૂપે અને તમારી પુત્રીને ત્યાં સોતનનું દુઃખ ના હોય તેવી યાચના કરો. આમ કહી આકાશવાણી વિરામ પામી. વળી તે કન્યાઓએ પણ શ્રીહરિ જમાઈ થાઓ તેવી રીતે નક્કી કરીને વ્રત કર્યું. છઠ્ઠના દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી ત્રણ સોનાની મૂર્તિઓમાં પુરૂષોત્તમ, કૃષ્ણ અને નારાયણનું આવાહન - આસન - પાદ્ય - અર્ઘ્ય - આચમન - પંચામૃતથી સ્નાન - શુદ્ધ જળથી સ્નાન - વસ્ત્ર - આભૂષણ - કુંકુમ - અક્ષત - હારમાળા - ચંદન - ધૂપ - દીપ - નૈવેદ્ય - આરતી - પ્રદક્ષિણા - દંડવત્ - છત્ર - ચામર - શય્યા - પાદુકા - ફલાર્ઘ્ય વગેરે અર્પણ કરી પુષ્પાંજલિ આપી, ક્ષમાયાચના કરી, "હે શ્રીહરિ ! તમો જમાઈ થાઓ". આમ વરદાન માંગ્યા. હે હરિ ! તમારા નગારાના ઉદ્‌ઘોષ વડે અમે આ વ્રત કરવાનું નક્કી કર્યું તેથી આપ પુત્રી દ્વારા અમને સર્વથા સુખ આપનારા થાઓ. અમે નક્ત ભોજન કરી ફરી પૂજા કરીશું. આમ પ્રાર્થના કરી વિસર્જન કરી મધ્યાન્હે વિપ્રો દ્વારા હવન કરાવી દેવો - ઋષિઓ - મુનિઓ અને પિતૃઓને જમાડી તૃપ્ત કર્યા. પ્રસન્ન થયેલા તેઓએ આશીર્વાદ આપ્યા કે પુરૂષોત્તમ, કૃષ્ણ અને નારાયણ તમને વ્રતનું ફળ પ્રદાન કરનારા થાઓ. વળી સાયંકાળે તેઓએ કદલીસ્તંભ અને તોરણોથી શોભતો મંડપ કરાવી, દીપમાળાઓ પૂરાવી તેની વચ્ચે રત્નોથી ખચિત સુવર્ણનું સિંહાસન કરાવી તેમાં મખમલની ગાદી પર પુરૂષોત્તમ - કૃષ્ણ અને નારાયણ આ ત્રણની મૂર્તિઓ પધરાવી તેમનું અક્ષત - કુંકુમ તથા સૌભાગ્ય દ્રવ્યો વડે પૂજન કરી ગાયન અને નૃત્ય કર્યું. વળી ધૂપ - દીપ - આરતી અને નૈવેદ્ય કરી જળપાન અને ફલાર્ઘ્ય આપી ક્ષણવાર માટે ધ્યાનમાં સ્થિત થઈ. તેઓના ધ્યાનમાં પુરૂષોત્તમ - કૃષ્ણ અને નારાયણ પધાર્યા. એમાં મેનાએ જોયું કે અતિ પુષ્ટ, વ્યાઘ્રચર્મને ધારણ કરનાર, અત્યંત ઉજ્જવળ, બ્રહ્મતેજથી વ્યાપ્ત, જાણે કે નિર્ગુણ બ્રહ્મ જ સગુણ નરરૂપને પામ્યુ હોય તેવા શંકર સ્મિત હાસ્ય પૂર્વક

પ્રસન્નતા વરસાવી રહ્યા હતા. વળી તેમના ખોળામાં સ્થિત પોતાની ભાવિ પુત્રી તેમને જોઈ હે મારી માતા ! આમ વારંવાર કહેતી હતી. ભગવાન શંકરે મેનાને કહ્યું કે તું મારા અંશરૂપ હિમાલયની પત્ની થઈશ. ત્યાં આ તમારી પાર્વતી નામની કન્યા થશે. તમે તેને મને આપી મારાથી સુખ પામશો.

पुरुषोत्तममासस्यैकदिनस्य व्रतस्य च ।
तवेष्टं तु फलं सर्वसुखदं संभविष्यति ।।५६।।

પુરૂષોત્તમમાસનાં એક દિવસના વ્રતનું ફળ તમને ઈષ્ટ સર્વસુખને દેનારૂં થશે. આમ કહી પુરૂષોત્તમરૂપ શંકર તિરોહિત થયા. ધન્યાએ ધ્યાનમાં યુવા, મનોહર, સિંહાસન પર બિરાજમાન અને હાથમાં ધનુષને ધારણ કરનાર ભગવાન રામનાં દર્શન કર્યા. તેમની પાસે પોતાની ભાવિકન્યા સીતાને જોઈ. તે મધુરવાણીએ હે માઁ ! એમ વારંવાર બોલાવતી હતી. ભગવાન શ્રીરામે પ્રસન્ન થઈ કહ્યું કે તું રાજા જનકની પત્ની થઈશ અને આ મહાલક્ષ્મી સીતા નામે તમારી પુત્રી થશે. તેને તમે મને આપી મારાથી સુખ પામશો. પુરૂષોત્તમમાસનાં એક દિવસનાં વ્રતનું ફળ તમને ઈષ્ટ સુખ આપનારૂં થશે આમ કહી નારાયણ અદ્રશ્ય થયા. કલાવતીએ પીતાંબરધારી, મોરપીચ્છમુકુટ ધારણ કરનાર ગોપાલબાલ અને પછીથી તે જ સુદર્શન ચક્રવાન, રાજાધિરાજ, સર્વ શોભાઓથી અતિ સુંદર જણાતા, દિવ્ય સિંહાસન પર સ્થિત શ્રીકૃષ્ણનાં દર્શન કર્યા. તેની પાસે સ્થિત રૂપ રૂપના અંબારવાળી પોતાની ભાવિપુત્રી રાધાને જોઈ. તે અત્યંત પ્રેમ વિહ્વળ થઈ શ્રીકૃષ્ણનાં કંઠમાં હાથ મુકી મીઠી વાણીએ વારંવાર કલાવતીને માઁ કહી સંબોધતી હતી. શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈ કલાવતીને કહ્યું કે વૈશ્યત્વમાં આ રાધા તમારી પુત્રી થશે. તેને તમે મને ભાંડિર વનની સમીપે આપશો. તે મારી મૂર્ધન્યા શાશ્વતી પત્ની થશે. પુત્રી દ્વારા તમે મારાથી સર્વસુખને પામશો. પુરૂષોત્તમમાસનાં એક દિવસનાં વ્રતના ફળ રૂપે તમે અભિલષિત સુખને પામશો. આમ કહી શ્રીકૃષ્ણ તે સ્થળથી અદ્રશ્ય થયા. પછી તુરંત તે

કન્યાઓ ધ્યાનમાંથી જાગ્રત થઈ. પ્રસન્ન મુખવાળી અને કૃત્કૃત્ય થયેલી તે કન્યાઓએ વારંવાર નારાયણને નમસ્કાર કરી પુષ્પાંજલી આપી વિસર્જિત કર્યા. તે રાતે કન્યાઓને ભોજન કરાવી પોતે પારણા કરી પુરૂષોત્તમનારાયણ અને કૃષ્ણની મૂર્તિનું દાન કર્યુ. પછી અચિર જ પ્રથમ સતયુગમાં પિતૃઓએ મેના હિમાલયને, ધન્યા જનકને અને કલાવતી વૃષભાનુને વિધિપૂર્વક વિવાહ કરી આપી. તેમાં મેનાને પાર્વતી, ધન્યાને સીતા અને કલાવતીને રાધા પુત્રી રૂપે પ્રગટ થયા. સૃષ્ટિનાં આરંભમાં પાર્વતી શિવને, સીતા રામચંદ્રને અને રાધા કૃષ્ણને આપી પરબ્રહ્મને જમાઈ બનાવી મેના, ધન્યા અને કલાવતીએ પોતાની સર્વકામનાઓની પૂર્તિ કરી.

एवं लक्ष्मि ! व्रतं नक्तमधिमासे प्रपूजनम् ।।८०।।
षष्ठ्यां कालत्रये कृत्वा पुराणपुरुषोत्तमात् ।
प्राप्तं व्रतफलं प्राप्ता जामातारो हरिः स्वयम् ।।८१।।
पुत्र्यस्ताः शंभुना रामेण च कृष्णेन शाश्वते ।
कैलासे चाथ वैकुण्ठे गोलोके च रमन्ति हि ।।८२।।

હે લક્ષ્મિ ! અધિકમાસની છઠ્ઠમાં નક્ત (સૂર્યાસ્ત પછી જમવું તે) વ્રત કરી ત્રણકાળ પુરૂષોત્તમનારાયણની પૂજા કરી વ્રતના ફળ સ્વરૂપે સ્વયં શ્રીહરિને જમાઈ રૂપે પ્રાપ્ત કર્યા. તેઓની પુત્રીઓ શંભુ, રામ અને કૃષ્ણ સાથે શાશ્વત કૈલાસ, વૈકુંઠ અને ગોલોકમાં રમણ કરે છે. તેઓના માતા-પિતા પણ નિત્ય મુક્તો છે. તેઓ પણ અત્યંત યથેષ્ટ સુખ અને કીર્તિ પામ્યા.

किम्वधिकं च ते वक्ष्ये लक्ष्मि ! लोके परत्र च ।
माता स्वीयां सुपुत्रीं वै सुखिनी कर्तुमिच्छति ।।८४।।
तदा तया प्रकर्तव्यं व्रतं चाधिकमासिकम् ।
षष्ठ्यां व्रतं पूजनं च यथा मेनादिभिः कृतम् ।।८५।।

હે લક્ષ્મિ ! તને હું વધારે શું કહું ? માતા પોતાની પુત્રીને આલોક અને પરલોકમાં સુખી કરવા ઈચ્છે ત્યારે તેણે અધિકમાસની ષષ્ઠીનું વ્રત

અને પૂજન મેના આદિએ જેમ કર્યુ તેમ કરવું જોઈએ. તેથી જમાઈ રૂપે કૃષ્ણનારાયણને પ્રાપ્ત કરશે. વળી ભુક્તિ, મુક્તિ તથા અન્ય સર્વસ્વ પણ અનાયાસે પ્રાપ્ત કરશે. પુત્રીના દાનનું સત્પાત્ર જો કૃષ્ણનારાયણ હોય તો ચાર પુરૂષાર્થ (ધર્મ - અર્થ - કામ - મોક્ષ)ની પરાકાષ્ઠા પ્રાપ્ત થયેલી જાણવી. સર્વત્ર વ્યાપક શ્રીહરિ જયાં પોતાની પુત્રી સાથે રમણ કરતા હોય ત્યાં લૌકિક કે અલૌકિક કોઈ કર્તવ્ય શેષ રહેતા નથી. પુત્રીથી નારાયણ સંતોષ પામે અને ભગવાન સંતોષિત થતાં શું દુર્લભ કે અપ્રાપ્ય રહે ? હે લક્ષ્મિ ! આમ મેં તને નારાયણની કૃપા કહી. અધિકમાસમાં વ્રત કરનારનાં મનોરથો પુરૂષોત્તમ પૂરા કરે છે.

यदिच्छेद्गुणसामर्थ्यरूपविद्यादिभिः समः ।
कृष्णेन तुल्यो जामाता स्यादिति चेत्तथा भवेत् ।।९१।।

જો એમ ઈચ્છે કે રૂપ, ગુણ, સામર્થ્ય અને વિદ્યાદિક વડે શ્રીકૃષ્ણ તુલ્ય જમાઈ થાઓ, તો તેમ થાય. જો એમ ઈચ્છે કે લોક વિખ્યાત રાજસત્તાનો પ્રવર્તક મહાન રાજા મારા જમાઈ થાઓ, તો તેવો જમાઈ થાય. જો એમ ઈચ્છે કે ધન-ધાન્યથી સમૃદ્ધિવાન ચિરંજીવી અને ભગવાનનો ભક્ત મારો જમાઈ થાય તો તેમ થાય. જો એમ ઈચ્છે કે બ્રાહ્મણનાં ગુણવાન અથવા ક્ષત્રિય ધર્મવાન મારો જમાઈ થાઓ તો વ્રત કરનારી તેવા જ જમાઈને પામે. જો એમ ઈચ્છે કે પુત્ર પૌત્રાદિથી યુક્ત ઘર જમાઈ મને સુખ દેનાર થાઓ તો વ્રત કરનારીને તેવું ફળ થાય.

यथा तु यादृशं जामातारं वाञ्छति तं तथा ।
तादृशं समवाप्नोति श्वश्रूः श्रीहर्यनुग्रहात् ।।९६।।

અધિકમાસની છઠ્ઠનું વ્રત કરી સાસુ જેવા જમાઈની ઈચ્છા રાખે તેવા જમાઈને શ્રીહરિનાં અનુગ્રહથી પામે છે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૭ ❖

હે લક્ષ્મિ ! સાંભળો, શ્રીહરિના નગારાનો નાદ સાંભળી સત્યલોકમાં સ્થિત વિશ્વકર્માની કન્યાઓએ અધિકમાસનું વ્રત કર્યુ હતું. સત્ય - સ્વર્ગ - પાતાળ આદિ લોકોના રાજાના ભવનો નગરો સભામંડપો યજ્ઞમંડપો વિગેરેના જે નિર્માતા વિશ્વકર્મા તે નારાયણનો જ અંશ છે. તેની સિદ્ધિ અને બુદ્ધિ નામની કન્યાઓ હતી. તે કન્યાઓ સુશીલ અને દેવપૂજિકાઓ હતી. નિત્ય પ્રાતઃકાળે તેઓ સ્નાન કરીને, માતા પિતાના ચરણમાં નમસ્કાર કરી, બ્રાહ્મમુહૂર્તમાં ઘરમાં અને દેવગૃહમાં દીપ પ્રગટાવી ધૂપ કરી કીર્તન કરતી. વળી દેવને પુષ્પો - નૈવેદ્ય - જળ અર્પણ કરી ત્યાર પછી બંને ગૃહ કાર્યો કરતી. તેમાં સિદ્ધિ સરોવરથી જળ ભરી લાવતી, બુદ્ધિ ઘરમાં કચરો વાળી, પાણી ગરમ કરવા માટે ચુલામાં અગ્નિ પ્રગટાવતી. વળી તે ગરમ જળ વડે માતા પિતાને સ્નાન કરાવતી તેટલામાં સિદ્ધિ શય્યાઓને તથા પલંગોને સંકેલી તેના સ્થાને મુકતી. વળી બુદ્ધિ સ્નાન કરી પરવારેલા માતા-પિતાના ભીના વસ્ત્રો ધોઈ સુકવી, બગીચામાં જઈ દેવ-પૂજા માટે પુષ્પો લાવતી, માતા પિતા જ્યાં દેવગૃહમાં પહોંચે ત્યાં તેઓ માટે આસન પાથરી સંધ્યા કરવા માટે જળ તથા દેવપૂજા માટે તુલસીપત્ર - કમળ - મોગરા - ચંપા વિગેરે તથા ચંદન - અક્ષત - કુંકુમ - પંચામૃત - શુદ્ધ જળ - પૂજાના પાત્રો - ઘીની દિવેટો - સાકર - વિવિધ ફળો - નૈવેદ્ય - તાંબૂલ ઇત્યાદિ તૈયાર કરી આપતી. વળી પૂજા કરતા માતા -પિતાને દશવાર નમસ્કાર કરી, દશ પ્રદક્ષિણા કરી સેવા માટે પાસે ઉભી રહેતી અને દર્શન કરતી. તેટલામાં સિદ્ધિ પણ ત્યાં આવી તેવી જ રીતે માતા - પિતાને નમસ્કાર પ્રદક્ષિણા કરી ફરી ઘરમાં આવી રસોડામાં રસોઇ માટેની સર્વે સામગ્રી તૈયાર કરી બુદ્ધિને બોલાવી વિવિધ પ્રકારનાં ભોજન બનાવતી. વળી માતા પિતાને દુધ પીવડાવી પૂજાના પાત્રો માંજી સવારના કાર્યોથી

પરવારી વૈશ્વદેવ પાસે જઈ બંને કન્યાઓ વિદ્યાભ્યાસ કરતી. મધ્યાહ્નને માતા-પિતા અતિથિને જમાડી પોતે ભોજન કરી રસોઈ ઘરની શુદ્ધિ અને પાત્રશુદ્ધિ કરી, જળાહરણ, અન્ન સંશોધન વિગેરે કરી બપોર પછીના સમયે શરીર પર શ્રૃંગાર કરી ક્ષણવાર વિરામ કરી ત્યારપછી કથા શ્રવણ - દેવદર્શનાદિ કરી સાયંકાળે શ્રીકૃષ્ણની ષોડશોપચારે પૂજા કરી, માતા-પિતાને જમાડી, જમી શય્યા તૈયાર કરી આપી, ચરણચંપી કરતી. વળી દિવસના બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી, અધ્યયન કરી થોડીવાર વિશ્રામ કરતી. પ્રાતઃકાળે વહેલા ઉઠી અભ્યાસ કરેલી વિદ્યાનું મનમાં સ્મરણ કરી ફરી તે કન્યાઓ નિત્યકર્મમાં જોડાઈ જતી. તેમની સેવાથી પ્રસન્ન થયેલા માતા-પિતા અતિ ભાવથી આશીર્વાદ આપતા કે તમો સુખી થાઓ. ઈશ્વરમાં તમો પ્રેમવાળા છો તેથી સમય પ્રાપ્ત થતાં સેવનીય શ્રીહરિને તમે પ્રાપ્ત કરશો. આમ, નારાયણને ઈચ્છતી તે કન્યાઓએ સત્યલોકમાં અધિકમાસની સપ્તમીની સવારે શ્રીહરિનું નગારૂં સાંભળ્યું કે -

करिष्यन्ति यथाशक्ति ये ब्रह्माण्डगता जनाः ।
नरा नार्योऽथवा त्वन्ये तेषामभीष्टदायकः ।।३६।।
अलभ्यलाभदाताऽस्मि ह्यहं श्रीपुरुषोत्तमः ।

બ્રહ્માંડમાં રહેનારા જે જનો યથાશક્તિ અધિકમાસના વ્રત કરશે તે નર-નારી કે અન્ય સર્વેને અભિષ્ટ વસ્તુ પ્રદાન કરનાર તથા અલભ્ય વસ્તુનો લાભ કરાવી આપનાર હું પુરૂષોત્તમનારાયણ છું. માસિક, પક્ષિક, સાપ્તાહિક, દૈનિક, રાત્રિમાત્રનું, એકટંક માત્રનું પણ વ્રત ઉપવાસ - ફળાહાર - દુધપાન - જળપાન -કન્દમૂળનો આહાર - એકટાણા - તલ માત્રનો આહાર વિગેરેથી કરી, જળ - ફળ - ફૂલ - કુંકુમ - અક્ષત - ચંદન - વસ્ત્ર - નૈવેદ્ય - તાંબૂલ વિગેરેથી પૂજા કરી પુરૂષોત્તમનારાયણ એવા મારી પાસેથી દુર્લભ વરદાનો પામો. બીજા માસમાં જે કષ્ટસાધ્ય પ્રાપ્ત થાય છે તે આ માસમાં અત્યંત અલ્પ કર્મ કરવાથી પણ હું આપીશ.

સોપારી માત્રના દાનથી બ્રહ્માનું પદ, જળપાત્રના વ્રત માત્રથી વિષ્ણુનું પદ, એકટાણું કરવા માત્રથી ગોલોકની અધિકારિતા, નક્ત (સાંજે સંધ્યા પછી જમવું તે) વ્રત કરવા માત્રથી નારાયણ સમાનતા, પત્ર - પુષ્પ પ્રદાન કરવા માત્રથી ઈન્દ્ર પદ અને દીપદાન માત્રથી સૂર્ય ચંદ્ર આદિના દેહને હું પમાડનાર થઈશ. નર - નારી - કુમાર કે કુમારિકાઓ જો પુરૂષોત્તમ એવા મને કે મારી લક્ષ્મીને પણ ઈચ્છશે તો હું તેને તે પણ આપીશ. મારી પાસેથી વરદાનો મેળવો. મારી મહાકૃપાની મહાવૃદ્ધિથી પ્રાપ્ત થતાં પુણ્યબલોદયનો સંચય કરો.

सत्यं सत्यं नाऽनृतं वै घोषयत्येव दुन्दुभिः ।
अधिमासव्रतं कृत्वा गृह्णन्तु स्वेप्सितं प्रजा : ।।५१।।

શ્રીહરિનું નગારૂં ઘોષણા કરે છે તે સત્ય છે સત્ય જ છે અસત્ય નથી જ. અધિકમાસનું વ્રત કરી પ્રજાજનો પોતાને ઈચ્છિત વરદાન ગ્રહણ કરો. સપ્તમીના દિવસે પ્રાતઃકાળે આવું સાંભળી, મારા દુંદુભિ(નગારા)ને પ્રણામ કરી, હાથમાં રહેલા દ્રવ્યોથી વધાવી, પુષ્પોથી પૂજી તે બંને કન્યાઓ આનંદિત થઈ. ત્યાં ફરી નગારામાંથી કૃપાવાક્ય સંભળાયું કે હે કુમારિકાઓ ! જો તમે પુરૂષોત્તમ એવા મને પતિરૂપે પામવા ઈચ્છતા હો તો એકકાળ ભોજન કરવાના વ્રતમાત્રથી પણ હું તમારો પતિ થઈશ. આજે બપોરે જે ઉપચારો મળી આવે તેનાથી મારી પૂજા કરી અને મિષ્ટાન્ન જમાડી તમો પુરૂષોત્તમ એવા મને પ્રાપ્ત કરશો. આમ કહેતા તે નગારાને પોતાના માટે શુભ માની વળી પોતાના ભાગ્યોદયની વેળા આવી ચુકી છે એમ જાણી વિધિપૂર્વક માતા પિતાની પૂજા કરી - ભોજન કરાવી - ઘરકામથી પરવારી સિદ્ધિ અને બુદ્ધિએ નારાયણને પતિપણે પામવાની ઈચ્છાથી સુવર્ણની નારાયણની મૂર્તિનું ઘરમાં જે જે ઉપચારો હતાં તે પુષ્પ - ચંદન - અક્ષત - ધૂપ – દીપ - નૈવેદ્ય - આરતી ઈત્યાદિ વડે પૂજન કરી મીંઢોળનું અર્ઘ્ય આપી પ્રાર્થના કરી કે હે નારાયણ ! અમારા પતિ થાઓ.આમ

કહી બે હાથ જોડયા તેટલામાં સાક્ષાત્ શ્રીકૃષ્ણનારાયણ પોતાના કટાક્ષ બાણ વડે તેઓને નિરખતા ત્યાં પ્રગટ થયા. બંને કન્યાઓના મસ્તક પર હાથ મુકી વળી પ્રિયે ! એવું સંબોધન કરી તે બંનેને પોતાના વક્ષસ્થળ પર આકર્ષિત કરી, વળી પ્રેમભરી નજરથી વારંવાર તેઓને જોઈ હું તમોને મળી ગયો છું એમ કહી અંતર્ધાન થયા. ત્યારપછી તે બંને કન્યાઓ જાગ્રત સ્વપ્ન અવસ્થામાં પાર્વતીના અંકમાં સ્થિત સુંઢવાળા ગણપતિને તો ક્યારેક સુંઢ રહિત મુરલીયુક્ત ગોલોકમાં સ્થિત શ્રીકૃષ્ણને નિહાળતી હતી.વળી ફરી ક્ષણાંતરે શંકર પુત્ર રૂપવાન અને યુવાન એવા ગણેશને જોઈ તેમાં મોહ પામતી હતી. વળી સ્વપ્નમાં ક્યારેક તેઓ લાડુ બનાવવાનાં સમયે પોતાની બાજુમાં ઉભેલા અને સુંઢ વડે વારંવાર અપાયેલા લાડુઓને પ્રેમપૂર્વક ભક્ષણ કરતા ગણેશના દર્શન કરતી. વળી જાગ્રત થઈ તે સ્વપ્નનું વારંવાર સ્મરણ કરતી. ત્યારપછી સમય આવતા વિશ્વકર્માએ તે કન્યાઓનું વૃત્તાંત જાણી ગણેશને બોલાવી વિધિપૂર્વક તેઓના લગ્ન ગણેશ સાથે કર્યા. વિવાહ પછી મહાન આશ્ચર્ય સર્જાયુ તે સાંભળો. ગણેશે ત્યારે શ્રીકૃષ્ણ અને ગણેશ એમ બે રૂપ ધારણ કર્યા. વળી સિદ્ધિ અને બુદ્ધિ કન્યાઓનાં પણ બે-બે રૂપ કર્યા. શ્રીકૃષ્ણ ગરુડ પર બેસી રાધાતુલ્ય તે કન્યાઓને સાથે લઈ પોતાના શાશ્વત ગોલોકધામમા ગયા. ત્યાં દિવ્ય રૂપવાળી સિદ્ધિ-બુદ્ધિ સાથે શ્રીકૃષ્ણ રમણ કરે છે.

આમ, શ્રીહરિએ તેઓના વ્રતનું મુક્ત્યાત્મક ફળ આપ્યું. વળી ગણેશ રૂપે તે બંને કન્યાઓને પોતાના અંકમાં બેસાડી પ્રેમપૂર્વક નિહાળી નવયૌવન ભાવનું ફળ આપ્યું. હે લક્ષ્મિ ! સિદ્ધિ - બુદ્ધિ અધિકમાસની સપ્તમીના દિવસે એકટાણાનું વ્રત કરવાથી અને પ્રાપ્ત થયેલી વસ્તુઓથી પુરૂષોત્તમનારાયણનું પૂજન કરવાથી શ્રીકૃષ્ણને પતિ રૂપે પામી અને લોકમાં કીર્તિને પામી.

एवं या कन्यका कुर्यात्पुरुषोत्तमपूजनम् ।
सप्तम्यां त्वेकभुक्तं च वाञ्छया कृष्णसत्पतेः ॥८४॥
साऽवश्यं यत्र कुत्रापि प्रादुर्भूतं स्वकं पतिम् ।
कृष्णनारायणं दिव्यं मानवं सा त्ववाप्स्यति ॥८५॥

આમ, જે કન્યા શ્રીકૃષ્ણને પતિરૂપે પામવાની ઇચ્છાથી અધિકમાસની સપ્તમીને દિવસે એકવાર જમી પુરૂષોત્તમનારાયણનું પૂજન કરશે તે અવશ્ય જ્યાં ક્યાંય પણ પ્રાદૂર્ભૂત થયેલા દિવ્ય મનુષ્યાકૃતિ કૃષ્ણનારાયણને પોતાના પતિ રૂપે પ્રાપ્ત કરશે. વળી તેમની સાથે અનેક ભોગ ભોગવીને અંતે નિશ્ચિત જ ગોલોક કે વૈકુંઠને પામશે.

तस्माद् व्रतं प्रकर्तव्यमधिमासप्रसंभवम् ।
अनायासेन मुक्तिः स्यात् पुनर्जन्म न शिष्यते ॥८७॥

અધિકમાસમાં આવતું વ્રત અવશ્ય કરવું તેથી અનાયાસ જ મુક્તિ થાય છે અને ફરી પુર્નજન્મ શેષ રહેતો નથી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૮ ❖

શ્રીનારાયણ બોલ્યાઃ હે લક્ષ્મિ ! સાંભળો, સૃષ્ટિનાં આદિકાળમાં યુગારંભે બ્રહ્માને તપ કરતાં ક્લેશ થયો ત્યારે તેમના લલાટમાંથી તામસી સૃષ્ટિ થઈ. ભયંકર, ક્રુર અને જગતનો નાશ કરનાર તે સૃષ્ટિને જોઈ બ્રહ્મા સંતોષ પામ્યા નહિ અને તેઓના સંહાર માટે રૂદ્રને આજ્ઞા કરી. રૂદ્ર વડે તે સર્વેનો નાશ થતાં બ્રહ્માનું ઘર શૂન્ય થયું. તે જોઈ બ્રહ્માને ઉદાસીનતા આવી કે –

यत्र गृहे न वै बालो बालानां रोदनं न वा ।
क्रीडनं कलहो नो न श्रूयते बालभाषितम् ।।६।।
तद्गृहं कालरात्रेर्वै फेरुराजगृहोपमम् ।
विना पुत्रं विना पुत्रीं स्वर्गं तु नरकायते ।।७।।

જે ઘરમાં બાળક નથી કે બાળકનું રૂદન નથી, વળી જ્યાં બાળકોની કિલકારીઓ, ક્રીડા કે કલહ સંભળાતો નથી તે ઘર કાળરાત્રિમાં યમરાજનાં ઘર જેવું છે. પુત્ર કે પુત્રી વિના સ્વર્ગ પણ નરક સમાન લાગે છે.

सुखदानि त्वपत्यानि जायन्ते पुण्यशालिनाम् ।
दुःखदानि दरिद्राणि जायन्ते दुष्प्रकर्मिणाम् ।।१४।।
ऋणानुबन्ध एवात्र कारणं प्राग्विसर्गजः ।
नूतनं चापि कर्तव्यं स्वपत्यदायकं तपः ।।१५।।

પુણ્યશાળીને સુખ દેનારા પુત્રો થાય છે. દુષ્કર્મીને દુઃખ દેનારા દરિદ્ર સંતાન થાય છે. પ્રારબ્ધજન્ય ઋણાનુંબંધ જ સંતાન પ્રાપ્તિમાં કારણભૂત છે. તેથી પુત્રદાયક નવીન તપ પણ કરવું જોઈએ. એમ વિચારી ઇન્દ્રિયોનો સંયમ કરી બ્રહ્મા તપ કરવા લાગ્યા ત્યારે તેમના મનથી નગારૂં, ઘંટ અને શંખ આ ત્રણ પુત્રો, આરતી, ઘંટડી તથા ઝાલર આ પુત્રીઓ તથા કાંસા, પંચપાત્ર અને ધૂપિયું આ ત્રણ નપુંસક પ્રગટ થયા.ગર્ભાધાન સમયે સંકલ્પમાં જેવી ભાવના હોય તેવા સંતાન થાય છે. હે લક્ષ્મિ ! શંખ, ઘંટ,

નગારૂં, ઘંટા, ઝાલર તથા કાંસા જન્મ્યા ત્યાંથી જ કોલાહલ કરવા લાગ્યા તેથી બ્રહ્માના ઘરેથી ઉદાસીનતા ગઈ અને બ્રહ્મા પ્રસન્ન થયા. તે નવ જણ નિત્ય પ્રાતઃકાળે તથા સાયંકાળે ભેળા મળી કૃષ્ણનારાયણનું પૂજન કીર્તન કરતા તેથી બ્રહ્મા ઘણું પ્રસન્ન થતા. આમ, સમય જતાં અધિકમાસની અષ્ટમીની સવારે ગંગાના તટે આ બાળકોએ શ્રીહરિનાં મહા દુંદુભિનો નાદ સાંભળ્યો કે આજે હું પુરૂષોત્તમ યથાર્થ વચન કહું છું કે આ પુરૂષોત્તમ માસ પુરૂષોત્તમ જ છે તેથી મૂર્તિમાન, અમૂક કે બાળકો પણ અલ્પ પ્રયાસથી આ માસનું વ્રત કરી ઉત્તમ ફળને પામશે. વળી અધિક સુદ અષ્ટમીનાં દિવસે ઉપવાસ, એકટાણું કે નક્ત ભોજન રૂપ વ્રત યથાશક્તિ કરી ષોડષોપચારથી શ્રીહરિની પૂજા કરી પ્રાર્થના કરવી કે હે કૃપાસિંધો ! મેં યથાશક્તિ આ વ્રત પૂજન કર્યુ છે. તે નિર્વિઘ્ને સમાપ્ત થાઓ અને મને ઇચ્છિત ફળ દેનારા થાઓ.

મહાદુંદુભિના આ વચનો સાંભળી આશ્ચર્યચકિત થયેલા તે બ્રહ્માનાં બાળકો તેની પાસે આવી પૂછવા લાગ્યા કે તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? શું કહો છો ? શું આપો છો ? ક્યાં રહો છો ? શું કરો છો ? તમારા સ્વામી કોણ છે ? ત્યારે મહાદુંદુભિએ કહ્યું કે હું વૈકુંઠનો પુત્ર છું. વૈકુંઠલોકમાંથી આવ્યો છું ત્યાં નારાયણનાં મંદિરમાં (ઘરમાં) સદા મારો વાસ છે. આરતીના સમયે વાદન એ મારૂં કાર્ય છે. મારા સ્વામી કૃષ્ણનારાયણ છે જેની આજ્ઞાથી મારા પિતા વૈકુંઠધામ રૂપ થઈ નારાયણની સેવામાં નિત્ય વર્તે છે. હું નારાયણ અને મારા પિતાની આજ્ઞાથી, તેઓ જે ઘોષણા કરવા મોકલે તે ઘોષણા બધે કરી ફરી વૈકુંઠ જાઉં છું. મારા બે સ્વરૂપ છે. ચતુર્ભુજ પાર્ષદ રૂપે હું નિત્ય શ્રીહરિની સેવામાં અને બીજા દુંદુભિ રૂપે છું. મારા સ્વામીના અનુગ્રહથી હું અનેક રૂપ ધારણ કરવા સમર્થ છું. મારી સેવાથી સંતુષ્ટ ભગવાન શ્રીહરિ મને પોતાની પ્રસાદીનું શ્રેષ્ઠ ભોજન આપે છે.વળી મારા નારાયણ જેવા જ ભવન, ઉદ્યાન અને ઉપકરણો છે. આ સાંભળી બ્રહ્માના પુત્ર નગારાએ પૂછયું કે મારી જેવા તે

શ્રીહરિના વૈકુંઠને કઈ રીતે પામે ? ત્યારે મહાદુંદુભિએ કહ્યું કે અધિકમાસના કોઈપણ દિવસે એક કાળ, બે કાળ અથવા ત્રણેયકાળે શ્રીકૃષ્ણનું પૂજન ઉપવાસ કરીને, ફલાહાર કરીને કે નક્ત ભોજન કરીને કરવું. તે કરેલા અલ્પ પૂજન અને વ્રતનું બહુ મોટું ફળ પ્રાપ્ત થાય છે અને તેથી સંતુષ્ટ થયેલા ભગવાન વૈકુંઠ આપનારા થાય છે. વૈકુંઠ, ગોલોક અને અક્ષરધામ ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. તેમાં વ્રતકર્તા જેની ઈચ્છા રાખે શ્રીહરિ તે ધામ પ્રદાન કરે છે. આ સાંભળી બ્રહ્માપુત્રે પૂછયું કે શું વૈકુંઠથી પર ગોલોક અને ગોલોકથી પર અક્ષરધામ જુદા જુદા સ્થાનકો છે? ત્યાં કોણ સ્વામી રહે છે ? અમે તેને પ્રાપ્ત કરી શકીએ ? ત્યારે મહાદુંદુભિએ કહ્યું કે વૈકુંઠના સ્વામી લક્ષ્મીનારાયણ છે, ગોલોકધામના સ્વામી રાધાકૃષ્ણ છે અને બ્રહ્મલોક અર્થાત્ અક્ષરધામનાં સ્વામી પુરૂષોત્તમનારાયણ છે. જેના સમાન કે જેનાથી પર કોઈ પણ નથી.

अनादिश्रीकृष्णनारायणः सोऽस्ति परेश्वरः ।
यस्याऽऽज्ञां मस्तके धृत्वा घोषयामि व्रतार्चनम् ॥७०॥
अधिमासस्य स स्वामी ददाति व्रतिने हि तत् ।
व्रती यदीहते दिव्यं सर्वं ददात्यनुग्रहात् ॥७१॥

તે પરમેશ્વર અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે. જેની આજ્ઞા મસ્તકે ધારણ કરી હું વ્રત અને પૂજનની ઘોષણા કરૂં છું. અધિકમાસનાં સ્વામી તે પુરૂષોત્તમનારાયણ વ્રત કરનાર જે ઈચ્છે તે સર્વદિવ્ય પોતાની કૃપા વડે આપે છે. તમને જેને પામવાની ઈચ્છા હોય તેની મૂર્તિનું પૂજન કરવું. વૈકુંઠથી કોટિગણું સુખ ગોલોકમાં અને ગોલોકથી અસંખ્ય ગણું સુખ અક્ષરધામમાં છે. અક્ષરથી શ્રેષ્ઠ કોઈ નથી તેની સામે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનાં લોકો પણ નરક સમાન લાગે છે. જો તે પુરૂષોત્તમનારાયણને પામવાની ઈચ્છા હોય તો આજે અધિકસુદ અષ્ટમીએ યથાશક્તિ, યથાભાવ વ્રત રાખી તેમનું પૂજન કરો. તેથી શ્રીહરિ ભાવના અનુસાર ફળ દેનારા થશે. તે સાંભળી મહા આશ્ચર્ય પામેલા બ્રહ્માના બાળકો ત્યાં જ નૃત્ય કરવા

લાગ્યા. વળી તે મહાદુંદુભિનું પૂજન કરી કહેવા લાગ્યા કે તે પુરૂષોત્તમ જ્યાં છે ત્યાં અમે આવીશું. તેમની પ્રાપ્તિ માટેનું વ્રત પૂજન કઈ રીતે કરવું ? તે અમને કહો. આજે અધિક સુદ અષ્ટમીએ ઉપવાસ રૂપ વ્રત રાખી અમે નારાયણ શ્રીકૃષ્ણ અને પુરૂષોત્તમનારાયણનું પૂજન કરીશું. તેથી અમારી સર્વે લોકમાં ગતિ થાય. ત્યારપછી તેઓ મહાદુંદુભિને સત્કારપૂર્વક પોતાના ઘરે લઈ ગયા અને ત્યાં નારાયણની જેમ જ તેમનું પૂજન કરી ભોજન કરાવી ચરણચંપી વગેરે સેવા કરી. તેમની સેવાથી પ્રસન્ન થયેલા મહાદુંદુભિએ કહ્યું કે તમે આદરપૂર્વક વ્રત કરો, હું બ્રહ્માંડમાં ઘોષણા કરી પાછો અહીં આવું છું. તમને મળીને પછી જ વૈકુંઠ જઈશ. આમ કહી તેમણે પ્રસ્થાન કર્યુ. ત્યારપછી બ્રહ્માના તે બાળકોએ પ્રાતઃકાળે, મધ્યાન્હે અને સાયંકાળે સ્નાન કરી લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ અને પુરૂષોત્તમનારાયણનું ષોડ્ષોપચાર વડે પૂજન કર્યુ અને ભગવાનની મૂર્તિની સામે પ્રાર્થના કરી કે અમને સદા તમારી સેવામાં રાખો. દાસતા સર્વથી શ્રેષ્ઠ છે. તેથી અમને સેવામુક્તિ આપો. આવી પ્રાર્થના કરી ભગવાન સામે હાવભાવ-સ્વરાન્વિત નૃત્યપૂર્વક કીર્તન કરવા લાગ્યા. તે સમયે મહાદુંદુભિ પણ ત્યાં આવ્યા. બ્રહ્માના પુત્રોનાં વ્રત પૂજનથી પ્રસન્ન થયેલા પુરૂષોત્તમનારાયણ શ્રીકૃષ્ણ તથા નારાયણ ત્યાં પ્રગટ થયા અને તેઓને કહેવા લાગ્યા કે તમારી ભક્તિ વડે અને મહાદુંદુભિનાં સેવાપૂજન વડે અમે તમારાથી અતિ સંતુષ્ટ થયા છીએ. તેથી તમને જે ઈષ્ટ હોય તે માંગો.

ત્યારે બ્રહ્માના તે નવ પુત્રોએ કહ્યું કે હે પરમેશ્વરો ! અમને તમારા ધામમાં લઈ જાઓ અને તમારી સેવામાં રાખો. વળી, જે જે લોકમાં જ્યાં જ્યાં આપનું મંદિર હોય ત્યાં ત્યાં અમે સદા સેવા કરીશું. અમે સાથે જન્મેલા ભાઈ-બહેનો છીએ. તેથી અમને પરસ્પર વિયોગ ક્યારેય ન થાઓ. તમે અમોને જ્યાં રાખો ત્યાં સેવામાં સાથે રાખો. તેઓના આવા

વચનો સાંભળી પરમેશ્વરે દુંદુભિને પૂછયું કે અમારી આજ્ઞાથી તમે કહો કે આ લોકોને શું આપીએ ? ત્યારે દુંદુંભિએ કહ્યું કે કિંકર અર્થાત્ સેવક અને દાસ સર્વત્ર દુર્લભ હોય છે. સ્વામીનું સર્વસ્વ દાસવર્ગ માટે જ હોય છે તેથી દાસ એવા આ બ્રહ્માના પુત્રોને શું શું ન આપી શકાય ? આમને અક્ષર - ગોલોક - વૈકુંઠ તથા અન્ય જ્યાં જ્યાં આપના મંદિરો છે, જ્યાં જ્યાં તમારી કે તમારા અવતારોની મૂર્તિઓ છે ત્યાં ત્યાં વાસ આપો. હું પણ આ લોકોની સાથે રહીશ કારણકે આ મારી જેવા જ ભક્તો છે. આપની જેમ આમના પણ અસંખ્ય રૂપો થાઓ અને તેઓ તમારી સાથે જ રહો.

પ્રત્યેક મંદિરમાં પ્રાતઃ અને સાયંકાળે આરતી અગ્નિએ સહિત આપ સમક્ષ નૃત્ય કરે, નગારૂં અને ઘંટ આપની જયધ્વનિ કરે, કાંસા મોક્ષની ઘોષણા કરે કે હે દેહિઓ ! આરતીના સમયે શ્રીહરિને ભજનારા થાઓ. આ સમયે શ્રીહરિને નહિ ભજનારા, વિરોધ કરનારા, નાસ્તિકો અને નિંદકો યમરાજ દ્વારા દંડને પામશે. ઘંટડી હાથમાં સ્થિત રહી નૃત્યપૂર્વક મધુર ગાન કરે, ઝાલર ગાયન કરી લોકોને બોલાવે, શંખ તીર્થ જળ વડે આપની સામે ભ્રમણ કરે. પંચપાત્ર અર્ઘ્ય આપે અને ચરણામૃત રાખે. ધુપીયું મંદિરમાં સુગંધ કરે અને હું દુંદુભિ દૂર રહેલા સર્વેનું આહ્વાન કરીશ કે હે મુમુક્ષુ નરનારીઓ ! અહિં ભગવાનના દર્શન માટે આવો અને દુષ્ટો અહિંથી દૂર જાઓ. આમ, અમો સર્વે ભેળા મળી આપની સેવા કરીશું. આવું આ વ્રતનું ફળ આ બ્રહ્માના પુત્રોને આપો. વળી મારી જેમ આ સર્વેને પણ અક્ષર અને ગોલોકમાં દ્વિભુજત્વ અને વૈકુંઠમાં ચતુર્ભુજત્વ પ્રાપ્ત થાઓ તથા ત્યાં ત્યાં આપના સમાન તેઓના રૂપ થાઓ. પ્રતિમંદિર સ્થિત રહેવાપણે તેઓના અસંખ્ય રૂપ થાઓ અને આપના જેવી જ સત્કાર્યતા - પવિત્રતા - પૂજ્યતા અને રક્ષ્યતા તેઓની થાઓ. આ બ્રહ્માના નવ બાળકોની નિંદાને કરનારા નરકગામી થાઓ. આ લોકોની મૂર્તિનો (આકારનો) ભંગ થતાં તેને સાંધનારા, આ લોકોની પ્રતિમાનું દાન

દેનારા, પ્રતિમા કરનારા, જિર્ણોદ્ધાર કરનારા તથા આ લોકોનું સેવન કરનારાઓને આપના ધામની પ્રાપ્તિ થાઓ. આમ, દુંદુભિએ કહ્યું ત્યારે પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ અને નારાયણ તથાસ્તુ કહી તેઓને દિવ્યસ્વરૂપવાન કરી પોત-પોતાના ધામ પ્રત્યે લઈ ગયા. તે તે ધામોમાં આરતી - ઘંટડી અને ઝાલર લક્ષ્મી સમાન હરિ સેવાપરાયણા અને દિવ્યરૂપિણી થયા. શંખ - ઘંટ - નગારૂં - કાંસા અને પંચપાત્ર પણ સૌમ્ય અને દિવ્યરૂપધારી મુક્તો થઈ શ્રીહરિની સેવામાં વર્તવા લાગ્યા. અન્યત્ર જ્યાં જ્યાં જેવી અપેક્ષા હતી ત્યાં ત્યાં તેવા તેવા રૂપે તે વિરાજીત થયા. હે લક્ષ્મિ ! આમ, અધિક સુદ અષ્ટમીનું વ્રત કરવાથી તે બ્રહ્માના નવ બાળકો દિવ્યપણાને પામ્યા. આવી રીતે જેઓ આ વ્રત કરશે તેઓ પણ શ્રીહરિના ધામને પામશે.

एवं वै मलमासेऽत्र कृतं स्वल्पं फलेद् बहु ।
अल्पादानन्त्यलाभो यः कृपा सा पारमेश्वरी ।।१४१।।

આમ, આ અધિકમાસમાં અત્યંત અલ્પ સરખું કરેલું વ્રત-પૂજન પણ બહુ ફળે છે. અલ્પ કર્મથી પણ અનંત ફળનો જે લાભ થાય છે તે પરમેશ્વરની કૃપા છે. જ્યાં સુધી બ્રહ્મા રહેશે જ્યાં સુધી પૃથ્વી રહેશે ત્યાં સુધી આરતી ઘંટડી વિગેરે ભગવાનના મંદિરમાં સ્થિત રહેશે. ત્યાર પછી સર્વદા ભગવાનના ધામમાં સ્થિત રહેશે. તેથી આ વ્રત કરવું. આ વ્રત જેવું ફળ વરસાવનાર બીજું કોઈ નથી. ત્યારપછી બ્રહ્માએ વિચાર્યુ કે - મારા પુત્રો તો મુક્તિને પામ્યા. હું ફરી સર્જન કરૂં જેથી મારૂં ઘર શૂન્ય ના રહે. ત્યારપછી તેમણે યોગેશ્વરો સનાદિકો તથા ઋષિઓ વિગેરેની માનસ સૃષ્ટિ કરી. પછી સૃષ્ટિકર્તા એવા અન્યનું પણ સર્જન કરી સૃષ્ટિ પ્રવાહ ચાલતો થયો જોઈ બ્રહ્મા શાંતિને પામ્યા. જે માનવાદિક આ કથાને વાંચશે કે સાંભળશે તેને નક્કિ જ અધિક સુદ અષ્ટમીના વ્રતનું ફળ પ્રાપ્ત થશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૯ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! પુરૂષોત્તમનાં યોગવાળી, દિવ્ય અને પાપોનો નાશ કરનારી પુરૂષોત્તમમાસની કથા સાંભળો. પુરૂષોત્તમ થકી વાસુદેવ થયા. વાસુદેવથી ભૂમાપુરૂષ થયા. ભૂમાપુરૂષથી વિરાટ થયા અને વિરાટના મુખ થકી અગ્નિ થયા. અગ્નિનો પુત્ર સુવર્ણ થયો. સૃષ્ટિના આરંભમાં અતિ ઉષ્ણ હોવાથી, દાહ પમાડનાર હોવાથી અને ભસ્મીકરણની પ્રકૃતિ ધરાવતા હોવાથી અગ્નિનો કોઈ સત્કાર કરતું નહિ. વળી ઉત્સવોમાં, ભોજનમાં પણ સર્વે તેને દૂર રાખતા. કેટલાક સ્થળોએ તો અગ્નિ તાડન પણ પામ્યા. તેથી જવાળાદિક ઉષ્ણગુણવાળી પોતાની જિત્વાને છુપાવી પોતાને કોઈ ન જાણે તે રીતે તે લોકાલોક પર્વત પર ગયા. ભૂખ્યા થયેલા અગ્નિ લોકાલોકનું શિખર ભક્ષણ કરી ગયા. અગ્નિનાં ઉદરમાં પચ્યમાન તે તેના પુત્રરૂપ થયું અર્થાત્ તે સર્વે ભૂમિ સુવર્ણમયી થઈ. આવી રીતે તે અગ્નિ લોકાલોક પર્વતની પ્રદક્ષિણા કરતા જતાં અને જ્યાં તે ક્ષુધિત થાય તે પર્વતનાં શૃંગને ભક્ષણ કરી જતા. આમ, તેમણે ભક્ષણ કરેલા શિખરોથી લોકાલોક પર્વતની સર્વભૂમિ સુવર્ણમયી થઈ. ત્યારપછી તે અગ્નિ બ્રહ્માંડ સદશ લોકાલોકનાં મહાશૃંગને ભક્ષણ કરી તેના મધ્ય દેશમાં ગયા અને ત્યાં થોડીવાર વિશ્રામ કર્યો. તેનાથી પચ્યમાન તે મહાશૃંગ સુવર્ણનું થયું તેથી મેરૂપર્વત સુવર્ણનો છે તેમ વિખ્યાતી થઈ. જડ તથા સુગંધીહીન તે સુવર્ણનું પણ ક્યાંય માન ન હતું. સર્વે દેહિઓ કલ્પવૃક્ષથી પોતાની ઈચ્છિત વસ્તુઓ પ્રાપ્ત કરી જીવન નિર્વાહ કરતા તેથી કોઈને શું અગ્નિ છે ? શું સુવર્ણ છે ? શું અગ્નિનું કાર્ય છે ? શું સુવર્ણનું કાર્ય છે ? આવી કોઈ બુદ્ધિ ન હતી. અગ્નિ અને સુવર્ણએ વિચાર્યુ કે પ્રયોજન વિના ક્યારેય કોઈનું મૂલ્ય થતું નથી. મયૂરે છોડી દીધેલું પીછું પણ કૃષ્ણે પોતાના મુકુટમાં ધારણ કર્યુ તેથી તે પૂજ્યતા – મૂલ્યતાને પામ્યુ. વળી કોઈ મહાપુરૂષ ધારણ કરે તેથી પણ વસ્તુનું મૂલ્ય વધી જાય

છે. કૃષ્ણએ કૌસ્તુભ નામનો પથ્થર વક્ષસ્થળ પર ધારણ કર્યો તેથી તે મૂલ્યવાન થઈ ગયો. હું અને મારો પુત્ર પ્રયોજન વિના કે કોઈ મહાપુરૂષના યોગ વિના મૂલ્યવાન નહિ થઈએ. વિદ્યા, રાજ્યસત્તા, સિદ્ધિ, ઐશ્વર્ય, ધનિકતા, કીર્તિ કે ભક્તિ જો જીવનમાં હોય તો જ તે જીવન શ્રેષ્ઠ છે અન્યથા મૃત્યુ જ વરણીય છે. તેથી આજે અમો મૃત્યુનું વરણ કરીશું. આમ વિચારી તેઓ પડીને મૃત્યુ પામવા માટે મેરૂ શિખર પર ચડયા. તેટલામાં સત્યલોકમાં પુરૂષોત્તમનારાયણનું મહાનગારૂં સાંભળ્યું કે અધિકમાસમાં કોઈ જનો શોક ન કરશો. નારાયણનું સ્મરણ કરી અધિક સુદ નવમીનાં દિવસે જે જનો વ્રત-પૂજા કરશે તે ઈષ્ટ ફળને પામશે. ફળાહાર - દૂધપાન - એકટાણું અથવા નક્ત ભોજન રૂપ વ્રત કરી શ્રીકૃષ્ણનું પૂજન એક કાળ કે બે કાળ કરી જે શરણાગત થશે તે માનહીન, દરિદ્ર, ગણનાહીન કે નિષ્પ્રયોજન હશે તેઓ પણ ઉત્તમ પદને પામશે. હું દુંદુભિ પુરૂષોત્તમનારાયણનો સંદેશ કહું છું કે દુઃખી, ક્લેશવાન, તિરસ્કૃત, સ્થાન વિનાનો, અલ્પ મૂલ્યવાળો જડ અથવા ઉગ્ર જે કોઈ મારા શરણને પામીને અદિક માસમાં વ્રત કરશે તે તમામ દુઃખોનો પાર પામશે અને હું સદા તેનું રક્ષણ કરીશ. આ માસમાં મારૂં પૂજન કરનારા સર્વથી પૂજ્યતાને પામશે. જેને કોઈ રાખનાર ન હોય તે જો અધિકમાસ અને મને રાખશે તો હું તેને રાખીશ એમ હું પુરૂષોત્તમ કહું છું. આ માસમાં ભક્તિ વડે મારૂં પૂજન કરો. દૂધથી બનાવેલા પાયસનું મને ભોજન કરાવો અને ઈચ્છિત વસ્તુની પ્રાર્થના કરી તે મારી પાસેથી મેળવો. અલ્પ સરખા કરેલા કર્મનું પણ બહુ ફળ અનુગ્રહ વડે હું આપીશ. અધિકમાસમાં જેઓ વ્રત કે પૂજા નહિ કરે તેઓને આનાથી અધિક હાનિ અને ખોટ ક્યારેય નહિ થાય. તેથી આવો અને અધિક સુદ નવમીનું વ્રત પૂજન કરી વરદાનો મેળવો.

पत्रं पुष्पं फलं तोयं यो मयि सन्नियोक्ष्यते ।
अहं तस्मिन्नियोक्ष्यामि श्रेष्ठं रत्नादिकं तथा ॥४७॥

भोज्यं भक्ष्यं तथा लेह्यं चोष्यं यो मेऽर्पयिष्यति ।
तस्मै कोटिगुणितं तदर्पयिष्येऽप्यहं तथा ।।४८।।

આ અધિકમાસમાં જે પત્ર, પુષ્પ, ફળ કે જળ મને અર્પિત કરશે તેને હું શ્રેષ્ઠ રત્નાદિક અર્પણ કરીશ. વળી જે મને ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય તથા ચોષ્ય આ ચાર પ્રકારનાં ભોજન નિવેદિત કરશે તેને હું કોટિ ગણું અર્પણ કરીશ. તેથી સ્થાવર-જંગમ, ઉત્તમ-કનિષ્ઠ, ભાગ્યવાન કે ભાગ્યહીન સર્વે અધિક માસનો આશ્રય કરી પુરૂષોત્તમનારાયણ એવા મને સંતોષિત કરી અક્ષર-સ્વર્ગ-પુત્ર-પતિ-પત્ની-ઘર-ધન-કીર્તિ, શાશ્વત પૂજન, સર્વથી અધિક ઉત્તમ સ્થાન વગેરે મારા અનુગ્રહથી પામો. આવી ઉદાર ઘોષણા સાંભળીને અગ્નિ અને સુવર્ણ મહાધૈર્યને પામ્યા અને શોકનો ત્યાગ કર્યો. વળી તેઓ દુંદુભિને શરણે ગયા અને તેને નમસ્કાર કરી તેની આદરપૂર્વક પૂજા કરી. અગ્નિએ પોતાના પુત્ર સુવર્ણને દુંદુભિના ચરણમાં નમસ્કાર કરાવ્યા. તે બાળકને જોઈ દુંદુભિએ તેને હાથથી ઉઠાવી લીધો અને મસ્તક તથા ખભા પર થોડીવાર રાખી પાછો અગ્નિને આપ્યો. ગદ્‌ગદ્‌ ગિરાએ અગ્નિએ દુંદુભિને કહ્યું કે અમારો રક્ષક કે સત્કાર કરનાર કોઈ ! જો તમારા વાક્યોથી અમો આજે નક્ત વ્રત કરીએ અને શ્રીહરિનું પૂજન કરીએ તો શ્રીહરિ અમારા રક્ષક થશે ? આમ કહેતા અગ્નિનાં નેત્રોમાંથી અશ્રુઓ પૃથ્વી પર પડયા. તે અશ્રુબિંદુઓ ચાંદી થયું. આવા ભગ્ન હૃદયવાળા અગ્નિને જોઈ દુંદુભિએ તેને આશ્વવાસન આપ્યું કે આજે અદિક સુદ નવમીએ નક્તભોજન રૂપ વ્રત કરી કૃષ્ણનારાયણની પૂજા કર. તેમાં નારાયણની સુવર્ણની પ્રતિમા કરાવી, પંચામૃતથી સ્નાન કરાવી વસ્ત્ર, આભૂષણ, અક્ષત, ચંદન, નૈવેદ્ય, તાંબુલ, ફળ, ધૂપ, દીપ, આરતી, પ્રદક્ષિણા, સ્તુતિ વગેરેથી પુરૂષોત્તમ શ્રીકૃષ્ણને સંતોષ પમાડી પ્રાર્થના કરો કે અસત્કૃત, અનાધાર, અનાશ્રય અને અનાદ્રત (આદર વિનાના), દાહક એવા અમારો ઉદ્ધાર કરનારા થાઓ. જડ, નિર્ગંધ, નિર્ગુણ, અકિંચિતકર

એવા અમારો ઉદ્ધાર કરો. હે કૃપાસિંધો ! હે પ્રભો ! અમને ગણનાપાત્ર કરો. આમ સ્તુતિ કરી ફલાર્ઘ્ય અને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રીહરિને વિસર્જિત કરવા. વળી મધ્યાન્હે તથા સાંયકાળે પણ આવી જ રીતે પૂજા કરવી. તેથી નારાયણ તમારા પર પ્રસન્ન થઈ તમારો ઉદ્ધાર કરનારા થશે. મહાદુંદુભિનાં વચનો સાંભળી અગ્નિ તથા સુવર્ણએ નક્ત ભોજન રૂપ વ્રત રાખી લક્ષ્મીનારાયણની સુવર્ણની મૂર્તિ બનાવી વિધિપૂર્વક પૂજા કરી. રાત્રિએ પૂજા કરી જ્યાં પ્રાર્થના કરતા હતા ત્યાં ભગવાન લક્ષ્મીનારાયણ તેમની સામે પ્રગટ થયા. મંદ મંદ હાસ્ય કરતા પુરૂષોત્તમનારાયણને જોઈ અગ્નિ અને સુવર્ણએ પ્રાર્થના કરી કે અમારો ઉદ્ધાર કરો. ઉષ્ણ અને દાહક સ્વભાવવાળા મારૂં ક્યાંય સ્થાન નથી. મને ભોજન આપો તથા મારા મૂર્ખ પુત્ર સુવર્ણને યશ આપનારા થાઓ અને સર્વદા તમારી સેવા આપો.

તેની પ્રાર્થના સાંભળી નારાયણે કહ્યું કે હે અગ્નિ ! તમે શોકનો ત્યાગ કરો. હું તમારા વ્રતથી સંતુષ્ટ થયો છું. તમે મારા મુખ થકી પ્રગટ થયા છો તેથી સદા મારૂં મુખ રહો. હે પુત્ર ! હું તમને વરદાન આપુ છું કે યજ્ઞ આદિકમાં કુંડ મધ્યે તારામાં જ ભોજન સ્થાપિત થશે. અગ્નિહોત્રનું હવન પણ તારામાં થશે. તારા દ્વારા જ હું ભોજન કરીશ. યજ્ઞની અગ્નિ વિના મને જે કાંઇ ભોજનાદિક આપવામાં આવે તે હું સર્વથા તારા પર અનુગ્રહથી ગ્રહણ નહિ કરૂં. આજથી હું અગ્નિમુખ ભગવાન તરીકે પ્રસિદ્ધ થઈશ તેથી મારા માટેનું ભોજન સર્વે તારામાં જ ક્ષેપિત કરશે. તે સર્વ હું તારા મુખ થકી ભક્ષણ કરીશ. શમીવૃક્ષનાં કાષ્ઠમાં તારો અદ્રશ્ય રૂપે વિશેષપણે વાસ થશે. વળી હીરા આદિકમાં પણ સર્વત્ર તારો આશ્રય થશે. જેવી રીતે વસ્તુનું દહન ન થાય તેવી રીતે સર્વત્ર તમારો વાસ થાઓ. કલ્પવૃક્ષનો લય થતાં તે સમયે ચૂલા આદિકમાં પાક કરવા તમારૂં જ પ્રજ્વાલન ઘરે ઘરે સર્વથા થશે. ચિંતામણી આદિનો નાશ થતાં દીપકરૂપ તમારૂં સન્માન ઘરે ઘરે સર્વથા થશે. ત્યાં સુધી તું ધીરજ ધર. વળી બીજા

દિવ્ય સ્વરૂપે મારો પાર્ષદ થઈ ધામમાં મારી નિત્ય સેવા કર. પ્રથમ યુગ વ્યતિત થતાં અગ્નિ વિના સર્વેનું કોઈપણ કામ સિદ્ધ નહિ થાય ત્યારે તારૂં મૂલ્ય, સન્માન, સત્કાર, આદર અને પૂજન પરાકાષ્ઠાએ હશે તેમાં સંશય નથી. તારા આ પુત્ર સુવર્ણને પણ આજથી હું મસ્તક પર ધારણ કરૂં છું. મારા મુકુટ, કુંડળ અને આભૂષણો સુવર્ણનાં થશે. તેથી તે સર્વત્ર સત્કારને પામશે. કલ્પવૃક્ષાદિનો લય થતા તે મૂલ્યવાન, ગુહ્ય તથા સંરક્ષ્ય થશે. વળી સુવર્ણને હું દિવ્ય સ્વરૂપ આપું છું. તેથી તે અક્ષર ધામમાં હાટક નામક મોટો પાર્ષદ થઈ નિવાસ કરશે અને સદા મારી સેવા કરશે. વળી કાળાન્તરે આવશ્યક કાર્ય પ્રાપ્ત થતાં તે સુવર્ણ મહાતેજોમય હાટકેશ્વર નામક મહાદેવ પાતાળ અને પૃથ્વીમાં થશે. મારા પ્રતાપથી મારા અવતાર રૂપ તે સર્વત્ર પૂજિત થશે અને ભક્તોને મુક્તિ દેનાર મહેશ્વર થશે. જેમ હું પુરૂષોત્તમ સૃષ્ટિમાં સર્વત્ર વ્યાપ્ત છું તેમ તું અને સુવર્ણ સૃષ્ટિમાં વ્યાપ્ત થાઓ અને સર્વથી સર્વથા સત્કાર અને રક્ષણ પામો. આમ કહી તેઓને દિવ્ય રૂપ આપી શ્રીહરિ પોતાના ધામમાં લઈ ગયા અને બીજા સ્વરૂપે સર્વ વસ્તુઓમાં વાસ આપ્યો.

આ વૃત્તાંત જાણી દેવતાઓ અગ્નિ દ્વારા ભક્ષણ કરવા લાગ્યા અને તેમાં અપાયેલા ભોજનથી તૃપ્ત થવા લાગ્યા તથા સુવર્ણના આભૂષણો ધારણ કરવા લાગ્યા. આમ અગ્નિ અને સુવર્ણ અધિક સુદ નવમીનું વ્રત-પૂજન કરી મુક્તિ-મૂલ્યતા અને પ્રશંસાને પામ્યા. વળી સર્વત્ર ગતિ કરવા છતાં પણ તેઓ સદા પવિત્રતા વૃદ્ધિ અને શાશ્વત સુખને પામ્યા.આ અધિકમાસની સુદ નવમીની વ્રત-પૂજનની કથા જે જનો વાંચશે કે સાંભળશે તે નરનારીઓ ભુક્તિ અને મુક્તિને પામશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૦ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! અધિકમાસમાં શ્રીહરિનાં અનુગ્રહનો અંત નથી તેની કથા કહું છું. અધિક સુદ નવમીની રાત્રિએ વિષ્ણુએ દુંદુભિને પૂછયું કે તમે સર્વત્ર ઉદ્‌ઘોષ કરો છો કે ક્યાંક ક્યાંક કરો છો ? ત્યારે દુંદુભિએ (નગારાએ) કહ્યું કે હે પ્રભુ ! જે દિશાને લક્ષ્ય કરૂં તે દિશામાં સવારથી લઈ સાંજ સુધી ઉદ્‌ઘોષ કરૂં છું. ઘણા બધા દેહધારીઓ આ અધિકમાસનું વ્રત કરી અલ્પ એવા કરેલા વ્રત પૂજનથી તમારી કૃપાનો લાભ મેળવે છે. તેટલામાં ત્યાં પૃથ્વી દેવી આવ્યા. તેણે પ્રાર્થના કરી કે હે ભગવન્ ! તમો અત્યારે અધિકમાસમાં અસંખ્ય પ્રાણીઓનો અતિકૃપા વડે મોક્ષ કરી રહ્યા છો તેથી હું બહુ સુખી છું. મારે પણ આ માસમાં પુરૂષોત્તમનું વ્રત આદર પૂર્વક કરવું છે.

પુરૂષોત્તમમાસનું વ્રત કરનારાઓ મોક્ષ, સ્વર્ગ, ધન ધન્યાદિ સંપત્તિ, પુત્ર, પૌત્ર, યશ, લાભ વગેરે જે જે ઈચ્છે તે તે તમો કૃપા વડે આપો છો તેથી બધું વૈકુંઠ તુલ્ય થયું છે. હું ધન્યભાગી છું કે તમારૂં નગારૂં મારામાં મુક્ત કંઠે બધાને તમારી ઉદારતાનું વિજ્ઞાપન કરાવે છે. દયાળુ એવા તમે અધિકમાસ પર જે કૃપા કરી તે કૃપા મારા પર જ થઈ છે કારણકે જીવો પાપહીન અને પુણ્યભાગી થયા છે. વળી આ અધિકમાસમાં તમારા જે વ્રત-પૂજન કરશે તે જનો સર્વે પાપોથી રહિત થઈ અન્યના ઉદ્ધારમાં સમર્થ થશે તેથી હું પાપભારથી ક્યારેય પીડાઈશ નહિ. આમ ભાવી સ્વાસ્થ્ય લાભથી હું બહુ સંતુષ્ટ છું. હે પ્રભો ! અસઙ્ગનોના ભારથી હું પીડિત થાઉં છું અને તેવા જનો ભવિષ્યે કાળપ્રભાવે થશે. વેદ અને વૈદિક કર્મોથી રહિત બ્રાહ્મણો મારા પર ભારરૂપ છે. સત્ય રહિત, અહિંસા રહિત, ચોરી-વ્યભિચાર કરનારા, બીજાનું લુંટી લેનારા, દયાહીન, મિથ્યા કલંક નાખનારા, પરનું અહિત ચિંતવનારા, નિંદા કરનારા, સ્નાન-સંધ્યા-દેવપૂજન વિગેરેથી

રહિત, યજ્ઞોમાં વિઘ્ન કરનારા, સૂતકને નહિ માનનારા, નાસ્તિક, ભગવાનની ઉપાસનાથી રહિત, પિતૃતર્પણ નહિ કરનારા, પરોપકારહીન, દાન-પુણ્ય રહિત, જિલ્વા અને શિશ્ન માટે અધર્માચરણ કરનારા, અયોગ્ય સ્ત્રીઓમાં બીજ પ્રદાન કરનારા, ક્રૂર, મીઠું બોલી છેતરનારા, વિશ્વાસઘાત કરનારા, કૃતઘ્નીઓ, બાળઘાતીઓ, કુટુમ્બઘાતીઓ, માતા-પિતા-નારીનો ઘાત કરનારા, અભક્ષ્યનું ભક્ષણ કરનારા, આજીવિકાનો નાશ કરનારા, મારણ – ઉચ્ચાટન આદિ કરનારા, ગર્ભપાત કરનારા, ઉદ્યોગ રહિત, સદા આળસ કરનારા, બીજાના ભાગ્ય પર જિવીત રહેનારા, બળહીનને બીવડાવનારા, કુમાર્ગે ચાલનારા, અદંડયને દંડ દેનારા, પૂજ્યને નહિ પૂજનારા, માન્યને નહિ માનનારા, પાલ્યને નહિ પાલનારા, આશ્રિતોનું રક્ષણ નહિ કરનારા, પોતપોતાના કર્તવ્યોથી રહિત શિષ્યો અને ગુરૂઓ, આજ્ઞાકારી ન હોય તેવી પુત્રીઓ, હિતકર્ત્રી ન હોય તેવી માતાઓ અને સાસુઓ, જેમાં એકતા નથી અને સદા કલહ છે તેવા દંપતિઓ, પતિની સેવાથી ઘૃણા કરનારી પત્નીઓ, પત્નીને દુઃખ દેનારા પતિઓ, પિતાના આદેશને નહિ માનનારા પુત્રો, બ્રહ્મચારી થઈ ગૃહસ્થના ધર્મોમાં રહેનારા, વાનપ્રસ્થ થઈ તૃષ્ણાવાળા, દૂધ-દહીં-ઘી-તેલ વગેરે જીવનોપયોગી વેચવાની વસ્તુઓમાં ભેળસેળ કરનારા.

बहिः शुक्ला हृत्सु रक्ताश्चात्मनि कृष्णकज्जलाः ।
मर्त्या देवा दानवा वा स्वर्ग्याः पातालवासिनः ।।५७।।
सर्वे ते भाररूपा वै पापकर्माण एव ते ।
पीडयेयुश्च मां काले येषां माहात्म्यमेव न ।।५८।।
नाऽधिमासव्रतं येषां न येषां पुरुषोत्तमः ।
न भक्तिश्चास्तिकभावस्ते स्युर्भारात्मका भुवि ।।५९।।

બહારથી ઉજળા, હૃદયથી ઘાતકી અને અંતરથી કાળા એવા માનવો, સ્વર્ગવાસી દેવતાઓ કે પાતાળવાસી દાનવો તે સર્વે મારા પર ભાર રૂપ

છે. કાળે કાળે તે પાપ કર્મ કરનારાઓ મને પીડશે. જેઓને પુરૂષોત્તમ નથી, અધિકમાસના વ્રત નથી, મહાત્મ્ય નથી, ભક્તિ નથી અને આસ્તિક ભાવ નથી તેઓ પૃથ્વી પર ભારરૂપ છે. હે હરે ! સમયે સમયે તેવા ભારનો નાશ કરવા માટે મારે શું કરવું જોઈએ ? જેમાં મારૂં કલ્યાણ હોય તે કહો. આમ પ્રાર્થના કરી રહેલી તે પૃથ્વીને દુંદુભિએ કહ્યું કે હે પૃથ્વી ! મેં કરેલી ઉદ્‌ઘોષણા તે નથી સાંભળી ? અધિકમાસમાં વ્રત કરો તેનું શાશ્વત પુણ્ય થશે તેથી ભગવાન પુરૂષોત્તમ તમારી રક્ષા કરનારા થશે. અત્યારે શ્રીહરિ પ્રસન્ન થઈ ફળ દેનારા છે તેથી તમો અધિક સુદ દશમીનું વ્રત કરો. વ્રતના અંતમાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ તમને દર્શન આપશે અને સર્વ કાળે ભારથી તમારૂં રક્ષણ કરશે. હે પૃથ્વી ! અત્યારે તમે સત્યલોકમાં જાઓ અને ત્યાં આ અધિક સુદ દશમીનું વ્રત કરો. વ્રતના અંતમાં જો શ્રીકૃષ્ણ દર્શન ન આપે તો કાલે સાંયકાળે તમે ફરી અહીં આવજો. ત્યાર પછી શ્રીહરિ અને દંદુભિને નમસ્કાર કરી પૃથ્વી સત્યલોકમાં પોતાના નિવાસસ્થાને ગઈ. અધિક સુદ દશમીને દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી સુવર્ણની શ્રીહરિની મૂર્તિ કરી, ધ્યાન, આવાહ્‌ન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન (પંચામૃત અને શુદ્ધોદક), વસ્ત્ર, અલંકાર, પુષ્પ, ચંદન, ચોખા, સૌભાગ્ય દ્રવ્યો, ધુપ, દીપ, નૈવેદ્ય, આરતી, પ્રદક્ષિણા, દંડવત્‌, સ્તુતિ, વિશેષઅર્ઘ્ય, મંત્રપુષ્પાંજલિ વગેરે ષોડ્‌ષોપચાર અર્પણ કરી પ્રાર્થના કરી કે હે પરમેશ્વર ! નક્ત ભોજનનાં વ્રત સાથે અધિક સુદ દશમીએ કરેલું આ પૂજન તમારી કૃપાથી સંપૂર્ણતાને પામો. પ્રાતઃકાળે આવી રીતે પૂજન કરી મધ્યાન્હે શ્રીહરિને ભોજન કરાવી વળી સાયંકાળે ષોડ્‌ષોપચારથી પૂજન કરી શ્રીહરિ સામે ગીત, કીર્તન અને નૃત્ય કરી અર્ધરાત્રિ સુધી જાગરણ કર્યુ. મધ્યરાત્રિએ સાક્ષાત્‌ શ્રીપુરૂષોત્તમનારાયણ પધાર્યા અને કહ્યું કે હે પૃથ્વી ! હું તારા વ્રતથી સંતુષ્ટ થયો છું. તને જે ઈષ્ટ હોય તે માંગ કારણકે અધિકમાસમાં વ્રત કરનારાઓનું સર્વથા ઈષ્ટ કરવું એવું

મારૂં વ્રત છે. તેથી સુલભ, દુર્લભ જે કંઈ ઈચ્છા હોય તે હું પૂરી કરીશ. ત્યારે પૃથ્વીએ પરમેશ્વરને કહ્યું કે હે નાથ ! રક્ષક એવા તમારા વિના હું કાંઇ ઈચ્છતી નથી. હું સદા તમારી સેવામાં રહું તેવું દિવ્યરૂપ મને આપો વળી મારા લોકમાં અધર્મ, દુર્ગણ અને ભારરૂપ થયેલા લોકોના નાશ માટે વિહાર કરો. અધિકમાસ વિનાના અન્ય માસોમાં પ્રજાએ કરેલા પાપોનાં વિનાશ માટે તમે મારામાં વાસ કરો તેથી મારૂં સર્વદા રક્ષણ થાય. હે જનાર્દન ! તમે દિવ્યરૂપે કે ભૌતિક રૂપે મારા પર પધારો. જો તમારૂં ભૌતિક રૂપ મારા પર સંભવે તો હું મારા પુત્ર એવા તમારૂં ભાવથી લાલન પાલન કરીશ. આ સાંભળી કૃષ્ણનારાયણે પૃથ્વીને રમા સમાન દિવ્ય રૂપ આપ્યું. શ્રીહરિ તે દિવ્ય રૂપધારી વસુમતિને લઇ વૈકુંઠમાં ગયા. ત્યાં પૃથ્વી નિત્ય શ્રીહરિની સેવા કરે છે. બીજું તેનું રૂપ બ્રહ્માંડનાં પૃથ્વીનાં આવરણરૂપ સ્તરમાં સ્થિત કર્યુ તેથી તે સર્વભૂતોની અધિષ્ઠાત્રી ભૂદેવી થઇ, વળી ત્રીજું તેનું ભૂમિ આદિ પાર્થિવ રૂપ થયું તેમાં જ્યારે જ્યારે જરૂર હોય ત્યારે ત્યારે ભારહરણ માટે શ્રીહરિએ આવવાની પ્રતિજ્ઞા કરી. શ્રીહરિએ કહ્યું કે હે પૃથ્વી ! તે મને અધિકમાસની દશમીનાં વ્રતથી સંતુષ્ટ કર્યો છે.

अतो युगचतुष्के वै तत्तत्कार्यार्थमेव ह ।
अवतारान् ग्रहीष्यामि दश मुख्याँस्ततोऽपि च ।।१००।।
गौणानन्यान् यथापेक्षं बहून् वै दिव्यविग्रहान् ।
तेन तेन स्वरूपेण करिष्यामि तवाऽवनम् ।।१०१।।

આથી ચારેય યુગમાં તે તે કાર્યો માટે હું અવતારો ધારણ કરીશ. તેમાં દસ મુખ્ય અને તેનાથી અન્ય જરૂરત પ્રમાણેનાં બીજા ગૌણ દિવ્ય વિગ્રહોને ધારણ કરી તે તે સ્વરૂપે તારી રક્ષા કરીશ. દાનવો અને દૈત્યોનો નાશ કરી તને સુખ પમાડીશ. આમ કહી શ્રીહરિ અંતર્ધાન થયા. ત્યારે પૃથ્વીએ ફરી પુષ્પાંજલિ આપી, વ્રતની સમાપ્તિ કરી, દુંદુભિને નમસ્કાર

કરી પૃથ્વીનાં આવરણમાં પોતાનો નિવાસ કર્યો. હે લક્ષ્મિ ! આમ અધિક સુદ દશમીનું વ્રત કરી તે વૈકુંઠવાસિની વસુમતી નામની શ્રીહરિની દાસી થઈ. યુગે યુગે અને દિવસે-દિવસે મારા આવિર્ભાવો પૃથ્વી પર થાય છે. તે મેં કરેલી પ્રતિજ્ઞાથી પૃથ્વીને સર્વલાભ છે અન્યને મેં ક્યારેય આવો લાભ આપ્યો નથી.

यद्यद् वाञ्छति यः कोऽपि स्वल्पेनाऽपि व्रतेन मे ।
तत्तत्तस्मै प्रददामि नकारस्तत्र नाऽस्ति हि ।।१०८।।

અધિકમાસમાં અલ્પ એવા વ્રત વડે પણ જે કોઈ મનુષ્ય જે કાંઈ ઈચ્છા રાખે છે તે મનુષ્યને હું તે તે પ્રદાન કરૂં છું તેમાં ના છે જ નહિ. આ વસુમતિની કથાને જે વાંચશે કે સાંભળશે તે અધિક સુદ દશમસીનાં વ્રતનું પુણ્ય પ્રાપ્તકરશે એમાં કોઈ સંશય નથી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૧ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! અધિક સુદ એકાદશીની દિવ્ય કથા સાંભળો. બ્રહ્માના વક્ષઃસ્થળથી મૂર્તિએ સહિત ધર્મદેવ પ્રગટ થયા. મૂર્તિદેવી ધર્મના શરીરમાં સદા તિરોભૂત રહે છે અને ધર્મ જ્યાં પ્રગટ થાય ત્યાં સાથે પ્રગટ થાય છે. લોક રીતે તો તે દક્ષપુત્રી રૂપે થઈ ફરી ધર્મની પત્ની રૂપે થાય છે. વળી જ્યારે ધર્મદેવમાં અદ્રશ્ય રૂપે તે મૂર્તિદેવી રહે છે ત્યારે અવિવાહિતા અને કુમારી તે સત્યલોકમાં બ્રહ્માના ઘરમાં રહી બ્રહ્મચારી એવા પોતાના સ્વામી ધર્મની સેવા કરે છે. તે સ્થિતિને બ્રહ્મા જ જાણે છે બીજું કોઈ જાણતું નથી. બાલા (મૂર્તિદેવી) નાનપણથી જ સ્નાન, પૂજા, જપ, હોમ, ધ્યાન, વૃદ્ધોને નમન, વંદન, સ્વામીસેવા ઈત્યાદિ કરે છે. દયા, શાંતિ, સત્ય, આર્જવ, સંતોષ, ઉપકાર આદિ ગુણો મૂર્તિદેવીમાં નિવાસ કરે છે. સિદ્ધદેહા તે તપને આચરે છે. નિત્ય સવારે સ્વર્ નદીથી ભીના વસ્ત્રે પોતાના ઘરે આવી પતિને નમસ્કાર કરી કૃષ્ણપૂજન કરે છે. વળી પતિને સ્નાન કરાવી પૂજન કરી તેમને ભોજન, જળ અને ફળાદિક અર્પણ કરી સેવે છે. આવી રીતે સદા પ્રાતઃકાળે દેવપૂજા અને પતિસેવા કરી તે ધર્મના શરીરમાં લીન થઈ જાય છે. ધર્મદેવ પણ તેમની અનુવૃત્તિ અને સેવાભક્તિથી અતિસંતોષ પામી શુભાશિષ આપે છે કે હે મૂર્તિ ! તમો નિત્ય પતિસેવાપરાયણ સુખી થાવ. વળી લોકરીતિ વડે દેહ પ્રાપ્ત કરી મારી સાથે વિવાહ કરી સૌભાગ્ય, સત્પુત્ર અને સમૃદ્ધિથી યુક્ત થાઓ. પુરૂષોત્તમનારાયણ તમારી નિત્ય ભક્તિનાં ફળ રૂપે તમને સાધ્ય થાઓ. અધિક સુદ એકાદશીના દિવસે પ્રાતઃકાળે નિત્યવત્ તે મૂર્તિદેવી સ્વર્ગંગામાં સ્નાન કરવા ગયા ત્યાં પુરૂષોત્તમનારાયણનું નગારૂં સાંભળ્યું કે આજે અધિક સુદ એકાદશી છે. આ એકાદશીના વ્રતથી સંતુષ્ટ થયેલા શ્રીકૃષ્ણનારાયણ આલોક અને પરલોકનું યથેષ્ટ સુખ દેનારા થાય છે.

यद् ददाम्यधिमासस्य दिनेष्वन्येषु वै व्रतान् ।
ततः कोटिगुणं दास्ये फलमेकादशीव्रते ।।२३।।
एकादशीनामन्यासां व्रतेन यत्फलं भवेत् ।
ततोऽर्बुदगुणं पुण्यं दास्या ह्यस्या व्रतेन वै ।।२४।।

પુરૂષોત્તમનારાયણ કહે છે કે હું અધિકમાસના અન્ય દિવસોના વ્રતોનું જે ફળ આપું છું તેનાથી કોટિગણું ફળ અધિકમાસની એકાદશીના વ્રતનું આપું છું. અન્ય તમામ માસની એકાદશીઓનું વ્રત કરવાથી જે ફળ થાય છે તેનાથી અબજગણું પુણ્ય અધિકમાસની એકાદશી કરવાથી આપીશ. પુરૂષોત્તમમાસ પુણ્યરૂપ છે. એકાદશીનો દિવસ પુણ્યરૂપ છે અને એકાદશીનો સ્વામી એવો પુરૂષોત્તમ હું પુણ્યરૂપ છું. મારી આજ્ઞાથી જે ભક્તિ વડે એકાદશીનું વ્રત કરશે તેને હું યથેષ્ટ ફળ આપીશ. આ વ્રતના કરનારના મનમાં જે જે ઇચ્છા હશે તેવું તેવું પરાર્ધતુલ્ય ફળ આપીશ. વળી મારૂં ધામ, મારી લક્ષ્મી, મારૂં સિંહાસન, સિદ્ધિઓ, ચમત્કારો, ઐશ્વર્યો, મારા મુગટ-આભૂષણો વિગેરે ઇચ્છશે તો તે પણ આપીશ. અધિકમાસમાં હું જેવી કૃપા વરસાવું છું તેવી ક્યારેય વરસાવતો નથી. અધિક સુદ એકાદશીનું વ્રત કરી અલ્પ પ્રયાસ માત્રથી અનંત ફળ ગ્રહણ કરો.

नात्र यज्ञाः पृथक् कार्या नात्र तप्यं तपः पृथक् ।
तीर्थे नात्र पृथक् कार्यं ह्येकाहस्य फले हि तत् ।।३३।।

અધિક સુદ એકાદશીનું વ્રત કરનારને અલગથી યજ્ઞો કરવાના રહેતા નથી, અલગથી તપ કરવાનું રહેતું નથી, અલગથી તીર્થ પણ કરવાના રહેતા નથી. આ અધિકમાસની એકાદશીના ફળમાં જ બધું આવી જાય છે. આ વ્રત કરનારને પયોવ્રત કે પુત્રકામેષ્ટિ યજ્ઞ પૃથકથી કરવાનો રહેતો નથી. અધિકમાસની એકાદશીના વ્રતથી જ હું પુત્ર આપનાર થાઉં છું. આ વ્રત કરનારને જ્યોતિષ્ટોમ યજ્ઞ પૃથકથી કરવાનો રહેતો નથી. એકાદશીના વ્રતથી જ હું તેને સ્વર્ગ દેનાર થાઉં છું. તે વ્રતના કરનારને

રાજસૂય યજ્ઞ પણ પૃથક કરવાનો શેષ રહેતો નથી. અધિકમાસની એકાદશીના વ્રત માત્રથી હું સાર્વભૌમપદ આપનાર થાઉં છું. જેણે અધિકમાસની એકાદશીએ મને ફળ-જળાદિ અર્પણ કર્યા તેને અગ્નિહોમથી શું ? હું તેને વૈરાજપદ આપીશ.

यां मुक्तिं यां च सम्पतिं यां सिद्धिं योगमैश्वरम् ।
यद्यद् वाञ्छति यत् कृत्वा तद् दास्येऽत्र दिने व्रते ।।३९।।
यावज्जीवं फलाहारैर्यत् सुपुण्यं समर्ज्यते ।
तत्पुण्यं यान्तु वै चैकादशीव्रतेन मे जनाः ।।४०।।
एकभुक्तं कृतं येनाऽऽजीवनं तत्फलं त्वहम् ।
ददाम्यधिकमासैकादशीव्रतेन मेंऽजसा ।।४१।।

અધિકમાસની એકાદશીનું વ્રત કરીને મુક્તિ, સમ્પત્તિ, સિદ્ધિ, યોગ, ઐશ્વર્ય વિગેરે જે જે ઇચ્છશે તે હું પુરૂષોત્તમનારાયણ આપીશ. જીવનપર્યંત ફળાહાર કરીને જે પુણ્ય મળે છે તે પુણ્ય અધિકમાસની એકાદશીનું વ્રત કરી મારા આશ્રિતો પામો. આજીવન એક ટાણા કરીને જે ફળ મેળવે તે ફળ શીઘ્ર જ હું મારા આશ્રિતજનોને અધિકમાસની એકાદશીના વ્રતથી આપું છું. અતિ કષ્ટસાધ્ય મહાકાલી વ્રત પુત્રાત્મક નશ્વર ફળ આપનાર છે જ્યારે અધિકમાસની એકાદશીનું વ્રત પુત્ર-સ્વર્ગ કે મોક્ષને આપનાર છે. આથી એક દિવસ માત્રમાં જ તે વ્રતથી અધિક પુણ્ય દેનાર છે.

सहस्त्रवर्षपर्यन्तं वाय्वाहारं व्रतं तु यत् ।
पृथक् तन्नास्ति कर्तव्यं ह्येकादश्या व्रते कृते ।।४९।।
सहस्त्रकन्यकादानं यत्र कन्या विभूषिताः ।
प्रत्येकं स्वर्णसाहस्त्रमुद्राश्च दक्षिणास्तथा ।।५०।।
प्रतिकन्यं तु दासीनां शतं स्वर्णविभूषितम् ।
प्रतिदासि च हस्तीनां शतं त्वम्बालिकायुतम् ।।५१।।

प्रतिहस्ति तुरगाणां शतं स्वर्णविभूषितम् ।
प्रत्यश्वं गोवृषभाणां शतं द्वन्द्वं रथान्वितम् ॥५२॥
रथं रथं प्रति दोग्ध्रीगवां चापि शतं शतम् ।
गां गां प्रति ह्यजानां च शतं शतं ददेत्तु यः ॥५३॥
अजां अजां प्रति वृत्तिं क्षेत्रं गृहं ददेच्च यः ।
तस्य दातुः कुरुक्षेत्रे फलं सूर्यग्रहे तु यत् ॥५४॥
तस्माल्लक्षगुणं पुण्यं ददाम्येकादशीव्रते ।

અધિકમાસની એકાદશીનું વ્રત કર્યા પછી એક હજાર વર્ષ પર્યંત માત્ર વાયુનો આહાર કરવાનું વ્રત પણ પૃથક કરવું શેષ રહેતું નથી. કુરૂક્ષેત્રમાં સૂર્યગ્રહણના સમયે જે સુવર્ણાદિકથી વિભૂષિત એક હજાર કન્યાઓના દાન કરે, તે પ્રત્યેક કન્યાઓને એક હજાર સુવર્ણમુદ્રાની દક્ષિણા અને સુવર્ણના અલંકારોથી વિભૂષિત સો દાસીઓ, પ્રત્યેક દાસીએ અંબાડીથી યુકત સો હાથી, પ્રત્યેક હાથીએ સુવર્ણથી વિભૂષિત સો અશ્વો, પ્રત્યેક અશ્વે વૃષભ યુગલ સાથેના સો રથ, પ્રત્યેક રથે દૂધ દેનારી સો ગાયો, પ્રત્યેક ગાયે સો બકરીઓ, પ્રત્યેક બકરીએ આજીવિકા-ખેતર અને ઘરનું દાન કરે તેને જે પુણ્ય પ્રાપ્ત થાય તેનાથી લાખગણું પુણ્ય એકાદશીના વ્રતનું આપીશ. હું નારાયણ શાશ્વત પુણ્યનો અખુટ ખજાનો છું.મારા પુણ્યોનો અંત નથી તેથી વૃષ્ટિની જેમ મનુષ્યો તે પુણ્ય ગ્રહણ કરો.

પુરૂષોત્તમમાસની એકાદશીનું વ્રત કરનારને હું ઉન્મત્ત ત્યાગીની પેઠે મારી પત્ની લક્ષ્મી પણ આપી દઉં. અરે ! હું મારા સ્વયં ને પણ આપી દઉં તો બીજાની શી વાત ? આવો લાભ ફરી મળશે નહિ. આવી દુંદુભિની પુરૂષોત્તમ વિષયક ઘોષણા સાંભળી મૂર્તિદેવીએ જન્મ-લગ્ન અને પુરૂષોત્તમને પુત્ર પણે પામવાનો મનોરથ કરી નમ્ર ભાવે દુંદુભિને (શ્રીહરિના નગારાને) નમસ્કાર કરી પૂછયું કે મને આ વ્રતની વિધિ કહો. ત્યારે દુંદુભિએ ૧૦૮ ઉપચારો વડે શ્રીલક્ષ્મીનારાયણભગવાનની પૂજા વિધિનું

વર્ણન કહી સંભળાવ્યું અને કહ્યું કે આવી રીતે અધિક સુદ એકાદશીનું વ્રત જે કરે છે તેને કંઈ કરવું શેષ રહેતું નથી. અધિકમાસ શ્રીહરિને રહેવાનું સ્થાન છે, એકાદશી શ્રીહરિના શરીરથી ઉત્પન્ન થઈ છે તથા તે એકાદશીના અધિષ્ઠાતા દેવ સ્વયં શ્રીહરિ છે. આમ આ ત્રણનો સંયોગ મહાપુણ્યમય છે તેથી સર્વેથી શ્રેષ્ઠતાને પામ્યો છે. વળી તેમાં પુરૂષોત્તમનારાયણની કૃપા પ્રાપ્ત થઈ છે તો હવે તેનાથી વધારે શું હોઈ શકે ? હે મૂર્તિ ! તમે મેં કહ્યું એ રીતે એકાદશીનું વ્રત કરો તેથી પરમાત્મા તમારો મનોરથ પૂર્ણ કરશે. ત્યારે મૂર્તિએ વિનયપૂર્વક કહ્યું કે મારી પાસે કોઈ પૂજા સામગ્રી નથી હું તો અહિં પ્રચ્છન્નરૂપે (છુપી રીતે) રહું છું તો તમે કહ્યું તેવું પૂજન હું કેવી રીતે કરી શકું ? હું શુભ જન્મ - લગ્ન અને શ્રીહરિને પુત્ર પણે મેળવવા ઈચ્છું છું પણ આવું મહાપૂજન કર્યા વિના તે કેમ સંભવે ?

આમ કહી એકાદશીનું વ્રત કરવું છે એમ વિચારતી તે બાળા ભગ્ન હૃદયવાળી થઈ રડવા લાગી. તેટલામાં ત્યાં સ્વયં કૃપા કરી નારાયણ દુંદુભિની સામે પ્રગટ થયા અને કન્યાના આંસુ લૂછીને કહેવા લાગ્યા કે હે માત ! હું તમને નમસ્કાર કરૂં છું. શોક ન કરશો. તમે પૂજનીયા છો તમને જે ઈષ્ટ હોય તે હું આપું છું. હું સદા ભાવથી સંતુષ્ટ થાઉં છું. ભાવ વિના હજારો ઉપચારો વડે મારૂં પૂજન કરે તો પણ હું સંતુષ્ટ થતો નથી અને ભક્તિભાવ વડે પત્ર-પુષ્પ કે જળ વડે મારૂં પૂજન કરે તો તે પૂજન મને સંતોષ કરનારૂં થાય છે. હે માઁ ! તમે માનસિક ૧૦૮ ઉપચારો વડે મારૂં પૂજન કરો. તે માનસી પૂજાને હું અતિ ભાવથી સ્વીકારીશ અને એકાદશીના વ્રતનું તમને ઈષ્ટ ફળ આપીશ. આમ કહી શ્રીકૃષ્ણનારાયણે મૂર્તિનાં ચરણકમળમાં માતૃભાવથી પુત્રની જેમ નમસ્કાર કર્યા ત્યારે મૂર્તિદેવી શોકનો ત્યાગ કરી પ્રસન્ન થયા અને ધીરે રહી કૃષ્ણને કહેવા લાગ્યા કે હે કૃષ્ણ ! હું લૌકિક જન્મ ઈચ્છું છું. પતિ એવા ધર્મદેવની સાથે વૈદિક લગ્ન ઈચ્છું છું અને અલૌકિક એવા તમને પુત્ર પણે પામવા ઈચ્છું છું. મારા

હૃદયમાં જે હતું તે મેં કહ્યું હવે આપની જેમ ઇચ્છા હોય તેમ કહો. ત્યારે અતિ પ્રસન્ન થયેલા શ્રીહરિ કહેવા લાગ્યા કે તમારા તે ઇષ્ટ મનોરથ હું પૂરા કરીશ એવું હું તમને વચન આપું છું. તમે પતિ એવા ધર્મદેવને પૂછીને દક્ષ પ્રજાપતિને ત્યાં જન્મ ધારણ કરો. તે દક્ષ તમારો વિવાહ ધર્મ સાથે કરાવશે. હું ભાઇ સહિત તમારા ખોળામાં બાળરૂપ ગ્રહણ કરીશ. તેથી તમો કાલે વ્રતની સમાપ્તિ કરી દક્ષની માનસી પુત્રી થાઓ. તમારા વિવાહ પછી ધર્મદેવ હિમાલયમાં નિવાસ કરશે. ત્યાં હું તમારા નર-નારાયણ-હરિ-કૃષ્ણ આમ ચાર પુત્ર રૂપે થઇશ અને સદા બ્રહ્મચર્યવ્રતને ધારણ કરી સુખ આપતા તમારા ઘરમાં રમણ કરીશ. આમ કહી ફરી નમસ્કાર કરી પુરૂષોત્તમનારાયણ અદ્રશ્ય થયા. મૂર્તિદેવીએ પણ એકાદશીનું વ્રત અને માનસ પૂજન કર્યું. બારસને દિવસે સવારે માનસી પૂજા કરી પારણા કરી ધર્મદેવની આજ્ઞા લઇ દક્ષના ઘરે ગયા અને ત્યાં માનસી પુત્રી રૂપે પ્રગટ થયા. વળી તે દક્ષે શ્રદ્ધા-મૈત્રી આદિ બીજી બાર કન્યાઓ પણ પોતાના સંકલ્પથી પ્રગટ કરી. તે તેર કન્યાઓનાં વિવાહ ધર્મ સાથે કરાવ્યા. સમય જતાં મૂર્તિ(ભક્તિ)દેવી થકી નર-નારાયણ-કૃષ્ણ-હરિ આમ ચાર રૂપે શ્રીહરિ પ્રગટ થયા.

इति ते कथितं लक्ष्मि मासे वै पुरुषोत्तमे ।।१४६।।
व्रतसंकल्पमात्रेण पूर्णे व्रतफलं भवेत् ।
किं पुनः सांगविधिना कर्तुः फलेऽवशिष्यते ।।१४७।।
तस्मादेकादशीतुल्यं व्रतं नान्यद् भविष्यति ।
शाश्वताऽक्षयसत्पुण्यप्रदं मोक्षप्रदं तथा ।।१४८।।
यथालब्धोपचारैस्तु प्रातः संकल्प्य पूजनम् ।
व्रतं चापि करिष्यन्ति तेषां गृहेष्वहं सदा ।।१४९।।

वत्स्याम्येव न सन्देहस्तद्भक्त्या वश्यतां गतः ।
सुखयिष्ये सुतो भूत्वा व्रतिनौ दम्पतीं कुलम् ॥१५०॥

હે લક્ષ્મિ ! પુરૂષોત્તમમાસમાં વ્રતના સંકલ્પ માત્રથી પૂર્ણ વ્રતનું ફળ પ્રાપ્ત થાય છે તો અંગે સહિત વિધિ પ્રમાણે વ્રત કરનારને ફળમાં શું બાકી રહે ? તેથી શાશ્વત અને અક્ષય સત્પુણ્ય પ્રદાન કરનાર તથા મોક્ષ પ્રદાન કરનાર એકાદશી તુલ્ય બીજું વ્રત નથી. જેઓ આ દિવસે પ્રાતઃકાળે સંકલ્પ કરી યથાપ્રાપ્ત ઉપચારો વડે પૂજન અને વ્રત કરશે તેઓની ભક્તિથી વશ થયેલો હું તેના પુત્ર રૂપે થઈ સદા તેના ઘરમાં નિવાસ કરીશ અને વ્રત કરનાર તે દંપતી અને કુળને સુખ આપીશ.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૨ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો ! પરબ્રહ્મ પુરૂષોત્તમ સ્વયં શ્રીકૃષ્ણે પોતાનામાંથી રાધાનું સર્જન કર્યુ. રાધા કૃષ્ણાત્મિકા શક્તિ અને ભક્તોના કર્મોને સાધનારી છે. સર્વસૃષ્ટા શ્રીકૃષ્ણની તે શક્તિ ચરાચરને ઉત્પન્ન કરનાર છે. તે રાધા ગોલોકધામમાં નિત્ય શ્રીકૃષ્ણની સેવામાં રહે છે. તેણે પોતાનાથી ઉત્પન્ન થયેલા લોકોમાં નિરંતર સર્જન માટે અન્ય રૂપ ધારણ કરવાની ઈચ્છા કરી ત્યારે એક કન્યા પ્રગટ થઈ તેનું નામ સાવિત્રી રાખ્યું. ગોલોકમાં દિવ્ય સામર્થી એ યુક્ત તે સાવિત્રી રાધા સાથે નિજમંદિરમાં રમણ કરતી અને જ્યારે રાધા કૃષ્ણની સેવામાં હોય ત્યારે તે સમાધિમાં બેસતી. આત્મસુખમાં અતિ સંમગ્ન થઈ તે પરબ્રહ્મનું ધ્યાન કરતી. એકવાર સમાધિમાં યોગાભ્યાસનાં બળથી તેણીને એ જોવાની ઈચ્છા થઈ કે બ્રહ્માનું રૂપ કેવું છે ? તેના શું ઐશ્વર્યો અને વિભૂતિઓ છે ?

આ બધું જાણવા માટે તે યોગિની પ્રાણોનો સંકોચ કરી ધીરેધીરે મૂલાધાર ચક્રમાં સ્થિત થઈ. ત્યાં શ્રીકૃષ્ણનાં અંશ સ્વરૂપ અસંખ્ય ગણેશોનાં અનંત બ્રહ્માંડોમાં સ્થિત ધામોને જોઈ ત્યાંથી તે સુંદરી સ્વાધિષ્ઠાન ચક્રમાં આવી. ત્યાં પ્રજાપતિમાં સંયમ કર્યો તેથી પરબ્રહ્મ સ્વરૂપ અસંખ્ય પ્રજાપતિઓનાં અસંખ્ય બ્રહ્માંડોમાં સ્થિત અનેક ધામોને જોઈને નાભિમાં સ્થિત મણિપુર ચક્રમાં ગઈ. ત્યાં સ્થિત સર્પિણી (કુંડલિની) માં સંયમ કરી ઉર્ધ્વમુખવાળી તે સર્પિણીમાં પ્રવેશ કરી સાવિત્રી અસંખ્ય લોકોમાં ગઈ. તે સ્થાનથી અસંખ્ય તેજોમય મહાનાડીઓ નીકળે છે અને ભિન્ન ભિન્ન લોકોમાં જાય છે. જે જે નાડી જે જે સ્થળે જાય છે તે તે માર્ગે જઈ ઘણા લોકોની દિવ્ય ભૂમિઓ અને બ્રહ્માંડની વિભૂતિઓને જોઈ સાવિત્રી ફરી મણિપુર ચક્રમાં આવી ત્યાંથી હૃદયમાં સ્થિત અનાહત ચક્રમાં ગઈ. ત્યાં પ્રણવનું શ્રવણ કરી અંતરાત્મારૂપ બ્રહ્મમાં સંયમ કરી ઈશ્વરોનાં લોકમાં સ્થિત

દિવ્ય ભૂમિઓને જોઈ ફરી ત્યાં અનાહત ચક્રમાં પાછી આવી. પછી તેનાથી ઉર્ધ્વમાં કંઠમાં સ્થિત વિશુદ્ધચક્રમાં આવી. ત્યાં ચર્તુવ્યુહમાં સંયમ કરી તેઓના ધામની રચના અને વિભૂતિઓને જોઈ ફરી કંઠ પ્રદેશમાં આવી. ત્યાંથી ઉર્ધ્વ ભ્રુકુટિમાં સ્થિત આજ્ઞાચક્રમાં ગઈ ત્યાં સંયમ કરવાથી પરબ્રહ્માત્મક સાક્ષાત બ્રહ્માનાં દર્શન થયા. સર્વલોકનાં ગુરૂ અને પ્રજાનાં પિતામહ એવા તે બ્રહ્માનાં અંકમાં સાવિત્રીને જોઈ આ બ્રહ્માની પત્ની છે એમ નિશ્ચય કરી તે અતિ આનંદ પામી વળી ક્ષણવારમાં વિચારવા લાગી કે હું તો ગોલોકવાસિની છું તે બ્રહ્માનાં અંકમાં સ્થિત જે મારૂં રૂપ છે તે ક્યાંથી આવ્યુ ? આ વાત તે સાવિત્રીને પુછું. એમ વિચારી પૂછવા માટે જયાં આગળ જાય ત્યાં તે પિતામહી દ્વારા આકર્ષાયેલી સાવિત્રી અંર્તધાન થઈ ગઈ અને સમાધિમાંથી બહાર આવી ગઈ. ગોલોકમાં સ્થિત સાવિત્રી કોણ છે અને બ્રહ્માનાં અંકમાં સ્થિત સાવિત્રી કોણ હતી ? તેનો નિશ્ચય કરવા તે રાધા પાસે આવી અને રાધાને સર્વવૃત્તાંત નિવેદીત કર્યુ તે સાંભળી રાધાએ કહ્યું કે હે કન્યે ! જગતને ઉત્પન્ન કરનારી જે માયાશક્તિ છે તે હું અને તું છો. તું બ્રહ્મા માટે નિર્મિત થયેલી બ્રહ્મપત્ની અને નિત્ય જગત્ પિતામહી અનાદિકાળથી છો અને દરેક બ્રહ્માએ તું અલગ અલગ સાવિત્રી રૂપે થાય છે. હવે તે દેવની આરાધના કર તેથી તું બ્રહ્માને પામીશ. રાધિકાના આવા વચનો સાંભળી સાવિત્રી બ્રહ્માની પ્રાપ્તિ વિષે વિચારવા લાગી તેટલામાં ત્યાં બારસનાં પ્રાતઃકાળે દેવોનાં પણ દેવ પુરૂષોત્તમનારાયણનાં કૃપાવાક્યોની ઉદ્‌ઘોષણા કરતા દુંદુભિનાં નાદને સાંભળ્યો કે હે દેવીઓ ! અધિકમાસનું વ્રત કરો. તે મનોકામના પુરૂ કરનાર છે. હૃદયમાં, બહાર, લોકમાં કે લોકાન્તરમાં પણ જે જોયું હોય તે પુરૂષોત્તમનારાયણ અધિકમાસનાં એક દિવાસનાં વ્રત માત્રથી આપે છે.વળી આજે હરિવાસર (બારસ) અને ત્રિસ્પૃશાનું વ્રત છે તેથી આ વ્રત અનંતગણા પુણ્યને પ્રદાન કરનાર છે. અધિકમાસની સુદ પક્ષની આ બારસનાં દિવસે

એકવાર જમીને, નક્ત ભોજન કરીને, ફળાહાર કરીને, માત્ર દુધપાન કરીને, માત્ર જળપાન કરીને, માત્ર તલ ખાઈને, માત્ર શાક ખાઈને કે માત્ર પાંદડાઓ ખાઈને વ્રત કરીને શાશ્વત ફળને પામો. અક્ષર, ગોલોક, વૈકુંઠ, અમૃતપદ, અવ્યાકૃતધામ, કૈલાસ, બીજા દેવતાઓ કે ઈશ્વરોના લોકો અથવા પતિ, પત્ની, પુત્ર, સુખ, સંપદા કે

आरोग्यं च धनं धान्यं रसायनं च कायिकम् ।
यद्यदिच्छेद् व्रती त्वद्य द्वादश्यां हरिवासरे ।।५८।।
तत्सर्वं प्रददाम्यस्मै वदामि पुरुषोत्तमः ।

આરોગ્ય, ધન, ધાન્ય કે શરીરને પુનર્નવીન કરનાર રસાયણ વિગેરે જે જે ઈચ્છિત હોય તે તે આજે બારસનું વ્રત કરનાર વ્રતીને હું આપીશ એમ પુરૂષોત્તમનારાયણ કહું છું. આજનાં દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી મારૂં ધ્યાન કરી, મારી મૂર્તિમાં મારૂં આવાહન કરી ષોડષોપચારથી પૂજન કરી ફરી નમસ્કાર કરી પોતાની જે મનોકામના હોય તે નિવેદિત કરી પ્રાર્થના કરવી કે હે ભગવાન ! મારૂં આ વ્રત તમારા પૂજનથી પૂર્ણતાને પામો. વળી ક્ષમા યાચના કરવી કે હે નાથ ! તમને પ્રિય પૂજનનાં ક્રમ-અક્રમને હું જાણતો નથી. યથાબુદ્ધિ પ્રેમપૂર્વક મેં આપનું પૂજન કર્યુ છે એમાં ન્યૂનતા રહી હોય તો ક્ષમા કરો. હે પ્રભો ! આપ અધિકમાસનાં દેવ છો. આ માસનું વ્રત કરનારને અધિક ફળ આપનારા છો તો અધિક સુદ બારસનાં આ વ્રતથી મારી મનોકામના પૂર્ણ કરનારા થાઓ. આમ પ્રાર્થના કરી ભગવાન સમક્ષ નૃત્ય-ગાયન કરી વિસર્જન કરવું. આવી રીતે સવાર બપોર સાંજ ત્રણેય સમય પૂજન કરી શ્રીહરિને વિસર્જિત કરવા. આવી રીતે વ્રત કરનાર નર-નારી-કુમારી-કુમાર-દેવી-દેવતા-ઋષિ-મુનિ-ઈશ્વર-અસુર કે જે કોઈ પણ હશે અને તે જે ઈચ્છા રાખશે તે પામશે તેમાં સંશય નથી. આ દિવસે યથાશક્તિ મારૂં પૂજન કરવું. જો બાલ્ય ઉપચારો

ઉપલબ્ધ થાય તેમ ના હોય તો ભાવ અને પ્રેમ વડે માનસિક પૂજન કરવું. તેનાથી સંતુષ્ટ થઈ હું પરમેશ્વર કૃપા વરસાવનારો થઈશ.

न भूतो न भविष्यामि यथाऽद्य वृष्टिकृत्तथा ।
तस्मान्मे कृपया भक्ताः कृत्वा किञ्चिदथो व्रतम् ॥७६॥
लभन्तां शाश्वतं पुण्यं सुखं लोकं च हृद्गतम् ।
इति श्रुत्वा तु सावित्री जहर्ष चाति सुन्दरी ॥७७॥

આજે હું જેવી કૃપાવૃષ્ટિ કરૂં છું તેવી ભૂતકાળમાં મેં ક્યારેય કરી નથી અને ભવિષ્યમાં પણ ક્યારેય નહિ કરૂં આથી કિંચિત માત્ર વ્રત કરીને શાશ્વતપદ, પુણ્ય, સુખ, ઈશ્વરોના લોક અથવા હૃદયમાં સ્થિત ઈચ્છાને પામનારા થાઓ. શ્રીહરિની આવી ઉદ્‌ઘોષણા સાંભળીને સુંદરી સાવિત્રી અતિ હર્ષને પામી અને દુંદુભિને પ્રણામ કરી કહેવા લાગી કે હે શ્રીહરિના પાર્ષદ ! સમાધિમાં મેં જગત્સૃષ્ટા બ્રહ્માનાં દર્શન કર્યા છે. મને તેને પામવાની ઈચ્છા છે પણ આ શરીર વડે મને એમની પ્રાપ્તિ દુર્લભ છે કારણકે મારૂં આ શરીર નિત્ય ગોલોકધામની વિભૂતિનું છે અને બ્રહ્માનું શરીર વૈરાજાત્મક છે તેથી મને બ્રહ્માનો યોગ જે શરીર વડે જેવી રીતે થાય? તે કહો, હું આ અધિક સુદ બારસનું વ્રત કરીશ.

આ સાંભળી દુંદુંભિએ કહ્યું કે હે કન્યા ! તું પુરૂષોત્તમનારાયણ, લક્ષ્મી, બ્રહ્મા અને સાવિત્રીની સુવર્ણની મૂર્તિઓ બનાવી પૂજન કરી તેનું દાન કર તેથી પ્રસન્ન થયેલા પુરૂષોત્તમ-શ્રીકૃષ્ણ તારો મનોરથ પૂર્ણ કરનાર થશે. આ સાંભળી સાવિત્રીએ દુંદુંભિએ જેવી રીતે કહ્યું હતું તેવી રીતે અધિક સુદ બારસનું વ્રત અને પૂજન પ્રાતઃ કાળે કર્યુ તેથી પ્રસન્ન થયેલા શ્રીહરિ સાવિત્રી સામે પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે હે કલ્યાણી ! માંગો, તમારા મનમાં શું ઈચ્છા છે ? ત્યારે સાવિત્રીએ કહ્યું કે મને બ્રહ્માનો યોગ આપો ત્યારે શ્રીકૃષ્ણ નારાયણે કહ્યું કે આંખો બંધ કરી એક

ક્ષણવાર મારૂં ધ્યાન કર તેથી તને ઇચ્છિત ફળ મળશે. આમ કહી શ્રીહરિ અદ્રશ્ય થયા. સાવિત્રીએ મધ્યાહ્‌ને અને સાયંકાળે આવી જ રીતે પૂજન કર્યુ તથા જાગરણ કરી હિંડોળામાં શ્રીહરિ-લક્ષ્મી તથા બ્રહ્મા – સાવિત્રીને ઝુલાવ્યા ત્યારે ફરી પુરૂષોત્તમનારાયણે પ્રગટ થઇ કહ્યું કે હે દેવિ ! પુષ્પાંજલિ અર્ઘ્ય તથા ફળ અર્પણ કરી વિસર્જન કર તેથી હું અક્ષરધામમાં જઇશ અને તું સૂક્ષ્મરૂપ ધારણ કરી વૈરાજમાં પ્રવેશ કર અને તેમના નાભિકમળમાંથી વૈરાજની માનસ પુત્રી રૂપે પ્રગટ થા. જન્મથી જ યુવતી એવી તને વૈરાજ બ્રહ્માને પરણાવશે. હે કલ્યાણિ ! તું જા તારૂં મંગળ થાઓ અને તને નિત્ય સૌભાગ્ય પ્રાપ્ત થાઓ.

આમ કહી પુરૂષોત્તમનારાયણ અદ્રશ્ય થયા. પછી સાવિત્રીએ શ્રીહરિના કહ્યા પ્રમાણે પુષ્પાંજલિ અર્ઘ્ય અને શ્રીફળ અર્પણ કરી વિસર્જન કર્યુ અને તે મૂર્તિઓ ગોલોકધામ નિવાસી પત્નીવ્રત નામના ગુરૂને દાનમાં આપી ત્યારે ગુરૂએ આશીર્વાદ આપ્યો કે તું બ્રહ્માની પત્ની અને જગત્પ્રસવિત્રી થા. ત્યાર પછી સાવિત્રી રાધા અને કૃષ્ણને પ્રણામ કરી અદ્રશ્ય થઇ. વૈરાજમાં પ્રવેશ કરી નાભિનાળમાં આવી, પ્રસવ પામી કન્યા રૂપે થઇ. જન્મથી જ યુવતી એવી તેને બ્રહ્મા માટે જ ઉત્પન્ન થયેલી જાણી વિરાટનારાયણે વિધિપૂર્વક બ્રહ્માને પરણાવી. આમ સાવિત્રી બ્રહ્માને પતિરૂપે પામી પૂર્ણ મનોરથવાળી તથા જગત્માતા થઇ. હે લક્ષ્મિ ! આમ મેં તને અધિક સુદ બારસના વ્રતના પ્રભાવે સાવિત્રી તેની ઇષ્ટ કામના પૂર્ણ કરી જેવી રીતે બ્રહ્માના પત્ની થયા તે કથા કહી.

❖❖❖❖❖❖

❖ અધ્યાય-૧૩ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! પૂર્વે આદિ સત્યયુગમાં બ્રહ્માએ સૃષ્ટિ માટે ઐશ્વર્ય-બળ-તેજથી સમન્વિત સનક-સનંદ-સનાતન અને સનત નામના ચાર બાળકોનું માનસ સર્જન કર્યુ. તેઓના દાંપત્ય માટે તેમના જેવી જ ઐશ્વર્ય બળ તેજથી યુક્ત એવી જયા-લલિતા-પાર્વતિ અને પ્રભા નામની ચાર બાળાઓનું પણ માનસ સર્જન કર્યુ. જન્મતાની સાથે જ જ્ઞાનવાન એવા સનકાદિક તથા જયા આદિક બાળઓને જોઈ અત્યંત પ્રસન્ન થયેલા બ્રહ્મા સૃષ્ટિ કાર્યમાં એમને જોડવા માટે કહેવા લાગ્યા કે - સનક તું જયા ને ગ્રહણ કર, સનંદ તું લલિતાને ગ્રહણ કર, સનાતન તું પાર્વતિને ગ્રહણ કર અને સનત તું પ્રભાને ગ્રહણ કર. તમો ચારે યુગલરૂપ થઈ યુગલરૂપિણી માનસી સૃષ્ટિનું સર્જન કરો. આવી ગૃહસ્થ ધર્મની પરંપરા ગોલોક અને વૈકુંઠથી પ્રાપ્ત થયેલી છે. અમો ઈશ્વરોએ પણ શ્રીકૃષ્ણની આજ્ઞાથી આ ગૃહસ્થ ધર્મ આદરપૂર્વક ગ્રહણ કર્યો છે. હે પુત્રો ! તમો પણ પિતાને સમ્મત એવા ગૃહસ્થના ધર્મોનું પાલન કરી સુખી થાઓ. તમારા પર સૃષ્ટિ કાર્યનો ભાર નિયોજિત કરી હું કૃતાર્થ અને થોડીવાર સૃષ્ટિભારથી રહિત થઈશ. સદગૃહસ્થના વંશમાં સદા તારનારા પુત્રો થાય છે. સદગૃહસ્થધર્મમાં નારી સુખ દેનારી થાય છે. વળી ગૃહસ્થધર્મમાં યજ્ઞ,યાગ,અતિથિપૂજન,દેવપૂજન,સાધુપૂજન,ધર્મ,અર્થ,કામ અને અંતે શાશ્વત પુરૂષાર્થ એવા મોક્ષની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થ ધર્મ વિના માયાનાં દોષોની નિવૃત્તિ થતી નથી. વળી ગૃહસ્થાશ્રમ વિના બાલ્યાવસ્થામાં કે યુવાવસ્થામાં વિષયોથી વિરામ પમાડનાર જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેથી ભોગોનું ગ્રહણ કરી મનને શાંત કરવું. પ્રશાંત મનવાળાને જ શાશ્વત મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી હે પુત્રો તમો સૃષ્ટિકાર્ય કરો. પિતાશ્રી બ્રહ્માના આવા વચનો સાંભળીને પૂર્વથી જ જ્ઞાની યોગી તથા બ્રહ્મવેત્તા એવા

સનકાદિકોએ પિતાને કહ્યું કે કર્મથી મોક્ષ થતો નથી. કર્મથી બંધન થાય છે. તેમાં પણ ગૃહસ્થના કાર્યો બંધન કરે જ છે. નારીધર્મ પણ નિવૃત્તિનો કારણ થતો નથી. કર્મ પછી કર્મ, ફરી કર્મ એમ રાગથી કર્મ થયા જ કરે છે. ધર્મ અર્થ અને કામ ક્યારેય અંતવાન હોતા નથી.

विना ज्ञानं पितस्तस्माद् गृहधर्मो भयावहः ।।२४।।

હે પિતા ! તેથી જ્ઞાન વિના ગૃહસ્થ ધર્મ ભયાવહ છે. જેમ તમે ગૃહસ્થ ધર્મનો ભાર છોડવા ઈચ્છો છો તેમ અમે પણ તેને વહન કરવા ઈચ્છતા નથી. વળી તમો એ કહ્યું કે પુત્રો તારનારા કહ્યા છે. તે તારક જ્ઞાન જ છે. તેથી કર્મી એવા ગૃહસ્થોને સુત પુત્રરૂપ છે પરંતુ જ્ઞાનીઓ અને યોગીઓને જ્ઞાન જ પુત્રરૂપ છે. બ્રહ્મમાર્ગનો ઉપદેશ કરનારા અને બ્રહ્મલોકના નિવાસી એવા અમે નાશવંત વંશને માટે ગૃહસ્થ ધર્મ અંગિકાર નહી કરીએ. વળી સ્ત્રીનો સંસર્ગ બહારથી રમણીય લાગે છે પરંતુ પરિણામે અંતરમાં દુઃખ પેદા કરનાર છે. કયો તત્વજ્ઞ પુરૂષ અંતરસુખનો ત્યાગ કરી તેને સેવે?

आत्मसुखं परं प्रोक्तं तदन्यत्सुखमन्तकृत् ।।२९।।

આત્મસુખને જ પરમ સુખ કહ્યું છે તે વિનાના બીજા સુખો અંતે દુઃખ કરનારા છે. હે પિતામહ ! તમે જે ગૃહસ્થધર્મમાં યજ્ઞ યાગ ઈત્યાદિક કહ્યાં તે બ્રહ્મના આરાધનરૂપ કાર્યના સમાન ક્યારેય થતાં નથી. બ્રહ્મનું આરાધન કરનારને દેવપૂજા, અતિથિસત્કાર તથા સાધુપૂજન વગેરે થઈ જ ગયેલ છે. હે પિતા ! બ્રહ્મ વિજ્ઞાનનું દાન કરવાથી જે સ્વર્ગ મળે છે તે શાશ્વત અને પરમપદ છે. તૃષ્ણાવાનને કાળધર્મ છે, આત્મારામને ક્યારેય કાળધર્મ હોતો નથી. અન્ન જળ અને વસ્ત્ર સિવાય જે બીજા કોઈ વિષયોથી પ્રયોજન રાખતો નથી તેને મોક્ષ હથેળીમાં જ સ્થિત છે. જેને બાલ્યાવસ્થા નથી, યૌવન આવતું નથી અને સર્વદા આત્મામાં જ જે વિરામ કરે છે, તેને સદેહે મોક્ષ છે. તેને સદા મુક્ત કહેવાયા છે. આથી અમો સૃષ્ટિ કાર્ય માટે

અયોગ્ય છીએ. બ્રહ્માધિકારી એવા અમે બીજાને પણ નિર્દ્વન્દ્વ અને માયા રહિત કરીશું. આ પિતાઓના પણ પિતામહ એવા પુરૂષોત્તમનારાયણનો ધર્મ છે. તેનું પાલન કરી તે જ પુરૂષોત્તમનારાયણને પ્રાપ્ત કરીશું. જે કાર્ય ગૃહસ્થધર્મ કર્યા પછી કરવાનું છે તે અત્યારે જ કરીએ. અમારે તો તમારા અનુગ્રહથી મોક્ષ સાધક એવો આત્મસંયમ સદા રહે છે તેથી બાલ્યકાળથી જ મોક્ષ માર્ગમાં વર્તીશું. અમારા મોક્ષમાં તમારો મોક્ષ થશે તેમાં સંશય નથી. અમે તારનારા યથાર્થ પુત્રો થઈશું. આ કન્યાઓ પણ યોગિનીઓ અને જ્ઞાન-વિજ્ઞાનની મૂર્તિઓ છે. તેવો અલ્પકાળમાં જ પરબ્રહ્મને પ્રાપ્ત કરશે તેથી તેઓનો શોક કરશો નહી.

આમ કહી સનકાદિકો વૈકુંઠમાં ગયા. જયા, લલિતા, પાર્વતિ અને પ્રભા પણ અધ્યાત્મયોગથી સંપન્ન થઈ પુરૂષોત્તમનારાયણનું સ્મરણ કરવા લાગી અને "ૐ શ્રીકૃષ્ણનારાયણાય તે નમઃ" આ મંત્રનો જપ કરવા લાગી. આમ રહેતી તેઓએ સત્યલોકમાં અધિક સુદ તેરસનાં દિવસે પ્રાતઃકાળે કૃપામયી દુંદુભિની ઘોષણા સાંભળી કે બ્રહ્મને પામેલી, બ્રહ્મવિયોગિની, કુમારી, વિવાહ યોગ્યા, વિરાગિણી, સુભગા, સુવાસિની, વિધવા, અનાથા, સનાથા એવી જે કોઈ પણ પ્રકારની સ્ત્રીઓ આ ત્રયોદશીનું વ્રત કરશે તેઓને શ્રીકૃષ્ણ એવો હું તેમનું અભિષ્ટ આપનારો થઈશ.

अधिमासे ऽत्र यस्यै यन्नवं नवमपेक्ष्यते ।
अगम्यं वा सुगम्यं वा लभ्यं चालभ्यमित्यपि ।।५५।।
पुण्यलभ्यं द्रव्यलभ्यं लभ्यं यत्साधनैरपि ।
अतर्क्यं वा प्रतर्क्यं वा शाश्वतं चाऽध्रुवं तथा ।।५६।।
भोग्यं चाऽभोग्यमेवाऽन्यद् यद्यद् वाञ्चछति या हृदि ।
तत्तत्सर्वं प्रदास्ये ऽहं प्रसन्नः पुरुषोत्तमः ।।५७।।

આ અધિકમાસમાં (વ્રત કરનારને) આગમ્ય, સુગમ્ય, સુલભ, દુર્લભ, પુણ્યથી પ્રાપ્ત થાય એવું, દ્રવ્યથી પ્રાપ્ત થાય એવું, સાધનોથી

પ્રાપ્ત થાય એવું,તર્ક રહિત, અત્યંત તર્કવાળુ, શાશ્વત, નાશવંત, ભોગ્ય, અભોગ્ય કે અન્ય જે જે ઇચ્છાઓ હૃદયમાં હશે તે સર્વસ્વ પ્રસન્ન થયેલો પુરૂષોત્તમનારાયણ હું પ્રદાન કરનારો થઈશ. અધિક સુદ તેરસના દિવસે એકટાણું કરી, સંધ્યા પછી ભોજન કરી કે ફળાહાર કરી વ્રત કરવું અને શ્રદ્ધાપૂર્વક એકસો આઠ, છપ્પન, બત્રીસ કે ષોડશપોચાર વડે મારૂં પૂજન કરવું. સમયોચિત પ્રાપ્ત થયેલા પત્ર, પુષ્પ, જળ, અન્ન ઇત્યાદિ વડે અથવા માનસિક ઉપચારો વડે પણ જે મારૂં પૂજન કરશે તેનો મનોરથ હું પૂર્ણ કરનારો થઈશ.

मा संकोचं प्रकुर्वन्तु वदन्तु धारयन्तु च ।
संकल्पयन्तु हृदये वितरिष्याम्यधिव्रते ।।६५।।

કહો, મનમાં ધારી લો અથવા હૃદયમાં સંકલ્પ કરી લો, સંકોચ કરશો નહી. આ અધિકમાસમાં વ્રત કરી મારૂં પૂજન કરનારને હું સર્વસ્વ આપનાર થઈશ. તેરસનાં પ્રાતઃકાળે આવો દુંદુભિનો નાદ સાંભળી જયા-લલીતા-પાર્વતી અને પ્રભા ત્યાં આવી અને દુંદુભિને પ્રણામ કરીને પૂછવા લાગી કે તમે શું આપો છો ? ત્યારે દુંદુભિએ કહ્યું કે પુરૂષોત્તમનારાયણ કહે છે કે અધિક સુદ ત્રયોદશીવ્રતના મૂલ્યે શ્રીકૃષ્ણનારાયણને પતિ રૂપે તથા તેની સંપત્તિ અને અક્ષરધામને પણ આ સ્વલ્પ એવું વ્રત કરી પ્રાપ્ત કરી શકાય છે. વળી સ્વર્ગ, વૈરાજપદ, ધ્રુવપદ, ગોલોક અને વૈકુંઠ પણ આપું છું. તમે આ વ્રતનાં ફળ રૂપે શું ઇચ્છો છો ? ત્યારે તેઓએ કહ્યું કે અમો જન્મથી સંસ્કાર રહિત છીએ, શ્રીકૃષ્ણનારાયણ અમારી સાથે વિવાહ સંસ્કાર કરી અમોને પોતાની દાસી બનાવી પોતાની સાથે પોતાના ધામમાં લઈ જાય તેવું આ વ્રતથી ઇચ્છીએ છીએ. ત્યારે દુંદુભિએ કહ્યું કે પ્રાતઃકાળે સ્નાન કરી સુવર્ણની પુરૂષોત્તમનારાયણની પ્રતિમા કરી યથાલબ્ધ ઉપચારો વડે તેમનું પૂજન કરો તેથી તમો શ્રીકૃષ્ણનારાયણને યોગ્ય દિવ્ય શરીરવાળી થશો. આમ કહી દુંદુભિ ત્યાંથી અન્ય સ્થાન પર ગયા. જયા-લલિતા-

પાર્વતી અને પ્રભાએ પણ સ્નાન કરી ઘરે જઈ ઉત્તમ મંડપની રચના કરી તેના મધ્યમાં સિંહાસનમાં સુવર્ણમય શ્રીહરિની પ્રતિમાનું સ્થાપન કરી ષોડશોપચાર વડે પૂજન કરી પ્રાર્થના કરી કે હે દેવદેવ ! હે હરે ! હે કૃષ્ણનારાયણ ! હે જગત્પ્રભો ! અમોને તમારી દાસી કરો. આમ સંકલ્પ કરી ગદ્‌ગદ્‌ કંઠે પુષ્પાંજલિ અર્પણ કરી. વળી મધ્યાન્હે આવી રીતનું જ પૂજન કરી શ્રીહરિને જમાડયા અને સાંજે પણ આવી રીતે જ પૂજા અર્ચના કરી શ્રીહરિની આરતિ કરી મિષ્ટ ભોજનથી શ્રીહરિને તૃપ્ત કર્યા. રાત્રીએ તેઓ નક્ત ભોજન કરી, જાગરણ કરી શ્રીહરિની સામે તાલિકા ધ્વનિની સાથે નૃત્ય કરવા લાગી અને મધુર ગીત ગાવા લાગી. તે સમયે જ શ્રીકૃષ્ણનારાયણ ત્યાં ચાર સ્વરૂપે પ્રગટ થયા અને તેઓએ અર્પણ કરેલ વરમાળા સ્વીકારી પ્રસન્નતાપૂર્વક વારંવાર તેઓને આલિંગન આપ્યું. આમ અગમ્ય, અતર્ક્ય, અવર્ણ્ય અને અભૂતપૂર્વ સુખ તેઓને આપી શીઘ્ર જ ગરૂડ ઉપર બેસાડી બ્રહ્મા પાસે આવ્યા. બ્રહ્માએ પણ તે ચાર કન્યાઓના વિવાહ વિધિપૂર્વક નારાયણ સાથે કરાવી ચારે કન્યાઓ નારાયણને અર્પિત કરી. ત્યારપછી શ્રીકૃષ્ણનારાયણ તે પોતાની પત્નીઓ સાથે અક્ષરધામમાં આવ્યા. જયા-લલિતા-પાર્વતિ અને પ્રભા આવી રીતે અધિકમાસમાં સુદ તેરસનું વ્રત કરી દિવ્યા અને શ્રીહરિની પત્નીઓ થઈ નિત્ય અક્ષરધામમાં આનંદ કરે છે. આમ અલ્પ એવા આ વ્રતનું પણ નિત્ય દિવ્ય અને અનંત ફળ થાય છે.

શ્રોષ્યન્તીમં પઠિષ્યન્ત્યધ્યાયં યે કૃષ્ણમાનસાઃ ।
તેષામપિ ફલં તદ્વદ્‌ ભવિષ્યતિ ન સંશયઃ ।। ૯૬ ।।

શ્રીકૃષ્ણનારાયણમાં મન રાખી જેઓ આ અધ્યાયને વાંચશે કે સાંભળશે તેઓને પણ તેવું જ ફળ થશે. તેમાં સંશય નથી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૪ ❖

શ્રીનારાયણ બોલ્યાઃ હે લક્ષ્મિ સાંભળો ! અક્ષરધામનાં સીમમાં જે વૈકુંઠલોક છે ત્યાં કલ્પવૃક્ષની પુત્રી શ્રી, દિવ્યવિભૂતિની પુત્રી માણિકી તથા ક્ષીરસાગરની પુત્રી લક્ષ્મી આ ત્રણે કુમારિકાઓ બ્રહ્મયોગિનીઓ અને શ્રીહરિમાં ભક્તિવાળી હતી. તેઓ નિત્યે શ્રીકૃષ્ણનારાયણની પ્રતિમાનું સેવન-પૂજન-ધ્યાન કરતી. તેમની ધ્યાન સેવાદિ જોઈને વારંવાર પ્રસન્ન થયેલા કલ્પવૃક્ષ, દિવ્યવિભૂતિ તથા ક્ષીરસાગરે આર્શિવાદ આપ્યા કે અનંત ધામોમાં શ્રીકૃષ્ણનારાયણની અનેક પત્નિઓ છે,તમો પણ પરબ્રહ્મપ્રિયાઓ, રાજાધિરાજરૂપિણીઓ થાઓ કે જેનાથી પર કોઈ નથી. આમ પિતાઓના આર્શિવાદ પામેલી તેઓ અધિક સુદ ચૌદસનાં દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી શ્રીહરિનું ધ્યાન કરી સુશોભિત મંડપ બનાવી તેના મધ્યમાં રમણીય સિંહાસન પર શ્રીકૃષ્ણનારાયણની સ્થાપના કરી તેમનું ષોડષોપચાર વડે પૂજન કરતી હતી. વળી મધ્યાહ્ન સમયે શ્રી કલ્પવૃક્ષથી અત્યંત રસદાર, મિષ્ટ અને ઉત્તમ ફળો લાવી શ્રીહરિને અર્પણ કરતી હતી. માણિકી વિવિધ જાતનાં રત્નોનાં હાર શ્રીહરિને અર્પણ કરતી હતી અને લક્ષ્મિ વિવિધ પ્રકારનાં ભોજનો અને પેય પદાર્થો ભાવપૂર્વક શ્રીહરિને અર્પણ કરતી હતી. શ્રીકૃષ્ણનારાયણ પણ ભાવથી અર્પણ કરેલા તે તે પદાર્થોને પ્રેમપૂર્વક અંગિકાર કરતા હતા. પૂજન પછીનાં તે સમયમાં તેઓએ શ્રીકૃષ્ણનારાયણનાં દુંદુભિનો નાદ સાંભળ્યો કે મારૂં પૂજન કરો, મારી આરાધના કરો અને મને કાંઈક અર્પણ કરી મારા ધામને પામો.

पुरुषोत्तमसंज्ञोऽहं ब्रह्मधामाधिपः पुमान् ।
अधिमासाधिदेवोऽहं वदामि तद् ददामि वै ।।६०।।

અક્ષરધામનો અધિપતિ પુરૂષોત્તમસંજ્ઞક હું અધિકમાસનો અધિપતિ છું અને જે કહું છું તે નિશ્ચે જ આપું છું. ગોલોક કે વૈકુંઠમાં સ્થિત સ્ત્રીઓ

પણ અધિકમાસની ચૌદસનાં દિવસે જો વ્રત કરશે તો તેઓ પણ મનોવાંછિત ફળને પામશે. વળી અન્ય ધામવાસિનીઓ પણ જો આ વ્રત કરશે તો તે પણ મારા પરમધામને પામશે કે જ્યાં હું પુરૂષોત્તમનારાયણ નિત્ય નિવાસ કરૂં છું. મારા સમાન કે મારાથી અધિક ક્યારેય કોઈ થયો નથી અને થશે પણ નહી. વળી મારા ધામનાં સમાન પણ ક્યારેય કોઈ ધામ થયું નથી અને થશે પણ નહી. મનુષ્ય સ્ત્રીઓ મારી આરાધના કરી દેવીઓ થાય છે, દેવીઓ મારી આરાધના કરી ઋષિણીઓ થાય છે, ઋષિણીઓ મારી આરાધના કરી ઈશ્વરાણીઓ થાય છે, ઈશ્વરાણીઓ મારી આરાધના કરી નારાયણીઓ થાય છે, નારાયણીઓ મારી આરાધના કરી ગોપીઓ થાય છે, અને ગોપીઓ મારી આરાધાના કરી મારા ધામની નિત્યમુક્તાનિકાઓ થાય છે.

चतुर्दश्यामधिमासे व्रतं श्रीपुरुषोत्तमे ।
कृतं येनाऽर्जितं तेन मामकं सर्वमेव हि ।।७३।।
वच्मि वच्मि पुनर्वच्मि ह्यागच्छन्तु मया सह ।
भवने त्वक्षरे मे वै निवसन्तु मया सह ।।७४।।
तुष्टोऽस्मि गर्जनां कृत्वा कथयामि पुनः पुनः ।
अधिमासे चतुर्दश्यां यान्तु व्रतेन मद्गृहम् ।।७५।।

પુરૂષોત્તમ એવા અધિકમાસની ચૌદસના દિવસે જેણે વ્રત કર્યુ છે તેણે મારૂં સર્વસ્વ પ્રાપ્ત કરી લીધું છે. કહું છું, કહું છું ફરી કહું છું કે મારી સાથે મારા અક્ષરધામમાં આવો અને મારી સાથે નિવાસ કરીને રહો. હું સંતુષ્ટ થઈ ગર્જનાઓ કરી ફરી ફરી કહું છું કે અધિકમાસની ચૌદસનું વ્રત કરી મારા ધામને પામો.

શ્રીકૃષ્ણનારાયણનાં દુંદુભિનો આવો નાદ સાંભળી આનંદ સાથે સત્વરે તે ત્રણે કન્યાઓ ત્યાં આવી અને વારંવાર નમસ્કાર કરી દુંદુભિને કહેવા લાગી કે અમો નારાયણનાં આ મહાસુખમય વૈકુંઠલોકમાં નિવાસ

કરીએ છીએ પરંતુ પુરૂષોત્તમનારાયણ જો અતિ શ્રેષ્ઠ સૌભાગ્ય પ્રદાન કરતા હોય તો અમે કન્યાઓ આજે તેમનું અર્ચન કરી અધિક સુદ ચૌદસનું વ્રત કરીએ. અમને અક્ષરાધિપતિ શ્રીકૃષ્ણનારાયણ ક્યારે મળશે અને ક્યારે સાથે લઈ જશે ? આ સાંભળી દુંદુભિએ કહ્યું કે રાત્રિએ પૂજન પછી જાગરણ કરજો તેમાં પરમાત્મા જનાર્દનની સ્તુતિ કરજો તેથી તેઓ પધારશે અને તમારા મનોરથો સફળ થશે. આમ કહી અક્ષતપુષ્પો વડે પૂજાયેલા દુંદુભિ અન્ય સ્થાને ગયા અને ત્રણે કન્યાઓએ પ્રતિદિનની જેમ રાત્રિએ પણ શ્રીકૃષ્ણનું પૂજન કરી જાગરણ કર્યુ. તેમાં શ્રીહરિ સમક્ષ લક્ષ્મિએ ગાયન, માણિકીએ વાદન અને શ્રીએ નર્તન કર્યુ અને ભાવપૂર્વક સ્તુતિ કરી કે હે કૃપાનાથ ! હે કૃષ્ણનારાયણ ! હે પ્રભો ! અમારો હાથ ગ્રહણ કરો અને ક્યારેય મુકશો નહિ. અમારી વરમાળાનો સ્વીકાર કરી અમને તમારી પત્નીઓ કરો. આમ સ્તુતિ કરી વિરામ પામી તેટલામાં ભગવાન શ્રીકૃષ્ણનારાયણ શ્વેત હાથીયુક્ત વિમાન લઈ ચિદાકાશમાં પ્રગટ થયા.

કન્યાઓને આશ્વાસન આપી કલ્પવૃક્ષ, દિવ્યવિભૂતિ અને ક્ષીરસાગરને નમસ્કાર કર્યા. તેઓએ વિધિપૂર્વક શ્રીહરિ સાથે ત્રણે કન્યાઓના વિવાહ કરાવ્યા અને શ્રીકૃષ્ણનારાયણને પ્રાર્થના કરી કે હે કેશવ ! અમને આ કન્યઓનો વિયોગ ના થાય તેવું કરો. ત્યારે પુરૂષોત્તમનારાયણે શ્રી, લક્ષ્મિ અને માણિકીનાં બે બે રૂપ કરી તેના છાયારૂપ પિતાઓને સોંપી, દિવ્યરૂપધારી તે ત્રણે કન્યાઓને પત્નીરૂપે સ્વીકારી વિમાનમાં બેસાડી દિવ્ય અક્ષરધામમાં પધાર્યા. આમ અધિક સુદ ચૌદસનું વ્રત કરી શ્રી, લક્ષ્મિ અને માણિકી શાશ્વત શ્રીહરિના ધામમાં શ્રીહરિની પત્નીઓ થઈ. તો અન્ય શું દુર્લભ હોઈ શકે ? આ કથાને કહેનાર અને સાંભળનારને પણ આવું જ ફળ થાય છે તેમાં સંશય નથી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૫ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, પ્રથમ સત્યયુગમાં ધર્મ અને ભક્તિને પ્રેયસી અને શ્રેયસી નામની બે માનસ કન્યાઓ થઈ. તેઓ નિત્ય માતા-પિતાની સેવા કરે છે. જ્યાં ધર્મ અને ભક્તિ હોય ત્યાં જ તેઓ રહે છે. માતા-પિતાને છોડીને પ્રાણ ધારણ કરવા પણ તેઓ શક્તિમાન નથી. તેઓ પ્રાતઃકાળે સ્નાન કરી માતા-પિતાના ચરણકમળમાં નમસ્કાર કરે, માતા-પિતાના સ્નાનાદિ માટે જળાદિક અર્પણ કરે, ધારણ માટે વસ્ત્રો આપે, ચંદન- અક્ષત- પુષ્પ- કુંકુમાદિકથી પૂજા કરે, સુમિષ્ટ ભોજન - તાંબૂલ - જળ અર્પણ કરે, ચરણચંપી કરે, ઘરકામ કરે તથા માતા-પિતા જે આજ્ઞા કરે તે કાર્ય બીજા કાર્ય છોડી તત્કાળ કરતી હતી. તેથી તેઓ આર્શીવાદને પાત્ર થઈ હતી. દેહનાં કષ્ટનો અનાદર કરીને રાત-દિવસ સર્વસ્વ દાન વડે સેવા કરવાથી પ્રેયસી ભુક્તિ નામે વિખ્યાત થઈ. માતા-પિતા અને અન્ય લોકોનાં દુઃખોને વારંવાર દૂર કરી સુકર્મો વડે મોક્ષ સમાન સુખ આપવાથી શ્રેયસી મુક્તિ નામે વિખ્યાત થઈ.

पित्रोः पवित्रयोः सेवा कं न धत्ते गुणोत्तमम् ।
पितरौ तोषितौ येन तोषितस्तेन माधवः ।।२०।।
तोषिताश्च सुराः सर्वे तोषितं सकलं जगत् ।

પવિત્ર માતા-પિતાની સેવા કયા ઉત્તમ ગુણોને પ્રાપ્ત નથી કરાવતી ? જેણે માતા-પિતાને સંતોષિત કર્યા છે તેણે માધવ (પુરૂષોત્તમનારાયણ) સર્વે દેવતાઓ તથા સકલ જગતને સંતોષિત કર્યા છે. જો પુત્ર રહિત પિતાને પુત્રી સંતોષ દેનારી થાય તો તે પુત્રી પુત્ર સમાન કહેલી છે. તેના વડે માતા-પિતાનો ઉદ્ધાર થાય છે. જેણે પોતાના વૃદ્ધ માતા-પિતાને સંતોષિત કર્યા તે દેહથી યદ્યપિ કન્યા હોવા છતાં તેને સદા પુત્રવત રાખવી. તે કન્યાથી માતા-પિતાનેસ્વર્ગ પ્રાપ્તિ થાય છે. તેનું આપેલું અન્ન જળ અને દાન પિતૃઓને પહોંચે છે.

यस्य सन्ति न वै पुत्राः पुत्री तस्य क्रियाश्चरेत् ।
यज्ञं दानं जपं होमं स्वाध्यायं पितृतर्पणम् ।।२५।।
सर्वं कुर्याद् विधिं पुत्री धारयेदुपवीतकम् ।
तिष्ठेच्च ब्रह्मचर्ये सा यावत् पित्रोः प्रसेवनम् ।।२६।।

જેને પુત્રો નથી તે માતા-પિતાની યજ્ઞ-દાન-જપ-હોમ-સ્વાધ્યાય અને પિતૃતર્પણ આદિ સર્વે ક્રિયાઓ પુત્રીઓ કરે. યજ્ઞોપવિત ધારણ કરી સર્વે વિધિ કરે અને જ્યાં સુધી માતા-પિતાની સેવા કરે ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરે. જ્યારે માતા-પિતાને પુત્ર પ્રાપ્તિ થાય કે દત્તક પુત્રનો સ્વીકાર કરે ત્યારે માતા-પિતાની આજ્ઞા લઈ બ્રહ્મચર્યની સમાપ્તિ કરી વિધિપૂર્વક વિવાહ કરે.

ब्रह्मचर्यस्थितौ जाते राजस्वल्याद्यशुद्धिके ।
ब्रह्मचर्यस्य तपसः प्राबल्येन न दूषणम् ।।२८।।

બ્રહ્મચર્યની સ્થિતીમાં રજસ્વલાપણું આદિ અશુદ્ધિઓ આવે તે બ્રહ્મચર્ય-તપનાં પ્રબળપણાથી દોષરૂપ થતી નથી. બ્રહ્મચર્યની અગ્ની વડે તમામ દૈહિક અશુદ્ધિઓ ભસ્મ થઈ જાય છે. બ્રહ્મચર્ય સમાન ધર્મ ન હતો કે નહિ થાય. ભુક્તિ અને મુક્તિ બ્રહ્મચર્યમાં સ્થિત થઈ માતા-પિતાની સેવા આદરપૂર્વક કરતી હતી. તેઓ સત્યલોકમાં અધિક સુદ પુનમનાં પ્રાતઃકાળે સ્વર્નદીમાં સ્નાન માટે ગઈ. ત્યાં તેઓએ શ્રીકૃષ્ણનારાયણનાં દુંદુભિનો નાદ સાંભળ્યો કે અનેક ધામોનો ધામી અવતારોનો અવતારી પુરૂષોત્તમનારાયણ એવો હું આ અધિક માસની પુનમનું વ્રત કરનાર નર-નારીઓને મારૂં અક્ષરધામ, મારૂં સાનિધ્ય, મારૂં રૂપ, મારૂં ઐશ્વર્ય, મારી દિવ્યતા, મારી શક્તિ, મારા સમાન પુજ્યતા અને શ્રેષ્ઠતા વગેરે બધુ જ આપું છું.

पुरुषोत्तममासोऽयं मम मासोऽस्ति चोत्तमः ।।४२।।
तदेकदिनजं पुण्यं सर्वेभ्योऽप्यतिरिच्यते ।
अशाश्वतानि चान्यानि ह्येतत्पुण्यं तु शाश्वतम् ।।४३।।

આ મારો પુરૂષોત્તમમાસ અતિ ઉત્તમ છે. તેનાં એક દિવસના વ્રતનું થનાર પુણ્ય સર્વથી અધિક થાય છે. બીજા પુણ્યો નાશવંત છે. જ્યારે આનાથી થનાર પુણ્ય શાશ્વત છે. યથેષ્ટ સંકલ્પ કરીને અધિક સુદ પુર્ણીમાનું વ્રત કરો તેનાથી યોગ્ય અને યોગ્યેતર સંકલ્પોને પણ હું પુરૂષોત્તમનારાયણ પૂરા કરીશ. આમ કહી દુંદુભિ ક્ષણવાર મૌન થયા અને કન્યાઓએ આપેલા પત્ર-પુષ્પ અને ફળ ગ્રહણ કરી ત્યાંથી વિદાય થયા. કન્યાઓ પણ અધિક-પુર્ણીમાના વ્રતનો સંકલ્પ કરી ઘરે ગઈ. ત્યાં શ્રીકૃષ્ણનારાયણની સુવર્ણની સુશોભિત પ્રતિમા કરી તેમનું ષોડષોપચારથી પૂજન કર્યુ અને હૃદયથી વારંવાર પ્રાર્થના કરી કે હે શ્રીકૃષ્ણનારાયણ ! હે ધામના ધામી ! અવતારોના અવતારી ! હે કૃષ્ણનારાયણ ! અમને સદા કુમારીપણું આપજો. મુક્તિ સ્થિતિ આપી સદા બ્રહ્મધામમાં વાસ આપજો. હે અક્ષરાધિપતિ તમે માતા-પિતા, ક્રિયાનાથ, કૃપાનાથ અને ફળ આપનાર તમે જ છો. તમે અમારા રક્ષક થાઓ. હે હૃદયમાં નિવાસ કરનારા ! હે ભાવજ્ઞ ! તમે અમારા હાથ ઝાલી શીઘ્ર અમોને અક્ષરધામમાં લઈ જાઓ.

આમ સ્તુતિ કરી મૂર્તિને અક્ષત અર્પણ કર્યા તેટલામાં ત્યાં દયાળુ શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા. ગજપૃષ્ઠ ઉપર સ્થિત, દિવ્ય રૂપવાન, શૂલ-મીન-ધ્વજ-ધનુષ્ય-ચક્ર-સ્વસ્તિક આદિ ચિહ્નોથી શોભતા, મસ્તક પર મનોહર કેશથી શોભતા, વિજળી જેવી તેજસ્વી રેખઓથી શોભતા, હૃદયમાં શ્રીવત્સથી શોભતા, સાથળમાં શ્વેત લક્ષ્મિથી શોભતા, ત્રણ ઘુંટીવાળા અને અત્યંત સુશોભિત દિવ્ય અવયવોવાળા તે પુરૂષોત્તમનારાયણને જોઈ પ્રેયસી અને શ્રેયસીએ અત્યંત હર્ષ પામી શ્રીહરિના કંઠમાં પુષ્પમાળા અર્પણ કરી. પછી શ્રીહરિના સાનિધ્યમાં સ્થિત થઈ પ્રેમાર્દ્રભાવવાળી થઈ ત્યારે શ્રીહરિએ

તેઓને કહ્યું કે ભાવપૂર્વક કરેલા તમારા વ્રતથી પ્રસન્ન થઈ હું તમોને મારા ધામમાં લઈ જઈશ. એમ કહી અદ્રશ્ય થયા. ત્યાર પછી તે કન્યાઓએ મધ્યાહ્ને અને સાંયકાળે પણ વિધિપૂર્વક શ્રીકૃષ્ણનારાયણનું પૂજન કરી જાગરણ કરવા પૂર્વક શ્રીહરિ આગળ કીર્તન અને નૃત્ય કર્યું. મધ્યરાત્રીએ ફરીથી મહાપ્રભુ પધાર્યા. ઘરે શ્રીહરિ પધાર્યા છે એમ જાણી ધર્મ અને ભક્તિએ પણ આવીને વંદન કર્યા અને પોતાની બંન્ને પુત્રીઓને ધામમાં લઈ જવા કહ્યું. શ્રેયસી અને પ્રેયસી શ્રીહરિને પામી કૃતકૃત્ય થઈ અને દિવ્ય અક્ષરમાં તે ભુક્તિ અને મુક્તિ નામે વિખ્યાત થઈ. વળી શ્રીહરિએ માતા-પિતાની સેવા માટે તે શ્રેયસી અને પ્રેયસીના બે રૂપ કરી એક રૂપે ધર્મ અને ભક્તિની સેવામાં રાખી તે જયાં જયાં ધર્મ ને ભક્તિ હોય ત્યાં ત્યાં ભક્તિ ને મુક્તિ હોય જ. આમ તે અધિક સુદ પૂનમના વ્રતના પ્રભાવે શ્રીહરિને પામી અને શાશ્વત કાળ સુધી શ્રીહરિના સુખને ભોગવે છે. આ કથાને કહેનાર અને સાંભળનાર વ્રતના પૂર્ણ ફળને પ્રાપ્ત કરે છે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૬ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના જનક એવા વૈરાજપુરૂષને પણ જેવી રીતે અધિકમાસના વ્રતથી તે પદની પ્રાપ્તિ થઇ હતી તે કથા કહું છું. પ્રાકૃતપુરૂષના પુત્ર પ્રધાનપુરૂષ છે. તેમના પુત્ર હિરણ્યગર્ભ નામના મહાવિષ્ણુ છે. તેમના પુત્ર વિરાટપુરૂષ છે. તેમની આયુના વર્ષોના પ્રમાણે સો વર્ષનું જીવતર ભોગવ્યા પછી તેનું નિધન થાય છે અને તે વિરાટપદ અન્યને મળે છે. આમ સૃષ્ટિમાં વિરાટપુરૂષોની અસંખ્યતા છે. અત્યારે જે વિરાટ છે તેના પૂર્વે જે વિરાટ હતા તેના અંતિમ વર્ષના અંતિમ દિવસનાં અંતિમ ક્ષણોમાં વર્તમાન અંતિમ બ્રહ્માના સમયમાં સહસ્ત્રાક્ષ નામના ચક્રવર્તિ સમ્રાટ હતા. ભકિતમાન તે રાજા સત્યલોકથી માંડી પાતાળલોક સુધી વિમનથી ગતિ કરતા. પોતાના સામર્થ્યથી તે રાજા પોતાના ઘરમાં જ સ્થિત રહી ચૌદલોકમાં સ્થિત પોતાની પ્રજાનો વ્યવહાર હાથમાં સ્થિત આમળાની જેમ જાણી શકતા. દિક્પાળો, મનુઓ, દેવતાઓ અને ઋષિઓ વિગેરેથી ભરાયેલી બ્રહ્માની સભામાં પોતાને પ્રથમ સ્થાન ન મળતું હોવાથી બ્રહ્મવિદ્ જેનોને બોલાવી તે રાજાએ પુછયું કે મને પારમેષ્ઠ્ય (બ્રહ્માના પદ)થી પણ ઉત્તમ સ્થાન કઇ રીતે મળે ? ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે અગ્નિષ્ટોમ, વાજપેય, રાજસૂય, વૈષ્ણવ, મહારૌદ્ર, અશ્વમેધ વિગેરે યજ્ઞો સો વર્ષો સુધી કરો. તે યજ્ઞોના મહાપુણ્યપ્રતાપે તમે નિશ્ચિત બ્રહ્માના પદથી પણ ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરશો. સો મહાયજ્ઞે ઇન્દ્રપદ, હજારે સૂર્યપદ, દસ હજારે ધ્રુવપદ, લાખે બ્રહ્માનું પદ કરોડે સો મુખવાળા બ્રહ્માનું પદ, પરાર્ધે વૈરાજપદની પ્રાપ્તિ થાય છે. પરંતુ તેટલી આયુ કોઇની આ લોકમાં હોતી નથી. ભગવાને આપેલા ભોગોને ભોગવો અને શાંત થાઓ. તૃષ્ણારૂપિ પિશાચી ભોગો વડે કયારેય શાંત થતી નથી.

अयं मत्तो महानस्ति लक्ष्म्या बुद्ध्या जनैश्च वा ।
इति चिन्तयितुर्नैव सुखप्राप्तिर्भवेत् क्वचित् ।।२७।।
अहमस्मि महानात्माऽऽनन्देन पूरितो हरेः ।
इति मन्तुर्न वै दुःखं तृष्णादिदोषजं भवेत् ।।२८।।
अन्येषामधिकं दृष्ट्वा दुःखं मन्तव्यमेव न ।
स्वोपार्जितेन यत्प्राप्तं तत् सुखं शान्तिदं मतम् ।।२९।।
यदृच्छयोपपन्ने तु वस्तुनि तूद्यमार्जिते ।
अलं बुद्धिर्भवेद्यस्य स सदात्र सुखी भवेत् ।।३०।।

આ વ્યક્તિ બુદ્ધિ, લક્ષ્મી કે સભામાં મારાથી અધિક છે આવું ચિંતવનારને ક્યારેય સુખની પ્રાપ્તિ થતી નથી. હું મહાન આત્મા છું અને શ્રીહરિના આનંદથી પરિપૂર્ણ છું આવું માનનારને તૃષ્ણાદિકથી ઉદ્ભવેલા દુઃખો ક્યારેય હોતા નથી. બીજાનું અધિક જોઈને ક્યારેય દુઃખ ન માનવું. પોતે જે ઉપાર્જિત કર્યુ હોય તે જ સુખ અને શાંતિ દેનાર મનાયેલ છે. શ્રીહરિની ઇચ્છા અને ઉદ્યમથી અર્જિત કરાયેલ વસ્તુ-પદાર્થોમાં જેને સંતોષ બુદ્ધિ છે તે આ લોકમાં સદા સુખી થાય છે.

તમારૂં ત્રણેય લોકમાં અપ્રતિહત અને દ્રઢ સામ્રાજ્ય છે. જો તેનાથી તમને શાંતિ ના હોય તો અધિક પ્રાપ્તિ પછી પણ શાંતિ કેમ થશે ? જ્યાં સુધી માયાનું કાર્ય છે ત્યાં સુધી ક્યારેય કોઈએ પણ પરા શાંતિ પ્રાપ્ત કરી નથી. તેથી હે રાજન ! તૃષ્ણા છોડી શાંતિ રાખો. આમ કહી બ્રાહ્મણો વિરામ પામ્યા. સહસ્ત્રાક્ષ તે બ્રહ્મવિદ બ્રાહ્મણોની વાત પર ધ્યાન આપ્યા વિના વિધિવત મહા યજ્ઞો કરવા લાગ્યા. તેનાથી તેણે ઘણુંક પુણ્ય અર્જિત કર્યુ. સહસ્ત્રાક્ષ રાજાએ આયુષ્યના અંતિમ વર્ષે અધિકમાસના વદ પક્ષનાં પડવાના દિવસે પ્રાતઃકાળે શ્રીહરિનું નગારૂં સાંભળ્યું કે –

कृष्णनारायणः सर्वेश्वरः श्रीपुरुषोत्तमः ।
यदिष्टं यस्य तद् दास्ये कोटिकल्पैरलभ्यकम् ।।४०।।

कोटियज्ञैः कोटिदानैर्यदलभ्यं ददाम्यहम् ।
अत्र व्रते प्रकर्तव्यं राज्ञा दानं यथाबलम् ।।४१।।

અધિકમાસનાં વદ પક્ષમાં પડવાએ જે વ્રત કરે છે તેને કોટિ કલ્પે, કોટિ યજ્ઞો વડે અને કોટિ દાનો વડે પણ અલભ્ય અને ઈષ્ટ હશે તે સર્વેશ્વર શ્રીકૃષ્ણ પુરૂષોત્તમનારાયણ હું પ્રદાન કરીશ. આ વ્રતમાં રાજાએ જેવી પોતાની શક્તિ હોય તે પ્રમાણે પૂજન અને દાન કરવું. યથાયોગ્ય પકવાન્ન અને મિષ્ટરસ વડે સર્વેને જમાડી તૃપ્ત કરવા અને ઘણીક દક્ષિણાઓ અર્પણ કરવી. પુરૂષોત્તમનારાયણ એવા મારૂં અનેકાનેક ઉપચારો વડે પૂજન કરવું. આ કાર્યમાં ધન વાપરવામાં શઠતા કરવી નહિ. આ રીતે અધિકમાસમાં વ્રત કરનારને પુરૂષોત્તમનારાયણ બહુ તૃપ્તિ પ્રદાન કરનાર અને શાશ્વત ફળ આપનાર થાય છે. વળી આ વ્રતનાં પ્રભાવે શ્રીકૃષ્ણનારાયણ વૈરાજ પદ પણ આપનારા થાય છે.

શ્રીહરિનાં પાર્ષદ તે દુંદુભિનાં આવા વચનો સાંભળી રાજાએ તેમને નમસ્કાર કરી, પૂજન કર્યુ. વળી દુંદુભિએ જેવી રીતે કહ્યું હતું તેવી રીતે સંપૂર્ણ વ્રત કર્યુ અને પ્રાતઃકાળે બ્રહ્માનાં સત્યલોકમાં સભામાં પત્નીવ્રત નામક બ્રાહ્મણને બોલાવી કહ્યું કે હે બ્રહ્મમૂર્તિ ! હે દ્વિજશ્રેષ્ઠ ! શ્રીહરિનાં પાર્ષદ દુંદુભિનાં વચનો સાંભળી મેં વૈરાજપદની પ્રાપ્તિ માટે અધિક વદ પડવાનું વ્રત કર્યુ છે તેની પૂર્તિ માટે ગંગાજળની સાક્ષીએ હું જે ચૌદ ભુવનનો રાજા છું તે ચૌદલોક (સત્યલોકથી પાતાળલોક સુધીના તમામ લોક) હું તમને અધિકમાસનાં ફળદાતા મૂર્તિમાન પુરૂષોત્તમ માની દાન કરૂં છું. આમ, જ્યાં પત્નીવ્રતે દાન સ્વીકાર્યુ ત્યાં તે પત્નીવ્રત દ્વિજમાંથી અચાનક કરોડો સૂર્ય સમાન કાંતિમાન શ્રીપુરૂષોત્તમનારાયણ પ્રગટ થયા અને મંદહાસ્ય કરતા થકા તે સહસ્ત્રાક્ષ રાજાને કહેવા લાગ્યા કે હે રાજન ! તે આપેલ દાન મેં બ્રાહ્મણ રૂપે સર્વથા સ્વીકાર્યુ છે તેના ફળ સ્વરૂપે તને આયુષ્યનાં અંતે વૈરાજપદની પ્રાપ્તિ થશે. આમ કહી રાજાનાં મસ્તક ઉપર

પોતાનો હાથ મૂકી અદ્રશ્ય થયા. ત્યાર પછી તે રાજા પત્નીવ્રત બ્રાહ્મણનાં દાસ થઈને રહ્યા અને આયુષ્ય પુરૂં થતાં વૈરાજ પદને પામ્યા. ભૂમાપુરૂષ, હિરણ્યગર્ભ તથા અન્ય ઈશ્વરોએ તેમનો વિરાટ પદે આભિષેક કર્યો. તે વિરાટનારાયણનાં નાભિકમળથી બ્રહ્મા, હૃદયથી વિષ્ણુ અને લલાટથી શંકર પ્રગટ થયા. જેના ઉદરમાં આ જગત રહેલું છે તેવું વિરાટપદ સહસ્ત્રાક્ષ રાજા અધિક વદ પડવાના વ્રતનાં પ્રભાવે પામ્યા. આમ, અધિકમાસના વદ પક્ષનાં પડવાનું વ્રત કરનારને પ્રસન્ન થઈ શ્રીહરિ શું નથી આપતા ?

अस्य श्रावयिता चापि पाठकर्तापि तादृशम् ।
फलं संलप्स्यते लक्ष्मि ! वदामि पुरुषोत्तमः ।।१२४।।

હે લક્ષ્મિ ! આ કથાને કહેનાર કે સાંભળનાર પણ તેવું જ ફળ પ્રાપ્ત કરશે આમ હું પુરૂષોત્તમનારાયણ કહું છું. અસત્યવાદી, દોષ દેનાર, નાસ્તિક, નિંદા કરનાર અને મારામાં અશ્રદ્ધાવાન આ કૃપાને કે ફળને પ્રાપ્ત કરતો નથી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૭ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! પહેલાના સમયમાં થયેલી, મનોહર અને દિવ્ય કથાને સાંભળો. અત્યારનાં જે બ્રહ્મા છે તેના પૂર્વમાં જે બ્રહ્મા હતા તે બ્રહ્માના અયુષ્યની જ્યારે અંતિમ ક્ષણો હતી ત્યારે પૃથ્વી પર સર્વહુત નામક રાજા હતો. તે મારો ભક્ત, મારી પૂજા પરાયણ, મારા માટે જ સર્વસ્વ કરી રાખનાર, મારી કંઠી-માળા અને તિલકને ધારણ કરનાર અને મારા પ્રસાદ રૂપ અન્નને જ જમનાર હતો. ચાર્તુમાસમાં તેણે વ્રત રાખી એવી ઘોષણા કરાવી કે સાત દ્વિપ, નવ ખંડ ઈત્યાદિ સ્થાનોમાં જ્યાં જ્યાં મારૂં રાજ્ય છે ત્યાંના સર્વે નિવાસીઓને મારૂં જ અન્ન જમાડવું અને મારૂં જ જળ પીવડાવવું. વળી મારા જ આપેલા વસ્ત્રો સર્વેએ ધારણ કરવા. અન્ય કોઈ પાસેથી કંઈ પણ ગ્રહણ કરવું નહિ. તેના માટે મારા દ્વારા રાજ્યમાં પ્રતિસ્થળે, ક્ષણે ક્ષણે અન્નક્ષેત્રો, પરબો અને વસ્ત્રાલયો સર્વથા સંસ્થાપિત કરવામાં આવ્યા છે. જે ભુખ્યો છે તે અન્નદાનને પાત્ર થશે, જે તરસ્યો છે તે જળદાનને પાત્ર થશે અને જે નગ્ન છે તે વસ્ત્રદાનને પાત્ર થશે. આના સીવાય જેના મનમાં લોભ કે તૃષ્ણા છે તે પોતાની તૃષ્ણાનો નાશ કરવા માટે પણ મારા અન્ન-જળ-વસ્ત્રનું ગ્રહણ કરો. વળી અગ્નિહોત્ર, અન્ય યજ્ઞ, દેવતાઓનું પૂજન, વિદ્યાદાનમાં થતો ખર્ચ, ગાયો માટે ઘાસચારામાં થતો ખર્ચ ઈત્યાદિ જે જે અપેક્ષિત હતું તે બધું જ રાજા તરફથી ચાર્તુમાસમાં મળતું હતું. આમ સર્વત્ર રાજાએ દાન આપવાનું શરૂ કર્યુ તેથી સત્યલોકથી માંડી પાતાળલોક સુધી સર્વ જનો સર્વહુત રાજાની જ કીર્તિનું ગાન કરવા લાગ્યા. દેવતાઓ, ઋષિઓ અને દૈત્યો પણ સર્વહુત રાજાનાં દર્શન માટે હંસાદિકનું રૂપ લઈ આવતા હતા અને પુણ્યથી ઉજ્જ્વળ અને અતિ તેજામંડળવાળા રાજાનાં મુખને જોઈ પરમ આશ્ચર્ય પામતા હતા. સર્વે દેવતાઓ દૂર રહી અત્યંત તેજસ્વિ જણાતા હતા પરંતુ

જ્યારે રાજા પાસે જાય ત્યારે નિસ્તેજ થઈ જતા હતા. આમ આ સર્વહુત રાજા ઈન્દ્રાદિ સર્વે દેવતાઓ, દિગ્પાળો, લોકપાળો ઈત્યાદિ સર્વે વડે સમ્માનિત હતા. તે રાજાની પતિસેવા પરાયણ અને ઉદાર ગોઋતંભરા નામની પત્ની હતી. દેવીઓથી પણ અતિ રૂપવતી તેને દેવીઓના સમાજમાં પાછળ બેસવા મળતું તેથી તે લજ્જા અનુભવતી હતી. તેણીએ પોતાના પતિને કહ્યું કે હું ઉત્તમ આસન પર આગળ બેસુ એવું તમે કંઈક કરો. વળી ઈન્દ્રાણી, વારૂણી આદિ દેવતાઓની પત્નીઓ મને જેમ પ્રણામ કરે તેવું કંઈક કરો. તે સાંભળી રાજાએ કહ્યું કે હે સતી ! તું માનુષી રાણી છો તેથી દેવતાઓના સંઘમાં આપણને વાસ મળે છે તે જ મોટી વાત છે. હે કલ્યાણી ! તું આવી તૃષ્ણા ના કર. મનુષ્યમાં આ સંભવ નથી. છતાં પણ ક્યારેક પુણ્ય બાહુલ્યે તે થશે. વળી હું ભગવાન નારાયણ પાસે પણ સ્તવન કરી પ્રયત્ન કરીશ. આમ સમયે સમયે રાણી રાજાને તે વચનો સ્મરણ કરાવતી હતી અને રાજા પણ યોગ્ય સમયની પ્રતિક્ષા કરતા હતા. એક વાર અધિક વદ દ્વિતિયાનાં દિવસે વહેલી સવારે રાજા સ્નાન કરી દેવ પૂજા કરવા જતા હતાં તેટલાંમાં પુરૂષોત્તમનારાયણનાં વચનોનો ઉદ્ઘોષ કરતાં દુંદુભિને સાંભળ્યા. રાણી ગોઋતંભરાએ પણ દુંદુભિની ઘોષણા સાંભળી કે -

अधिमासद्वितियायां व्रतं कुर्वन्ति ये जनाः ।
तेषामभीष्टदाताऽहं मासः श्री पुरुषोत्तमः ।।४३।।

અધિક વદ દ્વિતિયાનું વ્રત જે લોકો કરશે તેઓને જે અભિષ્ટ હશે તે હું પુરૂષોત્તમનારાયણ આપીશ. એક ટાણા કરીને, સંધ્યા પછી જમીને, ફળાહાર કરીને, માત્ર જળપાન કે વાયુપાન કરીને જેઓ આ અધિક વદ બીજનું વ્રત કરશે તેઓને સ્ત્રી, પુત્ર, ધન-સંપતિ, ઘર, વાહન, રાજ્ય, સામ્રાજ્ય, ચૌદલોકનું આધિપત્ય અથવા વરૂણ-અગ્નિ-યમ-કુબેર કે દિગ્પાળ-લોકપાળ ઈત્યાદિનું મહત પદ અથવા અષ્ટસિદ્ધિ ઈત્યાદિ જે કાંઇ પણ જોઈતું હશે તે હું આપીશ.

अधिमासस्य देवोऽहं श्रीकृष्णः पुरुषोत्तमः ।
स्वल्पेऽपि मत्कृते कृच्छ्रे फलं दास्ये त्वनन्तकम् ।।५१।।
ददामि नाऽन्यमासे यत् तद्दाम्यत्र पुष्कलम् ।
अत्राहं कृपया दाता दातास्मि स्वेच्छया खलु ।।५२।।

અધિક માસનો દેવ શ્રીકૃષ્ણપુરૂષોત્તમ હું સ્વયમ્ છું તેથી મારા માટે અલ્પ પ્રમાણમાં પણ કરેલ વ્રતનું અનંત ફળ આપીશ. જે ફળ હું બીજા માસમાં આપતો નથી તે ફળ પુષ્કળ પ્રમાણમાં આ માસમાં આપુ છું. આ મહિનામાં માત્ર મારી ઈચ્છા અને કૃપા વડે જ હું ઈચ્છિત દેનારો થાઉં છું.

नात्र विनिमयो न्यायो न्यायस्त्वत्र कृपा मम।
कृपयाऽहं स्वयं स्वामी वितरामि त्वशेषकम् ।।५४।।
कोटिगुणं वितरामि वितरामि त्वनन्तकम् ।
यथासंकल्पितं तस्माद् गृह्णन्तु पुरुषोत्तमात् ।।५५।।

આ માસમાં કરેલા કર્મોનાં વિનિમય પ્રમાણે ફળનો ન્યાય નથી. આ માસમાં તો મારી કૃપાએ ફળનો ન્યાય થાય છે. હું સ્વયમ્ સર્વેનો સ્વામી કૃપાવડે જ અશેષ પુણ્યનું વિતરણ કરૂં છું. આ માસમાં કરેલા કર્મોનું કોટિગણું તથા અનંતગણું હું વિતરણ કરૂં છું તેથી સંકલ્પ પ્રમાણે ઈચ્છિત પુરૂષોત્તમનારાયણ એવા મારી પાસેથી ગ્રહણ કરો. રાજા અને રાણીએ આ ઉદ્‌ઘોષ સાંભળી દુંદુભિને નમસ્કાર કરી તેની પૂજા કરી. ત્યારપછી દુંદુભિ અન્યત્ર ગયા અને રાજાએ રાણીને કહ્યું કે હે દેવી ! તમને મહત્તમ પૂજ્યસ્થાન પ્રાપ્ત કરવાની ઈચ્છા છે તેની પ્રાપ્તિ માટે આપણે બંન્ને આ વ્રત કરીએ. દુંદુભિએ કહ્યું છે કે અલ્પ એવા વ્રતનું પણ અહીં ઘણું ફળ થાય છે. હું બ્રહ્મા થઈશ અને તું મારી સહચારિણી પત્ની બ્રહ્માણી થઈશ. તેથી તું તમામ દેવીઓની માતા થઈશ ત્યારે તારી ઈચ્છા પૂરી થશે. શ્રીકૃષ્ણનારાયણદેવ આપણે કરેલા વ્રતનું ફળ આપશે. આમ વિચારી વ્રતનો સંકલ્પ કરી આદરપૂર્વક વ્રત કર્યુ. શ્રીહરિનું ધ્યાન કરી, સુવર્ણની

શ્રીકૃષ્ણપુરૂષોત્તમનારાયણની મુર્તિ કરી આવાહન, આસન, આચમન, પાદ્ય, મહા અભિષેક, વસ્ત્ર, આભૂષણ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, મહા નૈવેદ્ય, તાંબૂલ અર્પણ કરી આરતી કરી. આદરપૂર્વક પ્રદક્ષિણા, સ્તુતિ, નમસ્કાર કરી પ્રાર્થના કરી કે હે કેશવ ! હે વિશ્વાત્મન ! અમે કરેલ આ વ્રતથી પ્રસન્ન થાઓ અને ફળાદિકનું અર્ઘ્યનું ગ્રહણ કરો. એમ કહી ફળાર્ઘ્ય અને પુષ્પાંજલિ અર્પણ કરી. મધ્યાન્હ સમયે પણ તેવી જ રીતે પૂજનાદિક કર્યુ. સાયં સમયે પણ રાજા અને રાણીએ શ્રીહરિની પૂજા આરતી કરી વાદ્ય, નૃત્ય, કીર્તન, ઉત્સવપૂર્વક જાગરણ કર્યુ. વળી અનેક મણિઓ તથા છત્ર ચામરાદિકથી સુશોભિત એવા સુવર્ણનાં સિંહાસનનું અને તમામ પ્રકારના સુખ-વૈભવોથી યુક્ત એવા મહા-મહેલનું દાન શ્રીકૃષ્ણ પરમાત્માને કર્યુ.

તે સમયે પ્રસન્ન થયેલા શ્રીહરિ ત્યાં પધાર્યા અને રાજા-રાણી પ્રત્યે કહેવા લાગ્યા કે તમે કરેલા વ્રત અને દાનથી હું પ્રસન્ન થયો છું તમે વરદાન માંગો, ત્યારે દમ્પતિએ કહ્યું કે હે ભગવાન અમોને પારમેષ્ઠય (બ્રહ્માનું)પદ આપો અને ત્યાર પછી શાશ્વત મોક્ષ રૂપ આપનું અક્ષરધામ આપો. ત્યારે તથાસ્તુ કરી શ્રીહરિ ગોઋતંભરાને કહેવા લાગ્યા કે - પૃથ્વી પર પુષ્કર નામના ક્ષેત્રનો ગાયત્ર નામનો રાજા થશે. તેની ઋષિ નામની પત્નીથી આર્ષિ નામની તું કન્યા થઈશ અને આ સર્વહુત રાજા બ્રહ્મા થશે અને સત્યયુગમાં દેવતાઓ, ઋષિઓ, મુનિઓ, પિતૃઓ, દૈત્યો વિગેરે સાથે યજ્ઞ કરવા પુષ્કર તીર્થમાં જશે. યજ્ઞમાં જ્યારે અગ્નિ પ્રજ્વલિત થઈ દીક્ષાનો સમય આવશે ત્યારે અધ્વર્યુએ બોલાવેલી સાવિત્રી (બ્રહ્માની પત્ની) તૈયાર થઈ તત્કાળ યજ્ઞભૂમિમાં નહી આવે ત્યારે બ્રહ્મા ઈન્દ્રને કહેશે કે આ યજ્ઞનો દીક્ષાકાળ જઈ રહ્યો છે તેથી તું તુરંત મારા માટે કોઈ બીજી પત્ની લાવ. ત્યારે યજ્ઞભૂમિને નિહાળવા આવેલી નવયૌવના અને ગાયત્ર રાજની કન્યા આર્ષિ એવી તને ઈન્દ્ર બ્રહ્મા પાસે લઈ જશે અને

બ્રહ્મા ગન્ધર્વ વિવાહ કરી તને પત્ની તરીકે સ્વીકારશે. ત્યાર પછી એક હજાર દિવસ પુષ્કરમાં યજ્ઞ ચાલશે. ત્યારથી બ્રહ્માની પત્ની તું ગાયત્રી લોકમાતા-વેદમાતા-સૃષ્ટિમાતા-સર્વપૂજ્યા-સર્વમાન્યા થઈશ. આમ અધિક વદ બીજના વ્રતના પ્રભાવે મારી કૃપાથી તમો દમ્પતિ બ્રહ્મા-ગાયત્રી થશો અને બ્રહ્માની સો વર્ષની આયુષ્યનો ભોગ કરી અંતે મારા અક્ષરધામને પામશો. તમોએ મહાનગર તુલ્ય એવા મહા મહેલનું મને દાન કર્યુ તેના બદલામાં હું તમને આખા બ્રહ્માંડનું રાજ્ય આપું છું. આમ કહી ભગવાન શ્રીહરિ તે સ્થળથી અદ્રશ્ય થયા અને સમય પ્રાપ્ત થતા રાજા-રાણી પારમેષ્ઠય પદને પામ્યા. હે લક્ષ્મિ ! આમ મેં તમને પુરૂષોત્તમમાસની વદ પક્ષની દ્વિતીયા (બીજ)નું વ્રત કહ્યું.

पारमेष्ठ्यपददातृ श्रोतुर्वक्तुस्तथा फलम् ।
भविष्यति न सन्देहो वक्ति श्रीपुरुषोत्तमः ।।१०८।।

આ અધિકવદ બીજના વ્રતની કથા જે કહેશે કે સાંભળશે તેને પણ પારમેષ્ઠય પદ દેનાર ફળની પ્રાપ્તિ થશે એમાં કોઈ સંશય નથી. એમ હું પુરૂષોત્તમનારાયણ કહું છું.

❖❖❖❖❖

❖ અધ્યાય-૧૮ ❖

શ્રીનારાયણ બોલ્યા હે લક્ષ્મિ ! સાંભળો. સૃષ્ટિનાં આરંભમાં પૃથ્વી પર બ્રહ્મસવિતા નામનો સમ્રાટ રાજા હતો. તેની ભૂરિશૃંગા નામની પતિધર્મ પરાયણ પતિવ્રતા પત્ની હતી. તે દંપતિ ભગવદ્‌ભક્ત, ગૃહસ્થધર્મ પરાયણ, દાન ધર્માદિ કરનારા, ગુરૂજનોની સેવા કરનારા, શ્રીહરિની સેવા પરાયણ, અતિથિઓની પૂજા કરનારા, વૃદ્ધો સાથે વિનયપૂર્વક વર્તન કરનારા, ગાયોની સેવા કરનારા, પ્રજામાં દયાવાન, દીનજનોનું દુઃખ હરનારા, સત્પુરૂષોની સેવા કરનારા, દુષ્ટોનું નિયમન કરનારા અને કષ્ટ હરનારા હતા. રાજા બ્રહ્મસવિતા નિત્ય નદીનાં જળમાં સ્નાન કરી સંધ્યા, જપ, હોમ તથા સ્વાધ્યાય કરતા. પછી અન્નદાન, વસ્ત્રદાન અને દ્રવ્યદાન કરી દેવાલયોમાં દેવતાઓના દર્શન કરવા જતા અને ત્યાં નૈવેદ્ય માટે મિષ્ટાન્નો અને ફળો અર્પણ કરતા. પર્વાદિક યોગ્ય સમયે ભાવપૂર્વક દેવોની પૂજા કરાવી બ્રાહ્મણો, સાધુઓ, સાધ્વીઓ, મુનિઓ, યતિઓ અને અતિથિ ઈત્યાદિકને જમાડી સોનામહોરોની દક્ષિણાઓ આપતા. પોતાના રાજ્યકોશમાંથી વિવિધ અન્ન પણ આપતા.

તે ધર્મવાન રાજા દાસદાસીઓની પ્રાર્થના સાંભળી તેઓની ઈચ્છિત વસ્તુઓ આપી વારંવાર સુખ પમાડતા હતા. વળી રાણી ભૂરિશૃંગા પણ ઘરમાં દેવોની પૂજા કરતી અને નિત્ય દેવોનાં દર્શન કરવા પગપાળા પગરખાં પહેર્યા વિના જ જતી. વળી દેવોને અને ગુરૂને જળ, પત્ર, ફળ, પુષ્પ, ચંદન, સુવર્ણની દક્ષિણા ઈત્યાદિનું દાન કરી ઘરે આવી રાજા સહિત બધાને જમાડી પછી પોતે ભોજન કરતી. ચાતુર્માસમાં રાજાએ નિયમ ગ્રહણ કર્યો કે સર્વે મંદિરોમાં શ્રીહરિને અખંડ ઘીના દીવા અર્પણ કરવા. સાત દ્વિપો, નવખંડો અને સામુદ્રિક દ્વિપોમાં જ્યાં જ્યાં પોતાના રાજ્યોમાં પરમેશ્વરના, અવતારોના, ઈશ્વરોના, યોગીઓના, દેવોના, દેવીઓના,

ચમત્કારીક પુરૂષોનાં, તીર્થોના, તીર્થોના અધિપતિ દેવતાઓનાં, વિભૂતિઓના, જડનાં, ચેતનોનાં વગેરેનાં જ્યાં જ્યાં મંદિરો હતા ત્યાં ત્યાં સુવર્ણપાત્રોમાં સંશુદ્ધ ગાયનું ઘી પૂરી, સારી વાટવાળા ઘીના અખંડ દીવા અર્પણ કર્યા. તેના રાજ્યમાં જો કોઈ મંદિરમાં અખંડ ઘૃત દીપનું દાન રહી ગયુ છે તેવી તેને જાણ થાય તો તે રાજા ઉપવાસ કરવા પૂર્વક હજાર સોનામહોરનું દાન આપી અખંડ ઘૃતદીપ આપતા. તે રાજા સર્વત્ર ઉદ્‌ઘોષ કરાવતા કે મારા રાજ્યમાં તમામ મંદિરોમાં સર્વદેવતાઓને મારા તરફથી જ અખંડ ઘૃતદીપ અર્પણ કરવા. વળી તમામ દેવોને પંચામૃતથી સ્નાન, મિષ્ટાન્નોનું નૈવેદ્ય, ષોડશોપચાર પૂજનની સામગ્રી વગેરે મારા તરફથી જ પ્રાપ્ત થાઓ. ચાર્તુમાસમાં બ્રાહ્મણોને, સાધુઓને, સાધ્વીઓને, દીનજનોને, અનાથોને, કૃપણોને શાક, દૂધ, વિવિધ રસો તથા ભોજનો મારા તરફથી જ પ્રાપ્ત થાઓ તથા ગાયોને ઘાસચારો, ગ્રામ્ય પશુઓને તથા કબૂતર આદિ પક્ષીઓને અન્નકણ તથા કીડીઓને દળેલું અન્ન મારા તરફથી પ્રાપ્ત થાઓ. યજ્ઞની સામગ્રી, જળદાન, વસ્ત્રદાન તથા સોનામહોર તથા રૂપિયા આદિનું દાન સદા રાજ્યકોશમાંથી થાઓ. આમ રાજા બ્રહ્મસવિતાએ સમગ્ર પૃથ્વી પર ઘોષણા કરાવી. તેની પત્ની ભૂરિશૃંગાએ પણ પતિ સાથે ચાર્તુમાસનું વ્રત કર્યુ. તે નિત્ય સ્નાન કરી કેળનાં સ્તંભો અને તોરણાદિકથી શોભતો મંડપ કરાવી નિત્ય નવીન સપ્તધાન્યમય સર્વત્રોભદ્ર મંડળ કરાવી તેના મધ્યમાં સુવર્ણમય પુરૂષોત્તમનારાયણની મૂર્તિ પધરાવી તેની અનેક ઉપચારો વડે બહુ ભાવથી પૂજા કરતી. મધ્યાન્હ સમયે શ્રીહરિને છપ્પનભોગનું નૈવેદ્ય ધરતી અને સાયંકાળે આરતી કરી દાસીઓએ સહિત શ્રીહરિને પ્રસન્ન કરવા નૃત્ય કરતી. આમ માન રહિત થઈ તે મહારાણી પુરૂષોત્તમનારાયણને પ્રસન્ન કરવા નિત્ય પૂજનાદિક કરતી. ભગવાન શ્રીકૃષ્ણ પણ સુમધુર કંઠે ગવાયેલા કીર્તન સહિત નૃત્ય જોઈ પ્રસન્ન થતાં પરંતુ પ્રત્યક્ષ દર્શન આપતા નહિ. તે દંપતિએ અધિક વદ તૃતીયાનાં દિવસે

પ્રાતઃકાળે શ્રીહરિનાં પાર્ષદ દુંદુભિની મહાઆશ્ચર્યકારી ઘોષણા સાંભળીકે નગરવાસીઓ, અરણ્યવાસીઓ, નર નારીઓ, દેવી દેવતાઓ સર્વે સાંભળો, હું બ્રહ્મધામનો અધિપતિ અધિકમાસનો દેવ સાક્ષાત્ પુરૂષોત્તમનારાયણ કહું છું કે -

परपक्षतृतीयायां व्रतं तु श्रद्धयान्वितम् ।
करिष्यन्ति नरा नार्यो मम पूजनपूर्वकम् ।।४३।।
एकभुंक्तेन नक्तेन फलेनाऽयाचितेन वा ।
राजानो यदि वा राज्ञ्यः प्राप्स्यन्ति परमं पदम् ।।४४।।

જે નર - નારીઓ અધિક વદ ત્રીજનું વ્રત શ્રદ્ધાથી મારા પૂજન કરવા પૂર્વક, એક ટાણું કરીને, નક્ત (સાયંકાળ પછી)ભોજન કરીને, ફળાહાર કરીને અથવા માંગ્યા વગર જે મળે તે ખાઈને કરશે તે રાજાઓ કે રાણીઓ હશે તે પણ પરમપદને પામશે. વળી પછી લોકોને ઈચ્છિત ધર્મ અર્થ કામ અને મોક્ષરૂપ ચતુર્વિધ પુરૂષાર્થ, પુત્ર પૌત્રાદિક વંશ, કુળના વિસ્તારનો સુયશ અને સમગ્ર ઐશ્વર્યો મારા આ વ્રતનાં પ્રભાવે પ્રાપ્ત કરશે. આ એક દિવસનું વ્રત કરીને શાશ્વત સુખને પ્રાપ્ત કરો. હું પરમ ઉદાર પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનારાયણ સર્વ સંપદા આપીશ. અધિકવદ તેરસનાં દિવસે ભોજનદાનથી સ્થિર નવનિધીઓ આપીશ. સુવર્ણનાં દાનથી કુબેરની ગાદી આપીશ, રસનાં દાનથી વરૂણનું પદ આપીશ, રત્નનાં દાનથી ઈન્દ્રનું પદ આપીશ, પુણ્યદાન કરવાથી ધર્મરાજનું પદ આપીશ, ધનદાન કરવાથી અષ્ટવસુનું પદ આપીશ. સર્વસ્વ દાન કરવાથી અષ્ટસિદ્ધિનાં વૈભવો આપીશ, દીપદાન કરવાથી સૂર્યપદ આપીશ, દૂધનું દાન કરવાથી ચંદ્રપદ આપીશ, અન્ન-જળનું દાન કરવાથી સમૃદ્ધિવાળું સામ્રાજય આપીશ, રથાદિકનું દાન કરવાથી સ્વર્ગનું વિમાન આપીશ, વસ્ત્રનું દાન કરવાથી પૃથ્વી આપીશ, કન્યાનું દાન કરવાથી હજાર કન્યાઓ આપીશ, ગાયનું દાન કરવાથી રસવતી પૃથ્વી આપીશ, ઘરનું દાન કરવાથી બ્રહ્માંડ આપીશ,

ફળનું દાન કરવાથી કલ્પવૃક્ષો આપીશ, આભૂષણનું દાન કરવાથી સ્વર્ગ આપીશ, આ દિવસે મારી પૂજાથી ત્રિલોકીમાં સદા પૂજ્યતા આપીશ, મારા ભક્તો જે જે ઇચ્છશે તે તે હું આપીશ એમાં સંશય નથી. આમ શ્રીહરિની ઉદ્‌ઘોષણા કરી દુંદુભિ મૌન થયા. રાજા બ્રહ્મસવિતા અને મહારાણી ભૂરિશ્રૃંગાએ શ્રીકૃષ્ણનાં દૂત તે દુંદુભિને નમસ્કાર કરી તેનું પૂજન કર્યું અને તે દંપતિએ સૂર્યપદની ઇચ્છાથી અધિકમાસનાં વદ પક્ષની તૃતિયાનું વ્રત એક અન્નનું ભક્ષણ કરીને કર્યું.

હે કેશવ ! ચાર્તુમાસમાં દીપદાન કરવાથી પત્નીએ સહિત હું ત્રિલોકીનો નેત્રાત્મા સૂર્ય થાઉં. આમ સંકલ્પ કરીને રાજાએ પત્ની સહિત વ્રત કર્યું. તેમાં પ્રાતઃકાળે સ્નાન કરી, શ્રીહરિનું સ્મરણ કરી, સુશોભિત મંડપમાં સર્વતોભદ્રમંડળનાં મધ્યભાગમાં સ્થિત કળશ ઉપર સુવર્ણની પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનારાયણની મૂર્તિ પધરાવી તેનું ષોડષોપચારે પૂજન કર્યું. મધ્યાન્હે, સાયંકાળે તથા રાત્રીએ પણ પૂજન કરી જાગરણ કર્યું અને શ્રીહરિ સમક્ષ નૃત્ય કર્યું ત્યારે સર્વતેજોનિધિ શ્રીહરિ પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે તારા આ અધિકમાસનાં વ્રતથી, પૂજાથી, ચાર્તુમાસનાં વ્રતથી, સર્વત્ર દીપદાનથી અને અતિ ભક્તિથી હું પ્રસન્ન થયો છું. તને ઇચ્છિત જે ત્રીલોકીનાં નેત્રસ્થાનરૂપ સૂર્યપદ છે તે હું આપીશ. તું પત્નીએ સહિત સૂર્ય થા. આમ કહી શ્રીહરિ તે સ્થાનથી અદ્રશ્ય થયા. રાજા તથા રાણીએ નૃત્ય તથા જાગરણ કરી પ્રાતઃકાળે ગાય, અશ્વ, મણી, રત્નો, સુવર્ણમુદ્રાઓ, વસ્ત્રો, પાત્રો, ભવનો, ક્ષેત્રો, વાડીઓ, ઉદ્યાનો, કુવાઓ, વાવો, અન્ન ઇત્યાદિક અનેકવિધ દાન આપ્યા. વળી બ્રાહ્મણીઓને વિવિધ શ્રૃંગારની વસ્તુઓ, યતિઓને કમંડળ આદિ પાત્રો, ગૃહસ્થોને ગૃહોપયોગી વસ્તુઓ, ભૂખ્યાને ભોજનો, તરસ્યાઓને જળ ઇત્યાદિનાં દાન કર્યા. તે તે જરૂરીયાતમંદોને તે તે સુખનાં સર્વ સાધનો દાનમાં આપ્યા. હે લક્ષ્મિ ! આમ દંપતિએ અતિ ઉત્તમ દાન કર્યા. ત્યારપછી સર્વે સાધુ-બ્રાહ્મણાદિકને

જમાડીને દંપતિ ભોજન કરવા જાય તેટલામાં ત્યાં ભિક્ષુકનાં રૂપે પુરૂષોત્તમનારાયણ પધાર્યા. જેનાં વક્ષઃસ્થળમાં સુવર્ણ રેખાત્મિકા લક્ષ્મિ બિરાજે છે. ડાબા સાથળમાં પાંડુ ચિન્હમયી શ્રી બિરાજે છે. જમણા હાથમાં ધ્વજ, મત્સ્ય, સ્વસ્તિક તથા ધનુષ્યનાં ચિન્હો શોભે છે અને કમળનાં પત્ર જેવા જેનાં નેત્રો છે તેવા ભિક્ષુને જોઈને રાજા તથા રાણીએ ચિન્હોવડે તેને આ નારાયણ છે એમ જાણી ભોજન કરાવી આદરપૂર્વક પગચંપી કરી ત્યારે તેઓને આંતર સમાધિ થઈ. તેમાં બ્રહ્મસવિતાએ સૂર્યનામક મહાન ગોલક જોયો. તેમાં પરાત્પર હિરણમય પોતાનું શરીર જોયું જેનાથી આ સર્વ જગત તેજામય પ્રકાશિતાને પામે છે. વળી ભૂરીશ્રૃંગા પોતાને સંજ્ઞા સ્વરૂપવાળી હિરણમયી સૂર્યપત્ની સ્વરૂપે જોઈને અતિ સંતોષ પામી. પછી શ્રીહરિ અંતર્ધાન થયા અને તે દંપતિ સમાધિમાંથી બહાર આવ્યા. આશ્ચર્યચકિત થયેલા તેઓ પોતાને પૂર્ણકામ માનતા તે ક્ષણની પ્રતિક્ષા કરતા સદા શ્રીકૃષ્ણની સેવા કરવા લાગ્યા. તેટલામાં સમયચક્રનાં યોગથી તે કલ્પનો અંત થયો. તેમાં રાજા અને રાણી દિવ્ય શરીરવાળા થઈ સૂર્યકાંત વિમાન વડે મહરૂલોકને પામ્યા. બ્રહ્માની રાત્રી પૂરી થતાં કલ્પનાં આદિ ભાગમાં સર્જન સમયે તે રાજા બ્રહ્મસવિતા સૂર્યરૂપ થયા અને તેની પત્ની ભૂરીશ્રૃંગા વિશ્વકર્માની સંજ્ઞા નામની પુત્રી થઈ. વિશ્વકર્માએ તે પુત્રી સૂર્યને અર્પિત કરી. આમ ભૂરીશ્રૃંગા અને બ્રહ્મસવિતા સર્વને નેત્રપ્રદ દેવ સંજ્ઞા-સૂર્ય થયા. બીજું કોણ સૂર્ય પદને પામે ? આમ અધિકવદ ત્રીજનાં વ્રતથી તથા દીપદાનનાં પ્રભાવથી જયાં સુધી સ્વર્ગ રહેશે ત્યાં સુધી તેઓ સૂર્યપદ પર રહેશે.

तस्माद् दीपाः प्रदातव्या देवालयेषु नित्यदा ।
अनन्धत्वं प्रकाशित्वं दिव्यत्वं तेन चाप्नुयात् ।।९३।।
यथा ब्रह्मसविता स प्राप्तवान् सूर्यतां नृपः ।
श्रोतुर्वक्तुः कथायाश्च लाभो वै तादृशो भवेत् ।।९४।।

તેથી નિત્ય દેવાલયોમાં દીપદાન કરવું જોઈએ તેનાથી અંધપણું આવતું નથી અને પ્રકાશિત્વ અને દિવ્યત્વ પ્રાપ્ત થાય છે. જેમ રાજા બ્રહ્મસવિતાએ સૂર્યપદ પ્રાપ્ત કર્યુ તેમ આ કથાનાં શ્રોતા અને વક્તાને પણ તેવો જ લાભ થાય છે. હે લક્ષ્મિ ! આમ મેં તને સૂર્યનારાયણ સંબંધી પરમ દિવ્ય પાવન અને પુણ્યદેનાર આખ્યાન કહ્યું.



❖ અધ્યાય-૧૯ ❖

શ્રીનારાયણ બોલ્યાઃ હે લક્ષ્મિ ! પૂર્વ કલ્પમાં થયેલી કથા સાંભળો. રૈવતભૂમિ સૌરાષ્ટ્રમાં સમિત્પિયૂષ નામક રાજા થયો. તેને પદ્મપત્રા પુષ્કરિણી, હેમમાલિની, પદ્માક્ષી, પિશંગિની ઇત્યાદિ સત્યાવીસ પત્નીઓ હતી. તેઓ સર્વે પતિવ્રત ધર્મ પરાયણ હતી અને ભગવદ્ ભક્તિ, ભાવપૂર્વક અતિથિસત્કાર, આદરપૂર્વક સ્નાન, ધ્યાન, દેવપૂજા, જપ, હોમ, દૈવકર્મ, પિતૃકર્મ અને સારા યજ્ઞો કરતી હતી. આશ્રિતોને જમાડયા પછી જ અન્ન-જળ ગ્રહણ કરતી. હજારો દાસીઓ હોવા છતાં પણ ભગવાન વિષ્ણુ અને પતિદેવની સેવા પોતાના જ હાથે કરતી. ભગવાન માટે ધાન્ય સાફ કરવું, થાળ કરવો, પાણી ભરવું, દેવપૂજાનાં પાત્રો માંજીને સાફ કરવા, પુષ્પો તથા તુલસીપત્રો લાવવા ઇત્યાદિ સેવા તેઓ મહાભક્તિ વડે કરતી હતી પરંતુ કોઇ પાસે ક્યારેય કરાવતી ન હતી.

हर्यर्थे खलु भक्तानां किमकार्यं भवेन्ननु ।
सर्वस्वं त्वर्पितं यत्र वर्ष्मणा किं न जायते ॥१२॥
अनित्येन तु देहेन नित्यं पुण्यं समर्जयेत् ।
येन भुक्तिस्तथा मुक्तिः कृष्णस्य कृपया भवेत् ॥१३॥

ભક્તોને ભગવાન માટે ખરેખર શું ન થઇ શકે ? જ્યાં સર્વસ્વ અર્પણ કરાયેલું હોય ત્યાં દેહ વડે શું ન થાય ? અનિત્ય દેહ વડે નિત્ય પુણ્ય અર્જિત કરવું જોઇએ. જેથી શ્રીકૃષ્ણની કૃપા વડે ભુક્તિ તથા મુક્તિ થાય. એ પરમેશ્વર જ સર્વથા વંદનીય પૂજનીય અને સંતોષણીય છે કે જેથી તમામ ભોગ્ય અને સુખાદિક પ્રગટ થાય છે. તેથી બુદ્ધિમાન માણસ તે પરમેશ્વરનું જ ભજન કરે. જ્યાં સુધી શરીરમાં સ્વાસ્થ્ય છે, ઇન્દ્રિયમંડળ વશમાં છે અને જઠરાગ્નિ યુવા છે ત્યાં સુધીમાં સકામ અથવા નિષ્કામ આત્મહિત સિદ્ધ કરી લેવું જોઇએ. અંધાપો આવતા દર્શનાદિક થતા નથી

તેથી આંખો વડે પ્રેમથી શ્રીહરિનાં દર્શન સદા કરવા જોઈએ. બહેરાશ આવતા શ્રીહરિના નામનું શ્રવણ થતું નથી તેથી કાનની સાનૂકુળતા હોય ત્યાં સુધીમાં શ્રીહરિનાં નામ, કથા, કીર્તનનું શ્રવણ કરવું. વિકલાંગતા પ્રાપ્ત થતા સત્પુરૂષોની કે શ્રીહરિની સેવા થઈ શકતી નથી તેથી બળ હોય ત્યાં સુધી હાથ વડે શ્રીહરિની સેવા કરી લેવી જોઈએ અને જ્યાં સુધી પગ પ્રબળ હોય ત્યાં સુધી ભગવાનનાં મંદિર પ્રત્યે જવું જોઈએ. જ્યાં સુધી મન ઉદ્વેગરહિત અને અપ્રમત્ત હોય ત્યાં સુધીમાં શ્રીકૃષ્ણનારાયણનું મનન કરવું જોઈએ. જ્યારે શરીરરૂપી નગર ભાંગે છે ત્યારે સર્વે ઈન્દ્રિયોરૂપ પ્રજા તે શરીરને છોડી છોડીને જાય છે. તેથી જ્યાં સુધી શરીરની સાનૂકૂળતા હોય ત્યાં સુધીમાં પુરૂષોત્તમનારાયણને સિદ્ધ કરવા જોઈએ.

આમ, નિર્ણય કરી તે સર્વે સમિત્પિયૂષની પત્નીઓ નિત્ય શ્રીહરિનું સેવન કરતી હતી. રાજા પણ ત્રિકાળસ્નાન કરી ત્રણેયકાળ શ્રીકૃષ્ણનારાયણની પૂજા કરતા હતા. આવી રીતે રહેતા તેઓને ઘણોક સમય પસાર થયો. તે કલ્પમાં કાર્તિક વદ અષ્ટમી કૃષ્ણાષ્ટમી હતી. દિવાળીથી લઈ સપ્તમી સુધી તે રાણીઓએ દિવસે એક જ વાર જમી અષ્ટમીનો નિર્જળ ઉપવાસ પ્રેમપૂર્વક કર્યો. વળી પુરૂષોત્તમ એવા શ્રીકૃષ્ણ, માતા કંભરા અને પિતા ગોપાલકૃષ્ણની સુવર્ણની મૂર્તિઓ કરાવી મંડપ બંધાવી તેમાં તે પુરૂષોત્તમની પૂજા કરી અને વાજીંત્રો સાથે મધુર સ્વરે કીર્તન કરતી નૃત્ય કરવા લાગી ત્યારે ત્યાં ચર્તુભુજ, કૌસ્તુભને ધારણ કરનાર, નવિન મેઘ સમાન શ્યામ, પિતાંબર ધારણ કરેલા અને શ્વેત કાંતિથી વિરાજીત શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા. તે પુરૂષોત્તમનારાયણને જોઈને ક્ષણભર માટે તેઓ અશ્ચર્ય પામી પછી મનોહર અને દિવ્યમૂર્તિ એવા શ્રીહરિમાં તેઓ મોહ પામી તથા આભૂષણો ઈત્યાદિ લાવી લાવી શ્રીહરિને અર્પણ કરવા લાગી. તેમાં મુકુટ, કુંડળ, તિલક, ભુજબંધ, નુપુર, પાદુકા, મિષ્ટાન્ન, શિતલ જળ, તાંબુલ, છત્ર, ચામર, પુષ્પગુચ્છ,

સુવર્ણ પદ્મ ઇત્યાદિ એક-એક વસ્તુ અલગ-અલગ રાણીએ શ્રીહરિને અર્પણ કર્યુ પરંતુ વિદ્યુલ્લેખાએ પરમાત્માને ચુંબન કર્યુ તેથી તે સર્વ કરતા અતિ પ્રેમપાત્ર થઇ. તે પુણ્યે કરીને જન્માંતરમાં તે પતિનો અત્યંત પ્રેમ પામનારી ચંદ્રની પત્ની રોહિણી થઇ. અન્ય સ્ત્રીઓ ચુંબન જોઇ લજ્જા પામી તેના ફળ સ્વરૂપે જન્માંતરમાં ચંદ્રથી તેઓ અતિ માન પામી નહિ. સર્વજીતા નામની દાસીએ ભગવાનની ચરણચંપી કરી. તે સેવાપરાયણ હોવાથી સ્નેહપાત્ર થઇ. ત્યાર પછી આરતી, પુષ્પાંજલી, અર્ઘ્ય, પ્રદક્ષિણા, નમસ્કાર અને શ્રીહરિની સ્તુતિ તેઓએ કરી તેથી અતિ પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણે પાયસનો પ્રસાદ આપ્યો તેને ગ્રહણ કરી તેઓ અતિ તૃપ્તિ પામી અને ભગવાનને હૃદયકમળમાં ધારણ કર્યા ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું કે તમો અમૃતભોજન કરનારી, સ્વર્ણરત્નમણિનાં હાર પહેરનારી, સ્વર્ગમાં જેમના ઘર છે તેવી દિવ્ય દેવીઓ થાઓ. આમ આશિર્વાદ આપી શ્રીકૃષ્ણ અદ્રશ્ય થયા. તેઓએ પૂજાની સમાપ્તિ કરી પતિને વૃતાન્ત કહ્યું. તે સાંભળી સમિત્પિયૂષ રાજા પણ અતિ સંતુષ્ટ થયો. પૂજા કર્યા પછી રાજા પત્નીએ યુક્ત નિત્ય સ્વર્ગની ઇચ્છા રાખતો હતો અને પત્નીઓ પણ શ્રીકૃષ્ણે કહેલા સ્વર્ગની ઇચ્છા રાખતી હતી. આવી રીતે ઘણો સમય પસાર થયા પછી કલ્પનાં અંતમાં ભગવાન પુરૂષોત્તમનારાયણની ઘોષણા કરતા દુંદુભીને સાંભળ્યા કે હે નરનારીઓ ! હે દેવી દેવતાઓ ! મારા વચન સાંભળો ! જેઓને જે જે ઇચ્છિત હશે તેઓને તે તે રીતનું પરબ્રહ્મ સનાતન પુરૂષોત્તમ હું આપીશ.

प्रवदामि कृपया वै विना पुण्यस्य तोलनम् ।
स्वल्पे कृतेऽप्यसंख्यातं फलं ददामि सर्वथा ॥५९॥
ये जना मे फलं पुष्पं पत्रं चन्दनमक्षतान् ।
अर्पयिष्यन्त्यधिमासे चतुर्थ्यो काम्यकर्मकृत् ॥६०॥

तेषां तु कामनाः सर्वाः पूरयिष्ये पुमुत्तमः ।
सर्वे मेऽस्ति मयि सर्वे मया व्याप्तं चराचरम् ॥६१॥

પુણ્યનાં તોલ વિના માત્ર કૃપા વડે કહું છું કે અધિકમાસમાં અલ્પ સરખા કરેલા કર્મનું પણ હું સર્વથા અસંખ્યાત ફળ આપીશ. જે લોકો અધિક વદ ચતુર્થીનાં દિવસે મને પત્ર, પુષ્પ, ફળ, ચંદન, અક્ષત વગેરે જે કોઈ કામનાથી અર્પણ કરશે તેઓની સર્વે મનોકામના હું પુરૂષોત્તમનારાયણ પૂર્ણ કરીશ. બધુ મારૂં જ છે. મારામાં સર્વસ્વ છે અને મારાથી જ ચરાચર વ્યાપ્ત છે. મારાથી અતિરિક્ત સ્વતંત્ર જડ-ચેતન કંઈ નથી. જે કોઈ જડ કે અજડ તત્વો છે તે સર્વથા મારા છે. સર્વે મોક્ષસ્થાનો, સિદ્ધિ-ઐશ્વર્ય સ્થાનો, વિભૂતિઓ, ઈશ્વરો અને દેવતાના પદો, માનવો તથા પાતાળ નિવાસીઓની સમૃદ્ધિઓ આ બધું મારૂં જ છે તેથી જે ઈચ્છશો તે આપીશ.

पुरुषोत्तममासस्य व्रतं पाक्षिकमाह्निकम् ।
नैशं वापि कृतं येन तस्य किञ्चिन्न दुर्लभम् ॥६५॥

જેણે પુરૂષોત્તમ માસનું પાક્ષિક (પંદર દિવસનું), એક દિવસનું કે રાત સુધીનું પણ વ્રત કર્યુ હશે તેને કંઈ દુર્લભ નથી. રાજા પોતાના બળ પ્રમાણે અને પ્રજા પોતાના ધન પ્રમાણે વ્રત, દાન, પૂજન કરે. નર-નારીઓ પોતપોતાના ધર્મમાં રહી મારા અધિકમાસનું વ્રત કરે તે જન અને તેણે કરેલા વ્રતને હું ક્યારેય ભૂલતો નથી. આજે અથવા કાળાંતરમાં હું ઘણુંક ફળ આપીશ તેમાં કોઈ સંદેહ નથી. મેં સકામ ભક્તો માટે સ્વર્ગાદિક લોકો કર્યા છે અને નિષ્કામ ભક્તો માટે બ્રહ્મલોક રાખ્યો છે. સર્વે લોકમાં ઘણુંક સુખ છે પરંતુ બ્રહ્મલોકમાં તેથી અનંતગણું સુખ છે. જે મારા આશ્રિત ભક્તો મારા માટે આ અધિકમાસનું વ્રત કરે છે તેને હું તે બ્રહ્મલોક આપુ છું.

नात्र मूल्यं स्वकृतस्य मूल्यं तु वचसो मम ।
वचो मम धृतं येन फलं तस्याऽप्यनन्तकम् ॥७१॥

અધિકમાસમાં પોતે કરેલા કર્મોનું મુલ્ય નથી. આ માસમાં તો મારા વચનનું મૂલ્ય છે. જેણે મારૂં વચન ધારણ કર્યુ તેને પણ અનંત ફળ થશે. જેમ વર્ષાઋતુમાં જેવી વર્ષા થાય છે તેટલી વૃષ્ટિપ્રદ યજ્ઞ કરવાથી થતી નથી. તેમ સ્વયં પુરૂષોત્તમનારાયણ હું આ પુરૂષોત્તમ માસમાં વરસું છું.

पुरुषोत्तममासस्य करिष्यन्ति प्रशंसनम् ।
येऽपि तेऽप्यर्जयिष्यन्ति यथेष्टं सुखमुत्तमम् ॥७५॥
पुरुषोत्तममासस्य व्रतार्थं त्वन्यदेहिनाम् ।
अनुमोदं प्रदास्यन्ति तेऽपि स्वःसुखभागिनः ॥७६॥
अधिमासे व्रतकर्तुः साहाय्यं ये तु मानवाः ।
करिष्यन्ति च तेभ्योऽपि दास्ये यथेप्सितं सुखम् ॥७७॥
किमु स्याद् दुर्लभं चाधिमासे भक्तस्य मे खलु ।
धाम दास्ये धनं दास्ये दारान् दास्ये सुतान् पशून् ॥७८॥
पतिं दास्ये सुतां दास्ये गां राज्यं चिरजीविताम् ।
आरोग्यं चेन्द्रियानन्दं दास्येऽपि शाश्वतं सुखम् ॥७९॥

જેઓ પુરૂષોત્તમ માસની પ્રસંશા કરશે તેઓ પણ યથેષ્ટ ઉત્તમ સુખને પ્રાપ્ત કરશે. પુરૂષોત્તમ માસના વ્રત માટે અન્ય મનુષ્યોને જે અનુમોદન આપશે તેઓ પણ સુખભાગી થશે. અધિકમાસમાં વ્રત કર્તાને જે માનવો સહાય કરશે તેઓને પણ હું ઈચ્છિત સુખ આપીશ. મારા ભક્તને અધિકમાસમાં ખરેખર શું દુર્લભ હોઈ શકે ? ધામ આપીશ, ધન આપીશ, પત્નીઓ આપીશ, પુત્રો આપીશ, પશુઓ આપીશ, પતિ આપીશ, પુત્રી આપીશ, ગાયો આપીશ, રાજ્ય આપીશ, ચિરજીવન આપીશ, આરોગ્ય આપીશ, ઈન્દ્રિયોનો આનંદ અને શાશ્વત સુખ પણ આપીશ, આવી દુંદુભિની ઘોષણા સાંભળીને રાજાએ, રાણીઓએ તથા દાસીએ નમસ્કાર કરી અક્ષત, પુષ્પ, ફળ આદિ વડે દુંદુભિની પૂજા કરી અધિક વદ ચતુર્થીનું ઉત્તમ વ્રત કર્યુ. તેમાં પ્રાતઃકાળે, મધ્યાન્હે તથા સાયંકાળે પણ શ્રીહરિનું પૂજન કરી

રાત્રિએ વાજીંત્રે સહિત ધૂન કીર્તન અને નૃત્ય કરવા પૂર્વક જાગરણ કર્યુ. પ્રાતઃકાળે સ્નાન કરી ભાવથી શ્રીકૃષ્ણનારાયણની પૂજા કરી વિવિધ રત્નો, રસો, હવિષ્યાન્નો, મિષ્ટાન્નો, સુવર્ણ, રૂપિયાઓ, ફળો, સમિધાઓ વગેરેના દાન આપ્યા. ત્યારે પુરૂષોત્તમનારાયણ સત્પાત્ર વિપ્રનું રૂપ લઈ રત્નોની અભિલાષાએ ત્યાં આવ્યા. તેમને જોઈ સમિત્પિયૂષ નૃપતિ તથા રાણીઓએ ભાવપૂર્વક નમસ્કાર કર્યા અને રત્નોની માળા આપી. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે હે રાજન ! વર માંગો. જેવું માંગશો તેવું થશે. તે સાંભળી રાજાએ ચંદ્રનું પદ અને અમૃતવર્ષિત્વ રૂપ માંગ્યું. રાણીઓએ પણ ચંદ્રપત્ની થવાનો વર માંગ્યો. ત્યારે તથાસ્તુ કહી વિપ્રસ્વરૂપ શ્રીહરિ અદ્રશ્ય થયા. કલ્પનાં અંતમાં પ્રલય પછી ફરી સૃષ્ટિનાં આરંભમાં તે રાજા શ્રીહરિની ઈચ્છાથી અમૃતાંશુ અને ઔષધિના પોષક ચંદ્રમા થયા અને રાણીઓ દક્ષ પુત્રીઓ થઈ. દક્ષે વિધિપૂર્વક તે સત્તાવીસ કન્યાઓ ચંદ્રને પરણાવી. પૂર્વ જન્મમાં જે વિદ્યુલ્લેખા હતી તે રોહિણી નામે થઈ તથા અન્ય સ્વાતિ, વિશાખા ઈત્યાદિક થઈ. દેવયુતિ દાસી અભિજીત નામે થઈ. એને મધ્યાન્હમાં વાસ આપ્યો. આ અભિજીત કાળ સર્વ કાર્યોમાં વિજય પ્રદાન કરનાર છે.

આમ, અધિક વદ ચતુર્થી વ્રતનાં પુણ્ય પ્રભાવે તેઓ કલ્પ પર્યંત તે પદ પર રહેશે. તેથી એક ટાણું કરી, સંધ્યા પછી ભોજન કરી કે ફળાહાર કરીને મારૂં પૂજન કરવા પૂર્વક અધિક વદ ચતુર્થીનું વ્રત કરવું. આ કથાનાં વક્તા અને શ્રોતાઓ પણ આ ચતુર્થી વ્રતનાં ફળભાગી થશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૦ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, પૂર્વ સૃષ્ટિનાં અંતિમ કાળમાં દક્ષિણ ભાગમાં વસુધાન નામનો રાજા થયો. તે મહાદેવનો મહાભક્ત હતો. રાધ્યાક્ષા નામક તેની પત્ની પણ મહાદેવની ઉપાસક હતી અને પતિવ્રત પરાયણ થઈ પોતાના પતિને મહાદેવથી અભિન્ન જાણી સેવતી હતી. નિત્ય પ્રાતઃકાળે સ્વયં સ્નાન કરી પતિદેવને સ્નાન કરાવી મહાદેવની જળ, દૂધ, પત્ર, પુષ્પ, ફળ, ધૂપ, દીપ, આરતી ઇત્યાદિ ઉપચારો વડે પૂજા કરી રાજાની સેવામાં દાસીની જેમ હાજર રહેતી. રાજા પણ પ્રાતઃકાળે નિદ્રાનો ત્યાગ કરી હૃદયમાં શંકરનું ધ્યાન કરી સ્નાન કરી મહાદેવની પૂજા કરી પોતાના આશ્રિતોને અન્નાદિકનું વિતરણ કરીને પછી જ પોતાની રાણી સાથે ભોજન ગ્રહણ કરતા. રાજા અને રાણી પ્રજાકાર્ય, દેવકાર્ય અને દાનકાર્ય નિત્ય કરતા. તેઓના ઘરે દાન શબ્દ ક્યારેય વિરામ પામતો નહિ. તેના રાજ્યમાં યજ્ઞ અને ઉત્સવો વિના વર્ષ જતું નહિ. પોતાના રાજ્યમાં આવેલા ગામ અને શહેરોનાં મુખીયાઓને બોલાવી રાજાએ આજ્ઞા આપી કે શિવાલયમાં પૂજા કરવી અન્યથા દંડ થશે. પૂજા અને દાનથી પાર્વતીએ યુક્ત શંકર પ્રસન્ન થશે. જેના ગામ કે શહેરમાં જેટલા પણ શિવાલય હોય ત્યાં અખંડ દીપ કરવા અને મહાદેવનું ષોડષોપચારથી પૂજન કરવું, જે આવું નહિ કરે તેનો શિરચ્છેદ કરવામાં આવશે.

હે લક્ષ્મિ ! આમ એ રાજા અને રાણીએ સર્વત્ર શિવાલયોમાં પૂજા શરૂ કરાવી. મહાશિવરાત્રીનાં દિવસે તે રાજા અને રાણી વિમાનમાં બેસી પોતાના રાજ્યનાં શિવાલયોમાં દર્શન માટે નીકળ્યા. સર્વત્ર દર્શન પૂજા કરી બીજે દિવસે સવારે પોતાના ભવને આવી સ્નાન પૂજા કરી પારણાં કર્યા. તેટલામાં શંકર અને પાર્વતી ભિક્ષુકનો વેષ લઈ ત્યાં આવ્યા. તેમને ભુખ્યા જાણી દંપતિએ મિષ્ટ ભોજન આપ્યા. તે ભોજનમાં તુલસીપત્ર ન હોવાથી

પાર્વતી શંકરે કહ્યું કે અમે વૈષ્ણવ છીએ જો આ નારાયણનો પ્રસાદ હોય તો જ ગ્રહણ કરીશું. વૈષ્ણવોએ આપેલું અમે અતિ ભાવથી ગ્રહણ કરીએ છીએ. તમો નિત્ય પૂજા, ભોજન અને દીપ આદિ અર્પણ કરો છો તે નારાયણને અર્પણ કર્યા વિનાનું હોવાથી અમે ગ્રહણ કરતા નથી, માત્ર જોઈએ છીએ.

आत्मनिवेदिभक्तानां धर्मोऽयं सर्वदा मतः ।
ब्रह्मणेऽनर्पितं यत् तद्भोज्यं पेयं न वै क्वचित् ॥३०॥

આત્મનિવેદી ભક્તોને સર્વદા આ ધર્મ છે કે તેઓ પરબ્રહ્મને અર્પણ કર્યા વિના ક્યારેય ભોજ્ય કે પેય ગ્રહણ ન કરે. જે કાંઈ પણ અમોને અર્પણ કરવું હોય તે નારાયણને અર્પણ કરીને જ કરવું તો જ અમે ગ્રહણ કરીશું.

जडं यद्वा चेतनं वा स्वकीयं यद्धि मन्यते ।
तद्वै भगवते दत्वा शिष्टं भुञ्जीत भक्तराट् ॥३४॥

જે ભક્તરાજ હોય તે જડ કે ચેતન જે કાંઈ પોતાનું હોય તે ભગવાનને અર્પણ કરી શિષ્ટ (બાકી) રહેલું જ ભોગવે. જે શ્રીહરિને અર્પણ કરાયેલું નથી તે અભક્ષ્ય અને અભોગ્ય છે અને શ્રીહરિને અર્પણ કરાયેલું જ ભક્ત માટે ભક્ષ્ય, ભોજ્ય અને પેય છે. મેં બદ્રિકાશ્રમમાં ભગવાન નારાયણ પાસેથી મંત્રે સહિત વૈષ્ણવી દીક્ષા લીધી હતી ત્યારપછી પાર્વતીને પણ મેં મંત્રે સહિત વૈષ્ણવી દીક્ષા આપી હતી. મારો પુત્ર ગણેશ શ્રીકૃષ્ણનો અંશ હોવાથી વૈષ્ણવ છે. કાર્તિકેય, ગણો, કૈલાસ વગેરે પણ સર્વથા વૈષ્ણવ છે. બદ્રિકાશ્રમનાં યોગથી હિમાલય વૈષ્ણવ છે. તેઓનાં પિતૃઓ વૈષ્ણવ હોવાથી મેના (હિમાલય પત્ની) પણ વૈષ્ણવ છે. ક્ષીર સાગર પણ વિષ્ણુને ધારી રહેલો હોવાથી સદા વૈષ્ણવ છે. તેના પુત્ર-પુત્રીઓ શ્રી, રમા, લક્ષ્મી, ચંદ્ર વગેરે પણ વૈષ્ણવો છે. ભગવાન વામનનાં

પગનાં અંગુઠાનાં સ્પર્શથી ગંગા પણ વૈષ્ણવી છે. નાગરાજ શેષ અને વાસુકિ પણ મેં ધારણ કરેલા હોવાથી વૈષ્ણવ છે. સૂર્યથી થયેલું મારૂં ત્રિશૂળ અને બાસ સૂર્ય પણ વૈષ્ણવો છે. ગોલોકથી પ્રાપ્ત થયેલ નંદિ પણ શ્રીકૃષ્ણનો ઉત્તમ ભકત હોવાથી વૈષ્ણવ છે. પાર્વતીનું વાહન સિંહ પણ નૃસિંહ વંશનો હોવાથી મહાન વૈષ્ણવ છે. મયુરનાં પીંછાનો મુગટ શ્રીકૃષ્ણ ધારણ કરે છે તેથી કાર્તિકેયનો વાહન મયુર પણ પરમ વૈષ્ણવ છે. અરે ! વધારે શું કહું ? હું સર્વથા વૈષ્ણવ છું. વિષ્ણુ એ વ્યાપક બ્રહ્મ છે અને હું તેનું તેજ સદાશિવ છું. તેથી હું તમને વૈષ્ણવ મંત્ર આપું છું તે ગ્રહણ કરો અને હે રાજન ! રાણીને પાર્વતી વૈષ્ણવમંત્ર પ્રદાન કરશે. આવી રીતે આદેશ કરાયેલા રાજા રાણીએ પર્વતી શંકર પાસેથી **"कृष्णनारायणोऽव्यान्माम्"** આ પરમ વૈષ્ણવ મંત્ર, તુલસીની કંઠી, ઉર્ધ્વપુંડ્ર તિલક અને નારાયણનાં પ્રસાદીભૂત અન્નજળનું ગ્રહણ કરી વૈષ્ણવત્વ સ્વીકાર્યુ.

ત્યારપછી ભગવાન વિષ્ણુને તુલસીપત્રે યુકત મહાથાળ નિવેદિત કરી તે પ્રસાદ રૂપ ભોજન શંકર અને પર્વતીને આપ્યું. તે ગ્રહણ કરી શંકર પાર્વતી અતિ તૃપ્ત થયા અને આશીર્વાદ આપ્યા કે તમો દંપતિ અખંડ ધનવાન, સારી સમૃદ્ધિવાળા, શાશ્વત રાજયવાળા અને કરોડો દાસદાસીઓવાળા થાઓ. આમ આશીર્વાદ આપી શંકર પાર્વતી અદ્રશ્ય થયા. ત્યારથી માંડી તે દંપતિ શ્રીકૃષ્ણનારાયણ પ્રભુ શિવાત્મા છે તેમ માની તેમની પૂજા કરવા લાગ્યા. આમ દિવસો પછી દિવસો વ્યતીત થયા. અધિક વદ પંચમીનાં દિવસે તેઓએ દુંદુભિનો નાદ સાંભળ્યો કે હે માનવો ! હે દેવતાઓ ! હે સ્થાવર જંગમો ! સાંભળો, હું પુરૂષોત્તમમાસનાં અધિપતિ શ્રીહરિનો પ્રિય દુંદુભિ શ્રીહરિની આજ્ઞાથી ઘોષણા કરૂં છું કે આ માસનાં એક દિવસનું પણ વ્રત કરીને પૃથ્વી, સ્વર્ગ તથા જે જે દેવતાઓ કે ઈશ્વરોનાં મહાન પદો છે તેને યથેચ્છિત પ્રાપ્ત કરો. સંપૂર્ણ અધિક માસનું

વ્રત, પાક્ષિક વ્રત કે દૈનિક વ્રત કરીને પણ મારૂં પૂજન કરી જે પદની ઇચ્છા હોય તે પદને મારી કૃપાથી પ્રાપ્ત કરો. આમ કહી દુંદુભિ વિરામ પામ્યા. રાજા રાણીએ નમસ્કાર કરી પુષ્પ, અક્ષત ઇત્યાદિ વડે તેમનું પૂજન કર્યુ અને કહ્યું કે અમને આ અધિક વદ પંચમીનું વ્રત કરી કાંચનેય (મહાકુબેર) પદ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે. ત્યારે તથાસ્તુ કહી હૃદયમાં શ્રીહરિનું ચિંતવન કરતા દુંદુભિ અન્યત્ર ગયા. રાજા રાણીએ અધિક વદ પાંચમનાં દિવસે, પ્રાતઃકાળે સ્નાન કરી, શ્રીહરિ અને શંભુનું ધ્યાન અને નમસ્કાર કરી, ગુરૂની પૂજા કરી, પુરૂષોત્તમનારાયણની સુવર્ણની મૂર્તિ કરી તેની ધ્યાન, આવાહન ઇત્યાદિ ષોડષોપચારે મહાપૂજા કરી. મધ્યાન્હ સમયે પણ શ્રીહરિની પૂજા કરી મહાનૈવેદ્ય ધર્યા અને સાંયકાળે પણ કેળના સ્તંભો તથા તોરણો વડે મનોહર મંડપની રચના કરી તેમાં સર્વત્રોભદ્ર મંડળનાં મધ્યમાં સુવર્ણકળશનું સ્થાપન કર્યુ.

તે કળશમાં જળ, ફળ, પંચરત્ન તથા વસ્ત્ર પધરાવી તેની પર તલથી ભરેલી થાળીનું સ્થાપન કર્યુ. તેમાં શ્રીહરિની મૂર્તિ પધરાવી વિધિવત્ પૂજન કરી પુષ્પાંજલિ અર્પણ કરી ગીત, વાદ્ય સહિત કીર્તન કરતાં જાગરણ કરવા લાગ્યા. મધ્યરાત્રિએ સ્વયં પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનારાયણ મધુર મંદહાસ્ય કરતાં અને પોતાના પ્રકાશથી દસે દિશાઓને દૈદિપ્યમાન કરતાં એકાએક પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે તમે કરેલા આ અધિક વદ પાંચમનાં વ્રતથી હું અતિ પ્રસન્ન થયો છું. તેથી જે ઇચ્છિત હોય તે વરદાન માંગો. તમે મારા વૈષ્ણવ ભક્ત થયા છો. હું મારા વૈષ્ણવ ભક્તને મારૂં સર્વસ્વ આપી દઉં, તો તમને શું દુર્લભ રહ્યું ? ત્યારે રાજા-રાણીએ દંડવત્ પ્રણામ કરી કહ્યું કે હે પુરૂષોત્તમ ! તમારાથી અજાણ્યું કંઇ નથી. આ બ્રહ્માંડનાં ધનાધિપતિનું પદ અમે માગતા નથી કારણકે તે રંકને સંતુષ્ટિ કરનાર છે. બ્રહ્માનું પદ કુંભારની ક્રિયામય (નિત્ય સર્જનની ઉપાધિમય) છે. ઇન્દ્ર પદ દૈત્યોની પીડાયે યુક્ત છે. તેથી આવા પદોની મને

ઇચ્છા નથી. તમામ ઈશ્વરોમાં વૈરાજપદ શ્રેષ્ઠ છે. તેથી મહાવિષ્ણુનું પદ, તેથી વિષ્ણુનું વૈકુંઠ પદ અને તેથી ભૂમાપુરૂષનું પદ શ્રેષ્ઠ છે. તેમાં મહાકુબેરનું જે પદ છે તે ઈશ્વરોની કોટિમાં ઘણું મહાનતમ છે. અનંત બ્રહ્માંડોનાં કુબેરોને તે કોશનાં એક કણ માત્રથી સંતુષ્ટિ થઈ જાય છે. તે મહાકુબેર પદની આપની કૃપાથી અમે ઇચ્છા રાખીએ છીએ. હે સ્વામિન્ ! ભક્તો માટે તમારે કંઈ અધિક નથી, તે છતાં જો અયુક્ત માગ્યું હોય તો ક્ષમા કરજો પરંતુ અમને બીજા પદની આકાંક્ષા નથી. આમ કહી તેઓ શ્રીહરિનાં ચરણમાં પડયા. ત્યારે શ્રીહરિ તથાસ્તું કહી બોલ્યા કે અત્યારે જે વર્તમાન મહાકુબેર છે તેમની આયુનો ક્ષય થતાં સર્ગાંતરમાં તમો તે પદ પામશો. આમ કહી શ્રીકૃષ્ણનારાયણ અદ્રશ્ય થયા. ભગવાન વાસુદેવનાં એક-એક દિવસે અનંત મહાકુબેરોનો ક્ષય થાય છે. તેમાના એક મહાકુબેરનો ક્ષય થતા રાજા વસુધાનને ભગવાન શ્રીકૃષ્ણનારાયણે તે મહાકુબેર પદ આપ્યું અને રાણી રાધ્યાસાને મહાકુબેરાણી બનાવી. જ્યાં સુધી પ્રાકૃતપ્રલય નહિ થાય ત્યાં સુધી તે બંને આ પદ પર રહેશે. હે લક્ષ્મિ ! સાક્ષાત્ પ્રત્યક્ષદર્શી હોવાથી આ બધુ હું જાણું છું. મારા વિના કોઈ સંપૂર્ણ સર્વજ્ઞ નથી.

આમ અધિક વદ પાંચમીનું વ્રત કરવાથી મેં શાશ્વત ફળ આપ્યું. આવું ફળ આપવા મારા સિવાય બીજું કોણ શક્તિમાન છે? હું જ તમામ સૃષ્ટિને રચીને તેમાં પ્રવેશ કરી તેનું પાલન કરૂં છું અને સમયે તેનો વિનાશ કરૂં છું છતાં પણ હું હંમેશા અકુંઠિત જ્ઞાનવાન રહું છું. તેથી જ મેં અહીં તને આ પૂર્વસૃષ્ટિનું વૃતાંત કહ્યું. આ અધિક વદ પંચમીનું વ્રત કરનાર નર-નારીઓને અથવા આ પંચમીનાં વ્રતની કથા કહેનાર તથા સંભળનારને પણ નિશ્ચે જ તેવું ફળ થશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૧ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો. પૂર્વ કલ્પમાં મરૂ દેશમાં દેવયવ નામનો અતિ ધાર્મિક અને ધનાઢય બ્રાહ્મણ હતો. તેને દેવજુષ્ટા નામની પતિવ્રતા પત્ની હતી. વળી તેને ગિરિક્ષિત તથા અદ્રિદ્યુતિ નામક દંપતિ સેવકો હતા. તે ચારેય જણ હંમેશા શ્રીકૃષ્ણ ભક્તિ પરાયણ રહેતા હતા. મરૂદેશનાં રાજા દેવસખાએ ભાસ્વતી નામક પોતાની નગરીમાં સાત શિખરોથી સુશોભિત વિષ્ણુ મંદિર કરાવ્યું. તેના ત્રણ મુખ્ય શિખરો પૈકી મધ્ય શિખરમાં રાધા અને લક્ષ્મીએ સહિત શ્રીકૃષ્ણનારાયણ, જમણા શિખરમાં ગર્ભગૃહમાં પોતપોતાની દાસીએ સહિત શ્રી, પ્રભા અને પાર્વતી તથા ડાબા શિખરનાં ગર્ભગૃહમાં પોતાની દાસીએ યુક્ત માણિકી, જયા અને લલિતા પધરાવ્યા. તેઓની સેવામાં રાજાએ તે ચારેય જણને નિયુક્ત કર્યા. તેમાં દેવયવ મધ્ય શિખરમાં પૂજા કરતા હતા. જમણા શિખરમાં દેવજુષ્ટા અને ડાબા શિખરમાં અદ્રિદ્યુતિ સેવા કરતી હતી. ગિરિક્ષિત ચંદન ઘસવા ઈત્યાદિ બહારનાં કામ કરતો હતો. રાજા તેઓને નિવાસ કરવા યોગ્ય ભવન, જીવિકા માટે ખેતીવાડી તથા હજાર સોના મહોર આપતા. વળી ઉત્સવનાં દિવસોમાં વસ્ત્ર, અન્ન, આભૂષણો તથા દેવપૂજામાં ધરાવેલ નૈવેદ્ય આદિ અધિક પણ આપતા. પરંતુ લોભી સ્વભાવનાં બ્રાહ્મણ દેવયવ યાત્રાળુંઓ દ્વારા ભગવાનને અર્પણ કરાયેલ રૂપિયા કે સ્વર્ણ મુદ્રાઓ પોતે રાખી લેતા. તેથી દેવયવનું દ્રવ્ય દૂષિત થયું.

यद्यपि न्यायलब्धं स्वं देवद्रव्यस्पृशिं गतम् ।
दूषितं तद् विनश्येद्वै लक्षं नीत्वा प्रगच्छति ।।२१।।

ન્યાયથી ઉપાર્જિત કરેલા દ્રવ્યને પણ જો દેવનાં દ્રવ્યનો સ્પર્શ થાય તો તે નક્કી જ વિનાશ પામે છે અને બીજા લાખને (દ્રવ્ય) પણ લઈને જાય છે. તેવી જ રીતે બીજી કોઈ પણ વસ્તુ કે જે દેવ, ગાય, ગુરૂ, ભિક્ષુક,

બ્રાહ્મણ, અનાથ કે નિરાધાર ઈત્યાદિકની છે તે વસ્તુ પણ જો પોતાની વસ્તુ ભેળી ભેળવે તો સમૂળ વિનાશ નોતરે છે. દેવપૂજામાં આવેલા અન્ન, વસ્ત્ર કે રૂપિયા દેવદ્રવ્ય હોઈ ગ્રહણ કરવા નહિ કારણકે તે કુળનો વિનાશ કરનારા થાય છે. દેવયવ પણ દેવ દ્રવ્યને ગ્રહણ કરતો હતો તેથી યેન કેન નિમિત્તે તેનો નાશ સમીપે આવ્યો. મરૂ અને કોશલ દેશનાં રાજાઓ વચ્ચે ઘોર યુદ્ધ થયું તેમાં કોશલ દેશનાં રાજાએ મરૂદેશનાં રાજાને જીતી લીધો. વળી કોશલ દેશની સેનાએ ભાસ્વતી નગરીનાં ઘનાઢયોનાં નાણાઓ બળજબરી પૂર્વક લૂંટી લીધા. દેવયવ બ્રાહ્મણને પણ રાજાનો માન્ય બ્રાહ્મણ જાણી તેનું સર્વસ્વ લૂંટી લઈ તેની પત્ની અને સેવકો સાથે ત્યાંથી કાઢી મૂક્યો. તેઓ ત્યાંથી ગિરનારમાં સોનરખી નદીનાં તટે વનમાં ફળ-મૂળ ખાઈને રહેવા લાગ્યા.

એકવાર ફરતા-ફરતા પ્રાચીમાં સરસ્વતી નદીનાં કિનારે જળપાન કરી વિશ્રામ માટે ક્ષણવાર બેઠા ત્યારે ગિરિક્ષિતે દેવયવને કહ્યું કે જેનું આપણે પૂજન કરતા રહ્યા તે ભગવાને પણ શત્રુઓના ઉપદ્રવમાં આપણી રક્ષા ન કરી. કોશલ દેશની સેનાએ આપણું બધુ જ દ્રવ્ય તથા મંદિરનું દ્રવ્ય પણ લૂંટી લીધુ છતાં પણ વિષ્ણુએ રક્ષણ ન કર્યુ. જે પોતાના ધનની રક્ષા ના કરી શક્યા તે આપણી રક્ષા શું કરે ? તે સાંભળી દેવયવે કહ્યું કે આવું ના બોલ. તું જેમ કહે છે તેમ નથી. શ્રીહરિ સર્વની રક્ષા કરે છે અને આપણી રક્ષા કરી તેથી જ આપણે જીવતા રહ્યા છીએ. મેં દેવ દ્રવ્ય લેવાનું મહાપાપ કર્યુ છે તે મારા પાપ વડે જ આપણું સર્વ દ્રવ્ય નાશ પામ્યું.

देवद्रव्यं च देवान्नं यस्य कोशे हि जीर्यति ।
तस्य सर्वस्वनाशाय फलं भवति निश्चितम् ।।४४।।

દેવનું દ્રવ્ય અને દેવનું અન્ન જેના પણ કોશ (ભંડાર)માં પડે છે તેને સર્વસ્વ નાશ રૂપી ફળ નિશ્ચે મળે છે. તેથી મેં આ લોકમાં આ યોગ્ય જ ફળ મેળવ્યું છે. હજું આ પાપે યમલોક ભોગવવું શેષ રહે છે છતાં પણ ભગવાનની સેવાના ફળ સ્વરૂપે સેનાએ આપણને મારી નાખ્યા નહિ. આમ પરમાત્માએ આપણી રક્ષા જ કરી છે. હવે એવો પ્રયત્ન કરવો જોઈએ જેથી યમલોકની પ્રાપ્તિ ના થાય. શરણાગતોનું શ્રીહરિ રક્ષણ કરે છે. શરણાગત પાસે યમ આવતા નથી. તે શરણાગતિ નારાયણે છ પ્રકારની કહી છે.

विश्वासो वरणं न्यासः कार्पण्यं च स्थिरा मतिः ।
आनुकूल्यस्य संकल्पः प्रातिकूल्यविवर्जनम् ।।५१।।
तत्र हरिर्मदर्थे यत् करोति सकलं तु तत् ।
मदर्थे योग्यमेवाऽस्ति त्वेवं विश्वासमाचरेत् ।।५२।।
त्वं ममासि तवाहं चेत्येवं वरणमर्थयेत् ।
सर्वस्वोऽहं पादयोस्ते न्यस्तोऽस्मि न्यासमाचरेत् ।।५३।।
सत्यपि सार्वभौमेऽपि कार्पण्यं दासवच्चरेत् ।
सर्वनाशेऽपि खेदं न कुर्यान्मतिं स्थिरां चरेत् ।।५४।।
तव तोषो मम तोषो नान्यथेति सुकल्पयेत् ।
इत्येवं तस्य यद्रम्यं रम्यमेव ममापि तत् ।।५५।।
नान्यदिति प्रकुर्याद्वै मत्वा भक्तिं सदा हरेः ।
अपराधान् क्षमाप्यैव सोऽस्मान् संतारयिष्यति ।।५६।।

વિશ્વાસ,વરણ, ન્યાસ, કાર્પણ્ય, સ્થિરામતિ, અનુકૂળતાનો સંકલ્પ અને પ્રતિકૂળતાનો ત્યાગ(આ છ પ્રકારની શરણાગતિ છે). તેમાં શ્રીહરિ મારા માટે જે કાંઈ પણ કરે છે તે સકળ મારા માટે યોગ્ય જ છે આવો વિશ્વાસ રાખવો. તમે મારા છો અને હું તમારો છું આવું વરણ ઈચ્છવું. મારા સર્વસ્વ સાથે હું તમારા ચરણકમળમાં સમર્પિત થયો છું. એમ ન્યાસ

કરવો. સાર્વભૌમ સત્તા હોવા છતાં પણ દાસની જેમ વર્તવું એવું કાર્પણ્ય રાખવું. સર્વસ્વ નાશ થવા છતાં ખેદ ન કરવો એવી સ્થિરામતિ રાખવી. તમારો સંતોષ એ મારો સંતોષ બીજું કાંઈ નહિ આમ પરમેશ્વરને જે સારૂં લાગે તે જ મને પણ સારૂં લાગે (અર્થાત્ પરમેશ્વરની અનુકૂળતા પ્રમાણે જ મારે વર્તવું) અને એમને જે પ્રતિકૂળ હોય તે સર્વનો મારે ત્યાગ કરવો. આમ માની સદા શ્રીહરિની ભક્તિ કરવી તેથી શ્રીહરિ અપરાધોને ક્ષમા કરી આપણને તારનારા થશે. પેટ ભરવા માટે કે લોભ વડે જે કાંઈ ચોરી આદિ પાપો આપણે કર્યા છે તે સર્વે પાપોનો ભક્તિથી ભગવાન નાશ કરશે. શ્રીકૃષ્ણનારાયણનું સ્મરણ કરતા જે શરીરનો ત્યાગ કરે છે તે પરમપદને પામે છે. તેથી આ જ તીર્થમાં ચિરકાળ નિવાસ કરી શ્રીકૃષ્ણની આરાધના કરીએ તેથી આયુષ્ય પુરૂં થતાં શ્રીહરિનાં ધામને પામીશું. આમ વિચારી તે ચારેય જણ સરસ્વતીનાં તીરે પ્રાચીમાં જપયજ્ઞ કરવા લાગ્યા અને પ્રાપ્ત થતા ઉપચારોથી શ્રીહરિનું પૂજન કરવા લાગ્યા.

સમય જતાં અધિકમાસની ષષ્ઠી (છઠ)નાં સવારે પુરૂષોત્તમનારાયણનાં દુંદુભિની ઘોષણા સાંભળી કે મારી પૂજામાં અનેક અપરાધો થાય છે. આ પુરૂષોત્તમ માસની વદ પક્ષની છઠનું જે વ્રત કરશે તેના વજ્રલેપ જેવા પાપ હશે તો પણ આ વ્રતનાં પ્રભાવે ધોવાઈ જશે. એકટાણું કરીને, સાંધ્યાકાળ પછી જમીને, યાચના કર્યા વગર મળેલું અન્ન જમીને, ફળાહાર કરીને, જળપાન કે માત્ર વાયુભક્ષણ કરીને જે આ વ્રત કરશે તેને જે ઈષ્ટ હશે તે હું આપીશ અને તેણે મારા સંબંધે જે કાંઈ વિપરિત કર્મો કર્યા હશે તે હું સર્વથા ભૂલી જઈશ. મારી આજ્ઞાથી આ અધિકમાસ ઈશ્વરસૃષ્ટિમાં પણ પ્રવર્તે છે. સૌથી શ્રેષ્ઠ એવા મારા પુરૂષોત્તમનાં પ્રતાપે આ અધિકમાસ પણ સૌથી શ્રેષ્ઠ અને સર્વોત્તમ ફળ આપનારો થયો છે. તેથી જે ઈચ્છા હોય તે માંગીને પણ વ્રત કરો. આમ

કહી દુંદુભિ તે સ્થાનથી અન્યત્ર ગયા. તેમનાં શબ્દો સાંભળી તે ચારેય જણે નક્કી કર્યુ કે પૂર્વે હતી તેનાથી ક્યાંય ગણી અધિક વિશાળ ધન સંપદા, યાન, વાહન, મહેલ ઈત્યાદિક સુખ દેવરાજ ઈન્દ્ર જેવું થાય. તમામ દેવતાઓનું રાજ્ય, સ્ત્રી, ધામ, ધન, સ્વર્ગ અને શાશ્વતીલક્ષ્મી ઈન્દ્ર પાસે નિત્ય રહે છે. તેથી ઈન્દ્ર પદ જ ગ્રહણ કરવું. પછી ભક્તિ કરી વૈકુંઠને પામવું. આમ નક્કી કરી તેઓએ ષષ્ઠીનું શુભ વ્રત કર્યુ. તેમાં પ્રાતઃકાળે શ્રીહરિની માટીની મૂર્તિ કરી. તેમાં પુરૂષોત્તમનારાયણનું આવાહન કરી. ષોડષોપચાર વડે પૂજન કર્યુ. ત્યાર પછી તે મૂર્તિને વેલીઓથી બંધાયેલા હિંચકે ઝુલાવી. તેવી જ રીતે મધ્યાન્હે તથા સાયંકાળે પૂજન કરી રાત્રિએ નૃત્ય, ધૂન, કીર્તન કરવા પૂર્વક જાગરણ કરવા લાગ્યા.

તે સમયે ત્યાં શ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે મારૂં વ્રત કરવાથી હું સંતોષિત થયો છું અને તમારા દુઃખો ટળી ગયા છે. હે ભક્તો ! વરદાન માંગો. શ્રીહરિને જોઈ તે સર્વેએ ચરણકમળમાં પુષ્પાંજલિ અર્પણ કરવા પૂર્વક નમસ્કાર કર્યા અને ઈન્દ્ર પદની યાચના કરી. ત્યારે તથાસ્તું કહી શ્રીહરિ અદ્રશ્ય થયા. અધિકમાસમાં સરસ્વતીનાં તટે પ્રાચીમાં તે ચારેય પાર્થિવ શરીર છોડી મહર્લોકમાં ગયા. દસલોકનો ક્ષય થયા પછીના કલ્પારંભમાં વ્રતનાં પુણ્યથી દેવયવ ઈન્દ્ર થયા. દેવજુષ્ટા ઈન્દ્રાણી થઈ. ગિરિક્ષિત તે બંનેનો પુત્ર જયંત થયો અને અદ્રિદ્યુતિ વિશ્વકર્માની પુત્રી અને જયંતની પત્ની પુલોમજા થઈ.

આમ અધિક વદ છઠનાં વ્રતથી અને શ્રીહરિની કૃપાથી તેઓએ ઈન્દ્ર પદનું સુખ પ્રાપ્ત કર્યુ. આ કથાને સાવધાન થઈ જે કહેશે કે સાંભળશે તેને પણ આ વ્રતનું ફળ તથા ઈષ્ટની પ્રાપ્તિ થશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૨ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! અધિક વદ સપ્તમીનાં વ્રતથી બ્રહ્માની પુત્રી સંધ્યાને જે ચમત્કાર થયો તે સાંભળો. સૃષ્ટિનાં આરંભમાં સ્વયં સૃષ્ટિકર્તા બ્રહ્માએ અત્રિ, મરિચિ, પુલહ, પુલસ્ત્ય, અંગીરસ, ક્રતુ, વશિષ્ઠ, નારદ, દક્ષ અને ભૃગુની માનસ ઉત્પત્તિ કરી. ત્યાર પછી બ્રહ્માનાં મનથી અત્યંત રૂપવતી સંધ્યા નામની કન્યા ઉત્પન્ન થઈ. તે સમયે સૃષ્ટિ કામવડે ગર્ભ દ્વારા ઉત્પન્ન થનારી ન હતી. ત્યારબાદ બ્રહ્માના માનસ પુત્ર તરીકે કામદેવની ઉત્પત્તિ થઈ. તે કામદેવ અત્યંત સુંદર હતો. તેને જોઈ સંધ્યા તથા દક્ષાદિક સર્વે પરમ ઉત્સુકતા, ચંચળતા, રાજસભાવ તથા ઇન્દ્રિયમાં આનંદ ભાવને પામ્યા.

બ્રહ્માએ કામદેવને કહ્યું કે હર્ષણ,રોચન, મોહન, શોષણ, દ્રાવણ તથા સુમન નામના પાંચ પુષ્પબાણો વડે પુરૂષો અને સ્ત્રીઓને મોહ પમાડી તું સૃષ્ટિની સહાયતા કર. તું અદ્રશ્ય રૂપે પ્રાણીઓનાં હૃદયમાં સદા પ્રવેશ કરી સુખનો હેતુ થઈ સનાતની સૃષ્ટિ કર. એમ આજ્ઞા કરી બ્રહ્માએ તેને પોતાના આસન પર બેસાડયો. વળી સંધ્યા તથા દક્ષાદિક પણ પોત પોતાના આસન પર બેઠા. તે સમયે પરીક્ષા કરવા માટે કામદેવે પોતાનું ધનુષ્ય લઈ બળપૂર્વક પુષ્પબાણો છોડયા. તેથી દક્ષાદિક સર્વે સંધ્યામાં મોહિત થઈ તેને જ જોતા બહુધા વિકારને પામ્યા તેથી તેઓના શરીરમાંથી ૪૯ ભાવો પ્રગટ થયા. સંધ્યા પણ તેઓની સામે કટાક્ષવાળા ભાવો પ્રગટ કરવા લાગી. સંધ્યાનાં ભાવો જોઈ દક્ષાદિક અત્યંત વિકૃતિને પામ્યા. તેથી કામદેવે પોતાના કાર્યમાં સફળતા માની. તે સમયે તે સર્વેને વિકૃત જોઈને ધર્મદેવે વિવેકથી સર્વેને કહ્યું કે ધર્મ માટે કામની ઉત્પત્તિ થઈ છે. અધર્મ માટે કદાપિ નહિ. આ કામ વડે કુટુંબી એવા તમે એકબીજામાં વિકારને પામ્યા. પ્રજા માટે આ યોગ્ય નહિ થાય. જન્મતાની સાથે યૌવન અને શરીરમાં જો કામનનો પ્રવેશ હશે તો માતા, બહેન, પુત્રી, ભાભી, પિતા, ભાઇ, પતિ, પુત્ર ઇત્યાદિ સંબંધોનો વિનાશ થશે. તેથી હે વિધાતા !

જન્મતાની સાથે યૌવન અને કામભાવ જેવી રીતે શરીરમાં ઉત્પન્ન ન થાય તેવું તમે કરો. જેથી ધર્મનું રક્ષણ થાય. વળી ધર્મે કામને કહ્યું કે તે કસમયે અને અયોગ્ય વ્યક્તિઓમાં વિકાર પેદા કર્યો છે. તેથી તું ભસ્મીભૂત થઈશ. પછી દક્ષાદિકને કહ્યું કે તમો બદ્રિકાશ્રમમાં જઈ ગંગામાં સ્નાન કરી નારાયણને નમસ્કાર કરી તપ કરી પાવન થઈ પછી ધર્મપૂર્વક સૃષ્ટિનું કાર્ય કરો. વળી ધર્મદેવે બ્રહ્માને કહ્યું કે હે પિતામહ ! તમે યજ્ઞ કરો. સૃષ્ટિનાં આરંભમાં બ્રહ્માએ તે સૌથી પહેલો વૈદિક યજ્ઞ કર્યો. તે યજ્ઞથી તૃપ્તિ અને અન્ન દેનારા મેઘો ઉત્પન્ન થયા. ત્યાર પછી ધર્મે વિકાર દોષવાળી સંધ્યાને કહ્યું કે તું શ્વપચ(અસત શુદ્ર)ની પુત્રી થા પછી શુદ્ધ થઈશ. ત્યારે સંધ્યાએ કહ્યું કે હું તપ કરી એવું કરીશ કે જેથી ઉત્પન્ન થનારને ઘણાંક સમય સુધી આ કામ પરાભવ ન કરે. આમ નક્કી કરી જેવી રીતે જેને જે જે આદેશ થયો તેવી રીતે તેઓ તે તે સ્થાનમાં ગયા.

સંધ્યા પણ એમ વિમર્શ કરવા લાગી કે હું ઉત્પન્ન થતાંની સાથે જ યુવતી અને કામમોહિત હતી. વળી દક્ષાદિક પણ મારામાં કામથી મોહિત થયા હતા. મેં મારા જ કુટુંબીઓનું ચિત્ત કામથી વિકારવાન કર્યુ તે પાપનું પ્રાયશ્ચિત હું શીઘ્ર કરીશ. ધર્મ માર્ગને અનુસારે હું મારા શરીરને તપમાં હોમી દઈશ પરંતુ એક મર્યાદાનું સર્વથા સ્થાપન કરીશ કે ઉત્પન્ન થયેલા દેહધારીઓ સકામ નહિ હોય. આના માટે હું પરમ દારૂણ તપ કરી આ મર્યાદાનું સ્થાપન કરીશ. આમ વિચારી તે સંધ્યાએ પોતાના પાપનાશ માટે યોગ સમાધિ વડે પોતાના છાયાત્મક શરીરને સૂક્ષ્મ કરી શ્વપચનાં ઘરમાં જન્મ ધારણ કર્યો. જન્મતાંની સાથે જ તે યુવતી અને જેને પૂર્વજન્મનું સંસ્મરણ છે તેવી જાતિસ્મરા હતી. રાખાલ નામક તેના પિતા અને માતંગિની તેની માતા હતી. તેઓ હિમાલયમાં વસનારા હતા. માતા પિતાની સેવા કરવા પૂર્વક સંધ્યા પૂર્વજન્મમાં થયેલા ધર્મદેવનાં શાપનું સ્મરણ કરી તે કાળની પ્રતિક્ષા કરતી હતી કે જે કાળે શુદ્ધિ થાય. તેવા સમયમાં આકાશ માર્ગથી પતિતોનો ઉદ્ધાર કરનારા સપ્તર્ષિઓ બદ્રિકાશ્રમ પ્રતિ જતા હતા. તેઓએ યોગચક્ષુ વડે તે વનમાં સંધ્યાને જોઈ ભિક્ષાનાં

મિષે તે શ્વપચનાં ઘરે ઉતર્યા. યદ્યપિ કર્મથી ચાંડાળ હોવા છતાં આ બ્રહ્માનાં પુત્ર પાસેથી ફળ અથવા કાચા અન્નની ભિક્ષા કરવામાં કોઈ દોષ નથી આમ વિચારી તેઓએ ભિક્ષાની યાચના કરી. ત્યારે રાખાલે મુનિઓનાં ચરણમાં નમસ્કાર કરી પ્રાર્થના કરી કે હું તમોને ફળો, કાચું અન્ન અને આ કન્યા ભિક્ષામાં આપું છું. તેનું ગ્રહણ કરી અમારો ઉદ્ધાર કરનારા થાઓ. ત્યારે બીજા ઋષિઓની અનુમતિથી વશિષ્ઠે તે કન્યા અને ભિક્ષા ગ્રહણ કરી. પછી બદ્રિકાશ્રમમાં જઈ તે કન્યાને ગંગામાં સ્નાન કરાવી કામધેનુનાં શરીરમાં મુખથી પ્રવેશ કરાવી મુત્ર માર્ગથી બહિર્નિષ્ક્રમણ કરાવ્યું. તેથી તે પાવન થઈ પુનર્જન્મને પામી અરૂંધતિ થઈ. તે કન્યા તપને યોગ્ય બ્રહ્મણત્વને પામી હતી છતાં પણ તેણે વશિષ્ઠને કહ્યું કે જો આપની આજ્ઞા હોય તો "ઉત્પન્ન થતાંની સાથે જ જો શરીરમાં યૌવન હોય તો લોક મર્યાદાનું રક્ષણ થતું નથી તેથી તે મર્યાદાનું સ્થાપન કરવા માટે હું ચંદ્રભાગા નદીના કિનારે તપ કરવા ઈચ્છું છું". તેનો હાર્દ અત્યંત ગંભીર છે તેવું સમજી પરમ તપસ્વી વશિષ્ઠ ઋષિએ તેને હા પાડી.

ત્યાર પછી ચંદ્રભાગાનાં કિનારે બૃહલ્લોહિત સરોવરનાં તટે આકાશ માર્ગથી ઉતરી વશિષ્ઠે સંધ્યાને કહ્યું કે હે દેવી ! તમે અહીં જ તપ કરો અને આ રક્ષાસૂત્ર મણિબંધમાં ધારણ કરો તેથી તમારી રક્ષા થશે. આમ કહી સપ્તર્ષિઓ સત્યલોકમાં ગયા અને દેવી અરૂંધતિ સૌભાગ્યની આકાંક્ષાથી ગૌરી પૂજા પરાયણ થઈ તપ કરવા લાગ્યા. તપનાં પ્રભાવે અલ્પકાળમાં જ માતા પાર્વતી પ્રગટ થઈ અરૂંધતીને કહેવા લાગ્યા કે હે અરૂંધતિ ! "ॐ नमः श्रीकृष्णनारायणाय ॐ नमोऽस्तु ते" આ મંત્રનો જપ કરવા પૂર્વક તું પુરૂષોત્તમનારાયણની આરાધના કર તેથી તને ઈચ્છિત સકળ પ્રાપ્તિ થશે તેમાં સંશય નથી. મૌન રહી સ્નાન કરવું, મૌન રહી શ્રીહરિની પૂજા કરવી તથા કંદમૂળ, ફળ, જળ અને વાયુનો આહાર કરવો અને રોજ આ મંત્રની એક અથવા બે હજાર માળા શ્રીહરિની મૂર્તિનાં ચિંતનપૂર્વક કરવી. આમ કરવાથી તારો ઈચ્છિત મનોરથપૂર્ણ થશે આમ

કહી મહાગૌરી અંતર્ધાન થયા. સંધ્યા પણ દિવ્યજ્ઞાન, દિવ્ય શરીર અને તપ કરવાની રીતિને પામી અતિ આનંદિત થઈ તપ કરવા લાગી. સમય જતાં અધિક વદ સાતમનાં દિવસે પ્રાતઃકાળે અરૂંધતિએ દુંદુભિનાં વચનો સાંભળ્યા કે આ અધિકમાસની સપ્તમીનું જે નિરાહાર રહી વ્રત કરશે, યથાલબ્ધ ઉપચારો વડે શ્રીહરિનું પૂજન કરશે, રાત્રિએ જાગરણ કરી બીજે દિવસે પ્રાતઃકાળે પારણા કરી ફળાદિકનાં દાન આપી ક્ષમાયાચનાપૂર્વક શ્રીહરિનું વિસર્જન કરશે તે ઉત્તમ સુખને પામશે.

દુંદુભિનાં આ વચનો સાંભળી અરૂંધતિએ તે પ્રમાણે જ સપ્તમીનું વ્રત કર્યુ. આઠમનાં સવારે બ્રાહ્મ મૂહુર્તમાં તેને શ્રીહરિનાં દર્શન થયા. અરૂંધતિએ પ્રત્યક્ષ શ્રીહરિને જોઈ પ્રણામ કરવા પૂર્વક સ્તુતિ કરી ત્યારે પુરૂષોત્તમનારાયણ બોલ્યા કે હું તારા વ્રત-તપ અને સ્તવનથી પ્રસન્ન થયો છું, તું વરદાન માંગ. ત્યારે અરૂંધતિએ કહ્યું કે જો હું વરદાનને યોગ્ય હોઉં તો પ્રથમ વર એ માંગુ છું કે સૃષ્ટિમાં ઉત્પન્ન થતાંની સાથે જ દેહધારીઓમાં કામભાવ ના હોય. બીજો વર એ માંગુ છું કે સર્વ સૃષ્ટિમાં મારા જેટલું માન્ય કોઈ ના થાઓ. ત્રીજો વર એ આપો કે સંધ્યા સમયે જે પુરૂષ કામવાન થાય તેનો નાશ થાઓ અને તે સમયે તેનાથી થયેલી પ્રજા પિશાચતાને પામો. ચોથો વર એ આપો કે મારા ચાર રૂપ થાય. તેમાં પ્રથમ મારૂં પ્રાતઃસંધ્યા રૂપ થાય. બીજું મારૂં સાયં સંધ્યા રૂપ થાય. ત્રીજું વશિષ્ઠની પત્ની થઈ વશિષ્ઠ સાથે સ્વર્ગમાં નિવાસ કરૂં અને ચોથું તમારા ધામમાં મારૂં દાસીરૂપ થાઓ. આમ વરદાનો માંગી અરૂંધતી મૌન થઈ. ત્યારે શ્રીહરિએ કહ્યું કે હે સંધ્યે ! તે જે માંગ્યુ તે બધું જ મેં આપ્યું. તે પ્રથમ વર જે માંગ્યો તેમાં શરીરમાં પ્રથમ શૈશવ ભાવ, બીજો કુમાર ભાવ, ત્રીજો યૌવન ભાવ અને ચોથો વાર્ધક ભાવ થશે. તૃતીય યૌવન ભાવ પ્રાપ્ત થતાં શરીરમાં કામભાવ પ્રગટ થશે. એવી મર્યાદા સૃષ્ટિમાં આજથી આરંભીને હું સ્થાપિત કરૂં છું. બીજા વરદાન પ્રમાણે જેવી ખ્યાતિ સતિ રૂપે તમારી થશે તેવી ત્રણ લોકમાં બીજા કોઈની નહિ થાય. ત્રીજા વરદાન

પ્રમાણે સંધ્યાકાળે સ્ત્રીસંગ કરનારની પ્રજા બળ અને પૌરૂષથી રહિત પિશાચ જેવી થશે. ચોથા વર પ્રમાણે તું પ્રાતઃ અને સાયં સંધ્યા રૂપે થા. તમારા પતિ વશિષ્ઠ સાત કલ્પ સુધી જીવનારા થાઓ. તેની સાથે સ્વર્ગમાં તું યથેષ્ઠ વાસ કર. વળી દિવ્ય સ્વરૂપે અરૂણા નામક દાસી થઈ મારી સાથે વૈકુંઠમાં વાસ કર તથા બીજું પણ સાંભળ કે આ પર્વતની તળેટીમાં ચંદ્રભાગા નદીનાં કિનારે મેધાતિથિ ઋષિ યજ્ઞ કરે છે. તપમાં તેમનાં સમાન કોઈ હતું નહિ, છે નહિ અને થશે પણ નહિ. તેના જ્યોતિષ્ટોમ યજ્ઞની અગ્નિમાં લોકો ન જોઈ શકે તેવા સૂક્ષ્મ રૂપે પ્રવેશ કરી તું કાયાકલ્પ કર અને તે પવિત્ર અગ્નિમાં વિશુદ્ધ થયેલા ચાર રૂપ ધારણ કર. તેમાં બે સંધ્યા રૂપે સ્થિર થા અને બે કન્યાનાં રૂપ ધારણ કર. તેમાં એક રૂપે મેધાતિથિની પુત્રી અને વશિષ્ઠની પ્રિયા થા અને બીજા રૂપે અરૂણા નામની મારી દાસી થા. આ પર્વત તારા નામથી અરૂણાચલ સંજ્ઞાને પામી લોકમાન્ય મહાન તીર્થ થશે.

આમ કહી તેના મસ્તક પર પોતાના બંને હાથ રાખી પ્રેમથી તેને જોઈ શ્રીહરિ અદ્રશ્ય થયા. ત્યાર પછી અરૂંધતિએ પણ શ્રીહરિના કહેવા પ્રમાણે કર્યુ. તેમાં અગ્નિએ તેને સૂર્યમંડળમાં પહોંચાડી. સૂર્યે તેના બે વિભાગ કર્યા. ઉર્ધ્વભાગ પ્રાતઃસંધ્યા થઈ જે દેવતાઓને પ્રીતિકારિણી છે અને અધોભાગ સાયં સંધ્યા થઈ જે પિતૃઓને મોદકારિણી છે. વળી તે સમયે શ્રીહરિએ તેના પ્રાણોનું ધ્યાન કર્યુ તેથી તે શાશ્વત બ્રહ્મમય દેહને પામી અરૂણા નામની શ્રીહરિની દાસી થઈ. વળી યજ્ઞનાં અંતમાં યજ્ઞકુંડમાંથી મેધાતિથિ મુનિને કન્યા રૂપે પ્રાપ્ત થઈ જેનું નામ મુનિએ અરૂંધતિ રાખ્યું અને તેના વિવાહ વશિષ્ઠ સાથે કરાવ્યા.

येदं संश्रृणुयान्नारी नरो वा दृढमानसः ।
सर्वान् कामानवाप्नोति पुरुषोत्तमतोषणात् ॥१३१॥

જે નરનારી દ્રઢમનથી આ કથાને સાંભળશે તેના પુરૂષોત્તમનારાયણની કૃપાથી સર્વે મનોરથો પૂર્ણ થશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૩ ❖

શ્રીનારાયણ બોલ્યાઃ હે લક્ષ્મિ ! સાંભળો, જ્યારે નારાયણ અને કૃષ્ણ અધિકમાસની સહાયતા કરવા માટે અક્ષરધામમાં પુરૂષોત્તમનારાયણ સમીપે ગયા ત્યારે નારાયણ તથા શ્રીકૃષ્ણનાં વચનો સાંભળી સ્વયમ્ પુરૂષોત્તમનારાયણ અધિકમાસના અધિષ્ઠાતા દેવ થયા અને અધિકમાસને ઉત્તમ સ્થિતિ પ્રદાન કરી તેનાથી સંતુષ્ટ થયેલા શ્રીકૃષ્ણે ગોલોકમાં તે નિમીત્તે મહાન ઉત્સવ કર્યો. તે મહોત્સવ દરમ્યાન રૂકમિણીએ શ્રીકૃષ્ણને કહ્યું કે મારા મહેલમાં ઉત્સવ કરાવો ત્યારે શ્રીકૃષ્ણે રૂકમિણીનાં મહેલમાં સર્વે ધામોનાં મહા સમ્રાટ પુરૂષોત્તમનારાયણ પધારે ત્યારે તેમના સન્માનમાં જેવો ઉત્સવ કરવો જોઈએ તેવી વિશિષ્ટ શોભાયુકત મહોત્સવની તૈયારી કરાવી. તે સમયે તે રૂકમિણીનાં મહેલમાં ધામવાસી ગંધર્વો સુસ્વરથી મીષ્ટ મધુર આલાપપૂર્વક ગાયન કરવા લાગ્યા. વાદકો વિવિધ પ્રકારનાં વાદ્યો વગાડવા લાગ્યા અને નર્તક-નર્તકીઓ, સેવક-સેવીકાઓ તથા રાણીઓ અને મહારાણીઓ નૃત્ય કરવા લાગ્યા. તે સમયે ભગવાન શ્રીકૃષ્ણની પત્નીઓ અને ગોપીઓનાં ઐશ્વર્યો તથા આભૂષણો ઈત્યાદિ પણ મૂર્તિમાન થઈ રાસ રમવા લાગ્યા અને સર્વસ્વ શ્રીકૃષ્ણનારાયણનાં આનંદથી ઓતપ્રોત થયું.

તે ઉત્સવમાં રાધા, લક્ષ્મિ, રૂકમિણી આદિક શ્રીકૃષ્ણને આગ્રહપૂર્વક રાસમંડળમાં લાવ્યા. શ્રીકૃષ્ણ પણ અત્યંત વેગપૂર્વક નૃત્ય કરતા તાલની સાથે એક પત્નીથી બીજી પત્ની તરફ જતાં હતા તેથી વારંવાર તેમનો મુકુટ ચલાયમાન થતો હતો. તેને ન ગણીને મહાપ્રભુ મહાનંદ સુખમાં વ્યાપ્ત થઈ પોતાના પાદારવીંદથી ઠેસ લઈ રાસ રમતા હતા તેવામાં તેમનાં મુકુટમાં સ્થિત મણી શિથિલતાને પ્રાપ્ત થઈ પડી ગયો તેની સાથે કલ્ગી પણ પડી ગઈ છતાં પણ કૃષ્ણ રાસથી વિરામ પામ્યા નહી ત્યારે

મર્દન થવાના ભયથી મણી અને કલ્ગી દિવ્ય શરીર ધારણ કરી રાસ રમવા લાગ્યા. તે સમાચાર રાધાએ કૃષ્ણને આપ્યા તેથી કૃષ્ણે તેઓને કહ્યું કે તમે તમારા સ્થાનેથી કેમ નીકળી ગયા? તમારા વિના મારો મુકુટ શોભતો નથી. હવે હું આ કલ્ગી અને મણીશૂન્ય મુકુટ ધારણ નહી કરતા મયુરપીચ્છથી સુશોભિત અન્ય મુકટ ધારણ કરીશ. આમ શ્રીકૃષ્ણ કહી રહ્યા હતા તેવામાં મહાભક્ત રાજા આનર્ત ગોલોકમાં આવ્યા. તેમણે શ્રીકૃષ્ણની પ્રીતી માટે જ તપ કર્યુ હતું. તેમના તપથી પ્રસન્ન થઈ ભગવાન શ્રીકૃષ્ણે નવા રાજ્યની સ્થાપના કરવા કહ્યું અને તેના માટે ગોલોકની દિવ્યભૂમિનો કણ અર્પણ કર્યો. તે કણ સૌરાષ્ટ્ર નામક દેશ થયો. તે રાજા આનર્તે શ્રીહરિને પ્રાર્થના કરી કે મારા રાજ્યની તથા મારી રક્ષા માટે તમારા કોઈ પ્રતાપી દૂત આપો. ત્યારે શ્રીકૃષ્ણે રાજા આનર્તને મુકુટથી અલગ થયેલ મણિ આપ્યો, તે દિવ્ય પાર્ષદ થઈ રાજા સાથે જવા લાગ્યો ત્યારે કલ્ગીએ શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી કે હું મારા મૂળ વિના રહેવા સમર્થ નથી ત્યારે શ્રીકૃષ્ણે કહ્યુંકે તું દિવ્ય સ્વરૂપિણી થઈ મણી સાથે જા. ત્યાં મણી બ્રાહ્મણ રૂપે અને તું બ્રાહ્મણ પત્ની રૂપે થઈને રહેશો.

ત્યારપછી રાજા આનર્ત પણ શ્રીહરિને નમસ્કાર કરી કલ્ગી, મણી, કણ ઈત્યાદિને લઈ પશ્ચિમ સમુદ્રનાં કિનારે આવ્યા. ત્યાં તે કણને સ્થાપિત કરતા તુરંત તે વિસ્તાર પામી સૌરાષ્ટ્ર સંજ્ઞક ભૂમિ થઈ. ત્યારપછી મણિરૂપ દિવ્યદેહધારી પાર્ષદ નિંબદેવે વ્યાઘ્રારણ્યમાં અશ્વપટ સરોવરનાં કિનારે પર્ણકુટિમાં નિવાસ કર્યો અને જે કલ્ગી હતી તેણે પણ ત્યાંજ દિવ્ય દેહ ધારણ કરી નિવાસ કર્યો. તેઓએ લૌકિક દેહનો સ્વીકાર કર્યો ન હતો પરંતુ ભક્તોની પ્રાર્થનાથી પ્રેરાઈ તથા મનુષ્યોનું કલ્યાણ વિચારીને દેહધારણ કરવાની ઈચ્છાથી શ્રીકૃષ્ણનું હૃદયમાં સ્મરણ કર્યુ તેથી ભગવાન શ્રીકૃષ્ણ પ્રગટ થયા અને પોતાના સંકલ્પથી તેઓને દેહ અર્પણ કરી અદ્રશ્ય થયા. હવે પછી તેઓ સર્વે જનોને નયનગોચર થયા. અશ્વપટ્ટ સરોવરનાં

કિનારે તપસ્યા કરતા અને લક્ષ્મિનારાયણ સંહિતાનું વાંચન કરી સમય વ્યાપન કરતા તેઓ નિંબદેવ અને મિષ્ટાદેવી નામે પ્રખ્યાત થયા. તે સમયે રૈવતગિરીનો પૌત્ર રાજા ખટવાંગદ નિંબદેવનાં આશ્રમમાં તપ કરવા માટે આવ્યા. તે બોરડી નીચે બેસી "**ૐ શ્રીલક્ષ્મીપતેકૃષ્ણનારાયણ નમોઽસ્તુ તે**" આ મંત્રનો જપ કરવા પૂર્વક તપસ્યા કરવા લાગ્યા. તેની તપસ્યાથી પ્રસન્ન થઈ લક્ષ્મિનારાયણ ત્યાં પધાર્યા અને તેને વરદાન માંગવા કહ્યું ત્યારે રાજાએ નિત્ય દર્શનની અભિલાષાથી લક્ષ્મિનારાયણનો ત્યાં નિત્ય વાસ માંગ્યો ત્યારે તથાસ્તુ કહિ લક્ષ્મિનારાયણ અદ્રશ્ય થયા. તેમાં જે લક્ષ્મિ હતા તે રૂકમિણી હતા અને નારાયણ હતા તે કૃષ્ણ હતા. તે શ્રીકૃષ્ણ મણિ અને કલ્ગી સ્વરૂપધારી નિંબદેવ અને મિષ્ટાદેવીને ત્યાં ગોપાલ નામે પ્રગટ થયા. અશ્વપટ્ટ સરોવરનાં કિનારે પર્ણકુટિમાં નિંબદેવનાં માનસ પુત્ર તરીકે પ્રગટ થયેલ ગોપાલ અવતરીત થતાંની સાથે જ યુવાન હતા.

કુંકુમવાપીમાં (કુંકાવાવ) આસો વદ પાંચમને દિવસે સવારે નિંબદેવનાં ઘરમાં ગોપાલકૃષ્ણ પ્રગટ થયા. પૃથ્વીનાં પાલક રાજાની રક્ષા કરે તેથી તે ગોપાલ કહેવાયા. વળી રૂકમિણી રૂપી લક્ષ્મિ શેત્રુંજી નદીને કાંઠે ઓળિયા ગામે પ્રેમમણિ અર્થાત્ પ્રેમજીભાઈને ત્યાં ફાગણ વદ પાંચમે કંભરા નામે પ્રગટ થયા. શ્રીકૃષ્ણનાં શાશ્વત સુખને ભરનારા હોવાથી કંભરા નામે વિખ્યાત થયા. તે પણ અવતરીત થતાંની સાથે જ યુવતી હતા. તેમનાં પિતાએ દિવ્ય ચક્ષુ વડે તેને શ્રીકૃષ્ણને યોગ્ય જાણી ગોપાલકૃષ્ણને બોલાવી વિવાહ વિધીથી અર્પણ કર્યા. આમ, તે દિવ્યમૂર્તિ દંપતિ થયા અને તેઓએ અધિક વદ અષ્ટમીની તીથીએ અશ્વપટ્ટ સરોવર પાસે દુંદુભિનાદ સાંભળ્યો કે પુરૂષોત્તમનારાયણ એવા મેં અધિકમાસને નિર્મળ અને મારા સમાન કર્યો છે. તેથી આ પુરૂષોત્તમ માસમાં એક દિવસનું વ્રત કરીને પણ વ્રતી મારી કૃપા વડે મને, મારા ધામને કે બીજા સર્વસ્વને પ્રાપ્ત કરશે. આમ કહી અશ્વપટ્ટ સરોવરમાં સ્નાન કરી નિંબદેવ તથા મિષ્ટાદેવીને

નમસ્કાર કરી અને કંભરાલક્ષ્મિ તથા ગોપાલકૃષ્ણની પૂજા કરી તેઓ દ્વારા સત્કાર કરાયેલા દુંદુભી ગિરનાર પર્વત પર ગયા. કંભરા અને ગોપાલે તે અધિક વદ અષ્ટમીનું વ્રત નિર્જળ ઉપવાસ કરવા પૂર્વક કર્યુ. તેમાં પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સાયંકાળે ૧૦૮ સામગ્રીથી પુરૂષોત્તમનારાયણનું પૂજન કર્યુ. નૈવેદ્યમાં છપ્પનભોગ અર્પણ કર્યા અને ૧૦૮ દિવેટોથી મહા આરતી કરી લાખો દક્ષિણા આપવા પૂર્વક રાત્રીએ જાગરણ કર્યુ. તે સમયે પુરૂષોત્તમનારાયણ પ્રગટ થયા અને મંદહાસ્ય કરતા કહેવા લાગ્યા કે હે ગોલોકેશ ! અને હે રૂકમિણી રૂપ કંભરા ! તમો મારાથી શું ઈચ્છો છો ? તમારો અહિંયા વસવાટ સર્વથા મારી ઈચ્છાથી જ થયો છે. ખટવાંગદ રાજાનું તપ નિમિત્તમાત્ર છે. વળી મારા મુકુટથી મણી અને કલ્ગીનો વિયોગ પણ મારી જ ઈચ્છાથી થયો છે. તેથી તમો જે ઈચ્છિત હોય તે વરદાન માંગો.

સાક્ષાત પુરૂષોત્તમનારાયણનાં આવા ભાવગર્ભ વચનો સાંભળી તેમને પ્રણામ કરી પોતાના મૂળ રૂપનું ચિંતવન કરી કંભરા અને ગોપાલ કહેવા લાગ્યા કે હે ભગવન ! અમારે અહિંયા રહેવાનું કરણ જો તમારી ઈચ્છા જ હોય તો અમે પ્રાર્થના કરીએ છીએ કે તમો પણ અહિં સ્થિર થાઓ. જેથી અમોને પુરૂષોત્તમની સેવાનો સર્વદા લાભ મળે. તામરૂં લાલન-પાલન દેશકાળાનુંસારે કરી અમો પરમાનંદ સુખને પામીએ. આમ કહી કંભરા-ગોપાલે પુરૂષોત્તમનારાયણને નમસ્કાર કર્યા. ભગવાન શ્રીહરિએ પણ તથાસ્તુ એમ કહી પોતાની પ્રિયા એવી ધામમાં સ્થિત મહાલક્ષ્મિને નેત્રથી સાન કરી તેથી શ્રીહરિના હાર્દને જાણી તે મહાલક્ષ્મિ આવી પુરૂષોત્તમનારાયણમાં તિરોભૂત થઈ. ત્યારપછી તે શ્રીપુરૂષોત્તમનારાયણ ત્યાં બાળરૂપે પ્રગટ થયા. તેમને જોઈ કંભરા-ગોપાલ અત્યંત પ્રસન્ન થયા અને આ પુરૂષોત્તમનારાયણનાં અવતરણમાં વ્રત તો નિમિત્ત માત્ર છે પરંતુ તેમની લીલા કરવાની ઈચ્છા જ મુખ્ય છે

એમ માનવા લાગ્યા. તે સમયે દેવતાઓ દુંદુભીઓ વગાડી પુષ્પોની વર્ષા કરવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી, ગાંધર્વો ગીતો ગાવા લાગ્યા, દરેક ધામનાં નિવાસી ઈશ્વરો, દેવતાઓ, મહર્ષિઓ અને તેમની દેવીઓ જયકાર કરવા પૂર્વક પરમેશ્વરનું પૂજન કરવા લાગી. સર્વત્ર બ્રહ્માંડોમાં તે મહાન ઉત્સવ થઈ રહ્યો. કાર્તિક વદ અષ્ટમીએ પુર્નવસુમાં સૂર્યાસ્ત પછી પાંચ ઘટીકાનો સમય જતા રાત્રીના પૂર્વ પદમાં અનાદિશ્રીકૃષ્ણનારાયણ કંભરા-ગોપાલનાં ઘરે અવતીર્ણ થયા. તે સમયે સર્વત્ર અનેક સૂર્ય સમાન પ્રકાશ ફેલાયો તેથી અનાદિશ્રીકૃષ્ણનારાયણ પ્રગટ થઈ ચૂક્યા છે તે જાણી વેદો સ્તુતિ કરવા લાગ્યા. સર્વવિદ્યામહોદધિ , પ્રભા - લક્ષ્મિ - પાર્વતિ - માણિકી તથા શ્રી ઈત્યાદિ શક્તિઓના પતિ શ્રીકૃષ્ણવલ્લભાચાર્ય અનેક ચમત્કારો દેખાડતા કાર્તિક શૂક્લ એકાદશીએ ઉપવીત સંસ્કાર પામ્યા.

માઘ સુદ અષ્ટમીના પ્રાતઃકાળે તે મહાપ્રભુ કાશીમાં પધાર્યા અને નવમીએ બ્રહ્મવિદ્યાનો સંચાર કર્યો. સ્વયંમાં નિહિત વિદ્યાને પોતાના પિતાનાં મુખથી સાંભળીને સર્વ વેદ-વિદ્યામય ઉપદેશ લક્ષ્મિને કરતા હતા. હે લક્ષ્મિ ! તે જ અક્ષરાતીત અનાદિશ્રીકૃષ્ણનારાયણ છે. ગોલોકધામમાં જે રાધાપતિ છે તે જ ગોપાલકૃષ્ણ છે. તે હું નારાયણ અને તે તમે લક્ષ્મિ છો. શ્થળનાં ભેદથી આપણા રૂપોની અનેકતા થાય છે. હું પુરૂષોત્તમનારાયણ નિગમાગમ આદિ સર્વ વિદ્યાઓનો વક્તા છું અને તું મારી પ્રિયા શિષ્યા અને શ્રોતા છે. મારા દ્વારા તમને મારૂ અપરોક્ષ જ્ઞાન અને વિજ્ઞાન કે જેમાં પૂર્વથી પૂર્વતમ સૃષ્ટિ-કલ્પ-લય ઈત્યાદિનું વર્ણન છે તેવી એક કરોડ શ્લોકાત્મક લક્ષ્મિનારાયણ સંહિતાનો ઉપદેશ કરવામાં આવ્યો છે. તેમાંથી તમારે પચાસ લાખ શ્લોક વૈરાજ નારાયણને આપવા જે શ્લોકોમાં ઈશ્વરોની વિશેષતા ઈશસૃષ્ટિ માટે વર્ણવાયેલી છે. વળી તમારે તે સંહિતાનાં પચ્ચીસ લાખ શ્લોક બ્રહ્માને આપવા જેમાં અગણિત બ્રહ્માંડોનાં કથાનક છે. હે પ્રિયે ! વળી સાડા બાર લાખ શ્લોકો તમારે પિતૃઓને અર્પણ કરવા. જેમાં

તેઓના સર્વકાંડ પરમાર્થ રીતે આદરપૂર્વક વર્ણવાયેલા છે. વળી પાંચ લાખ શ્લોકો સ્વર્ગમાં દેવતાઓના ગુરૂ બૃહસ્પતિને આપવા. જેમાં દેવોને પ્રાપ્ત કરવા યોગ્ય જ્ઞાન વર્ણવાયેલું છે તથા પાંચ લાખ શ્લોકો દૈત્યગુરૂ શુક્રાચાર્યને અર્પણ કરવા જેમાં તામસી વિદ્યાઓનું વર્ણન છે. સવા લાખ શ્લોક મહર્ષિઓને આપવા જે તેઓને બ્રહ્મની પ્રાપ્તિ કરાવનારા છે. વળી, સવા લાખ શ્લોક માનવોમાં બ્રાહ્મણોને આપવા. જેનું અધ્યયન કરી માનવો ચારે પુરૂષાર્થોને સિદ્ધ કરે.

कालान्तरे लयं याते भविष्यामि पुनः पुनः ।
तत्तज्ज्ञानप्रकाशाय व्यासाचार्यर्षिरूपतः ।।१३७।।

કાળાન્તરમાં જ્યારે આ જ્ઞાનનો લય થશે ત્યારે તે જ્ઞાનનાં પ્રકાશ માટે હું ફરી ફરી મહર્ષિ વ્યાસાચાર્ય રૂપે પ્રગટ થઈશ. હે લક્ષ્મિ ! આવી રીતે મેં તમને આપણું પૂર્વવૃત્તાંત સ્મરણ કરાવ્યું. અત્યાર સુધીમાં કોટી વૈરાજ નાશ પામ્યા છે તો બ્રહ્માદિકની તો શું વાત ? પુરૂષોત્તમ રૂપ હું સૃષ્ટિ કર્તા, મહાપ્રલય કર્તા, નિત્યવિજ્ઞાનવાન, અખિલાત્મા તથા અંતઃપ્રવેશ કરી સર્વેનો નિયામક છું. મને અણુમાત્ર પણ વિસ્મરણ થતું નથી. જે સ્થાને પર્વતો છે ત્યાં કાળાન્તરે જળ થશે. જળ સ્થાને સ્થળ થશે. આવાસ ના સ્થાને વન થશે. વનનાં સ્થાને આવાસ થશે. રણનાં સ્થાને અરણ્ય થશે. અરણ્યનાં સ્થાને નગર થશે. ક્યાં ક્યારે શું થયું ? અને શું થશે ? તે સર્વસ્વને હું જાણું છું. સૃષ્ટિનાં આરંભમાં થયેલું આપણું આ ચરિત્ર અધિક વદ અષ્ટમી વ્રતનાં મિષે મેં તમને સ્મરણ કરાવ્યું. આ ચરિત્ર વાંચનારને સ્વર્ગ, મોક્ષ તથા વ્રતનું પુણ્ય પ્રદાન કરનાર છે. આ વ્રત કરનારને ભુક્તિ અને મુક્તિ પ્રાપ્ત થશે તેમાં સંશય નથી. વળી આ વ્રતનાં શ્રવણ માત્રથી પુત્રાર્થી પુત્ર, ભાર્યાર્થી પત્ની, ધનાર્થી ધન, ક્ષેત્રાર્થી ભૂમિ, ધર્માર્થી પુણ્ય અને યશાર્થી કીર્તિ સર્વથા પ્રાપ્ત કરે છે. વળી આ કથાનાં શ્રવણથી બ્રાહ્મણ વિજ્ઞાનવાન થાય છે, ક્ષત્રિય વિજય પ્રાપ્ત કરે છે, વૈશ્ય ધન-ધાન્ય- સમૃદ્ધિ

- સંપત્તિથી યુક્ત થાય છે અને શૂદ્ર સર્વવિધ સમૃદ્ધ થાય છે. વળી આ કથાનું શ્રવણ કરનારને શ્રેય, લક્ષ્મિ, તેજ, વીર્ય, બલ, રૂપ, ગુણો, સંપત્તિ, પુત્રો, પત્નીઓ, દાસ-દાસીઓ, આરોગ્ય, સ્વતંત્રત્વ, નિર્બંધત્વ, નિર્ભીકત્વ તથા મોક્ષ પ્રાપ્ત થશે. હે પ્રિયે ! મેં તને આ અધિક વદ અષ્ટમીનાં વ્રતથી થતાં ફળની વાત કહી. આ વ્રત કરી, પૂજા કરી પુરૂષોત્તમનારાયણને પ્રાપ્ત કરવા.

मेऽवतारा असंख्याता ह्यहं श्रीपुरुषोत्तमः ।
अवतारी महाराजः परब्रह्म सनातनः ।।१५४।।
यावद् ब्रह्मा विराट् वापि वैकुण्ठभूमयस्तथा ।
सर्वत्राऽधिकमासोऽहं स्थास्यामि पुरुषोत्तमः ।।१५५।।
यावच्चन्द्रश्च सूर्यश्च स्थास्यन्ति मेदिनी तथा ।
कृष्णनारायणतीर्थं तावत् स्थास्यति शाश्वतम् ।।१५६।।
कृष्णनारायणाश्चाहं ध्वजशाङ्र्गादिशोभितः ।
लक्ष्म्यादिसेवितस्तत्र स्थास्यामि पुरुषोत्तमः ।।१५७।।

મારા અવતારો અસંખ્ય છે. હું અવતારી પરબ્રહ્મ શ્રીપુરૂષોત્તમ મહારાજ સનાતન છું. જ્યાં સુધી વિરાટ, બ્રહ્મા કે વૈકુંઠની ભૂમિ રહેશે ત્યાં સુધી હું પુરૂષોત્તમનારાયણ સર્વત્ર અધિકમાસની સ્થાપના કરીશ. જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર અને પૃથ્વી રહેશે ત્યાં સુધી શાશ્વત કૃષ્ણનારાયણતીર્થ રહેશે તેમાં ધ્વજ-ધનુષ આદિ ચિન્હોથી સુશોભિત અને લક્ષ્મિ આદિથી સેવિત પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનારાયણ હું સ્થિત રહીશ.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૪ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો. ઘણાંક કલ્પો પૂર્વે દ્યુમેરૂજીત નામક ઈન્દ્ર થયા. બ્રહ્માનાં સાંય કાળે પ્રલય થતાં શેષ રહેલા પુણ્યોનાં પ્રતાપે સત્યલોકમાં રાત્રિનાં ભોગ ભોગવીને બ્રહ્માના પ્રાતઃકાળે કલ્પનાં આરંભમાં સૃષ્ટિનાં પ્રથમ ત્રેતાયુગમાં તે શતમખ નામક સમ્રાટ થયા. તે રાજા દાન, ધર્મ, દયાએ યુકત હતા. લોકરક્ષણમાં તત્પર, સર્વેને માન દેનારા, જીતેન્દ્રિય, ગાય, બ્રાહ્મણ, સતી, સંન્યાસી અને સાધુઓના પૂજક તથા વિમાન દ્વારા આકાશ માર્ગે ત્રિલોકીમાં વિચરણ કરનારા હતા. તેમનાં હાથમાં વજ્ર, છત્ર તથા ખડ્ગનાં ચિન્હો હતા. જે દેવત્વનાં સૂચક હતા. તેની પત્ની મહારાણી દ્યુવર્ણા હતી. તે પતિવ્રતા હોઈ નિત્ય પતિસેવા પરાયણ અને દેવસેવા પરાયણ રહેતી. તેની પાસે વિવિધ લોકથી કન્યાઓ શિક્ષા માટે આવતી. વળી સાવિત્રી, ગાયત્રી, સ્વાહા, અરૂંધતી, પાર્વતી, લક્ષ્મી, સ્વધા, સતી, પ્રભા, માણિકી, જયા ઈત્યાદિક તેમની સખીઓ હતી. પ્રાગ્જયોતિષ નામના તેમના રાજયમાં કલ્પવૃક્ષો, ચિંતામણિઓ તથા કલ્પવેલીઓ હતી. જે તુરંત ઈષ્ટ વસ્તુઓનું પ્રદાન કરનારા હતા. આવી રીતે રાજધર્મ પૂર્વક રહેતા રાજા રાણીએ સરયૂ નદીનાં કિનારે સાકેત (અયોધ્યા)નામક નગરીને પોતાની રાજધાની બનાવી.

એકવાર પ્રધાનને રક્ષા કાર્ય સોંપી રાજા અને રાણી બદ્રિકાશ્રમની યાત્રા કરવા ગયા. તીર્થયાત્રાનાં તમામ ધર્મોનું પાલન કરતા અને નારાયણનું સ્મરણ કરતા તેઓ ગંગા નદીએ આવ્યા. તેમાં આચમન, સ્નાન અને જળપાન કરી અનેક તીર્થો તથા ભગવાન નરનારાયણનાં દર્શનને પામ્યા. ત્યાં અનેક ઉપચારો વડે નરનારાયણ ભગવાનની પૂજા કરી અનેક સાધુ, વિપ્ર અને અતિથિઓને જમાડયા. વળી ભગવાન નરનારાયણને પ્રસન્ન કરવા માટે રાજારાણીએ શ્રીહરિ સમક્ષ કીર્તન તથા નૃત્ય કર્યુ અને

અનેકવિધ ઉપહારો અર્પણ કરી શ્રીહરિના ચરણ સ્પર્શ કરી, ચરણામૃતનું પાન કરીને કહ્યું કે અમારૂં સર્વસ્વ તમારૂં છે. ત્યારે પ્રસન્ન થયેલા પરમેશ્વરોએ આશીર્વાદ આપ્યા કે હે દંપતિ ! તમો પુત્રવાન થાઓ. આ સાંભળી દંપતિ અતિ પ્રસન્ન થયા. તેટલામાં ત્યાં અધિક વદ નવમીનાં પ્રાતઃ કાળે તેઓએ દુંદુભિનો નાદ સાંભળ્યો કે આજે વ્રત કરીને પુરૂષોત્તમનારાયણ પાસેથી જે જે મનોરથ હોય તે ગ્રહણ કરો.

अगम्यं बुद्धिगम्यं स्यादलभ्यं लभ्यमेव च ।
अतर्क्यं चापि तर्क्यं स्यान्नवमीव्रतकारिणः ।।३९।।

અધિક વદ નવમીનું વ્રત કરનારને અગમ્ય હશે તે બુદ્ધિગમ્ય થશે. અલભ્ય હશે તે લભ્ય થશે અને અતર્ક્ય હશે તે તર્ક્ય થશે. સર્વ સંકલ્પોની સિદ્ધિ થશે અને પુરૂષોત્તમનારાયણની પ્રાપ્તિ થશે. આમ ઘોષણ કરી ભગવાન નરનારાયણની વંદના પૂજા કરી દુંદુભિ ત્યાંથી ઉત્તર દિશામાં રવાના થયા. તે સમયે તે ઘોષણા સાંભળી રાજા અને રાણી નરનારાયણનાં ધ્યાન પરાયણ થયા. તેઓએ પોતાના હૃદયમાં અત્યંત મનોહર દિવ્ય રૂપધારી, લાલન પાલનને યોગ્ય તથા રાજભવનને યોગ્ય અત્યંત સુંદર બે યુવાનો જોયા. તેમને જોઈ દંપતિને સંકલ્પ થયો કે અમોને આવા પુત્રો થાઓ. જ્યારે ધ્યાનથી બહાર આવ્યા ત્યારે નરનારાયણે કહ્યું કે તમારો સંકલ્પ સિદ્ધ થશે. આ સાંભળી અત્યંત તૃપ્તિ પામેલા તેઓ તીર્થવિધિ કરી ત્યાંથી નીકળ્યા અને ગંગા કિનારે આવ્યા. ત્યાં પુરૂષોત્તમનારાયણની સુવર્ણમય મૂર્તિ બનાવી તેનું ષોડષોપચારથી યથાયોગ્ય પૂજન કર્યુ. વળી મધ્યાન્હ સમયે પણ શ્રીહરિનું ષોડષોપચારથી પૂજન વિસર્જન કરી, તીર્થવિધિ સમાપ્ત કરી વિમાન દ્વારા પોતાની રાજધાની અયોધ્યામાં આવ્યા. ત્યાં અત્યંત સુશોભિત મંડપ કરાવી તેમાં બાંધેલા દિવ્ય હિંડોળામાં પુરૂષોત્તમનારાયણની સુવર્ણમય મૂર્તિને પધરાવી ઝુલાવવા લાગ્યા. વળી તે પુરૂષોત્તમનારાયણની સમીપે સપ્તધાન્ય તથા સુવર્ણ, ચાંદી, રત્ન, હીરા

ઇત્યાદિથી સુશોભિત સર્વતોભદ્રમંડળની રચના કરી. તેના મધ્યમાં પંચરત્ન, જળ, પુષ્પ, દ્રવ્ય અને વસ્ત્ર ઇત્યાદિથી યુક્ત સુવર્ણ કળશની સ્થાપના કરી તેના ઉપર તલ, શ્રીફળ અને મુદ્રિકાએ યુક્ત થાળી ઢાંકી તેના પર બીજી પુરૂષોત્તમનારાયણની સુવર્ણમય મૂર્તિ પધરાવી તેની ષોડષોપચારથી પૂજા કરી. વળી ત્યાં ધૂન-કીર્તન, હોમ તથા દેવો-બ્રાહ્મણો-સાધુઓ-દીનજનો-અનાથ તથા ભિક્ષુકો ઇત્યાદિને જમાડી તૃપ્ત કરી દક્ષિણાઓ આપી. પછી શ્રીહરિને પુષ્પાંજલી અર્પણ કરી ત્યાં મંડપમાં યુવાન, દિવ્ય સ્વરૂપવાન પુરૂષોત્તમનારાયણ પ્રગટ થયા. તેમનું રામાદિત્ય એવું નામાભિધાન થયું જે પ્રથમ રામાવતાર કહેવાયો. તેમને જોઈ આશ્ચર્યચકિત થયેલા રાજા-રાણીને શ્રીરામ કહેવા લાગ્યા કે હું તમારા વ્રતથી પ્રસન્ન થયો છું તેથી તમને જે ઇષ્ટ હોય તે માંગો. તમોએ બદ્રિકાશ્રમમાં જે નરનારાયણનાં દર્શન કર્યા હતા વળી તમારા હૃદયમાં તમોએ જે બે દિવ્યરૂપધારી પુરૂષોને નિહાળ્યા હતા તે જ હું પુરૂષોત્તમનારાયણ રામાદિત્ય નામે તમોને દર્શન દેવા અહિં આવ્યો છું. મારી સાથે નરાદિત્ય નામક મારો ભાઈ પણ કૃપાવશ અહિં આવ્યો છે તેથી તમે વરદાન માંગવામાં વાર કરશો નહિ, મારે જવું છે.

આ સાંભળી રાજા-રાણી અત્યંત વ્યગ્ર મનવાળા થઈ કહેવા લાગ્યા કે થોભો થોભો, ના જશો ના જશો. અમારા ભવનમાં અમને સર્વદા દર્શન આપો. ભોજન ગ્રહણ કરો, જળપાન કરો અને આ ઉદ્યાનમાં રમણ કરો. હે પુત્રો ! એવી શું ઉતાવળ છે? એમ કહી રાણીએ બન્ને પુત્રોને પોતાની પાસે લાવી આલીંગન આપ્યું ત્યારે તેના નેત્રોમાં જળ ભરાઈ આવ્યા અને સ્તનોમાં દૂધ ઉતરી આવ્યા તેથી તે પુત્રોને છોડવા ઇચ્છતી ન હતી. રાજા પણ અત્યંત પુત્રપણાનાં પ્રેમથી શ્રીહરિમાં મોહિત થયા તેથી શ્રીહરિએ તથાસ્તુ કહી ક્ષણવાર બાળકોનાં રૂપ ધારણ કર્યા. તે રામાદિત્ય અને નરાદિત્યને સ્તનપાન કરાવી રાણી ધુવર્ણા અત્યંત કૃતાર્થ થયા. તે મધ્યાહ્ન

સમયે શ્રીહરિના પ્રાગટયનો મહાન ઉત્સવ થયો. તે ઉત્સવમાં તમામ દેવતાઓ, માનવો, તિર્થો, વેદો, પિતૃઓ તથા જડચેતન ઘણાંક લોકો ત્યાં વધાઈ આપવા માટે આવ્યા. અધિકમાસના વદ પક્ષની નવમીનાં મધ્યાહ્ન સમયે ભગવાન રામ તથા નરનાં દર્શન કરી સત્કાર, ભોજન તથા રામની પ્રસન્નતાને પ્રાપ્ત કરી નૃત્ય કરવા પૂર્વક ધૂન-કિર્તન કરી સર્વે પોતપોતાનાં નિવાસસ્થાને ગયા. રાજા-રાણીએ પણ મધ્યાહ્નની જેમજ સાંયકાળે પણ પૂજન કરી, રાત્રીએ જાગરણ કરી, બીજે દિવસે સ્નાનાદિક કર્મ કરી, મૂર્તિની પૂજા કરી બ્રાહ્મણ ઈત્યાદિને ભોજન તથા દક્ષિણા આપી વિધિપૂર્વક વ્રતની સમાપ્તિ કરી પારણા કર્યા. હે લક્ષ્મિ ! આ મેં ઉત્તમોત્તમ રામાદિત્ય જયંતિનું વ્રત કહ્યું.

આ રામચરિત્રને પરમ ભક્તિપૂર્વક જે કોઈ વાંચશે, સાંભળશે કે સંભળાવશે તેઓ આ વ્રતનાં પુણ્યનાં ભાગીદાર થશે, પોતાને ઈષ્ટ જે કાંઈ હશે તેને પ્રાપ્ત કરશે, અયોધ્યાની તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત કરશે, પુરૂષોત્તમનારાયણ સમાન બળવાન પુત્ર પ્રાપ્ત કરશે તથા પુરૂષોત્તમનારાયણની કૃપા વડે ભુક્તિ-મુક્તિ-સુખ-સ્વર્ગ અને વૈકુંઠધામને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૫ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! ગોલોકમાં રાધિકાની પુત્રી અને સંકલ્પમાત્રથી પ્રગટ થનાર વિકુંઠા નામક કન્યાનું વ્રતયુક્ત વૃત્તાંત સાંભળો. પુરૂષોત્તમનારાયણ ભગવાન અધિકમાસનાં અધિષ્ઠાતાદેવ થયા ત્યારે રાધિકાએ સહિત કૃષ્ણે તે ઉત્સવમાં રાસનું આયોજન કર્યુ. તેમાં ગોપની રૂપ-લાવણ્યસંપદાએ યુક્ત અસંખ્ય કન્યાઓ આવી. તે કન્યાઓ પોતાની માતાઓને હે માઁ ! હે અંબ ! હે જનની ! એમ બોલાવી આનંદિત કરતી હતી. પતિએ યુક્ત સ્ત્રી પણ જો પુત્રીરહિત હોય તો પૂર્ણ સુખી નથી. પુત્રી માતૃસ્વરૂપા અને માતાની કાર્યદાસિકા છે. તે ભોજનમાં, ઉત્સવમાં, વાહનમાં, રહસ્યમાં, ઘરમાં, શયનમાં, પ્રવાસમાં બધી જ જગ્યાએ સાથે રહી માતાની સેવા કરે છે.

નારીવર્ગની સેવિકા નારી જ થાય. તેમા પણ પોતાની પુત્રીનાં તુલ્યે બહેન, બીજી કોઇ કુટુંબીની કે નોકરાણી પણ થતી નથી. તેથી પુત્રી વિના નારી અર્ધસૌભાગ્યશાલિની કહેવાય. પ્રાતઃકાળે પુત્રીનું મુખ જોઇ માતા સ્વર્ગથી પણ અધિક સુખને પામે છે. તેવું સુખ પુત્રને જોઈને થાતું નથી. પિતાને પુત્રમાં જેવો સ્નેહ હોય છે તેથી અધિક માતાને પુત્રીમાં હોય છે. કુમારીપુત્રી લગ્ન પછી પતિ પરાયણ થાય છે. તેથી પુત્રીનું પૂર્ણ આયુષ્યનું સુખ માતાએ પુત્રીની કુમારી અવસ્થામાં જ મેળવવું પડે છે. આથી જ માતાને પુત્રી દસ ગણી વ્હાલી હોય છે. માતાનું કળાકૌશલ્ય અને ગૃહકાર્યની શિક્ષા આદિ પુત્રીમાં ચિરકાળ માટે સદા નિવાસ કરે છે. સત્પુત્રીથી માતા બે કુળમાં યશસ્વિની થાય છે. પુત્ર પિતા સ્વરૂપ અને પુત્રી માતા સ્વરૂપ હોય છે. વળી વિરજા રૂકમિણી, રમા, જયા, માણિકી, પ્રભા, પાર્વતી ઇત્યાદિ અનંત મારી સપત્નીઓ(સોતનો)ને પુત્રીવિહીન મારે સદા જોયા જ કરવાની રહે. તેથી મારે ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી સૌથી શ્રેષ્ઠ પુત્રી

માંગવી છે. આમ વિચારી રાધાએ મહોત્સવ પછી એકાંતમાં શ્રીકૃષ્ણ પાસે પોતાનો ભાવ પ્રકાશ્યો કે હે નાથ ! મને પુત્રી આપો. પુત્રી વિના મૃત્યુ સારૂ. આ ઉત્સવ દરમ્યાન પુત્રીમતિ સર્વે સ્ત્રીઓમાં હું શોભા પામતી નથી તેથી મને સર્વસદ્‌ગુણશાલિની, માતાની આજ્ઞાનું પાલન કરવાવાળી, કુલધર્માનુયાયીની, સર્વશ્રેષ્ઠા, સર્વલોકોમાં વિખ્યાતા અને જેને જોઈને કે જેનું સ્મરણ કરવાથી શાંતી થાય તેવી પુત્રી આપો. જો હું તમારી પ્રિય પત્ની હોઉં અને તમે મારા પ્રિયકાન્ત હો તો રાધા તમારી પાસેથી સર્વ પુત્રીવાળી સ્ત્રીઓની પુત્રીઓનું વિસ્મરણ કરાવી દે તેવી સુલક્ષણા પુત્રી માંગે છે. આમ અભ્યર્થના કરી શ્રીકૃષ્ણનારાયણને ભાવથી આલિંગન કરી સેવ્યા ત્યારે શ્રીકૃષ્ણનારાયણે રાધાને સંકલ્પમાત્રથી પ્રગટ થનારી, પ્રગટ થતાની સાથે જ યુવતી, દિવ્ય અબજો રૂપવતી ગોપીઓથી પણ અધિક રૂપવતી પુત્રી આપી. જેવી રાધા તેવી જ તે અને જેવી તે તેવી જ રાધા આ બંનેમાં બધુ જ તુલ્ય હોવાથી કોઈ અંતર જણાતુ ન હતું. તે ક્ષણે તમામ શ્રીકૃષ્ણની પત્નીઓ જાણે ચિત્રિત હોય તેમ મોહિત અને સ્તબ્ધ થઈ તેને જોઈ રહી.

શ્રીકૃષ્ણ પણ રૂપવતી પોતાની પુત્રીને જોઈ આનંદ પામ્યા અને સર્વેનાં મનની વૃત્તિઓનો ભાવ તે પુત્રીમાં કુંઠિત થઈ સ્થિર થઈ ગયો તેથી તેને વાત્સલ્યથી અને આદરથી વિકુંઠા એવા નામથી બોલાવી. ત્યારપછી રાધાએ પણ તે જ નામે તેને બોલાવી. તે રાધાની પુત્રી વિકુંઠાને જોવા તમામ ગોલોકવાસીઓ આવવા લાગ્યા અને સર્વે સ્ત્રીઓ પ્રશંસા કરવા લાગી કે અહો ! આ પુત્રી રાધાથી પણ અતિ રૂપવતી છે. વિવાહ વિધિપૂર્વક આ કન્યા જેની થશે તે કૃષ્ણોત્તમકૃષ્ણ અર્થાત્ પુરૂષોત્તમ હશે. આમ આશીર્વાદ આપીને જનો પોતપોતાના ઘરે ગયા. ત્યારપછી સંસ્કાર કરવા પૂર્વક માતા-પિતા તેનું લાલન પાલન કરવા લાગ્યા. તે કન્યા રાધિકાની સેવા અતિભાવપૂર્વક કરતી અને ઘરના સર્વે કાર્યો કરતી.

વિવાહને યોગ્ય થયેલી તે કન્યા નિત્ય પિતા સાથે અક્ષરાધિપતિ પરબ્રહ્મ પુરૂષોત્તમનાં દર્શન કરવા જતી. જ્યારે પૂજા કરી રાધિકાપતિ પાછા વળતા ત્યારે રાધિકાપુત્રી પુરૂષોત્તમનારાયણને જોઈ મંત્રમુગ્ધ થતી અને પુરૂષોત્તમનારાયણ પણ તેના મનને આકર્ષિત કરી પોતાના સ્વરૂપમાં સ્થાપિત કરતા તેથી વિકુંઠાનું ધ્યાન સર્વક્રિયાઓમાં અનાદિકૃષ્ણનારાયણમાં જ રહેતું. વળી તે પુરૂષોત્તમનું પત્નીત્વ પ્રાપ્ત કરવા માટે અહોનિશ ચિંતવન કરતી. તેવામાં ત્યાં શ્રીહરિના પાર્ષદ દુંદુભિનો નાદ થયો કે આજે અધિકમાસના વદ પક્ષની દશમી તિથિ છે. આ પુણ્ય દેનારી અને રમ્યા તિથિએ જે વ્રત કરશે તે ઈચ્છિત વસ્તુને પામશે. આ વ્રત કરનારને સ્વયં અક્ષરાધિપતિ અનાદિશ્રીકૃષ્ણ પુરૂષોત્તમ જે ઈચ્છે તે સર્વ પ્રદાન કરે છે તેથી પ્રાર્થના કરવામાં (ઈચ્છિત માંગવામાં) સંકોચ ન કરો. ન કહી શકાય કે ગોપનીય સંકલ્પને પણ શ્રીહરિ નિશ્ચિત પૂરા કરશે.

આ સાંભળીને વિકુંઠાએ પુરૂષોત્તમનારાયણની પ્રાપ્તિ માટે જાગરણે સહિત દશમીનું વ્રત કર્યુ. તેણીએ પ્રાતઃકાળે પુરૂષોત્તમની મૂર્તિની ષોડષોપચારે પૂજા કરી તથા સાયંકાળ તથા રાત્રિએ પણ તેવી જ રીતે શ્રીહરિનું પૂજન કર્યુ. મધ્યરાત્રિના સમયે કોટિ કૃષ્ણ સમાન સાક્ષાત પુરૂષોત્તમનારાયણ અક્ષરધામથી પધાર્યા અને મંદહાસ કરવા પૂર્વક વિકુંઠાને કહેવા લાગ્યા કે અધિકમાસના વ્રતનું પુણ્ય દેનાર પુરૂષોત્તમ હું અહીં આવ્યો છું અને તારી ભક્તિથી પ્રસન્ન થયો છું તેથી હે વિકુંઠા ! તને ઈચ્છિત હોય તે માંગ. સદા મારૂં સ્મરણ કરનારી તને ન આપી શકાય એવું કંઈ નથી. ત્યારે લક્ષ્જિત થયેલી વિકુંઠાએ કહ્યું કે હે પ્રાણનાથ ! તમારાથી અજાણ કાંઈ નથી. મારા હૃદયમાં તમે છો. હે ભગવન્ ! હે પ્રાણપતિ ! તમે મારા નાથ થાઓ. ત્યારે તથાસ્તુ કહી શ્રીહરિએ અધિક વચનો કહ્યા કે - હું અનેક સ્વરૂપોએ નિવાસ કરૂં છું તે સાંભળ. અક્ષરધામમાં પુરૂષોત્તમનારાયણ હું સદા વાસ કરૂં છું. મહાવૈકુંઠધામમાં

બીજા સ્વરૂપે, જલાવરણાંત વૈકુંઠમાં ત્રીજા સ્વરૂપે, શ્વેતદ્વીપ નામક વૈકુંઠમાં ચોથા સ્વરૂપે, ક્ષીરસાગર વૈકુંઠમાં પાંચમા સ્વરૂપે હું નિવાસ કરૂં છું તેથી તારે પણ દિવ્ય રૂપવતી થઈ સર્વત્ર મારી સાથે વાસ કરવો. વળી માતા રાધિકાની સેવા માટે તારૂં નિર્માણ થયું છે તેથી હે સુંદરી ! તારે રાધિકાની સેવામાં પણ સદા સ્થિત રહેવું જોઈએ. મારી કૃપાથી તારા છ રૂપો થાઓ. આમ પુરૂષોત્તમનારાયણનાં કૃપાકણથી તે છ સ્વરૂપે થઈ. તેમાં પ્રથમ રૂપે સર્વથી અધિક અક્ષરધામમાં નિવાસ યોગ્ય અને પુરૂષોત્તમને યોગ્ય થઈ. તે વિકુંઠાને પુરૂષોત્તમે પત્નીરૂપે ગ્રહણ કરી. બીજા રૂપે ગોલોકમાં રાધિકાની સેવા કરવા યોગ્ય પુત્રી રૂપે શ્રીહરિએ તેને સ્થિત કરી તેથી પૂર્વે જેમ તે ગોલોકમાં સ્થિત હતી તેમ જ તે ત્યાં સ્થિત છે. ત્રીજું વિકુંઠાનું રૂપ મૂર્તિમાન તથા વ્યાપક એમ બે રૂપે થયું. તેમાં જે વ્યાપક રૂપ છે તે નારાયણનું મહાવૈકુંઠ સંજ્ઞક ધામ કહેવાય છે તેમાં તે નારાયણપત્ની મહાલક્ષ્મી રૂપે થઈ. વળી ચતુર્થ વિકુંઠાના રૂપનાં પણ વ્યાપક અને મૂર્તિમાન બે ભેદ થયા. તેમાં વ્યાપક રૂપ જલાવરણ વૈકુંઠ થયું અને તેમાં તે લક્ષ્મી રૂપે વિષ્ણુ પત્ની થઈ વિષ્ણુની આદરથી સેવા કરે છે. પાંચમું વિકુંઠાનું રૂપ પણ બે પ્રકારનું થયું તેમાં વ્યાપક રૂપ શ્વેતદ્વીપ નામનું વૈકુંઠ થયું અને બીજા લક્ષ્મી રૂપે તે વિષ્ણુપત્ની થઈ આદરપૂર્વક વિષ્ણુની સેવા કરે છે. છઠ્ઠા વિકુંઠાનાં રૂપનાં પણ બે ભેદ થયા. તેમાં વ્યાપક રૂપ તે તેજોમય ક્ષીરવૈકુંઠસંજ્ઞક થયું અને બીજા લક્ષ્મી રૂપે તેમાં તે વિષ્ણુપત્ની થઈ વિષ્ણુની આદરપૂર્વક સેવા કરે છે. તે વિકુંઠા શ્રીહરિની ઈચ્છાથી છ સ્વરૂપે શ્રીહરિની પત્નીરૂપે તથા ચાર મહાદિવ્યધામ વૈકુંઠની અધિષ્ઠાતૃ દેવી રૂપે, આમ દસ સ્વરૂપે પૃથક પૃથક અધિકમાસનાં વ્રતના પ્રભાવે થઈ. શ્રીકૃષ્ણનારાયણની કૃપા શું શું ન કરે ? હે લક્ષ્મિ ! તે વિકુંઠા તું પોતાને જાણ. તું અહિં અને સર્વત્ર મને પુરૂષોત્તમ જાણી ભજે છે. તે બધું પ્રત્યક્ષ દર્શી હોવાથી હું જાણું છું પરંતુ તે બધું તમે જાણતા નથી. તેમાં મારી ઈચ્છા જ કારણભૂત છે.

इति ते कथितं लक्ष्मि वृत्तं दशमिकाव्रतात् ।।१०६।।
विकुण्ठायास्तव रूपाण्यभवन् दशधा फलम् ।
मदिच्छया तथा जातं ममानुग्रहकारणम् ।।१०७।।
पठेद्वा श्रृणुयाद्वापि फलं तस्यापि तादृशम् ।
ददामीष्टं पूरयामि कृपया पुरुषोत्तमः ।।१०८।।

હે લક્ષ્મિ ! આમ મેં તને અધિકવદ દશમીનાં વ્રતનાં ફળથી, મારી ઈચ્છા અને મારા અનુગ્રહથી વિકુંઠા એવી તારા દશ રૂપો થયા તે કથા કહી. આ કથાને જે વાંચશે કે સાંભળશે તેને પણ હું પુરૂષોત્તમનારાયણ તેવું જ ફળ આપું છું અને તેના ઈચ્છિત મનોરથો પૂર્ણ કરૂં છું.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૬ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, પૂર્વના કલ્પમાં પુત્રી રહિત સતી પાર્વતીએ જ્યારે રાધિકા પુત્રી વિકુંઠાને જોઈ ત્યારે વારંવાર મહાદેવને પ્રાર્થના કરી કે હું પુત્રીવાળી થાઉં તેથી શંકરે પ્રસન્ન થઈને તથાસ્તુ કહ્યું અને મંદરાચળ પર્વતમાં વટ તળે સતીએ કોટિચંદ્રનાં તેજથી પણ અધિક તેજોમયી, માનસી, સર્વદિવ્યગુણોથી યુક્તા, જન્મતાની સાથે જ યુવતી એવી પુત્રી પ્રાપ્ત કરી. તેણીએ માતા-પિતાના ચરણમાં પ્રણામ કર્યા તેથી સતી અને મહાદેવ અત્યંત પ્રસન્ન થયા. શંભુએ તથા સતીએ તેનો મંદરાચળમાં મોટો ઉત્સવ ઉજવ્યો. તે જન્મોત્સવમાં દેવો, દેવીઓ, દિગ્પાળો, મહર્ષિઓ, પિતૃઓ, મનુઓ તથા માનવોનાં યુગલો આવ્યા. વમ્રી નામક તે સતીની પુત્રીના યજ્ઞોપવિત સંસ્કાર સપ્તર્ષિઓએ કર્યા ત્યારપછી તે વમ્રી બ્રહ્મરૂપ મહાદેવ તથા માતા સતીની સેવા કરતી હતી. માતા પિતાની જેમ તે સમાધિમાં પણ બેસતી. વડ નીચે વાસ કરનારી, વડની છાલનાં વસ્ત્રો પહેરનારી, વડનાં ફળનું ભોજન કરનારી, વડનું દૂધ પીનારી, વડનાં મૂળમાં વેદિકા કરી હોમકાર્ય કરનારી, વડનાં કાષ્ટનાં આભૂષણો ધારણ કરનારી, તાપસી તે વટપુત્રી સર્વસિદ્ધિઓને ધારણ કરનારી થઈ.

સંપત્તિઓ, સમૃદ્ધિઓ, લક્ષ્મીઓ, રસો, અમૃતો, રત્નો તથા સર્વ ભોગ્ય ઉપકરણો જે - જે તે ઇચ્છતી તે તે સર્વે ત્યાં હાજર થઈ જતા. તે વમ્રી યોગબળથી બધુ જ પોતાની આગળ દેખતી. વળી ગુદામાં રહેલ મૂલાધાર ચક્રમાં જઈ તે સ્થાનનાં દેવતા ગણપતિનું ધ્યાન કરતી અને તેના સામર્થ્યને સર્વથા વશ કરી લેતી. યોનિનાં મૂળમાં રહેલા સ્વાધિષ્ઠાન ચક્રમાં જઈ ચતુર્મુખ બ્રહ્માનું ધ્યાન કરતી અને તેના સામર્થ્યને સર્વ રીતે વશ કરી લેતી. નાભિપ્રદેશમાં રહેલા મણિપૂર ચક્રમાં જઈ વિષ્ણુનું ધ્યાન

કરતી અને તેના સામર્થ્યને સર્વથા વશ કરતી. હૃદયમાં રહેલ અનાહત ચક્રમાં જઈ ત્યાં રહેલા શિવનું ધ્યાન કરી તેનું પણ સર્વ સામર્થ્ય તે યોગિની પોતાના વશમાં કરી લેતી. કંઠમાં સ્થિત વિશુદ્ધિ ચક્રમાં જઈ પોતાના આત્મામાં પરમ સંયમ કરવા પૂર્વક આત્મતત્વનાં સામર્થ્યને સર્વથા વશ કરી લેતી. ભ્રુકુટિનાં મધ્યમાં રહેલ આજ્ઞાચક્રમાં જઈ ત્યાં રહેલા હંસ તથા ગુરૂનું ધ્યાન કરી બ્રહ્મજ્ઞાનને વશ કરતી તથા સર્વજ્ઞતાને પામતી. બ્રહ્મરંધ્રમાં રહેલા સહસ્રાધાર ચક્રમાં જઈ તે શ્રીકૃષ્ણ પરમાત્માનાં દર્શન કરતી. વળી તે વમ્રી સમાધિ વડે ક્યારેક વૈકુંઠ, શ્વેતદ્વિપ, ગોલોક, અમૃત, શ્રીપુર વગેરે ધામોમાં, ક્યારેક બ્રહ્મા, સૂર્ય, ચંદ્ર, વરૂણ, કુબેર ઈત્યાદિક દેવતાઓનાં લોકમાં, ક્યારેક ચતુર્વ્યુહ, ચોવીસ તત્વો, અસુરોનાં લોક, નાગોનાં લોક, ભૂગોળ, ખગોળ તથા બ્રહ્માંડમાં સર્વત્ર જતી-આવતી. વળી યોગનો આશ્રય કરી તે ઈડા, પિંગલા અને સુષુમ્ણાનાં માર્ગે સૂર્યચંદ્રાદિકનાં લોકોમાં તથા ધર્મપુરી-સંયમનીમાં પણ જતી. વળી અનેક રૂપ ધારણ કરનારી તે એક રૂપે વડમાં, બીજા વૃક્ષોમાં, વૈકુંઠમાં અને શ્રીપુરમાં પણ રહેતી. તે વમ્રી યક્ષિણી થઈ કુબેરનાં મહાકોશમાં ધનયક્ષિણી નામે રક્ષાકરી રૂપે રહેતી. આમ, અનેક રૂપે થઈ તેને જ્યાં ગમે ત્યાં રમણ કરતી. વટ નીચે પ્રગટ થવાથી તેને વટસાવિત્રિ કહે છે.

वटसावित्रिकाकृंच्छ्रं पतिसंयोगदं सदा ।
वैधव्यं नैव चायाति वटसावित्रिकार्चने ।।३७।।
दारिद्रयं नैव जायेत वटयक्षिणिकार्चने ।
लक्ष्मीं च सम्पदश्चैव धनं ददाति यक्षिणी ।।३८।।

વટસાવિત્રિનું વ્રત સદા પતિનાં સંયોગને દેનારું છે. વટસાવિત્રિનું પૂજન કરવાથી વિધવાપણું નથી જ આવતું. તે વટસાવિત્રિનું પૂજન કરવાથી દરિદ્રતા નથી જ અવતી. વળી તે પૂજાયેલી (યક્ષિણી) વટસાવિત્રિ ધન, લક્ષ્મી અને સંપત્તિને આપનારી છે. વળી પૂજાયેલી તે વટસાવિત્રિ

અન્ન ધાન્યાદિ દેનારી થાય છે. સર્વત્ર વૃક્ષોમાં તે રહેલી છે. તે વટસાવિત્રિએ યોગાભ્યાસ વડે સર્વસૃષ્ટિમાં જઈ ઈશ્વરો, દેવતાઓ, માનવો ઇત્યાદિનાં યુગલો જોઈને વિચાર્યું કે સ્ત્રીઓ માટે પતિ વિનાનું યૌવન શુદ્ધિવિહિન અને દોષકર છે. તેથી મારે પણ પતિ સાથે રહેવું જોઈએ. મંદરાચળ પર્વતમાં વડ નીચે બેસી તે સતીપુત્રી આમ વિચારતી હતી તેટલામાં તેની સામેથી દસ પ્રચેતાઓ પસાર થયા. પોતાના તુલ્ય રૂપ સંપન્ન, પુષ્ટ અને યુવાન તે પ્રચેતાઓ શંકરનાં દર્શન કરી ફરી ત્યાંથી પસાર થયા. તે પ્રચેતાઓમાં વટસાવિત્રિનું મન કંઈક સ્નેહવાન થયું. વ્યગ્રમનવાળી તે વટસાવિત્રિ તેઓનું જ સ્મરણ કરતી હતી. તેટલામાં તેણીએ અધિકમાસનાં વ્રતનો બોધ કરનાર દુંદુભિનો નાદ સાંભળ્યો કે આજે અધિક વદ એકાદશીનું પર્વ પુણ્ય દેનારૂં છે.

આ વ્રત કરનારીને પ્રયત્ન વિના પોતાનું ઈષ્ટ સિદ્ધ થશે. હું સાક્ષાત શ્રીપુરૂષોત્તમનારાયણ કહું છું કે આ વ્રત કરી મારી પાસેથી ઈષ્ટ વરદાન મેળવો. આ સાંભળી તે કન્યા શીઘ્ર ત્યાં આવી અને દુંદુભિનું પૂજન કરી "પતિમ્ દેહિ" આમ દસવાર બોલી. તે સાંભળી તથાસ્તુ કહી દુંદુભિ ત્યાંથી વિદાય થયા અને તેણી પણ પાર્વતી ન જાણે તે રીતે શીઘ્ર જ વટ તળે આવી. પ્રસન્ન, સંતુષ્ટ હૃદયવાળી અને વરદાન મેળવેલી તે કન્યાએ ફરી દુંદુભિનો નાદ સાંભળ્યો કે પૂજા વડે સંતુષ્ટ થયેલા શ્રીકૃષ્ણપુરૂષોત્તમ શીઘ્ર મનોરથ પૂરા કરશે. આવું સાંભળી તે વહ્નીએ વડની નીચે પુરૂષોત્તમનારાયણની પ્રતિમા બનાવીને તેનું આવાહન, આસન, પાદ્ય, અર્ઘ્ય, આચમન, સ્નાન, વસ્ત્ર, યજ્ઞોપવિત, અલંકાર, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાંબુલ, ફળ, આરતી, દંડવત્, પ્રદક્ષિણા, સ્તુતિ તથા પુષ્પાંજલિ સમર્પિત કરી પૂજન કર્યુ. તેવી જ રીતે મધ્યાન્હ તથા સાયંકાળે પણ પુરૂષોત્તમનું પૂજન કરી વહ્નીએ જાગરણ કરવાપૂર્વક શ્રીહરિનાં સાન્નિધ્યમાં નૃત્ય કર્યુ અને ડમરૂ વગાડતા કિંકિણી શબ્દથી મિશ્રિત મધુર ગાયન કર્યુ.

તે શબ્દને સાંભળી આકર્ષિત થયેલા વનવૃક્ષો, લતાઓ, તૃણો વગેરે સર્વે ચેતન ત્યાં આવ્યા. વમ્રીએ પુરૂષોત્તમનારાયણનું પૂજાનું ચરણામૃત જળ તથા પ્રસાદીભૂત પત્ર, પુષ્પ, ફળાદિક તે સર્વેને આપ્યા ત્યારપછી પોતે પ્રસાદી ગ્રહણ કરી. આવું પુરૂષોત્તમનું મહાપૂજન જોઈ પાર્વતી અને શંકર પરમઆશ્ચર્ય પામ્યા અને પોતાની પુત્રીની પ્રશંસા કરી આશીર્વાદો આપ્યા કે હે પુત્રી ! તું ઈચ્છિત સુખવાળી થા. હે કલ્યાણિ ! તું વૈષ્ણવી થા. વનને સુખ પમાડનારી થા. તપસ્વિની, બ્રહ્મશક્તિવાળી તથા પુરૂષોત્તમનારાયણની પ્રિયા થા. વડમાં સ્થિત રહી સર્વેને પૂજનીયા તથા વૃક્ષરસોને પ્રદાન કરનારી થા.

આમ પુરૂષોત્તમનું પૂજન અને વિસર્જન કરી પરવારી તે વમ્રી વડની વેદિકા પર બેઠી તેટલામાં ત્યાં દિવ્ય રૂપધારી, કોટિ શંભુ સમાન ઉજ્જ્વળ કોઈ યુવાન આવ્યો અને મંદહાસ્ય કરતા વમ્રીને તેણે પોતા તરફ ખેંચી "પ્રિયા" એમ કહ્યું. તેને ચક્ર, પદ્મધારી પુરૂષોત્તમનારાયણ જાણી નમ્રમુખી વમ્રી તેમના ચરણકમળમાં પડી ત્યારે પુરૂષોત્તમે કહ્યું કે હે દેવી ! તારા વ્રતથી હું પ્રસન્ન થયો છું જે તારા મનમાં હોય તે વરદાન માંગ. ત્યારે શ્રીહરિની ચરણરજને મસ્તકે ચડાવી તેણીએ કહ્યું કે મને તમારી પત્ની રૂપે ગ્રહણ કરો. તેનો પરમભાવ જાણી શ્રીહરિએ તથાસ્તુ કહ્યું. વળી વધુમાં તે વમ્રીને કહ્યું કે તે મારા પાર્ષદ દુંદુભિનાં સાન્નિધ્યમાં દસવાર પતિમ્ દેહિ એમ કહ્યું હતું તે વાતનું સ્મરણ કર. હું સાક્ષાત્ પુરૂષોત્તમ તારો પતિ થઈશ. તું દિવ્ય સ્વરૂપા થઈ પરમધામ અક્ષરમાં મારી પત્ની રૂપે ચાલ. વળી પાર્વતીની સેવા પરાયણ પુત્રી વટસાવિત્રિ નામે થઈ નિત્ય અહીં નિવાસ કર. તને વટયક્ષિણીનાં નામે પણ લોકો જાણશે. વળી તું પૃથ્વીની ખાણોમાં દ્રવ્યાધિરક્ષિકા રૂદ્રસ્વરૂપિણી રૂપે સ્થિત થા. વળી પ્રચેતાઓને જોઈ તારૂં મન સ્નેહવાન થયું હતું તેથી તે દુંદુભિ પાસે દસવાર "પતિમ્ દેહિ" એમ વરદાન માંગ્યુ હતું આથી દસ પ્રચેતાઓ

તારા પતિ થશે પરંતુ આ દેહ વડે તેઓ તારા પતિ થાવા યોગ્ય નથી તેથી આ પૂજન થયું ત્યાં સુધી જેઓ અહી ઉપસ્થિત રહ્યા છે તેવા વૃક્ષાદિકની તું પુત્રી થા. હે પ્રિયે ! તું પૃથક પૃથક દસ રૂપ ધારણ કરી વૃક્ષપુત્રી થા. મારી આજ્ઞાથી તારૂં વાર્ક્ષી એવું નામ થશે. વૃક્ષો, સ્તંબો, સસ્યો, શાકો, તૃણો, નળો, વેલીઓ, દંડો, પત્રો અને કંદો આ દસ જાતિઓનું પિતાપણું સ્વીકારી તું દસ રૂપે પુત્રી થઈ સર્વેને રસો પ્રદાન કરનારી થા.

આમ કહી શ્રીકૃષ્ણનારાયણ અતિભાવથી વમ્રીને ધામ યોગ્ય કરી પોતાની સાથે લઈ ગયા. પાર્વતી માટે વમ્રીનું એક પુત્રી સ્વરૂપ સ્થિત રહ્યું અને બીજા દસ સ્વરૂપે તે વૃક્ષકન્યા થઈ. તેને તે દસજાતિનાં વૃક્ષાદિકે સ્વીકારી અને સમય થતાં તેઓએ દસપ્રચેતાઓ સાથે તે દસ કન્યાઓના વિવાહ કરાવ્યા. તે વૃક્ષ કન્યાઓ સર્વત્ર રસદાયિણી અને ફળદાયિણી છે. જયારે નારદજીનાં ઉપદેશથી પ્રચેતાઓનો મોક્ષ થશે ત્યારે તેમની પત્ની રૂપે થયેલી વાર્ક્ષીઓનો પણ મોક્ષ થશે એમાં કોઈ સંશય નથી.

આમ અધિકવદ એકાદશીનું વ્રત કરી પાર્વતીપુત્રી વમ્રી પરમધામમાં શાશ્વત બ્રાહ્મીતનું પામી પુરૂષોત્તમનારાયણનાં પત્નીત્વને પામી. વળી પુરૂષોત્તમની કૃપાથી પાર્વતીપુત્રી તથા દસ વાર્ક્ષી રૂપે થઈ. જે વાર્ક્ષીઓ પૃથ્વી પર યજ્ઞની સમિધાઓ રૂપે થઈ. આ કથાના શ્રવણથી કે પઠનથી અધિક વદ એકાદશીનાં વ્રતનું ફળ પ્રાપ્ત થાય છે. જે આ કથાને વંચાવે છે તે પુરૂષોત્તમનારાયણની કૃપાથી ધન-ધાન્ય અને સમૃદ્ધિમાન થઈ ભુક્તિ અને મુક્તિને પામે છે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૭ ❖

શ્રીનારાયણ બોલ્યાઃ હે લક્ષ્મિ ! સાંભળો, હું તમને સૃષ્ટિનાં આરંભમાં વૈરાજનાં ચરણથી ઉત્પન્ન થયેલી સેવિકા જોષ્ટ્રી દેવીની કથા કહું છું. વૈરાજપુરૂષે નાભી પ્રદેશથી પુત્ર બ્રહ્માનું સર્જન કરી તેને જોષ્ટ્રી નામની સેવિકા અર્પણ કરી. એ દાસીને બ્રહ્માએ સદા સત્યલોકમાં વાસ આપ્યો. બ્રહ્મા જ્યારે જ્યારે મનથી તેનું સ્મરણ કરતા ત્યારે ત્યારે તે સેવિકા ફરી ફરી અનેક પ્રકારની સેવિકા જાતિ ઉત્પન્ન કરતી. તેમાં તે જોષ્ટ્રીએ ઋષિઓને અનશના, પિતૃઓને પિપાસા, દેવોને અશના, ભૂતપ્રેતપિશાચાદિને વાસના, રાજાઓને કરા, માનવોને વ્યવસાયા, દાનવોને પ્રસહ્યા, દૈત્યોને વિલાસા, પશુપક્ષીઓને વિશ્વાસા, વૃક્ષવેલીઓને મેઘા, કીટ-પતંગ-જંતુ આદિઓને કર્દમા અને જળવાસીઓને કુંભિકા આમ પોતાની બાર પુત્રીઓ ઉત્પન્ન કરી સેવિકા રૂપે આદરપૂર્વક પ્રજાને અર્પણ કરી. આમ બ્રહ્માની સેવિકા જોષ્ટ્રી સત્યલોકમાં નિત્ય સેવા ધર્મમાં રહે છે. જેમ બ્રાહ્મણને છ કર્મો મોક્ષ દેનાર છે તેમ ચતુર્થવર્ણને સેવા મોક્ષકારી મનાયેલી છે. જેમ રક્ષણ કરવું એ ક્ષત્રિયોને કલ્યાણકારી મનાયેલું છે તેમ સેવક વર્ગને સેવા કલ્યાણ દેનારી છે. જેમ વૈશ્યને દાન દેવું તે આ લોક અને પરલોકમાં શ્રેયકારી છે તેમ સેવિકા વર્ગ સેવા વડે શ્રેયને પ્રાપ્ત કરે છે. જેમ દાસીને સદા આજ્ઞામાં વર્તવુ તે મોક્ષ દેનાર છે તેમ સેવક વર્ગને સેવા જ મોક્ષ દેનારી થાય છે. જેમ શીલ અર્થાત્ બ્રહ્મચર્યવ્રત રક્ષણ દેનારૂં છે તેમ સેવિકાને સેવા સદા રક્ષણ દેનારી થાય છે. જેમ વનવાસીઓને તપ સુખકર મનાયેલું છે તેમ સેવકોને સેવા સર્વદા સુખ દેનારી છે. જેમ ત્યાગીઓને ત્યાગ પરમાનંદ દેનાર મનાયેલ છે તેમ સેવકને ભાવ વડે કરાયેલી સેવા તે આનંદદાયિની છે. જેમ યજ્ઞ, તપ, ધ્યાન, જપ, દાન અને હવનાદિક આલોક અને પરલોકમાં સુખ દેનારા છે તેમ સેવા સર્વત્ર સુખ દેનારી છે.

सेवया प्राप्यते स्वर्गं राज्यं लक्ष्मीर्धनादिकम् ।
यशः कीर्तिस्तथा पुण्यं शाश्वतं मोक्षणं ध्रुवम् ॥२२॥

સેવાથી સ્વર્ગ, રાજય, લક્ષ્મી, ધન, યશ, કીર્તિ, પુણ્યાદિક તથા શાશ્વત મોક્ષને પણ નિશ્ચે પમાય છે. કૃષ્ણ સેવા, માતૃ સેવા, પિતૃ સેવા, આત્મ સેવા, દેવ સેવા, જન સેવા, વૃદ્ધ સેવા, દુઃખીઓની સેવા, પતિ સેવા, સતી સેવા, પત્ની સેવા, ઈશ્વર સેવા, ગૌ સેવા, બ્રાહ્મણ સેવા, અનાથ સેવા, આશ્રિત સેવા, પ્રજા સેવા, સ્વામી સેવા, અતિથી સેવા તથા પરમાત્માની સેવા આ લોક તથા પરલોકમાં સુખ દેનારી, પુણ્ય દેનારી તથા શાંતિ દેનારી થાય છે.

पुरुषोत्तमबुद्धया तु कृतं मोक्षकरं भवेत् ।

પુરૂષોત્તમપણાની બુદ્ધિથી કરેલી સેવા મોક્ષકારી થાય છે. દેહ સેવા, ધન સેવા, ચરણચંપી આદિક સેવા, ગુણ સેવા, વસ્તુ સેવા, અન્ન સેવા, જળ સેવા, ગ્રહ સેવા, રોગીની સેવા તથા લોક સેવા આદિ સર્વ સેવા પરમાત્માની દ્રષ્ટિથી કરાયેલ હોય તો સુખ દેનારી અને મોક્ષ દેનારી થાય છે તેથી જ સેવાધર્મ સર્વ દેહીઓને અગમ્ય જાણવો. બીજું બધુ જ થાય પણ શ્રદ્ધા વિના સેવા થતી નથી. ભાવના વિના સોંપાયેલી સેવા પણ થતી નથી. મોક્ષની ઈચ્છાથી સેવા થાય છે, સુખની ઈચ્છાથી સેવા થાય છે, સ્વાર્થની ઈચ્છાથી સેવા થાય છે અથવા કોઈ ફળની ઈચ્છાથી સેવા થાય છે.

निष्कामेन कृता या तु कोटिगुणार्थदा हि सा ।
अकामस्य तु कार्यस्य फलदः पुरुषोत्तमः ॥३१॥

નિષ્કામ ભાવથી કરેલી જે સેવા તે કોટિ ગણું ફળ દેનારી છે. નિષ્કામ ભાવથી કરેલા કાર્યનાં ફળ દેનારા પુરૂષોત્તમનારાયણ છે. આમ વિચારી તે જોષ્ટ્રી પોતાની પુત્રીઓ પાસે સર્વ લોકની સેવા કરાવતી જેથી સર્વેમાં રહેલા અંતરાત્મા સંતુષ્ટ થતા. સેવાથી સંતુષ્ટ થયેલા સત્પુરૂષો

આશીર્વાદ આપે જ છે. વૃદ્ધો અને બ્રાહ્મણો સેવા કરનારને સારા આશીર્વાદ આપે છે.

शरीरं नाशमायाति तेन सेवा कृता परे ।
लोके सहायतां याति तस्मात् सेवां समाचरेत् ।।३४।।
परोपकारः कुत्रापि विफलो याति नैव ह ।
सेवापि विफला नैव कालान्तरेऽपि जायते ।।३५।।
अदत्तं नोपतिष्ठेत दत्तमेवोपतिष्ठते ।
असेवा नोपतिष्ठेत कृता सेवोपतिष्ठते ।।३६।।
देहेन मनसा वाचा पितरं गुरुमच्युतम् ।
सेवेत सर्वदा प्राणी फलं तच्छाश्वतं भवेत् ।।३७।।

શરીર નાશ પામે છે પરંતુ તેનાથી કરેલી સેવા પરલોકમાં સહાયતા કરે છે તેથી સેવા કરવી. પરોપકાર ક્યારેય નિષ્ફળ જતો નથી. તેમ સેવા પણ નિષ્ફળ થતી નથી. કાળાંતરમાં પણ તેનું ફળ થાય છે. (સમય આવ્યે)કરેલું દાન અને સેવા ઉભા રહે છે અને નહિ દીધેલું અને ન કરેલી સેવા ઉભી રહેતી નથી. દેહથી, મનથી અને વાણીથી માતા-પિતા, ગુરૂ અને પરમેશ્વરની પ્રાણધારીએ સર્વદા સેવા કરવી જોઈ. તે સેવાનું ફળ શાશ્વત થાય છે. આમ, વિચારી જોષ્ટ્રી સત્યલોકમાં સદા બ્રહ્માની સેવા કરે છે અને પુત્રીઓ પાસે નિત્ય પ્રજાની સેવા કરાવે છે.

એકવાર ધર્મરાજનાં ઘરે સર્વે સમાજ ભેગો થયો હતો તેમાં ઋષિઓ, મુનિઓ, દેવતાઓ, પિતૃઓ, માનવો, વૃક્ષો, પિશાચો, વેલીઓ, દૈત્યો, દાનવો વગેરે ચૌદ ભૂવનમાં સ્થિત દ્રશ્ય તથા અદ્રશ્ય દેહિઓ પોત-પોતાની સ્ત્રીઓ સાથે ત્યાં આવ્યા. તે તે સમાજનાં મૂર્ધન્યોની સાથે સેવિકા રૂપ જોષ્ટ્રીની બાર પુત્રીઓ પણ આવી હતી. તેઓએ સેવા વડે ત્યાં સર્વેને સંતોષિત કર્યા. સંતોષિત થયેલા સર્વેએ તેણીઓને ઘણાંક પારિતોષિક

તથા આર્શીવાદો આપ્યા. તે સભાની સમાપ્તિ થતાં થોડીવાર માટે બાર બહેનો પોતાની માતાનાં ઘરે ગઈ. તેટલામાં ત્યાં સત્યલોકમાં શ્રીહરિનાં વાકયોનો ઉદ્‌ઘોષ કરતાં દુંદુભિનો નાદ સાંભળ્યો કે આ અધિક વદ બારસને દિવસે મારૂં જ એક શરણું સ્વીકારી મારા પૂજનપૂર્વક વ્રત કરો.

भवन्मनोऽभिलषितं दास्येऽहं पुरुषोत्तमः ।
माऽत्र प्रमदितव्यं वै कृच्छ्रं स्वल्पं व्रतं बहु ।।५०।।

હું પુરૂષોત્તમ તમારૂં મનવાંછિત આપીશ. આ વ્રતમાં પ્રમાદ કરશો નહી કારણકે આ વ્રત અત્યંત સહેલાઈથી થઈ શકે તેમ છે. જેના ઉજ્જ્વળ ભાગ્ય હોય તેઓ પણ આ વ્રતનું ફળ ગ્રહણ કરો. હું શ્રીકૃષ્ણનારાયણ સર્વથા કૃપા વડે દાતા છું. આ વ્રતનાં પ્રતાપે સિદ્ધિ આપીશ, ધામ આપીશ, શાશ્વત સુખ આપીશ, મને આપીશ અને સર્વસ્વ આપીશ. આ વ્રત એકટાણા કરીને, નક્ત (સાયંકાળ પછી)ભોજન કરીને, ફળાહાર કરીને, માત્ર જળપાન કરીને કે માત્ર દહીં, ભાજી, કંદ, પત્ર, મૂળ, સામો ઈત્યાદિનું ભક્ષણ કરીને કરવું.

येन केनापि भावेन द्वादशीव्रतमाहितम् ।।५५।।
तस्याऽहं वाञ्छितं सर्वं पूरयिष्यामि सर्वथा ।

જે કોઈ ભાવથી પણ આ અધિક વદ બારસનું વ્રત કરશે તેની સર્વે મનોકામનાઓને હું સર્વથા પૂરી કરીશ. પ્રાતઃકાળે, મધ્યાન્હે તથા સાયંકાળે મારૂં પૂજન અને રાત્રીએ જાગરણ કરવું તથા બીજે દિવસે યથાશક્તિ, યથાધન દાન આપવા અને ભોજન કરાવવા. મને પુષ્પાંજલિ, અક્ષતાંજલિ, જલાંજલિ, ભાવાંજલિ, સ્નેહાંજલિ અને આત્માંજલિ અર્પણ કરવી. સૌથી શ્રેષ્ઠ સર્વસમર્પણાંજલિ છે તે મને આપવી. હું ભાવગમ્ય, સ્નેહગમ્ય અને પ્રેમગમ્ય છું. યૌવન જતું રહેશે, દીર્ઘઆયુ જતી રહેશે, સંપત્તિ નાશ પામશે પરંતુ મારી કૃપા શાશ્વતી રહેશે. જે ઉત્પન્ન થયું છે તે રાજય, પુણ્ય, ધનાદિક સર્વે નાશ પામશે પરંતુ મારી કૃપા શાશ્વતી છે જેનો નાશ થતો જ નથી.

कृपां गृह्णन्तु कृपणा दूरयान्तु दरिद्रताम् ।
मदाज्ञया व्रतेनैव शाश्वताढ्या भवन्तु वै ।।६४।।

કૃપણો મારી કૃપાને ગ્રહણ કરો અને દરિદ્રતાને દૂર કરો. મારી આજ્ઞાથી આ વ્રત વડે નિત્ય સંપન્ન થાઓ. આવો દુંદુભિનો નાદ સાંભળી તે બારે બહેનોએ દૂધપાન કરી અધિક વદ બારસનું વ્રત કર્યુ અને જોષ્ટ્રીદેવીએ માત્ર જળપાન કરી વ્રત કર્યુ. તે સર્વેએ પ્રાતઃકાળે સ્નાન કરી શ્રીકૃષ્ણનારાયણની તેર સુવર્ણની મૂર્તિઓ બનાવી, કેળનાં સ્તંભો તથા આંબા અને અસોપાલવ ઈત્યાદિનાં તોરણો વડે સુશોભિત મંડપ બનાવી તેનાં મધ્યમાં સર્વતોભદ્રમંડળ કરાવી તે મંડળનાં મધ્યમાં રમણીય સુવર્ણ કળશની સ્થાપના કરી તેમાં પંચરત્ન, નાગરવેલનાં પાન, ચંદન, અક્ષત, ફળ વગેરે પધરાવ્યા. પછી તે કળશનાં ઉપર તલ અને સાકરથી ભરેલું સુવર્ણનું પાત્ર ઢાંકી તેમાં શ્રીકૃષ્ણનારાયણને પધરાવી તેમનું ષોડષોપચાર વડે આદરપૂર્વક પૂજન કર્યુ.

મધ્યાન્હે તથા સાયંકાળે પણ તેવી જ રીતે પૂજન કર્યુ તથા રાત્રીએ સર્વેએ જાગરણ કરવાપૂર્વક શ્રીહરિ સમક્ષ ગાયન-વાદન સાથે નૃત્ય કર્યુ. પ્રાતઃકાળે શ્રીહરિ મંદહાસ્ય કરતા પ્રગટ થયા. તે કોટિ કામદેવથી પણ અતિ સુંદર, યુવા અને પુષ્ટ હતા. તે વારંવાર કહેતા હતા કે હું તમારી સેવાથી પ્રસન્ન થયો છું, પ્રસન્ન થયો છું. તમો સર્વથા તમને જે ઈષ્ટ હોય તે વરદાન માંગો. હું તે આપીશ તેમાં સંશય નથી. તમો બાર યુવતીઓએ સેવા, શ્રદ્ધા અને સ્નેહાર્દ્ર ભાવના વડે પરાત્પર ધામને પણ જીતી લીધા છે. દાસીઓ એવી તમે સેવા વડે આજે અદાસ્યતાને પામ્યા છો તેથી મનમાં જે હોય તે માંગો. હું સેવિકાનો સેવક, શાસકોનો શાસક, મિત્રોનો મિત્ર, સ્નેહીઓનો સ્નેહી અને શરણ્યોનો રક્ષક છું. મારા માટે જે સર્વસ્વનો ત્યાગ કરે છે તેને હું સર્વસ્વ દેનારો થાઉં છું.

तथा न तोषमाप्नोमि धनैर्भृत्यैश्च सेवया ।
यथा सन्तोषमाप्नोमि स्वेनैव कृतसेवया ।।८९।।

ધન અને સેવકો વડે કરાયેલી સેવાથી હું તેવો પ્રસન્ન થતો નથી જેવો હું સ્વયં કરેલી સેવાથી પ્રસન્ન થાઉં છું. તેથી કહો, હું તમોને શું આપું ? ત્યારે તેણીઓએ કહ્યું કે અમો સર્વેનાં પતિ શ્રીપુરૂષોત્તમનારાયણ એવા તમને સમર્પિત થયા છીએ. દાસીઓનો તે ધર્મ છે કે શાસકને સર્વાર્પણ કરે. પ્રિયાઓનો ધર્મ છે કે પતિને સર્વાર્પણ કરે તથા સ્વામિનો ધર્મ છે કે પોતાને અર્પિત થયા હોય તેનું સદા ગ્રહણ કરે. તેથી અમે અમારૂં સર્વસ્વ આપને અર્પણ કર્યુ છે. હવે આપને જે યોગ્ય લાગે તે કરો. તે સાંભળી શ્રીકૃષ્ણનારાયણે કહ્યું કે હું બધુ જાણું છું તથા તમારા સર્વેનો હૃદયમાં સ્વીકાર કરૂં છું. બહારથી પણ હાથ ઝાલીને તમોને મારી પત્નીઓ કરીશ. મારા હાથનાં સ્પર્શથી તમો દિવ્ય રૂપધારી મારી પત્નીઓ થઈ સર્વદા મારા અક્ષર નામક ધામમાં નિવાસ કરો. જોષ્ટ્રીદેવીને પણ હું મારા સચ્ચિદાનંદ સ્વરૂપમાં તેજામયી અને ચિન્મયી શક્તિકા કરૂં છું. વળી તમારા અન્ય બાર સ્વરૂપ કરી હું મહાકાળને અર્પણ કરૂં છું. જેથી વિશ્વનું વહન થાય. મહાકાળને અર્પણ કરેલી તમો લોકમાં મારા શક્તિભૂત કાળની શક્તિઓ બની કાર્યકારિણીઓ થાઓ. વળી જેવી રીતે તમો જોષ્ટ્રીની પુત્રીઓ હતી તેવી જ રીતે બ્રહ્મા માટે બ્રહ્માંડમાં પણ નિવાસ કરો. આમ શ્રીકૃષ્ણનારાયણ એવા મારી ઈચ્છાથી ત્રણ રૂપે થઈ સેવા કરો. આ ત્રિવીધપણે મળેલી સેવા તે અધિકવદ બારસના કરેલા વ્રતનું જ શાશ્વત ફળ છે.

એમ કહી પુરૂષોત્તમનારાયણ તેઓને ત્રણ રૂપે કરી મહાકાળ તથા બ્રહ્માને તે તે શક્તિઓ આપી વળી પોતાની સાથે તે સર્વેને પોતાના ધામ પ્રત્યે લઈ ગયા. હે લક્ષ્મિ ! પુરૂષોત્તમનારાયણ પારાવાર કૃપા કરનારા છે. તે અલ્પ એવા વ્રતનું પણ કૃપા વડે અનંત ફળ આપે છે. જે આ કથાને સાંભળશે, વાંચશે કે સંભળાવશે તેણે પણ આ વ્રતનું તેવું જ ફળ નિશ્ચે થશે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૮ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! સાંભળો, રાધીકાને શ્રેષ્ઠ પુત્રીમતી જોઈ શ્રીએ પણ પરમેશ્વર શ્રીકૃષ્ણને કહ્યું કે હે કાંત ! હે હરે ! જેવી રીતે રાધા પુત્રીમતી શોભે છે અને સર્વે પુત્રીમતી સ્ત્રીઓમાં સર્વથા માન્યતા પામે છે તેવી રીતની પુત્રીમતી હું ક્યારે થઈશ ? હે પુરૂષોત્તમ કૃપા કરીને મને તમામ શુભ ગુણો જેના આશ્રયે રહે તેવી પુત્રી આપો. આમ જ્યારે શ્રીએ પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણનારાયણે તથાસ્તુ ! એમ કહી તેણી સાથે લીલા કરવા પૂર્વક રમણ કર્યુ. ભગવાન શ્રીકૃષ્ણનારાયણનાં દ્રષ્ટિપ્રસાદ માત્રથી શ્રીને રૂપમાં શ્રીકૃષ્ણ સમાન દિવ્ય અને સૌન્દર્યમાં શ્રી સમાન પુત્રી એકાએક પ્રગટ થઈ. તે ઉત્પન્ન થતાંની સાથે જ યુવતી હતી. ગુણોથી તે કામદુઘા સમાન હોવાથી તેનું નામ સુદુઘા રાખ્યું તથા શ્રીકૃષ્ણે અને શ્રીએ સુદુઘા નામથી તેને બોલાવી. જન્મથી જ સુદુઘાને ગાયો દોહવાનાં કર્મમાં તથા ગાયોના વ્યવસાયમાં રૂચિ હતી તથા તે ગોપ્રિયા હતી.

તે જ્યારે પ્રગટ થઈ ત્યારે શ્રીકૃષ્ણ અને શ્રીનાં નિવાસ સ્થાને મહા ઉત્સવ થયો. તે મહોત્સવમાં અપ્સરાઓ અને દેવીઓ નૃત્ય કરવા લાગી. ગાંધર્વો ગાયન અને વાદન કરવા લાગ્યા. મુનિઓ આશિષ આપવા લાગ્યા તથા ગોપ-ગોપી ગણો વધાઈ અને પુષ્પોની અંજલિ આપવા લાગ્યા. વળી દૂધ જેવી કાંતિનું વહન કરનારી તે કન્યાને જોઈ અન્ય વયસ્ય કન્યાઓ અત્યંત આનંદ પામી અને તેની સાથે વારંવાર રમવા લાગી. હવે સુદુઘાને વારંવાર એ જીજ્ઞાસા થતી કે મારે શું કરવાનું છે ? તેવામાં તેનું યોગબળ જાણી પિતા શ્રીકૃષ્ણે આદેશ કર્યો કે હે પુત્રિ ! હે ઊર્જાહુતિ ! તું દૂધવડે ઈન્દ્રને વૃદ્ધિ પમાડ. આમ આજ્ઞા પામેલી સુદુઘા માતા-પિતાને પ્રણામ કરી ઈન્દ્રની વૃદ્ધિ અને પુષ્ટિ માટે ચિંતન કરવા લાગી. બ્રહ્માંડમાં જ્યાં જ્યાં જેવા માહેન્દ્ર પદ તથા સ્વર્ગમાં દેવ સામ્રાજય છે તે સર્વે પદો અને

રાજ્યોનું હૃદયમાં ધ્યાન કરી તેની શાશ્વત પુષ્ટિ માટેનું સાધન વિચારવા લાગી કે શ્રીપુત્રી હું સુદુઘા દૂધ રૂપે થાઉં છું. દૂધરૂપી અમૃત દેવતાઓને આપી સ્વર્ગમાં હું નિવાસ કરૂં છું. મહર આદિ લોકમાં સુકૃતાત્મારૂપ અમૃત થઈ હું નિવાસ કરૂં છું અને પિતૃઓને પાણી, પિંડ, પાયસ આદિ આપું છું. ભુવર્લોકમાં પણ પશુ, મનુષ્ય અને વૃક્ષોને રસાત્મક દૂધરૂપી અમૃત આપી તેઓની પુષ્ટિ કરૂં છું. જળમાં સ્નેહ રૂપી અમૃત કરીને પોષણ કરનારી થાઉં છું. અગ્નિને પાકમાધુર્ય તથા પાચનરૂપ અમૃત અર્પણ કરૂં છું. આત્માને દેહમાં નિવાસ માટે વિષયરૂપી અમૃત આપું છું. આત્મા છે તે ઈન્દ્ર છે તે આત્માની શક્તિઓ વિષયોને આશરીને રહે છે તેથી ઈન્દ્રિઓ વડે વિષયરૂપી અમૃતને ભોગવનાર આત્મા જ થાય છે. માખણ અને ઘી સ્વરૂપે હું સર્વને માટે અમૃતરૂપ છું.

આમ, હું અનેક સ્વરૂપોવાળી કાર્યાત્મિકા થાઉં છું. ઈન્દ્રને સુખ પ્રાપ્તિ થાય તે માટે સુદુઘા હું શક્તિરૂપે તેમાં નિવાસ કરૂં છું. યજ્ઞમાં ઊર્જાહુતિ રૂપે થઈ હું પુષ્ટિ કરૂં છું. ઈન્દ્રની સર્વથા રક્ષા જેવી જેવી રીતે થાય તેવી તેવી રીતની હું થઈ સર્વત્ર આજે જ પ્રવેશ કરૂં છું. આમ વિચારી તે સુદુઘાએ અનેક રૂપે થઈ દ્રશ્ય અદ્રશ્ય પણે સર્વેમાં પ્રવેશ કર્યો. ત્યારથી ઈન્દ્રનું રૂચિર સ્વર્ગ સમૃદ્ધિથી વૃદ્ધિ પામવા લાગ્યું. સર્વે અમૃતમય દૂધ અતિવેગથી વૃદ્ધિ પામવા લાગ્યા. સર્વે લોકોમાં શ્રીમયી ભૂમિ અને સંપદા મનોહર હતી. દેવતાઓ અને દેવીઓ પહેલા કરતા પણ અધિકાધિક શોભાયમાન થવા લાગ્યા. સુદુઘાએ પ્રવેશ કરેલો હોવાથી સર્વે સંપત્તિઓ વપરાતી હોવા છતાં પણ લેશમાત્ર ક્ષીણ થતી નહિ. આમ સર્વે સંપત્તિઓ પહેલા ક્યારેય ન જોયેલી કે ન સાંભળેલી હોય તેવી આનંદમયી થઈ. આમ, પ્રથમ સતયુગનો શુભ કાળ વ્યતિત થતાં ઋષિઓમાં માન્ય એવા મેધાવી નામના મહાન યાજ્ઞિક ઋષિ થયાં તે વિધિવત યજ્ઞો કરતાં અને વૃષ્ટિ, પુત્ર, સુખ, સ્વર્ગ, સુકૃત ઈત્યાદિની પ્રાપ્તિ માટે યજ્ઞો કરાવતા.

તેમણે પુત્ર અને પુત્રીની પ્રાપ્તિ માટે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. તેમાં શ્રીકૃષ્ણ નારાયણ સ્વયં અગ્નિમાં પ્રગટ થયા અને તેમણે પોતાના હાથ વડે મેધાવીએ આપેલ પુરોડાશ ગ્રહણ કર્યો અને કહ્યું કે હું પ્રસન્ન થયો છું. તમને જે ઇચ્છિત હોય તે વરદાન માંગો. તે સાંભળી મેધાવીએ કહ્યું કે આ પુત્રેષ્ટિનામક યજ્ઞ મેં પુત્ર માટે કર્યો છે તેથી આપ મને પુત્ર આપો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે તારે સાત જન્મ સુધી પુત્ર નથી. પુત્રેષ્ટિ યજ્ઞથી પુત્ર થશે પરંતુ તેની ચિરઆયુમાં સંશય છે. પુત્રનાં જન્મથી સુખ થશે પરંતુ મૃત્યુથી તે દુઃખ દેનાર થશે. તેથી હે વિપ્ર જો તમને ઇચ્છા હોય તો તમે પુત્રી માંગો. તમારી પત્ની ભાલરેખાને પણ પુત્રીની ઇચ્છા છે. તે પુત્રી કિર્તી અને સેવામાં પુત્રથી પણ અધિક થશે. ત્યારે પત્નીનો મત લઈ મેધાવીએ શ્રીહરિનાં વચનોનો સ્વીકાર કર્યો અને ભગવાને ભોજન માટે આપેલો પ્રસાદ ગ્રહણ કરી શ્રીહરિને કહ્યું કે મને શ્રીસમાન, સુખદા, શાંતા, કામદુઘા જેવી અને જે સર્વ ભૂતપ્રાણી માત્રને અમૃતપાન પ્રદાન કરનારી શક્તિ છે તેવી પુત્રી આપો.

ત્યારે તથાસ્તુ કહી શ્રીહરિએ સુદુઘાને મેધાવીની પુત્રી થવાં આજ્ઞા કરી. તેથી તે ભાલરેખાનાં શયન કક્ષમાં પ્રગટ થઈ. જન્મતાની સાથે જ તે યુવતી રૂપ,લાવણ્ય, ચાતુર્ય આદિથી યુક્ત હતી. તે સર્વસદ્‌ગુણવતી સુંદરી પિતાને અત્યંત પ્રિય હતી. મેધાવી તેનું પુત્રની જેમ લાલન-પાલન કરતાં. નીતિ અને સાહિત્યમાં કુશલા અને આત્મતત્વવિશારદા તે કન્યા સર્વદા માતા-પિતાની સેવીકા થઈને રહેતી અને તેની સેવાથી માતા-પિતા અત્યંત સંતુષ્ટ હતા. હે લક્ષ્મિ ! સમય જતાં તેની માતાનું નિધન થયું. આમ તો તે મેધાવતી યોગિની સમાન હતી છતાં પણ પોતાની આસપાસ રહેનારી સખીઓનાં ગૃહસ્થ સુખને જોઈને વિચારતી હતી કે મને આવું સુખ કઈ રીતે મળે ? તેને ચિંતાથી વ્યાકુળ જાણી તેના પિતા તેના સમાન વર ને શોધતા પૃથ્વી પર વિચર્યા પરંતુ ક્યાંય મેધાવતીને યોગ્ય વર નહી

મળતાં ભગ્ન સંકલ્પવાન મેધાવી તીવ્ર જ્વરને પામ્યા. ઘરે આવતાં શ્રીકૃષ્ણનારાયણનું ચિત્તમાં સ્મરણ કરતાં કરતાં મેધાવી ગૃહનાં આંગણામાં જ પડી ગયા. તે સમયે શ્રીકૃષ્ણોનાં દૂતો આવ્યા અને તે મુનિને શ્રીકૃષ્ણનાં ધામમાં લઈ ગયા. મેધાવતી પિતાનાં દેહને ખોળામાં લઈ વિલાપ કરતી રૂદન કરવા લાગી કે હે તાત ! મને અનાથ કરી તમે ક્યાં ગયા ? મારે માતા, ભાઈ, બંધુ કે કોઈ રક્ષક નથી. હું કેવી રીતે જીવું ? હું મરી જઈશ એમાં સંશય નથી. તેણીનું આવું રૂદન સાંભળી અનેક તપસ્વીઓ ત્યાં આવ્યા, તેઓએ મૃત્યુ પામેલા મેધાવી ઋષિને જોયા. ત્યાર પછી શોકપૂર્વક તેમનો અગ્નિદાહ સંસ્કાર કર્યો અને કન્યાને આશ્વાસન આપી તે સર્વે પોતપોતાના સ્થાનકે ગયા.

હે લક્ષ્મિ ! સમય જતાં ભાગ્યવશ મેધાવતીનાં ઘરે દુર્વાસા મુનિ આવ્યાં. ઋષિને આવતા જોઈ મેધાવતીએ મુનિનાં ચરણોમાં વંદન કર્યા અને આદરપૂર્વક મુનિની પૂજા કરી કહ્યું કે હે અત્રિપુત્ર ! આપને નમસ્કાર છે. અત્યારે આપ કયાંથી પધારો છો ? આજે મારો જન્મ સફળ થયો છે, આજે મારૂં વ્રત સફળ થયું છે, આજે મારૂં પુણ્ય સફળ થયું છે કે જેથી આપના દર્શન થયા. તે સાંભળી દુર્વાસાએ કહ્યું કે હે પુત્રી ! તારૂં કલ્યાણ થાઓ. હું કૈલાશથી આવું છું અને બદ્રીકાશ્રમમાં નારાયણ ભગવાનનાં દર્શન કરવા જાઉં છું તારે કોઈ કામ હોય તો કહે. ત્યારે મેધાવતીએ કહ્યું કે આપના દર્શન અને કૃપાથી મારૂં ભાવી શુભ થશે. મારે માતા-પિતા-બંધુ કે કોઈ રક્ષક નથી. મારી સાથે લગ્ન કરવા કોઈ ઈચ્છતું નથી. હું શું કરૂં ? હે બ્રહ્મન્ ! મારૂં હિત કરો. આ સાંભળી તેનો ઉપાય વિચારી દુર્વાસાએ મેધાવતીને કહ્યું કે હવેથી ત્રીજો માસ પુરૂષોત્તમમાસ છે.

तत्र स्नाता जनस्तीर्थे मुच्यते ब्रह्महत्यया ।
एतत्तुल्यो न कोऽप्यन्यो मासोत्तमो हि विद्यते ।।७३।।

सर्वे मासास्तथा पक्षाः पर्वाणि ऋतवस्तथा ।
पुरुषोत्तममासस्य कलां नार्हन्ति षोडशीम् ।।७४।।
साधनानि समस्तानि गंगागोदाऽऽप्लवानि च।
सहस्त्राण्यधिमासस्य कलां नार्हन्ति षोडशीम् ।।७५।।
श्रीकृष्णवल्लभो मासो नाम्ना च पुरुषोत्तमः ।
तस्मिन् संसेविते बाले ! सर्वे सिद्ध्यति वाञ्छितम् ।।७६।।

તેમાં (અધિકમાસમાં)જે જન તીર્થમાં સ્નાન કરે છે તે બ્રહ્મ હત્યાથી મુકત થાય છે. આના સમાન માસોમાં ઉત્તમ અન્ય કોઇ નિશ્ચે નથી. સર્વે માસ, પક્ષો, પર્વો તથા ઋતુઓ અધિક મહિનાની સોળમી કળાને પણ યોગ્ય થતાં નથી. સમસ્ત સાધનો તથા હજારોવાર ગંગા-ગોદાવરી આદિકમાં સ્નાન તે પણ અધિક મહિનાની સોળમી કળાને પણ યોગ્ય થતાં નથી. આ માસ શ્રીકૃષ્ણને પ્રિય છે અને નામથી પુરૂષોત્તમમાસ છે. આ માસનું સેવન (વ્રત) કરવાથી સર્વે ઇચ્છિત મનોરથો સિદ્ધ થાય છે. હે પુત્રી ! હું પણ સદા પુરૂષોત્તમની જેમ આ માસનું સેવન કરૂં છું. જો ઇષ્ટની પ્રાપ્તિ કરવી હોય તો આ વ્રત કર. હવે હું બદ્રિકાશ્રમ જાઉં છું. આમ કહી દુર્વાસા ઋષિએ પ્રયાણ કર્યુ.

ત્યાર પછી અધિકમાસની પ્રતિક્ષા કરતી મેધાવતીએ તત્કાળ ફળ દેનારા શિવને હૃદયમાં ધારણ કરી કઠીન તપ કર્યુ. તેણી દિવસે પંચાગ્નિનાં મધ્યમાં રહેતી અને રાત્રે શીતળજળમાં સ્થિત રહેતી અને આહાર કર્યા વિના સમાધીની જેમ શિવનાં ધ્યાનમાં સ્થિત રહેતી. તેના તપથી સંતુષ્ટ થયેલા ભગવાન પાર્વતીપતિએ તેને દર્શન આપ્યા. તેણીએ ભક્તિભાવથી વંદન, પૂજન કરી સ્તુતિ કરી ત્યારે સદાશિવે કહ્યું કે હું પ્રસન્ન છું તારૂં કલ્યાણ થાઓ. વરદાન માંગ, હું તને આપીશ. આ સાંભળી મેધાવતીએ કહ્યું કે હે દયાસિંધો ! જો આપ મારા પર પ્રસન્ન હો તો,

पतिं देहि पतिं देहि पतिं देहि पतिं पतिम् ।।८७।।

ત્યારે મહાદેવે કહ્યું કે તે પાંચ વાર મારી પાસેથી પતિ માંગ્યા છે તેથી તને ધાર્મિક, યજ્ઞ કરનારા, સત્યવાન અને રાજા એવા પાંચ પતિઓની પ્રાપ્તિ થશે. અત્યારે પાંચ ભૂતપૂર્વ ઈન્દ્ર સત્યલોકમાં નિવાસ કરે છે તે તારા પતિ થાઓ. મારી કૃપાથી આ દેહમાં જ દિવ્યતા પ્રાપ્ત કરી મારી સાથે સત્યલોકમાં ચાલ. આમ કહી શંકર તેને લઈ સત્યલોક તરફ રવાના થયા. માર્ગમાં મેધાવતીએ દુંદુભિનો નાદ સાંભળ્યો કે પુરૂષોત્તમનારાયણ કહે છે કે અધિકવદ તેરસનું વ્રત કરો. આ એક વ્રતથી જ પતિની પ્રાપ્તિ કે મારી પ્રાપ્તિ થશે. આ સાંભળી મેધાવતીએ શંકરને કહ્યું કે મને કૃષ્ણનારાયણ કઈ રીતે મળે ? ત્યારે શંકરે કહ્યું કે હું કૃષ્ણપ્રાપ્તિ પરાયણ તારા વાક્યથી પ્રસન્ન થયો છું. રાજ્ય, સ્વર્ગ, બ્રહ્માનું પદ કે ઈશ્વર પદ ઈત્યાદિ સર્વ શ્રીકૃષ્ણ પુરૂષોત્તમનારાયણ વિના નિસ્વાદ છે. તે પુરૂષોત્તમનારાયણ ભક્તિથી પ્રાપ્ત થાય છે. જેવી રીતે દુંદુભિએ કહ્યું તેવી રીતે તું અધિક વદ તેરસનું વ્રત કર. ઉપવાસ કરીને કે ફળાહાર કરીને ષોડષોપચારે પરમાત્માનું પૂજન કરવું, નૈવેદ્ય ધરવા તથા રાત્રીએ જાગરણ કરવું તેથી સંતોષિત થયેલા પરમેશ્વર સર્વ ઈચ્છા પૂરી કરનારા થાય છે.

આમ કહી સત્યલોકમાં પાંચ ભૂતપૂર્વ ઈન્દ્રને પત્ની સ્વરૂપે મેધાવતીને આપીને મહાદેવે કહ્યું કે અધિક વદ તેરસનાં વ્રતથી શ્રીહરિ તને જ્યારે તું મનુષ્ય શરીર ધારણ કરીશ ત્યારે મળશે. ત્યાં તપોબળથી તું અયોનિજા હોઈશ અને ધર્મ, વાયુ, ઈન્દ્ર અને અશ્વિનીકુમારોનાં અંશથી સંભવેલા આ પાંચ તારા પતિઓ થશે. ત્યારે લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ રક્ષક તરીકે તને મળશે. પતિનું સુખ ભોગવીને ત્યાર પછી તું પરમ સુખને પામીશ. પુરૂષોત્તમનાં (અધિકમાસનાં) ભક્તો (વ્રત કરનારાઓ)પુત્ર, પૌત્રો, ધાનાદિકથી યુક્ત થઈ આલોકની અને પરલોકની સિદ્ધિને પામ્યા છે, પામે છે અને પામશે. અમે સર્વે ઈશ્વરો પણ પુરૂષોત્તમ(અધિકમાસ)નાં સેવક (વ્રત કરનારા)છીએ. આમ કહી સદાશિવ અંતર્ધાન થયા. મેધાવતીએ

શંકરનાં ઉપદેશથી પતિઓને પૂછીને અધિક વદ તેરસનું વ્રત ઉપવાસ અને જાગરણે સહિત કર્યુ. તેમાં ષોડષોપચારથી પુરૂષોત્તમની પૂજા કરી યાચના કરી કે હે તાત ! મને દર્શન આપો અને સહાય કરનારા થાઓ. તેટલામાં ત્યાં ગરૂડ પર બેસી પુરૂષોત્તમ પધાર્યા અને કહ્યું કે હે પુત્રી ! તારા અધિક વદ તેરસનાં વ્રતથી હું સંતુષ્ટ થયો છું. હું તારૂં રક્ષણ કરીશ અને જેવી રીતે તારૂં રક્ષણ થાય તેવી રીતે તારી સાથે રહીશ. ત્યારે ફરી તેણીએ કહ્યું કે જેવી રીતે મારો મોક્ષ થાય તેવું અંતમાં થાઓ. ત્યારે તથાસ્તુ કહી વિશેષમાં શ્રીહરિએ કહ્યું કે હે પુત્રી ! સાંભળ, દ્વાપરયુગનાં અંતમાં ભગવાન શ્રીકૃષ્ણ એવો સ્વયં હું પૃથ્વીનો ભાર હરણ કરવા માટે પૃથ્વી પર અવતાર ધારણ કરીશ ત્યારે તું યજ્ઞસેન નામના રાજાનાં યજ્ઞકુંડની મધ્યથી પ્રગટ થઈશ અને યાજ્ઞસેની(દ્રૌપદિ), વૈરાજી, કૃષ્ણા ઈત્યાદિ નામે વિખ્યાત થઈશ. તે જ સમયે આ પાંચ ઈન્દ્રો દેવતાઓનાં અંશ રૂપે અમીત પરાક્રમવાળા તારા પતિ થશે. તેઓ દ્વારા અસુરો, દૈત્યો અને દાનવોનો નાશ કરાવીને જ્યારે હું પોતાના ધામ પ્રત્યે જઈશ ત્યારે હું તને તારૂં કાર્ય પૂરૂ કરાવી ધામમાં લઈ જઈશ. તેથી તું ફરી ગોલોકધામને પામીશ જ્યાં તું પ્રગટ થઈ હતી.

વળી હે સુદુઘે પુત્રી ! ત્યારે હું બ્રાહ્મીતનુથી સૌથી પર એવા અક્ષરધામને અને મારા ચરણનાં સુખને પમાડીશ. આમ મેં તારા ભવિષ્યનું કથાનક કહ્યું. હે પુત્રી ! હવે તું સત્યલોકમાં સુખપૂર્વક નિવાસ કર, હું મારા ધામ પ્રત્યે જાઉં છું. આમ કહી પુરૂષોત્તમનારાયણ અદ્રશ્ય થયા. કૃષ્ણપુત્રી તે સુદુઘા યાજ્ઞસેની (દ્રૌપદિ) થશે. અધિકવદ તેરસનાં વ્રતથી અને પુરૂષોત્તમનારાયણનાં વાક્યથી તે પરમધામને પામશે. હે લક્ષ્મિ ! આ મેં શ્રીપુત્રીનું કથાનક તને કહ્યું. તે જન્મધારીઓ ધન્ય છે, પૂજ્ય છે તથા પાવન છે કે જેઓએ વિવિધ નિયમો વડે પુરૂષોત્તમમાસનું વ્રત કર્યુ છે. આ કથાનાં શ્રવણથી કે પઠનથી પણ આ વ્રતનું ફળ પ્રાપ્ત થાય છે અને શ્રીકૃષ્ણની સહાયતા તથા ભુક્તિ મુક્તિ પ્રાપ્ત થાય છે.

❖❖❖❖❖

❖ અધ્યાય-૨૯ ❖

શ્રીનારાયણ બોલ્યા : હે લક્ષ્મિ ! અધિક વદ ચૌદસનું વ્રત કરવાથી નૃપશ્રેષ્ઠ ચિત્રધર્મનાં પુત્ર દ્રઢધન્વા રાજ્ય, પુત્ર, પૌત્ર, પતિવ્રતા સ્ત્રી અને અંતે યોગીઓને પણ દુર્લભ એવા ભગવાનનાં ધામને પામ્યા હતા. તે કથા કહું છું. પોતાનો પુત્ર સર્વસદ્‌ગુણ સંપન્ન, વેદોના રહસ્યને જાણનાર અને પ્રજારક્ષક થયો છે એમ જાણી ચિત્રધર્મએ દ્રઢધન્વાનો રાજ્યાભિષેક કર્યો. ત્યાર પછી તે વિચારવા લાગ્યા કે હું શ્રીકૃષ્ણનારાયણ પ્રભુની આરાધના કરૂ. તેના માટે વનભૂમિ જ સર્વથા યોગ્ય છે. ધ્રુવ, અંબરિષ ઈત્યાદિ અનેક રાજાઓ કલ્પ-કલ્પાંતરમાં અનેક ભોગોથી સમૃદ્ધ પોતાના રાજ્યને છોડીને વનમાં ગયા હતા અને નાશવંત એવા શરીરથી આરાધના કરી શાશ્વત પુરૂષોત્તમનારાયણને પામ્યા હતા. આથી મારે પણ સ્ત્રી, પુત્ર, ગૃહાદિકની વાસનાનો પાશ છોડીને શ્રીહરિની આરાધના કરવા વનમાં જવું જોઈએ. મનથી આમ નિશ્ચય કરીને ચિત્રધર્મ વનમાં ગયા. પુલહાશ્રમને પામીને ત્યાં શ્રીહરિનું સ્મરણ કરતા તપ કરવા લાગ્યા અને શુદ્ધ થઈ દેહાવસાને દિવ્ય શરીરવાન થઈ શ્રીહરિનાં ધામમાં ગયા.

દ્રઢધન્વાએ પિતાની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી ત્યારપછી પુષ્કરાવર્ત નગરને રાજધાની કરી પોતાની પત્ની વૈદર્ભિ અને ચિત્રવાક્, ચિત્રવાટ્, ચિત્રકુંડળ અને મણિકુંડળ નામના ચાર પુત્રો સાથે સકલ પૃથ્વીનું શાસન કરવા લાગ્યા. એકવાર રાત્રે સૂતેલા દ્રઢધન્વાને વિચાર આવ્યો કે મેં ક્યારેય દાન, તપ, જપ, હોમ ઈત્યાદિ કંઈ કર્યુ નથી છતાં પણ કયા કર્મનાં ફળ સ્વરૂપે મને વૈભવશાળી રાજ્ય મળ્યું હશે ? બ્રાહ્મમૂર્હુતમાં ઉઠીને તે રાજા મૃગયા કરવા આશ્વ પર બેસી જંગલમાં સરોવર કિનારે આવ્યા, ત્યાં મનુષ્યની વાણીમાં બોલનારો કોઈક પોપટ ફરી ફરી એક શ્લોક બોલ્યા કરતો હતો.

सत्यपि वैभवे राज्ये देहादौ सुखदे तथा ।
न चिन्तयसि लक्ष्मीशं कथं पारं समेष्यसि ।। १७ ।।

સુખ દેનારા દેહાદિક તથા વૈભવશાળી રાજ્ય હોવા છતાં પણ જો લક્ષ્મીપતિ નારાયણનું ચિંતવન નહિ કરે તો પાર કેવી રીતે પામીશ? આવા ભવસાગર તારનાર પોપટનાં વચનો સાંભળી રાજા આનંદ પામ્યો અને મૃગયા કરી તે વાક્યોને વિચારતો ઘરે અવ્યો. તેટલામાં તેના ઘરે વાલ્મીકિ આવ્યા. તેમની પૂજા કરી રાજાએ પૂછયું કે હે મુને ! તે પોપટ કોણ હતો ? શું કહેતો હતો અને શું કામ કહેતો હતો ? રાજાનાં વચનો સાંભળી ક્ષણવાર ધ્યાન કરી વાલ્મીકિએ કહ્યું કે હે રાજન ! તમારા પૂર્વજન્મનું વૃત્તાંત જેવું છે તેવું કહું છું તે સાંભળો. તામ્રપર્ણી નદિનાં કિનારે દ્રવિડ દેશમાં સુદેવ નામના તમે બ્રાહ્મણ હતા અને ગૌતમી તમારી પત્ની હતી. સંતાન વિનાની દુઃખી થયેલી તેણે પતિને કહ્યું કે શુદ્ધ વંશમાં ઉત્પન્ન થનાર સંતાન જ આ લોક અને પરલોકમાં કલ્યાણકારી થાય છે. તેવો પુત્ર પામ્યા વિના જીવતર નિષ્ફળ છે તેથી સત્પુત્રની પ્રાપ્તિ માટે આપણે તપ વડે સતત પરમેશ્વરની આરાધના કરવી જોઈએ.

પોતાની ધર્મપત્નીનાં વચનો માની દંપત્તિ તામ્રપર્ણી નદિનાં કિનારે સૂકા પાંદડા અને જળનો આહાર પાંચમે દિવસે કરતા હતા. આમ તેઓ ચૌદ હજાર વર્ષ સુધી તપ કરતા હતા. તેઓના પરમ તપથી લોકો કાંપવા લાગ્યા અને ગરૂડ પર સ્થિત શ્રીહરિ પ્રગટ થયા અને કહેવા લાગ્યા કે હે સુદેવ ! તારૂં કલ્યાણ થાઓ. હે ગૌતમી ! તારૂં પણ કલ્યાણ થાઓ. તમો હવે બહુ તપ ના કરો. શ્રીહરિના આવા વચનો સાંભળી દંપતિએ નમસ્કાર કર્યા અને કહ્યું કે હે માધવ ! જય થાઓ ! વળી સુદેવે કહ્યું કે હે હરે ! હે પ્રભો ! હે ભગવન્ ! અમોને પુત્ર આપો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે મેં તારા લલાટમાં રહેલી સર્વે રેખાઓ જોઈ છે. તેમાં સાત જન્મમાં પણ પુત્રનું સુખ નથી. ત્યારે ગીતમીએ કહ્યું કે ભાગ્યની સામે લક્ષ્મીપતિ શું નિરર્થક

થશે ? અને ભાગ્યનું જ આલંબન લેવાનું હોય તો તમારાથી શું પ્રયોજન ? આ સાંભળી ગરૂડે શ્રીકૃષ્ણને કહ્યું કે હે ભક્તદુઃખ અસહિષ્ણુ ! તમો તમારૂં આ નામ સાર્થક કરો. તમારી આરાધનાનું ફળ નિષ્ફળ નથી જ જતું, નથી જ જતું. કર્તુમ્, અકર્તુમ્ અન્યથાકર્તુમ્ તમારૂં જે સામર્થ્ય છે તેને આપ નિરર્થક ન કરો. ગરૂડનો આગ્રહ જોઈ શ્રીહરિએ તથાસ્તુ તો કહ્યું પરંતુ પુત્રથી દંપતિને જરૂર દુઃખ થશે. આમ કહી ગરૂડ પર સ્થિત થઈ શ્રીહરિ ગોલોકમાં ગયા. સમય જતાં સુદેવની પત્નીને શુભ પુત્ર થયો. ધીરે ધીરે તે વૃદ્ધિ પામવા લાગ્યો તેનો યજ્ઞોપવિત સંસ્કાર થયો અને તેને વેદ શીખવવા લાગ્યા. એકવાર ત્યાં પાપોનો નાશ કરનારા દેવલઋષિ પધાર્યા. તેમણે તેના હાથમાં છત્ર, પદ્મ, યવ અને ચામરનાં ચિહ્નો જોયાં પરંતુ આયુષ્યની રેખા તુટેલી જોઈ મસ્તક ધુણાવતા કહ્યું કે હે સુદેવ ! તારો આ પુત્ર બારમાં વર્ષે જળમાં ડૂબી મૃત્યુ પામશે. તેનો તું શોક ન કરીશ.

આ સાંભળી દંપતિ શોક કરવા લાગ્યા અને દેવલઋષિ ત્યાંથી નીકળી ગયા. બારમું વર્ષ બેસતા અને અનિષ્ટકાળ પ્રાપ્ત થતાં સુદેવનો પુત્ર વાવમાં ગયો, તેના અગાધ પાણીમાં પડી, ડૂબીને મૃત્યુ પામ્યો. તેનાં મિત્રો પાસેથી પુત્રનું નિધન સાંભળી દંપતિ ત્યાં આવ્યા અને પુત્રના શબને લઈ અત્યંત રૂદન સાથે વિલાપ કરવા લાગ્યા. વળી પુત્રનાં શોકથી અન્નજળનો પણ ત્યાગ કરી દીધો. તે માસ અધિકમાસ હતો. અજાણતામાં જ દંપતિએ ઉપવાસ કર્યો. તેનાથી અત્યંત પ્રસન્ન થયેલા શ્રીહરિ સાક્ષાત્ પ્રગટ થયા. ત્યારે પત્નીએ સહિત સુદેવે શ્રીહરિને દંડવત્ પ્રણામ કર્યા. શ્રીહરિએ કહ્યું કે હે સુદેવ ! હવે તું ભાગ્યવાન છો. તારા આ પુત્રની આયુ મેં બાર હજાર વર્ષની કરી છે. અધિક મહિનાનાં વ્રતથી પ્રસન્ન થયેલા મારા દ્વારા તારો આ પુત્ર ચિરકાળ સુધી જીવિત રહી તમોને સુખ દેનાર થશે. સર્વદા પુત્રની સાથે રહી ગૃહસ્થાશ્રમનું અતુલ સુખ ભોગવી તમો બ્રહ્માનાં

લોકમાં જશો. ત્યાં દિવ્ય હજાર વર્ષ સુધી સુખ ભોગવી પૃથ્વી પર દ્રઢધન્વા નામના રાજા થશો અને દસ હજાર વર્ષ સુધી રાજ્ય કરશો. આ ગૌતમી તમારી પત્ની થશે. વળી ચાર પુત્રો અને એક કન્યા થશે. જ્યારે તું કૃષ્ણનારાયણ એવા મને ભૂલી જઈશ ત્યારે તારો આ પુત્ર પોપટ બની વનમાં તને ભક્તિબોધક વાક્ય કહેશે. તે સર્વ કથા યથાર્થ રીતે વાલ્મીકિ તને કહેશે. ત્યાર પછી પરમ વૈરાગ્યને પામીને પોતાની પત્ની સાથે મારી પરાભક્તિ કરી પરમપદ રૂપ મોક્ષને પામીશ. આમ શ્રીહરિ કહી રહ્યા હતા તેવામાં તે સુદેવનો પુત્ર શુકદેવ ઉભો થયો. પોતાના પુત્રને જોઈ દંપતિ અતિ આનંદ પામ્યા. શુકદેવે પણ શ્રીહરિ અને પોતાના માતાપિતાને પ્રણામ કર્યા. વળી ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે અધિકમાસનું અનાયાસ પાલન કરવાથી પણ પુત્ર, પત્ની, પતિ, રાજ્ય ઈત્યાદિનાં સુખો પ્રાપ્ત થાય છે તેમાં કોઈ સંદેહ નથી તો પુત્ર સજીવન કેમ ન થાય ?

एकमप्युपवासं यः करोति पुरुषोत्तमे ।
दग्ध्वाऽनन्तान्यनिष्टानि लब्ध्वा पुण्यनिधीन् स तु ॥ ५५ ॥
सुरयानं समारुह्य वैकुण्ठं याति देहवान् ।
एकतः सर्वपुण्यानि त्वेकतः पुरुषोत्तमम् ॥ ५६ ॥
तोलयामास वेधोऽभूद् गुरुर्वै पुरुषोत्तमः ।
ईशसृष्टौ जीवसृष्टौ ब्रह्मसृष्टावपि स्वयम् ॥ ५७ ॥
पुरुषोत्तममासस्तु सर्वत्र वर्तते महान् ।
तस्य वै पालनेनाऽत्र विजयस्ते भविष्यति ॥ ५८ ॥

જે પુરૂષોત્તમમાસમાં એક ઉપવાસ પણ કરે છે તે અનંત પાપોને બાળીને પુણ્યનિધિને પ્રાપ્ત કરીને (અંતે દિવ્ય) દેહવાન થઈ દેવતાઓના વિમાનમાં બેસી વૈકુંઠમાં જાય છે. બ્રહ્માએ એકબાજુ સર્વે પુણ્યો અને એક બાજુ પુરૂષોત્તમમાસને મૂકીને તોલ્યા હતા, તેમાં પુરૂષોત્તમમાસ (અધિકમાસ) જ ભારે થયો હતો. જીવસૃષ્ટિમાં, ઈશ્વરસૃષ્ટિમાં અને

બ્રહ્મસૃષ્ટિમાં પણ સર્વત્ર સ્વયં પુરૂષોત્તમમાસ તો મહાન વર્તે છે. તેનું પાલન (વ્રત) કરવાથી તમારો અહીં વિજય થશે. આમ કહી શ્રીહરિ પોતાના ધામમાં ગયા. પત્નીએ સહિત સુદેવે પણ અધિકમાસનું વ્રત કર્યુ. પછી એક હજાર વર્ષ સર્વ વિષયોનો ઉપભોગ કરી દંપતિ બ્રહ્માનાં લોકમાં ગયા. ત્યાંના સુખોને ભોગવીને પૃથ્વી પર તે જ દ્રઢધન્વા રાજા તમે થયા. તમારી પત્ની ગૌતમી આ મહારાણી વૈદર્ભિ થઈ. તમારો પુત્ર શુકદેવ કે જેને શ્રીહરિએ જીવિત કર્યો હતો તે બાર હજાર વર્ષની આયુ ભોગવી વૈકુંઠમાં ગયો. તે જ પોપટ થઈ તમોને શ્રીહરિની સ્મૃતિનો બોધ આપતો હતો.

પુમ નામના નરકથી તારનારને પુત્ર કહેવાય, તે તમારો પુત્ર સાર્થક નામવાન થયો. હે રાજન્! આ તમારૂ પૂર્વવૃત્તાંત મેં તમને જેમ હતું તેમ કહ્યું ત્યારે શતધન્વા રાજાએ મુનિને પૂજાવિધિ પૂછયો તેથી મુનિએ રાજાને વિસ્તારપૂર્વક તે વિધિ કહ્યો કે - બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને પરબ્રહ્મનું ચિંતવન કરવું. ત્યાર પછી શૌચક્રિયા કરવા નૈઋત દિશામાં જવું. કાન ઉપર યજ્ઞોપવીત ધારણ કરી મળમૂત્રનો ત્યાગ કરવો ત્યારપછી જળ વડે બન્ને ઈન્દ્રિયોનું પ્રક્ષાલન કરી માટી અને જળ વડે હાથ-પગની શુદ્ધિ કરી ઘણાક કોગળા કરવા પૂર્વક દંતશુદ્ધિ કરી તીર્થજળમાં સ્નાન કરવું. જે રોજ સ્નાન કરે છે તેના આયુ, બળ, યશ, વર્ચસ્વ, પ્રજા, પશુ, ધન, બ્રહ્મજ્ઞાન, પ્રજ્ઞા અને મેધા વૃદ્ધિ પામે છે. ત્યાર પછી શુદ્ધ વસ્ત્રો ધારણ કરી પૂર્વદિશા તરફ મુખ હોય તે રીતે આસન પર બેસી શિખાબંધન કરી પવિત્ર હાથ વડે આચમન કરવા. ત્યાર પછી ચંદન વડે ચાંદલાએ સહિત ઉર્ધ્વપુંડ્ર તિલક કરવું, શંખ ચક્રાદિ કરવા ને તુલસીની કંઠી ધારણ કરવી. ત્યાર પછી પ્રાણાયામ, સંધ્યાવંદન અને ગાયત્રી જપ કરવા. ત્યાર પછી ગાયનાં છાણથી લિંપીને પવિત્ર કરેલી જગ્યાએ ચોખા આદિ વડે સર્વતોભદ્રમંડળ બનાવી તેના મધ્યમાં જળથી પૂર્ણ કળશની સ્થાપના કરવી. કળશનાં મુખમાં વિષ્ણુ અને કંઠમાં રૂદ્ર સદા સ્થિત છે. તેના

મૂળમાં બ્રહ્મા, મધ્યભાગમાં માતાઓ, કુક્ષિમાં ભૂદ્વીપ સહિત સાત સાગરો અને અંગે સહિત ઋગ્, યજુર, સામ અને અથર્વવેદ સ્થિત છે. આ કળશનાં જળમાં પાપોનો નાશ કરનારી ગંગા-યમુના-સરસ્વતી-કાવેરી અને ગોદાવરી સ્થિત થાઓ. હું ચંદન-ચોખા અને પુષ્પ સમર્પિત કરૂં છું. ૐ નમઃ (આમ બોલી કળશમાં ચંદન, ચોખા, ફૂલ પધરાવવા.) **नैवेद्यं फलताम्बूले समर्पयामि ૐ नमः** આમ બોલી નૈવેદ્ય, ફળ તથા તાંબૂલ (મીઠું પાન) અર્પણ કરવા. આમ કળશ પૂજન થઈ રહ્યા પછી શંખ અને ઘંટા (આરતી સમયે વગાડાતી ઘંટડી)ની રમ્ય કુંકુમ ચોખા પુષ્પાદિ વડે પૂજા કરવી. ત્યાર પછી તે કળશ ઉપર તલ સાકરથી ભરેલું પાત્ર મુકવું અને તેમાં સુવર્ણથી નિર્મિત, પુરૂષોત્તમમાસનાં દેવ પિતામ્બર ધારણ કરનારા રાધાએ સહિત શ્રીહરિનું સ્થાપન કરી પૂજન કરવું (ને શ્રીહરિની પ્રતિષ્ઠા કરવી) અનલોત્તારણ કરી પ્રાણધારણા કરવી (તેમાં) જમણા હાથ વડે શ્રીહરિના બે ગાલનો સ્પર્શ કરી હૃદય પ્રદેશમાં અંગુઠો મુકી ત્યાં પ્રાણોને ધારણ કરવાની ભાવના કરતા આ નારાયણમાં પ્રાણો સ્થિત થાઓ. "**अस्यै देवत्वयुक्तायै स्वाहा नारायणाय**" આમ કહી પ્રાણ પ્રતિષ્ઠા કરી તે શ્રીહરિનું ધ્યાન કરવું પછી હૃદયમાં સ્થિત તે શ્રીહરિનું આવાહન કરવું. રાધિકાએ સહિત શ્રીપુરૂષોત્તમનું હું આવાહન કરૂં છું. તે ધનુર્ધારી શ્રીકૃષ્ણને આસન અર્પણ કરૂં છું. તેઓના ચરણ પખાળવા જળ અર્પણ કરૂં છું. તે પરમાત્માને ફળે યુક્ત અર્ઘ્ય સમર્પિત કરૂં છું. હે રાધિકાપતિ ! તમને જળપાન માટે તીર્થનું જળ અર્પણ કરૂં છું વળી દુધ, દહીં, ઘી, મધ અને સાકર રૂપ પંચામૃતથી સ્નાન તથા જળથી સ્નાન કરાવું છું. હે કેશવ ! તમને પિતામ્બર તથા ઉત્તરીય વસ્ત્ર અર્પણ કરૂં છું. હે પ્રભો ! તમને જનોઈ કૌસ્તુભ તથા અલંકારો સપર્પિત કરૂં છું. વળી સુગંધિત તેલ (અત્તર), ચંદન, કુંકુમ, અક્ષત (ચોખા) અને પુષ્પો સમર્પિત કરૂં છું તેનો સ્વીકાર કરો. હે પ્રભો ! વનસ્પતિનાં દિવ્યરસોથી યુક્ત ધૂપ

હું અર્પણ કરૂં છું. હે પ્રભો ! ઘીનો ઉર્ધ્વવળ દીપ તમને અર્પણ કરૂં છું. હે માધવ ! આચમન, જળપાન, ફળ, તામ્બૂલ (મીઠું પાન) તથા કરોદ્વર્તન તમને સપર્પિત કરૂં છું. હે કેશવ ! સુવર્ણ દક્ષિણા, હાર અને અક્ષત સમર્પિત કરૂં છું. હે દેવેશ ! હું આરતી અને પ્રદક્ષિણા કરૂં છું. પુષ્પાંજલિ અર્પણ કરૂં છું અને નમસ્કાર કરૂં છું. હે પુરૂષોત્તમ ! તમારા પૂજનમાં ન્યૂનતા રહી હોય તો ક્ષમા કરો. (આમ ક્ષમા યાચના કરવી) વળી પુરૂષોત્તમનારાયણની પ્રસન્નતાર્થે અને સર્વ અર્થોની ફળસિદ્ધિ માટે અખંડ ઘીનો દીવો અને હોમ કરવો. આમ વ્રત કરનારે નિત્ય શ્રીહરિની પૂજા કરવી. શક્તિ પ્રમાણે દાન આપવા, સત્પાત્રોને ભોજન કરવવા, વૃદ્ધોના ચરણોમાં નમસ્કાર કરવા અને શ્રીહરિનાં પ્રસાદરૂપ હવિષ્યાન્નનું ભોજન કરવું. ઘઉં, ચોખા, મગ, જવ, તલ, સાકર, કંગુ (એક પ્રકારનું અનાજ), ખજૂર, મોરૈયો, દ્રાક્ષ, કન્દમૂળ, કાકડી, શાક, પાંદડા (ભાજી), ખાવા યોગ્ય ફૂલ, કેળા, દૂધ, દહીં, છાસ, આદુ, શૂંઠ, કેરી, ફણસ, હરડે, પિપ્પળી, જીરૂ, આમળા, આમલી તથા સર્વે સાકરથી બનાવેલા ભોજ્ય પદાર્થો એ વ્રત કરનારનું સાત્વિક ભોજન છે.

વ્રત કરનારે રાજમા ઈત્યાદિ રજોગુણી, માંસ ઈત્યાદિ તમોગુણી, દ્વિદળ આદિ વાતુલ (વાયુ કરનાર) અને પારકાનાં અન્ન ઈત્યાદિનો ત્યાગ કરવો, બ્રહ્મચર્યનાં પાલનપૂર્વક ભૂમિપર શયન કરવું, પત્રાવળીમાં ભોજન કરવું, એકવાર માત્ર જમવું અને નિંદામાત્રનો ત્યાગ કરવો. ઉપવાસ કરીને, દૂધપાન કરીને, દહીં ભક્ષણ કરીને, ઘીનું પાન કરીને, જળપાન કરીને, ભાજી ખાઈને કે ફળ ખાઈને પણ અધિકમાસનું વ્રત કરવું. આમ કહી ઋષિરાજ અગત્સ્ય પ્રયાગ ક્ષેત્ર પ્રત્યે ગયા અને રાજાએ પણ પુરૂષોત્તમમાસ પ્રાપ્ત થતાં વિધિપૂર્વક દીપદાન કર્યુ તેથી તે મોક્ષગતિને પામ્યા. આમ કહી પૂજાનો સ્વીકાર કરી વાલ્મીક ઋષિએ પ્રસ્થાન કર્યુ. ત્યાર પછી સર્વમાસમાં શ્રેષ્ઠ પુરૂષોત્તમમાસની વદ ચૌદસનાં વહેલી

સવારે રાજા દ્રઢધન્વાએ શ્રીકૃષ્ણનાં પાર્ષદ દુંદુભીનો નાદ સાંભળ્યો કે આજે જાગરણ અને દીપદાન સાથે અધિકવદ ચૌદસનું વ્રત કરી તે વ્રતનાં પુણ્યે અને મારા વરદાનથી સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરો. આ સાંભળી રાજા દ્રઢધન્વાએ સર્વ વ્રતવિધિનું સ્મરણ કરી કુટુંબે સહિત નિરાહાર વ્રત કરવા પૂર્વક દીપદાન અને જાગરણ કર્યુ. મહાન ઉત્સવ કર્યો અને અનેક પ્રકારની ગાયો તથા ભૂમીનાં દાન આપ્યા. રાત્રીનાં સમયે પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ કુટુંબે સહિત રાજાને ગરૂડ પર બેસાડી બ્રહ્મલોકમાં લઈ જવા પધાર્યા. હે મહાલક્ષ્મિ! અધિકમાસનું મહાત્મ્ય શું કહેવું ? કે જેમાં કર્તા, ધર્તા, ઉદ્ધાર કર્તા, પોષણ કર્તા, સંતુષ્ટ થતાં, ભોક્તા અને ઈષ્ટ પ્રદાન કરનારા સ્વયં શ્રીપુરૂષોત્તમ છે. હે લક્ષ્મિ ! આ કથાને જે સાંભળશે કે વાંચશે તે પણ અધિકમાસનાં ફળને પ્રાપ્ત કરી અવશ્ય બ્રહ્મલોકને પામશે. સકામ ભક્ત પારમેષ્ઠ્ય (બ્રહ્માનું) પદ, મહેશાદિકનું પદ અથવા સ્વર્ગને પ્રાપ્ત કરી અંતે બ્રહ્મલોકમાં જશે.

यैस्तु संपूजितो मासः सर्वं तैरभिपूजितम् ।
सर्वं प्राप्तं भवेत् तेन प्रातः श्रीपुरुषोत्तमः ॥१३८॥
येन नीतोऽधिमासोऽयं वन्ध्यस्तस्य तु सम्पदः ।
वन्ध्याः पुण्यं कृतं सर्वे वन्ध्यं स्यान्नात्र संशयः ॥१३९॥
ये केचित् सुखिनः सन्ति सुरमानवदानवाः ।
पुरुषोत्तममासस्य फलं लक्ष्मि ! न चेतरत् ॥१४०॥

જેણે અધિકમાસનું વ્રત કર્યુ છે તેણે સર્વવ્રત કર્યા છે. તે વ્રતનાં પ્રભાવે સર્વ પ્રાપ્ત થાય છે અને શ્રીપુરૂષોત્તમનારાયણ પ્રાપ્ત થાય છે. જેણે આ અધિકમાસ વ્રત વિના જ વંધ્ય જવા દિધો તેની સંપત્તિ વંધ્યા થાય છે વળી કરેલું સર્વે પુણ્ય પણ વંધ્ય થાય છે આમા કોઈ સંશય નથી. હે લક્ષ્મિ ! દેવતાઓ, દાનવો કે માનવો જે કોઈ સુખી છે તે પુરૂષોત્તમમાસનું જ ફળ છે બીજું નથી.

❖❖❖❖❖

❖ અધ્યાય-૩૦ ❖

શ્રીનારાયણ બોલ્યાઃ હે લક્ષ્મિ ! સાંભળો, અધિકમાસનાં અંતિમ દિવસે અક્ષરધામમાં પુરૂષોત્તમનારાયણનાં મહેલમાં સર્વેએ ભેળા મળી ઉદ્યાપન કર્યુ. તેમાં ગોલોકનાં રાધાકૃષ્ણાદિક સર્વે પધાર્યા. પોતાની પ્રજા સાથે વાસુદેવાદિક વ્યૂહો પધાર્યા. મહાવૈકુંઠલોકમાં સ્થિત અમો નારાયણ તમારી(લક્ષ્મી) અને વૈકુંઠલોકની પ્રજા સાથે અક્ષરધામમાં ગયા હતા. અવ્યાકૃત એવા અમૃતધામથી પોતાની સ્ત્રીઓ સાથે ભૂમાપુરૂષ તથા અન્ય ન્યાય કરનારા સર્વે ઈશ્વરો આનંદપૂર્વક ત્યાં આવ્યા હતા. મહાવિષ્ણુ સુધીની હિરણ્યગર્ભ સૃષ્ટિઓ, મહાવૈરાજ આદિ ઈશ્વરો પણ અક્ષરધામમાં પધાર્યા. જલાવરણમાં સ્થિત વિષ્ણુનાં વૈકુંઠમાંથી, સદાશિવનાં ધામમાંથી તથા મહામાયાની પ્રજા પણ ત્યાં આવી.

આમ, તે ઈશ્વરો અને અવતારોએ સર્વશ્રેષ્ઠ અક્ષરધામમાં જઈ ત્યાં પુરૂષોત્તમમાસનું ઉદ્યાપન કર્યુ. વળી ઋષિઓ, મુનિજનો, માતૃગણો, પિતૃઓ, દેવતાઓ, દિવ્ય મનુષ્યો, તીર્થો, સર્વે દેવીઓ, દિશાઓ, તત્વો, નદીઓ, સમુદ્રો, પર્વતો, અખાતો, દ્વીપો, ખંડો, ગ્રહો, તારાઓ, નક્ષત્રમંડળ, વૃક્ષ-વેલીઓ, દિવ્ય ભક્તવર્ય એવા દૈત્યો, દાનવો, રાક્ષસો, ઔષધિઓ, સર્પો, નાગો, પક્ષીઓ, જળચરો, ભૂચરો, ખેચરો, પાતાળવાસીઓ, બિલમાં રહેનારાઓ, દિવ્ય તથા અદિવ્ય એવા સર્વે વ્રતકર્તાઓ તથા વ્રતી સાથે રહેનારાઓ પુરૂષોત્તમમાસનું ઉદ્યાપન કરવા માટે સત્યલોકમાં પિતામહ બ્રહ્મા પાસે આદરપૂર્વક ગયા. વળી રૂદ્રો ગંધર્વો, કિન્નરો, સૂતો, દેવતાઓ, માનવો, ભટ્ટો, ચારણો, ભૃત્યો, તથા અન્ય સર્વે પણ વ્રતપૂર્તિનાં ફળ માટે તે ઉદ્યાપનનાં ઉત્સવમાં ગયા અને તે સર્વેએ મળીને સર્વ ઈષ્ટસિદ્ધિને દેનાર, ભુક્તિમુક્તિને દેનાર અધિકમાસનું ઉદ્યાપન દ્રવ્યોનાં દાન આપવા પૂર્વક કર્યુ. તેઓએ કરેલું અધિકમાસનું ઉદ્યાપન હું તમને સંભળાવું છું કે જે સ્વયં શ્રીહરિએ કહ્યું છે.

સુદ અને વદ બંને પક્ષમાં ચૌદશે, અમાસે, પૂનમે, એકાદશીએ, નવમીએ, આઠમે કે જે તિથિએ અનૂકૂળતા હોય તે તિથિએ વ્રતની સંપૂર્તિ માટે ઉદ્યાપન કરવું જોઈએ. દુંદુભિ પણ સ્થળે સ્થળે જઈ ઉદ્‌ઘોષ કરે છે કે પુરૂષોત્તમમાસનું શુભ ઉદ્યાપન કરો, તેથી પુરૂષોત્તમમાસનું સંપૂર્ણ ફળ થશે. આ ઉદ્‌ઘોષણા સાંભળીને અન્ય લોકોએ ઘરમાં પણ ઉદ્યાપન કર્યુ. તે સર્વેએ રાત્રિએ બ્રહ્મચર્ય રાખવા પૂર્વક પૃથ્વી પર શયન કર્યુ અને પ્રાતઃકાળે ઉઠીને શ્રીહરિનું ધ્યાન કર્યુ. ત્યારપછી શૌચાદિક સર્વે દૈહિક ક્રિયાઓ કરીને યથાશરીર સ્નાનાદિક કર્યા. પછી પોતાના લોક અને પોતાના શરીર પ્રમાણે જપ-હોમ-સંધ્યા-સ્વાધ્યાય-તર્પણાદિક કરીને, નિત્ય પૂજા તથા વૃદ્ધ પૂજા કરીને, પૂજનીયોનો સત્કારાદિક કરી, આચમન કરી, વિશાળ જગ્યાને સંસ્કૃત (સાફ-સૂફ)કરીને તેમાં બહુસ્તંભવાળો મંડપ બનાવ્યો.

તે મંડપને રત્ન અને હીરાનાં હાર, આંબા અને આસોપાલવનાં તોરણો, કેળનાં સ્તંભ અને કેળનાં પાનો, કલ્પવેલીઓ, કલ્પતરૂનાં ફળો, રંગવલ્લીઓ, સોનેરી કળશો વગેરે બાંધીને, વિવિધ પ્રકારનાં દ્વિપોથી શોભાયમાન કરીને, સુગંધી દ્રવ્યોથી સુવાસિત કરીને, તે મંડપનાં મધ્યમાં પંચધાન્ય અથવા સપ્તધાન્યો વડે સર્વતોભદ્રમંડળ કરાવીને, પત્નીએ સહિત વિષ્ણુ ભક્તોને યથાશક્તિ નિમંત્રણ આપીને, સર્વતોભદ્રમંડળની ચારેય દિશામાં સુંદર વસ્ત્ર, શ્રીફળ, સોપારી અને નાગરવેલનાં પાનથી યુક્ત ચાર કળશો પધરાવ્યા. તેમાં શર્કરાદ્રવ્યથી મિશ્રિત જળ પૂરીને, ચોખા પધરાવીને ઈશાન ખૂણાથી ક્રમશઃ વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધની સ્થાપના કરીને મધ્યમાં સ્થિત ફળ-વસ્ત્ર-સોપારી-સ્વર્ણમુદ્રા-અક્ષત-પંચરત્ન વગેરેથી યુક્ત જળ ભરેલા કળશની ઉપર, રાધાલક્ષ્મી આદિથી યુક્ત દિવ્યરૂપધારી શ્રીપુરૂષોત્તમની સુવર્ણની મૂર્તિ પધરાવી. આમ તે વ્રત કરનારા સર્વેએ શ્રીહરિની સ્થાપના કરી. તેટલામાં ત્યાં પૂજા કરાવવા માટે આચાર્ય અને ગુરૂ પધાર્યા. તેઓએ યજમાનની દેહશુદ્ધિ

કરાવી. ત્યાર પછી પુરૂષોત્તમનારાયણનું આવાહન કરી આસન આપ્યું. પગ પખાળવા માટે તીર્થજળ આપ્યું. ચારેય દિશાઓમાં સુગંધિત દીપો કર્યા. દંપતિ યજમાને ફળાદિકથી યુક્ત અર્ઘ્ય સમર્પિત કર્યા. ઈષ્ટદેવને આચમન માટે તીર્થજળ આપ્યુ. વળી દૂધ , દહીં, ઘી, મધ અને સાકર રૂપ પંચામૃત તથા નિર્મળ જળ અભિષેક માટે સમર્પિત કર્યા. વસ્ત્રથી માર્જન કરીને ઈષ્ટદેવને વસ્ત્રો-આભૂષણોથી વિભૂષિત કર્યા. કુંકુમ,કાજળ તથા ચંદનાદિકનાં ચૂર્ણથી સુશોભિત કર્યા. મણિ, હીરા અને મૌક્તિક આદિનાં હારો તથા યજ્ઞોપવિતથી વિભૂષિત કર્યા, મુકુટ, કુંડળ, છત્ર, ચામર, છપ્પરપલંગ, દર્પણ ઈત્યાદિ અર્પણ કર્યા, ચાંદલાએ સહિત ઉધ્વપુંડ્ર તિલક કરી પુષ્પો અને તુલસીપત્રોથી સુશોભિત કર્યા. ત્યારપછી તે મંડપમાં તામ્રપાત્રમાં (તાંબાનાં યજ્ઞકુંડમાં) ચતુર્થ્યન્ત નામમંત્રોથી એકસો આઠ આહુતિઓ દ્વારા તલ, ઘી અને સત્ફળો અર્પણ કરવા પૂર્વક હોમ કર્યો. ત્યાર પછી દેવતાઓ, પિતૃઓ અને પુરૂષોત્તમનારાયણ તૃપ્ત થાઓ એમ કહેવા પૂર્વક તર્પણ કર્યુ.

પછી અનેક દિવેટોથી મહાઆરતી કરી નમસ્કાર, દંડવત્, સ્તુતિ, પ્રદક્ષિણા, ધ્યાન, ક્ષમાયાચના વગેરે કરી, શ્રીહરિને પુષ્પાંજલિ આપી. ત્યારપછી ઈષ્ટદેવને મિષ્ટાન્નોથી જમાડી મધુર જળ, ફળ અને તાંબુલ અર્પણ કર્યા. કરોદ્વર્તન કરી પુરૂષોત્તમને વિશ્રામ કરવા પોઢાડયા અને પગચંપી કરી. આમ સર્વે દ્વારા પૂજિત થયેલા ભગવાન પુરૂષોત્તમનારાયણ પ્રત્યક્ષ પ્રગટ થયા અને સર્વેને અનંતફળ આપ્યા. ત્યાર પછી યજમાનોએ આચાર્યને દક્ષિણામાં સુવર્ણમુદ્રાઓ, સુવર્ણનાં શૃંગારથી વિભૂષિત કરેલી ગાયો, ઘી, વસ્ત્રો, તલ ભરેલા પાત્રો, પુરૂષોત્તમનારાયણની પૂજિત પ્રતિમા તથા સંહિતાશાસ્ત્ર દાનમાં આપ્યા. વળી ત્યારે મધ્યમાં ત્રીસ-ત્રીસ માલપૂવાઓથી ભરેલા સંપુટાત્મક (એક અર્ધગોળ પાત્ર ઉપર બીજું અર્ધગોળ પાત્ર ઢાંકવું તે રીતે) કાંસાનાં ત્રીસ પાત્રો દાનમાં આપ્યા.

एतद्ब्रह्माण्डदानं वै कल्पितं पुरुषोत्तमे ।
प्रत्यपूपं तु यावन्ति छिद्राणि सन्ति पद्मजे ।।५४।।
तावद्वर्षसहस्त्राणि वैकुण्ठे वसतिर्भवेत् ।
ततो वसतिर्गोलोके ततो धाम्न्यक्षरे परे ।।५५।।

હે લક્ષ્મિ ! અધિકમાસમાં આ બ્રહ્માંડદાન કહેવાયેલું છે. આ દાન કરનાર પ્રત્યેક માલપૂવામાં જેટલા છિદ્રો હોય તેટલા હજાર વર્ષ વૈકુંઠમાં નિવાસ કરે છે. ત્યાર પછી ગોલોકમાં વાસ કરે છે અને ત્યાર પછી સૌથી પર અક્ષરધામમાં નિવાસ પામે છે. અથવા (આમ કરવા જે શક્તિમાન ન હોય તેઓએ) માલપૂવાનું કાચું સીધુ બ્રાહ્મણને આપવું. ત્યારપછી યજમાનોએ ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય આ ચાર પ્રકારનાં ભોજનો, અમૃત મિષ્ટાન્નો, વ્યંજનો, પાયસ, રસો, દૂધ, સાકર અને એલચી મિશ્રિત જળ આદિ વડે બ્રાહ્મણો, સંતો, સાધ્વીઓ અને બાળકોને જમાડયા.

ત્યારપછી મુખશુદ્ધિ માટે જળ અને તાંબૂલ આપ્યા. વળી ગુરૂઓને દેવીઓ અને દેવતાઓને દક્ષિણા, ઉત્તમોત્તમ વસ્ત્રો અને આભૂષણો અર્પણ કર્યા. વળી તે તે લોકનાં દાન કરવા યોગ્ય જે વસ્તુ પદાર્થો હતા તે દાનમાં આપ્યા. ત્યાર પછી વ્રતીઓએ સ્વજનો સાથે આદરપૂર્વક વ્રતનો ભંગ નહિ કરનાર યોગ્ય ફળાહારાદિકનું ભોજન કર્યુ. વળી મધ્યાન્હ સમયે તથા સાંયકાળે પણ તેવી જ રીતે કર્યુ તથા રાત્રિમાં જાગરણ કરવા પૂર્વક પુરૂષોત્તમનારાયણનું પૂજન કર્યુ, થાળ ધર્યા તથા નૃત્ય સાથે પુણ્યમય કીર્તન ભજન કર્યા. પ્રાતઃકાળે સ્નાન કરી પુરૂષોત્તમનારાયણનું પૂજન, ક્ષમાયાચના તથા વિસર્જન કર્યુ અને એ મૂર્તિરૂપ પરમેશ્વર આચાર્યને દક્ષિણામાં આપ્યા. આમ ઉદ્યાપન કરીને સર્વે પોતપોતાના નિવાસસ્થાને ગયા. આમ પુરૂષોત્તમનારાયણ અને પુરૂષોત્તમમાસનાં સેવનથી અનંત ફળને પામ્યા. હે લક્ષ્મિ ! તેથી યથાશક્તિ અધિકમાસનું વ્રત કરવું. તેથી દુઃખ, દારિદ્રય અને દુર્ભાગ્યનો નાશ થાય છે. ઉદ્યાપન પછી વ્રતીજનોએ લીધેલા નિયમોનો પરિત્યાગ કરવો (તેમાં જે વિશેષ છે તે હવે કહે છે.)

મધ્યભોજી અર્થાત્ માત્ર મધ્યાન્હ સમયે જમવાના નિયમવાળા તથા નક્તભોજી અર્થાત્ માત્ર સાયંકાળ પછી જમવાના નિયમવાળા વ્રતીઓ બ્રાહ્મણોને ભોજન કરાવે. માગ્યા વિના જે મળે માત્ર તે જમવાના નિયમવાળા વ્રતીઓ સુવર્ણદાન કરે. માસોપવાસ કરનારાઓએ દક્ષિણાએ યુક્ત દૂધ દેનારી ગાય દાનમાં આપવી. ધાત્રી વ્રતીઓએ દૂધ, દહીં અને સાકર દાનમાં આપવા.

હે લક્ષ્મિ ! ફળોનાં નિયમમાં ફળદાન કરવું. તેલ ન ખાવાના નિયમવાળા વ્રતીઓએ ઘીનું દાન કરવું. ઘી નહિ ખાવાનાં નિયમવાળા વ્રતીએ દૂધનું દાન કરવું. જે જે ધાન્ય નહિ ખાવાનાં નિયમવાળા વ્રતીએ તે તે ધાન્યનું દાન કરવું. આભૂષણ નહિ ધારણ કરવાનાં નિયમવાળા વ્રતીએ છપ્પર પલંગ આદિ દાનમાં આપવા. માત્ર ફળ કે ભાજી-પાંદ ખાવાનાં નિયમવાળા વ્રતીએ તે જ વસ્તુઓ બ્રાહ્મણને દાનમાં આપવી. હે લક્ષ્મિ ! મૌનવ્રતનું નિયમ રાખનાર વ્રતીએ દેવને ઘંટડી, શંખ, નગારા આદિ વાદ્યોનું દાન કરવું. નખદેશ ધારણ કરવાના નિયમવાળા વ્રતીએ દર્પણ અને કાંસકાનું દાન કરવું. પગરખાં નહિ પહેરવાનું નિયમ રાખનાર વ્રતીએ પગરખાંનું દાન કરવું. મીઠું નહિ ખાવાનાં નિયમ રાખનાર વ્રતીએ રસોનું દાન કરવું. દીપદાન કરવાનું નિયમ રાખનાર વ્રતીએ દિવાઓનાં દાન કરવા. રાજાઓને જેટલી સમૃદ્ધિઓ ઈષ્ટ હોય તે સર્વે યથાશક્તિ, યથાધન દાનમાં આપવી. અધિકમાસ દરમ્યાન માત્ર એક અન્નનાં આહારનું નિયમ રાખનાર વ્રતી ચતુર્ભુજ થઈ પરાગતિને પામે છે. એકટાણું કરનાર કે ઉપવાસ કરનારની સર્વે મનોકામના પૂર્ણ થાય છે.

पूर्वाह्णे भुंजते देवा मध्याह्ने मुनयस्तथा ।
अपराह्णे पितृगणा नक्तभोजी नरो भवेत् ।।७६।।
दिने दिनेऽश्वमेधस्य फलं नक्तादनो लभेत् ।
द्वादशीव्रतकृद् याति गरुडेन हरेः पदम् ।।७७।।

પૂર્વાન્હમાં અર્થાત્ બપોર પહેલા દેવતાઓ જમે છે, મધ્યાન્હ અર્થાત્ બપોરે મુનિઓ જમે છે તથા અપરાન્હ અર્થાત્ બપોર પછીનાં સમયે પિતૃગણ જમે છે અને મનુષ્ય નક્તભોજી અર્થાત્ સાયંકાળ પછી જમનારો થાય. જે મનુષ્ય માત્ર સાયંકાળ પછી જમે છે તે દિવસે દિવસે અશ્વમેધ યજ્ઞનું ફળ પામે છે. અધિકમાસની બારસનું વ્રત કરનાર ગરૂડ પર બેસી શ્રીહરિનાં પરમપદને પામે છે.

यस्य यस्य नियमः स्यात्तत्तद्दाने नियोजयेत् ।
तेन पूर्णं व्रतं स्याच्च ब्रह्मलोकप्रदं भवेत् ॥७८॥

અધિકમાસનું વ્રત કરનારે જેનો જેનો નિયમ રાખ્યો હોય તેનું તેનું દાન કરવું તેથી વ્રત પૂર્ણ થાય છે અને બ્રહ્મલોક પ્રદાન કરનારૂં થાય છે. હે લક્ષ્મિ ! અનિત્ય શરીર વડે સદા મોક્ષ સાધી લેવો. ત્રિલોકમાં અધિકમાસ તુલ્ય કોઇ વ્રત નથી.

सहस्त्रजन्मतप्तेन तपसाऽपि न गम्यते ।
यत्फलं गम्यते लोके पुरुषोत्तमसेवया ॥८०॥

આ લોકમાં હજારો જન્મ તપ કરવાથી પણ જે ફળ પ્રાપ્ત થતું નથી તે ફળ અધિકમાસનું સેવન કરવાથી થાય છે. આ અધિકમાસમાં માત્ર ત્રણ રાત્રિ સ્નાન કરવાથી વાંદર અક્ષરધામમાં ગયો હતો. (હવે તે કથા કહું છું) કેરલ દેશમાં એક અત્યંત ધન લોભી બ્રાહ્મણ હતો. તેથી તે મનુષ્યમાં કદર્ય નામે વિખ્યાત થયો. તેણે ક્યારેય સારૂં અન્ન વસ્ત્ર ભોગવ્યું ન હતું તથા ક્યારેય સ્વાહા-સ્વધા રૂપ સત્કર્મ કર્યા ન હતા. પૃથ્વીમાં દાટીને ધન રાખતો પરંતુ (તે ધનથી ક્યારેય) ધર્મ-કાર્ય કર્યુ ન હતું, વળી ઉત્સવો, વ્રતો કર્યા ન હતા. અત્યંત દીનજનની જેમ ફરી ફરી પૈસાની ભીખ માંગી હતી. તે એકવાર માળીની વાડીએ ગયો અને વારે વારે રડી પોતાનું દુઃખ કહેવા લાગ્યો તેથી દયા કરીને માળીએ તેને પોતાની પાસે રાખ્યો અને વાડીનો રખેવાળ બનાવ્યો. માળીનાં ગામમાં ગયા પછી તે કદર્ય પાકા ફળો

ખાતો અને વેચી દેતો આમ ચોરી કરતાં ઘણાં વર્ષો વ્યતિત થઈ ગયા. કદર્ય તે વનમાં મૃત્યુ પામ્યો, તેને અગ્નિસંસ્કાર પણ પ્રાપ્ત થયો નહિ. જયારે યમદૂતો તાડન કરતા કરતા તેને યમપુરીનાં માર્ગે લઈ જતા હતા ત્યારે તે કહેતો હતો કે મને આજે દુષ્કર્મોનું ફળ પ્રાપ્ત થયું. મનુષ્ય જન્મ પામીને પણ મેં કઈ પુણ્ય ન કર્યુ. ચોરી આદિથી ભેગું કરેલું ધન ભૂમિમાં નિરર્થક જ પડી રહ્યું. તે ધનને વાપર્યુ નહિ, ભોગવ્યું નહિ, તેનાથી કોઈ પુણ્ય પણ કર્યુ નહિ, કુટુંબનું પોષણ પણ કર્યુ નહિ અને પત્નીને કષ્ટમાં જ નાખી. આમ વિલાપ કરતો કદર્ય યમપુરીમાં ગયો. ચિત્રગુપ્તે તેના વિષયમાં યમરાજને કહ્યું કે આના ફળચોરી અને વિશ્વાસઘાત રૂપ બે પાપો અતિ ઉગ્ર છે. તે સાંભળી યમરાજાએ દૂતોને કહ્યું કે આને પ્રેત બનાવો. ત્યારપછી તે વાનર થઈ વારંવાર નર્કયાતના ભોગવશે.

આમ કહેવાયેલા યમદૂતોએ નિર્જળ વનમાં તેને પ્રેત બનાવ્યો. ત્યાર પછી તે કાલંજર નામનાં ભયંકર પર્વત પર વાનર થયો. તે પર્વત પર પૂર્વનાં સમયમાં ઈન્દ્રે મૃગીતીર્થ નામનો કુંડ કર્યો હતો. પૂર્વ જન્મનાં અલ્પ પુણ્યથી તે જ સ્થાનમાં તે વાનર થયો. હે લક્ષ્મિ! તેણે અધિકમાસની પ્રશંસા કરવા રૂપ પુણ્ય પૂર્વજન્મમાં કર્યુ હતું તે સાંભળ. પુરૂષોત્તમમાસનું વ્રત કરનારો ચિત્રકુંડળ નામનો વૈશ્ય હતો તે દાન કરનારો હોવાથી કદર્ય તેની પાસે ભિક્ષા માંગવા ગયો અને ધનનાં લોભથી તે વૈશ્યની પ્રશંસા કરી કે વિધિપૂર્વક પુરૂષોત્તમમાસનું વ્રત તે જેવું કર્યુ છે તેવું વ્રત આ પૃથ્વી પર કોઈએ કર્યુ નથી. તું કૃતાર્થ થયો છે કારણકે તે અધિકમાસનું સેવન કર્યુ છે. આ પુરૂષોત્તમમાસ ધન્યતા તથા મોક્ષ આપનાર છે. મને કંઈક ધન આપો. આમ તેણે અધિકમાસની પ્રશંસા કરી હતી તે પુણ્યથી આ મૃગતીર્થમાં તે વાનર થયો. જન્મતા જ તેના શરીરમાં ઘાવની પીડા હતી. તેના દાંત પડી ગયા હતા અને તે ભૂખ અને તાવથી પીડાતો કુંડમાં પડયો. અધિકમાસની દશમીથી અમાસ સુધીના પાંચ દિવસ તે કુંડનાં જળમાં રહ્યો

તેથી તે દિવ્યશરીર ધારણ કરનાર ચતુર્ભુજ અને દિવ્ય દેવીઓ અને પાર્ષદોએ સેવિત થયો. પાંચ દિવસ સ્નાન કરવાથી તથા તીર્થમાં મૃત્યુ પામવાથી તે આ સ્થિતિને પામ્યો. અજ્ઞાનતાથી પણ અધિકમાસનું વ્રત કરવાથી જો આવી ગતિ પ્રાપ્ત થાય તો વિધિપૂર્વક વ્રત કરવાથી તો કહેવું જ શું ?

ते सदा सुभगाः पुण्यास्तेषां च सफलो भवः ।
येषां पुमुत्तमो मासः स्नानदानजपैर्गतः ।।१०४।।
तानि कोटिगुणान्येव कृतानि पुरुषोत्तमे ।

તેઓ સદા સૌભાગ્યશાળી અને પુણ્યવાન છે અને તેઓનો ભવ સફળ છે જેઓનો પુરૂષોત્તમમાસ સ્નાન, દાન, જપ ઈત્યાદિ વડે પસાર થયો છે. પુરૂષોત્તમમાસમાં કરેલા દાન, જપ વગેરે સત્કર્મો કોટિગણું પુણ્ય આપનારા થાય છે. શ્રેષ્ઠ વિમાનમાં બેસીને કપિ ગોલોકમાં ગયો આમ ચોર અને વાનર થયેલ પણ અધિકમાસનાં યોગથી ગોલોકને પામ્યો.

पुरुषोत्तममासस्य कथायाः श्रवणादपि ।
मासोपोषणपूजादिफलं पूर्णमवाप्यते ।।१०७।।

પુરૂષોત્તમમાસની કથાનું શ્રવણ કરવાથી પણ માસોપવાસ તથા શ્રીહરિનાં પૂજન ઈત્યાદિનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે. આ કથા સાંભળવાથી ધર્મનું જ્ઞાન થાય છે, પાપનો નાશ થાય છે, મોહની નિવૃત્તિ થાય છે, અને જ્ઞાનરૂપી અમૃત મળે છે.

लक्ष्मिनारायणसंहिताख्यं वेदं पठेद् व्रती ।
श्रृणुयाच्छ्रीपुरुषोत्तममासे मोक्षदा हि सा ।।१०९।।

અધિકમાસનું વ્રત કરનાર લક્ષ્મીનારાયણ સંહિતા નામના વેદનું પઠન કે શ્રવણ કરે, તે સંહિતા પુરૂષોત્તમમાસમાં નિશ્ચિતપણે મોક્ષ દેનારી છે. જે નારીએ પુરૂષોત્તમમાસનું વ્રત કર્યુ નથી પરંતુ તેના પતિએ જો અધિકમાસનું વ્રત કર્યુ હોય તો તેને તેથી શ્રેષ્ઠ ફળની પ્રાપ્તિ થાય છે.

જો નારી સદા પતિવ્રતધર્મ પરાયણ સતી હોય તો શ્રીપુરૂષોત્તમમાસ એને પતિરૂપ છે. સતીને પોતાનો પતિ કુરૂપ, દુરાચારી, ખરાબ સ્વભાવવાળો, દારૂનો વ્યસની, રોગી, ક્રોધી, જડ, મૂંગો, આંધળો, બહેરો, ભયંકર, દીન, અત્યંત લોભી, દરિદ્ર, ખરાબ, ડરપોક, વિષયી, કિતવ કે લંપટ હોય તો પણ સતત દેવની જેમ પૂજનીય છે. સાધ્વીઓના, કન્યાઓના અને વિધવાઓના પતિ સદા શ્રીહરિ છે, તેથી તેઓને શ્રીહરિ જ સેવવા યોગ્ય, પૂજવાયોગ્ય, ધ્યાન કરવા યોગ્ય કે અધ્યાસીતવ્ય છે. સતીએ વાણીથી, કર્મથી, દેહથી કે ભાવનાથી પણ પતિને પ્રતિકૂળ કાર્ય ન કરવું. ઈશ્વર રૂપ પતિને ઉદ્વેગ કરાવવો નહિ તથા બાળા, યુવતી કે વૃદ્ધ પત્નીએ પણ પતિને આધીન અને પતિની પ્રિયા થઈને રહેવું. કામથી, લોભથી, બળથી, દીનભાવથી, રૂપથી, સંપતિથી, ધનાદિથી, તૃષ્ણાથી, ઈન્દ્રિયો કે ધાતુની પુષ્ટિથી, સારા વસ્ત્રોથી, સારા વાહનોથી, આભૂષણોથી, કરોડો હીરા કે રત્નથી, સારા નૃત્યથી કે અનેક આસનોથી પણ સાધુલક્ષણા સતી સ્ત્રી પોતાના પતિને છોડીને અન્યને ભજે નહિ. અન્યને બતાવવા માટે જે શૃંગાર ન કરે તથા પોતાને અનુરૂપ એવા અન્ય નરનું ચિંતવન ન કરે તે સતી છે. તરૂણ, અત્યંત રૂપવાન અને સ્ત્રીઓને પ્રિય એવા પુરૂષને જોઈને પણ જે વિકૃતિને પામતી નથી તેને મહાસતી જાણવી. જે પતિનાં જમ્યા પછી જમે, પતિનાં દુઃખથી દુઃખી થાય, પતિનાં સુખથી સુખી થાય, પતિનાં સૂવા પછી સૂવે, પતિનાં જાગતા પહેલા જાગે, વૃદ્ધોની સેવા કરનાર, પતિનાં કાર્યોમાં અનૂકૂળ રહેનાર, અધિક ખર્ચ ન કરનાર, ઘરે આવેલા પતિને ઉઠીને આસન, પાણી ઈત્યાદિ આપનાર, પ્રસન્ન મુખવાળી, સમયે ભોજન આપનાર એવી સતી સ્ત્રી જમતા પતિને અપ્રિય વાક્યો કહે નહિ તથા પતિને શાંતિ આપે. સર્વદા સેવા માટે રહે, પ્રીતિ માટે પ્રિયા થઈને રહે અને ગૃહરક્ષિકા થઈને રહે. પતિની સંતુષ્ટિ માટે શૃંગાર અને ઘણાક આભૂષણાદિ ધારણ કરે. આદિ ત્રેતા યુગથી સ્ત્રીઓને રજોદર્શન થાય છે જે અપવિત્ર અવસ્થા છે તે અવસ્થાના ચાર દિવસ સુધી ગૃહકાર્યનો સ્પર્શ

ન કરે, પાંચમા દિવસે સ્નાન કરી પતિ, કૃષ્ણ તથા સૂર્યનું દર્શન કરી ક્રિયા પરાયણ થાય. જો પુત્રની કામના હોય તો રજોદર્શનથી બેકી સંખ્યાઓની રાત્રિઓમાં અને પુત્રીની ઇચ્છા હોય તો એકી સંખ્યાની રાત્રિઓમાં પતિનું સેવન કરે. રજોદર્શનથી ૧૬ રાત્રિ સુધી જ ગર્ભ ધારણ કરવાનું બળ રહે છે. ત્યારપછી ગર્ભકમળનું દ્વાર બંધ થઈ જાય છે. સતી સ્ત્રી ક્યારેય બિભત્સ કે રૂક્ષવાણી ન બોલે. કષ્ટ કરનાર કે વાયુ કરનાર આહાર ન જમે. આંગણામાં બેસે નહિ. વળી ઘરનાં મુખ્ય દ્વારમાં, ચૂલા પર કે ઘંટલા પર બેસે નહિ. ભારે, અત્યંત ગરમ કે અપચો કરનાર આહાર ન કરે, તેથી સંતાનવાળી થાય છે. અન્યથા ગર્ભનો નાશ થાય છે.

સોતન ઈર્ષાનું સ્થાન છે પરંતુ સતી સ્ત્રી ઈર્ષ્યાનો ત્યાગ કરે. ઘરમાં સર્વથા ક્લેશ ન થવા દે અને ઘરની રક્ષા કરે. પતિ પર ક્રોધ ન કરે, પતિનો તિરસ્કાર કે અપમાન ન કરે, પતિને સદા રતિક્રિયા વડે સુખ આપે, પતિની આજ્ઞાથી દેવદર્શન આદિ માટે ઘર બહાર જાય. જ્યારે પતિ દેશાંતર (ઘરથી દૂર, પરદેશ)માં જાય ત્યારે સતી સ્ત્રી શરીરથી અને વસ્ત્રોથી મલિન ન રહે તથા શુદ્ધ રહે. પોતાના પતિને જમતા શેષ રહેલું પ્રસાદિભૂત અન્ન તથા જળ ભાવથી જમે, નિર્વસ્ત્ર થઈ સ્નાન ન કરે, ક્યારેય નગ્ન ન થાય, ખાંડણીયો, સાંબેલું, પાણીયારૂં કે બીજા કોઈ યંત્રાદિ પર સતી સ્ત્રી ક્યારેય બેસે નહિ. સતી સ્ત્રી તીર્થનું ફળ પ્રદાન કરનાર પોતાના પતિના ચરણામૃતનું પ્રેમથી પાન કરે. પતિની આજ્ઞાનું ઉલ્લંઘન કરી વ્રત, ઉપવાસ કે નિયમો ધારણ ન કરે. સતીએ સદા પતિનાં ચરણની પૂજા કરી ભોજન કરવું. પતિપર આક્ષેપ કરનારી કૂતરી, પતિને નહિ આપી માત્ર પોતે ખાનારી ઘુવડી, પતિને છોડીને અન્ય પાસે જનારી ભૂંડણ, ચોરી છૂપીથી ખાનાર વાગોળ, પતિનું અપમાન કરનારી મૂંગી, સોતનથી ઈર્ષા કરનાર દુર્ભગા અને પતિને કષ્ટ પ્રદાન કરનાર નારી કુરૂપા અને રોગિણી થાય છે.

भर्ता ब्रह्मा हरो विष्णुर्गुरुस्तीर्थं व्रतं जपः।
शुद्धिः स्वर्गं शुभं दानं तस्मात्पतिं सुसेवयेत् ॥१४१॥

પતિ જ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ગુરૂ, તીર્થ, વ્રત, જપ, શુદ્ધિ, સ્વર્ગ અને શુભદાન છે. તેથી પતિની સારી રીતે સેવા કરવી. જેમ જીવ વિના દેહ અપવિત્ર થાય છે તેમ પતિ વિના સતિ અપવિત્ર થાય છે. પતિવ્રતા સતી પોતાના પતિને સ્વર્ગમાં લઈ જાય છે. સતી સ્ત્રીને જોઈને યમદૂતો દૂરથી જ પલાયન કરી જાય છે. પોતાના શરીરમાં જેટલા રૂવાંડા હોય તેટલા કરોડ વર્ષ પર્યંત પતિવ્રતા સ્ત્રી પોતાના પતિ સાથે સ્વર્ગનું સુખ ભોગવે છે. વિધવાઓ પોતાના પતિનું સ્મરણ કરીને નિત્ય દર્ભ અને તલ મિશ્રિત પાણી વડે, પાકેલા ફળો વડે અથવા ગૌગ્રાસ (ગાયને ઘાસચારો આપવો તે) વડે તર્પણ કરે અને અન્ય દાન કાર્યો વડે પુણ્ય અર્જિત કરે.

(અધિકમાસનાં અંતમાં) સતી બે કાંસાના પાત્રને લઈ સંપુટાકાર બ્રહ્માંડ બનાવી અર્થાત્ એક કાંસાનાં પાત્રમાં ત્રીસ માલપૂવા મૂકી બીજું કાંસાનું પાત્ર તેના પર ઢાંકી નાડાછડીથી વીંટી, ચોખા, ફૂલ, કુંકુમ ઈત્યાદીથી પૂજન કરી તેનું દાન કરે.

તેવી જ રીતે પુરૂષ પણ પત્ની પરાયણ પત્નીવ્રતવાળો થાય. પોતાના દેહ, પ્રાણ, ક્ષેત્ર અને શાંતિનું સ્થાન એવી શુભા પત્નીનું સન્માન કરે. નિત્ય મધુરી દ્રષ્ટિએ તેને જુએ. સ્વાદિષ્ટ જમવાનું આપે, પ્રેમભાવથી બોલે અને આક્ષેપ, તિરસ્કાર કે તાડન ન કરે. પોતાની પ્રિયાને વસ્ત્ર, આભૂષણ, અલંકાર, ચંદન, પુષ્પો, તેલ, કાંસકો, કાજળ ઈત્યાદિ વડે સદા સંતોષ પમાડે. પતિ પોતાની પત્નીને ઉદ્વેગ ન પમાડે, પત્નીથી બળજબરી કરી ખાય નહિ, ખોટી રીતે પત્નીને રોકે નહિ, દુષ્કર્મો કે ભૂખ તરસ વડે પત્નીને દુઃખી કરે નહિ, પતિ માનહીન પોતાની પત્નીની અવગણના કરે નહિ. વંશ દેનાર, રતિસુખ દેનાર અને વેલની જેમ આશ્રિત રહેનાર પત્નીનું સદા પોષણ કરે. જ્યારે પત્ની કંઈક ઈચ્છા

દર્શાવે ત્યારે પતિ ના નહિ કહેતા અને પોતાની સંમતિ દર્શાવી તેને અપેક્ષિત ધનાદિક વસ્તુ આપે. ભોજનકાર્ય, ગૃહકાર્ય, રતિક્રિડા,પોતાના શરીરની ક્રિયા, પતિના કાર્યો કે અન્ય કાર્યો કરતી પોતાની પત્નીને પતિ સદા આનંદિત રાખે. પતિ જો સ્વર્ગની ઈચ્છા રાખતો હોય તો પોતાની લક્ષ્મી સમાન સ્ત્રીને છોડીને અન્ય નારીને જૂએ નહિ. અન્ય સ્ત્રીને પ્રિય થાય નહિ, અન્ય સ્ત્રીને પુષ્ટિ પ્રદાન કરનારો થાય નહિ, અન્ય સ્ત્રી સાથે રમણ કરનારો થાય નહિ તથા યાન, વાહનાદિકમાં કે ઉત્સવાદિક સામાજીક કાર્યોમાં અન્ય સ્ત્રી પરાયણ થાય નહિ. આવી રીતે આ લોકમાં ધર્મ પરાયણ રહેતા દંપતિ મોક્ષભાગી છે.

ઈન્દ્રદ્યુમ્ન, શતદ્યુમ્ન, યૌવનાશ્વ, ભગીરથ તથા કલ્પાંતરોમાં થયેલા અન્ય વૈષ્ણવ રાજાઓ પુરૂષોત્તમની (પુરૂષોત્તમમાસની) આરાધના કરીને ભગવાનનાં સામિપ્યને પામ્યા છે. પુરૂષોત્તમમાસનું દુંદુભિ જેણે જેણે સાંભળ્યું તેણે તેણે સર્વત્ર ઉત્સવો કર્યા. નારાયણે દુંદુભિની પૂજા કરી. જ્યારે જ્યારે પણ અધિકમાસ આવે ત્યારે ત્યારે તે દુંદુભિ શ્રીહરિની આજ્ઞાથી ઉદ્‌ઘોષણા કરશે. તે દુંદુભિને શ્રીપુરૂષોત્તમકૃષ્ણનારાયણે અક્ષરધામમાં સર્વદા પોતાની પાસે રાખ્યા. પ્રત્યેક અધિકમાસમાં રાધા, શ્રી, લક્ષ્મી, પાર્વતી, પ્રભા, માણિકી, જયા તથા રમાએ સહિત પુરૂષોત્તમનારાયણનું ધ્યાન, પૂજન, સેવન, નૈવેદ્ય ઈત્યાદિ કરવું જોઈએ. વળી અધિકમાસનાં મહાત્મ્યનો પૂર્ણ અધ્યાય કે શ્લોક સાંભળવો જોઈએ. તેનાથી ગંગાદિક સર્વતીર્થોનું ફળ થાય છે એમાં કોઈ સંશય નથી. આ અધિકમાસની કથાનું શ્રવણ કરવાથી પૃથ્વીની પ્રદક્ષિણા કર્યાનું પુણ્ય, બ્રહ્માંડ ઉદ્ધાર કર્યાનું પુણ્ય તથા મુકિત થાય છે. આધિકમાસનાં સેવનથી વર્ણો અને આશ્રમો સર્વથા શ્રેષ્ઠતાને પામ્યા. આ પુરૂષોત્તમમાસનું મહાત્મ્ય સાંભળીને પશુ સમાન આચરણવાળા જનો પણ મુકિતને પામે છે.

पुरुषोत्तममाहात्म्यं लेखयित्वा सबन्धनम् ।
दद्यादस्य फलं वंशत्रयं गोलोकगं भवेत् ।।१६८।।
महात्म्यपुस्तकाधारे गृहे तीर्थानि सर्वशः ।
वसन्ति देवताश्चापि वर्तते पुरुषोत्तमः ।।१६९।।
श्रोता वक्ता श्रावयिता वर्णयिता प्रशंसकः ।
रक्षको व्रतकृद् दाता सर्वे ते पुरुषोत्तमाः ।।१७०।।

આ પુરૂષોત્તમમાસનાં મહાત્મ્યની કથાને લખાવીને દ્રઢ બંધનવાળું પુસ્તક બનાવી દાન કરવું આના ફળ સ્વરૂપે ત્રણ પેઢી ગોલોકમાં નિવાસ પામે છે. આ પુરૂષોત્તમમાસનાં મહાત્મ્યનાં પુસ્તકનાં આધારે ઘરમાં સર્વે તીર્થો, દેવતાઓ તથા પુરૂષોત્તમનારાયણ નિવાસ કરે છે. આ મહાત્મ્યનાં શ્રોતા, વકતા, કથા કરાવનાર, વર્ણન કરનાર, પ્રશંસા કરનાર, રક્ષા કરનાર, અધિકમાસનું વ્રત કરનાર અને વ્રત નિમિત્તે દાન કરનાર સર્વે પુરૂષોત્તમ રૂપ છે.

कृष्णनारायणोऽनादिश्रीहरिः पुरुषोत्तमः ।
संहितोपसमादेष्टा पूजनीयो विशेषतः ।।१७१।।

આ માસમાં લક્ષ્મીનારાયણસંહિતાનાં ઉપદેષ્ટા અનાદિશ્રીકૃષ્ણનારાયણનું વિશેષ પણે પૂજન કરવું. આ સાંભળી અત્યંત તૃપ્ત થયેલી લક્ષ્મીએ પોતાના પતિ શ્રીકૃષ્ણનારાયણનું પૂજન કર્યુ અને કહ્યું કે તમારા મુખથી નીકળેલા અમૃત વચનોનાં પાનથી હું કૃતાર્થ થઇ છું, એમ કહી પતિ સ્વરૂપ વ્યાસની પૂજા કરી નમસ્કાર કર્યા. ત્યારે નારાયણે કહ્યું કે હું નારાયણ વકતા છું અને તું મારી લક્ષ્મી છે. તારી કરેલી પૂજા હું ગ્રહણ કરૂં છું.

❖❖❖❖❖